જ્યાં $m_1$, $m_2$ અને $m_3$ કૅલરીમીટર, ઠંડું પાણી અને ગરમ પાણીના અનુક્રમે દળ છે અને $C_{p_1}$ અને $C_p$ અનુક્રમે કૅલરીમીટરની અને પાણીની ઉષ્માધારિતા છે. કાચની ઉષ્મીય વાહકતા ઓછી હોવાથી બીકરનો તેટલો જ ભાગ જે પાણીના સંપર્કમાં આવે છે તે જ મહત્તમ ઉષ્મા મેળવશે. આપણે અસરકારક $m_1C_{p_1}$ (એટલે કે કૅલરીમીટર અચળાંક W) ગણી શકીએ. સમીકરણ (3) ને ફરીથી લખીએ તો આપણને મળશે,

$$W(t_m - t_c) + m_2C_p (t_m - t_c) + m_3C_p (t_m - t_h) = 0$$

$$W = \frac{m_2C_p(t_m - t_c) + m_3C_p (t_m - t_h)}{(t_m - t_c)} \qquad ...(4)$$

પરંતુ $mC_p = VdC_p$, જ્યાં V, d અને $C_p$ અનુક્રમે પાણીના કદ, ઘનતા અને ઉષ્માધારિતા છે. પદાર્થની ઉષ્માધારિતાની વ્યાખ્યા પ્રમાણે તે 1g પદાર્થનું 1K (અથવા 1°C) તાપમાન વધારવા માટે જરૂરી ઊર્જાનો જથ્થો છે. 1g પાણીનું 1K (અથવા 1°C)તાપમાન વધારવા માટે જરૂરી ઊર્જા 4.184 જૂલ છે. આનો અર્થ એમ થાય છે કે, 1g પાણી માટે 1 કૅલ્વિન તાપમાન વધારવા માટે $VdC_p = 4.184\ JK^{-1}$ થશે. આથી ઘનતા અને ઉષ્માધારિતાનો ગુણાકાર 4.184 $JmL^{-1}K^{-1}$ લઈ શકાય. આથી સમીકરણ (4) નીચે પ્રમાણે લખી શકાય :

$$W = \frac{(4.184)\,[V_c (t_m - t_c) + V_h (t_m - t_h)]}{(t_m - t_c)}\ JK^{-1} \qquad ...\ (5)$$

જ્યાં $V_c$ = ઠંડા પાણીનું કદ છે.

$V_h$ = ગરમ પાણીનું કદ છે.

એન્થાલ્પી ફેરફાર માપવાની કાર્યપદ્ધતિ નીચેના પ્રયોગમાં આપેલ છે :

## પ્રયોગ 3.1

### હેતુ :

કૉપર સલ્ફેટ/પોટૅશિયમ નાઇટ્રેટની વિલયન (dissolution) એન્થાલ્પી નક્કી કરવી.

### સિદ્ધાંત :

ઉષ્મારાસાયણિક માપનોમાં સામાન્ય રીતે જલીય દ્રાવણો મિશ્ર કરવામાં આવે છે. આથી પ્રક્રિયા માધ્યમમાં પાણી અને તાપમાન ફેરફાર દ્રાવણોમાં થતી રાસાયણિક પ્રક્રિયાઓને લીધે હોય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




ઊર્જા સંચયના નિયમ પ્રમાણે કૅલરીમીટરમાં થતા એન્થાલ્પી ફેરફારનો સરવાળો (ઊર્જાનું ગુમાવવું અને મેળવવું) શૂન્ય થવો જોઈએ. આથી આપણે નીચેનું સમીકરણ લખી શકીએ :

| $(\Delta H_1)$ | | $(\Delta H_2)$ | | $(\Delta H_3)$ | | $(\Delta H_4)$ | = 0 | ... (6) |
|---|---|---|---|---|---|---|---|---|
| કૅલરીમીટર, થરમૉમિટર અને વિલોડકે મેળવેલી ઉષ્મા | + | કૅલરીમીટરમાંના દ્રાવણ/પાણીનો એન્થાલ્પી ફેરફાર | + | કૅલરીમીટરમાં ઉમેરેલ દ્રાવણ/પાણીનો એન્થાલ્પી ફેરફાર | + | પ્રક્રિયાનો એન્થાલ્પી ફેરફાર | | |

આ પ્રક્રિયામાં આપણે ઘનતા અને દ્રાવણોની ઉષ્માધારિતાનો ગુણાકાર $dC_p$ને 4.184 $JmL^{-1}K^{-1}$ લઈએ છીએ જે શુદ્ધ પાણી*ની નજીક હોય છે.

દ્રાવણની રચના મુખ્યત્વે ઉષ્મા ફેરફાર સાથે સંકળાયેલ છે. દ્રાવણની એન્થાલ્પી એટલે જ્યારે એક મોલ દ્રાવ્યને (ઘન/પ્રવાહી) દ્રાવકના (સામાન્ય રીતે પાણી) એટલા વિશાળ જથ્થામાં ઓગાળવામાં આવે છે કે જેથી વધુ મંદન કરતાં તેમાં કોઈ ઉષ્મા ફેરફાર થાય નહિ.

## જરૂરી સામગ્રી :



- બીકર (250 mL) : ત્રણ
- બીકર (500 mL) : એક
- થરમૉમિટર (110 °C) : એક
- કાચનો સળિયો : એક
- કોટન વૂલ : જરૂર પ્રમાણે
- નાનો લાકડાનો બ્લૉક : એક
- કાર્ડબૉર્ડનો નાનો ટુકડો : એક
- વિલોડક (હલામણું) : એક



- કૉપર સલ્ફેટ/પોટૅશિયમ નાઈટ્રેટ : 2g

## પદ્ધતિ :

### A. કૅલરીમીટરના (બીકર) કૅલરીમીટર અચળાંકનું નિર્ધારણ

(i) A ચિહ્ન કરેલ 250 mL ગુંજાશ (ધારિતા)વાળા બીકરમાં 100 mL પાણી લો.

(ii) 500 mL ગુંજાશવાળા (capacity) બીકરમાં મૂકેલા લાકડાના બ્લૉક પર બીકરને ગોઠવો (આકૃતિ 3.1).

(iii) મોટા બીકર અને નાના બીકર વચ્ચેની ખાલી જગ્યાને કોટન વૂલથી પૅક કરી દો. બીકરને કાર્ડબૉર્ડ વડે ઢાંકી દો. તેની મધ્યમાંથી બીકરમાં થરમૉમિટર અને વિલોડક દાખલ કરો.


* *દ્રાવણોની ઘનતા શુદ્ધ પાણીની ઘનતા કરતાં 4 થી 6 % વધારે હોય છે અને ઉષ્માધારિતા શુદ્ધ પાણીની ઉષ્માધારિતા કરતાં આશરે 4 થી 8 % જેટલી ઓછી હોય છે, તેથી ઘનતા અને ઉષ્માધારિતાનો ($dC_p$) ગુણાકાર, લગભગ શુદ્ધ પાણીના ગુણાકાર જેટલો હોય છે.*



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com






***આકૃતિ 3.1 : કૅલરીમીટર અચળાંકનું નિર્ધારણ***

(iv) પાણીનું તાપમાન નોંધો. આ તાપમાનને $t_c$ °C કહો.

(v) B ચિહ્ન કરેલા બીજા 250 mL ગુંજાશવાળા બીકરમાં 100 mL ગરમ પાણી (50-60 °C) લો.

(vi) ગરમ પાણીનું ચોક્કસ તાપમાન નોંધો. આ તાપમાનને $t_h$ °C કહો.

(vii) કાર્ડબૉર્ડને ઊંચું કરીને બીકર B માંનું ગરમ પાણી બીકર A ના પાણીમાં ઉમેરી દો. મિશ્ર કરેલા પાણીને હલાવો અને તેનું તાપમાન નોંધો. તેને તાપમાન $t_m$ °C કહો.

(viii) ઉપર આપેલ સમીકરણ (5) પ્રમાણેનો ઉપયોગ કરી કેલરીમીટર અચળાંક (W) નક્કી કરો.
(યાદ રાખો કે ત્રણેય તાપમાન $t_h > t_m > t_c$ ક્રમમાં છે.)

**B. વિલયનની એન્થાલ્પીનું નિર્ધારણ**

(i) જેનો કેલરીમીટર અચળાંક નક્કી કર્યો છે તે બીકરમાં 100 mL નિસ્યંદિત પાણી લો. તેને 500 mL ગુંજાશવાળા બીકરમાં મૂકેલ લાકડાના બ્લૉક પર ગોઠવો (આકૃતિ 3.1).

(ii) મોટા બીકર અને નાના બીકર વચ્ચેની ખાલી જગાને કોટનવૂલની મદદથી ભરી દો અને બીકરને કાર્ડબૉર્ડ વડે ઢાંકી દો.

(iii) નાના બીકરમાં લીધેલા પાણીનું તાપમાન નોંધો. તેને $t_1'$ °Cકહો.

(iv) સારી રીતે ભૂકો કરેલા કૉપર સલ્ફેટનો $W_1$ g વજન કરેલો જથ્થો ઉમેરો અને વિલોડક વડે દ્રાવણને હલાવો. જેથી કૉપર સલ્ફેટનો બધો જ જથ્થો ઓગળી જાય.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



(v) કૉપર સલ્ફેટ ઉમેર્યા પછી મળેલા દ્રાવણ વડે પ્રાપ્ત થયેલ તાપમાન નોંધો. તેને $t_2'$ °C કહો. કૉપર સલ્ફેટની વિલયન એન્થાલ્પી નીચે પ્રમાણે ગણો :

દ્રાવણનું કુલ દળ = દ્રાવકનું દળ + દ્રાવ્યનું દળ

= $(100 + W_1)$ g

(પ્રયોગના તાપમાને પાણીની ઘનતા $1 gmL^{-1}$ ધારી લો.

તાપમાનમાં ફેરફાર = $(t_2' - t_1')$ °C.

કેલરીમીટરનો (બીકર) એન્થાલ્પી ફેરફાર = $W(t_2' - t_1')$

જ્યાં W = કેલરીમીટર અચળાંક

***નોંધ : પોટૅશિયમ નાઈટ્રેટનો એન્થાલ્પી ફેરફાર નક્કી કરવા માટે કોપર સલ્ફેટના સ્થાને પોટૅશિયમ નાઈટ્રેટનો ઉપયોગ આ પ્રયોગમાં કરવો.***

$(t_2' - t_1')$ °C તાપમાન વધારા માટે દ્રાવણનો એન્થાલ્પી ફેરફાર = $[(100 + W_1)(t_2' - t_1')] \times 4.184 J$

કેલરીમીટર (બીકર) અને દ્રાવણનો કુલ એન્થાલ્પી ફેરફાર = $[W(t_2' - t_1') + (100 + W_1)(t_2' - t_1')]\ 4.184\ J$

1 ગ્રામ કૉપર સલ્ફેટના વિલયન • દરમિયાન મુક્ત થયેલી ઉષ્મા $= \dfrac{[W(t_2' - t_1') + (100 + W_1)(t_2' - t_1')] \times 4.184 J}{W_1}$

1 mol કૉપર સલ્ફેટનું વજન 249.5 g છે. તેથી,

$$CuSO_4\,5H_2O\text{ની } \Delta_{sol}H = 249.5 \times \frac{[W(t_2' - t_1') + (100W + W_1)(t_2' - t_1')] \times 4.184 J}{W_1}\ Jmol^{-1}$$

**પરિણામ :**

કૉપર સલ્ફેટ/પોટૅશિયમ નાઈટ્રેટના વિલયનમાં એન્થાલ્પી ફેરફાર ............... $Jmol^{-1}$ છે.

**સાવચેતીઓ :**

(a) પાણીનું તાપમાન માપવા માટે 0.1 °C અંશાંકનવાળું થરમૉમિટર વાપરો.

(b) કેલરીમીટરનો અચળાંક નક્કી કરવા માટે ગરમ પાણીનું તાપમાન મિશ્ર કરતાં પહેલાં તરત જ નોંધો.

(c) કૉપર સલ્ફેટ/પોટૅશિયમ નાઈટ્રેટનું વધુ પ્રમાણ (જથ્થો) વાપરવાનું ટાળો (ન વાપરો).

(d) ઘન પદાર્થને સારી રીતે ઓગળવા દ્રાવણને હલાવો અને પછી તાપમાન નોંધો. વધારેપડતું હલાવવાનું ટાળો, કારણ કે ઘર્ષણને કારણે ઉષ્મા ઉત્પન્ન કરે.

(e) કૉપર સલ્ફેટનું વજન ચોકસાઈપૂર્વક કરો. કારણ કે તે સ્વભાવે ભેજગ્રાહી છે.

(f) બંને બીકર વચ્ચે ઉષ્મારોધન માટે કોટન વુલનો ઉપયોગ કરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## ચર્ચાત્મક પ્રશ્નો :

(i) કેલરીમીટર અચળાંક પર્યાયનો અર્થ શું થાય છે ?

(ii) શા માટે $\Delta_{sol}H$ કેટલાક પદાર્થો માટે ઋણ છે, જ્યારે કેટલાક પદાર્થો માટે ધન છે ?

(iii) તાપમાનના વધારા સાથે $\Delta_{sol}H$ કેવી રીતે બદલાય છે ?

(iv) નિર્જળ કૉપર સલ્ફેટ અને સજળ કૉપર સલ્ફેટના સરખા જથ્થા માટે સરખા જથ્થાના દ્રાવકમાં એન્થાલ્પી ફેરફાર સરખો રહેશે કે અલગ હશે ? સમજાવો.

(v) કૉપર સલ્ફેટ અને પોટૅશિયમ નાઇટ્રેટની દ્રાવ્યતા તાપમાનના વધારા સાથે કેવી રીતે અસર પામશે ? સમજાવો.

## પ્રયોગ 3.2

### હેતુ :

પ્રબળ ઍસિડ (HCl)ની પ્રબળ બેઈઝ (NaOH) સાથેના તટસ્થીકરણની એન્થાલ્પી નક્કી કરવી.

### સિદ્ધાંત :

તટસ્થીકરણ પ્રક્રિયામાં ઍસિડ દ્વારા મળતા $H^+(aq)$ની બેઈઝ દ્વારા મળતા $OH^-(aq)$ સાથેની સંયોગીકરણ પ્રક્રિયા સમાવિષ્ટ છે. જેથી $H_2O(l)$નું સર્જન થાય છે. આ પ્રક્રિયામાં બંધ રચનાની ધારણા હોવાથી આ પ્રક્રિયા હંમેશાં ઉષ્માક્ષેપક હોય છે. તટસ્થીકરણ એન્થાલ્પીની વ્યાખ્યા આ પ્રમાણે આપી શકાય. ઍસિડ દ્વારા પૂરા પાડવામાં આવતા 1mol $H^+$ની બેઈઝ દ્વારા પૂરા પાડવામાં આવતા 1mol $OH^-$ સાથે સંયોજાવાથી મુક્ત થતી ઉષ્માનો જથ્થો છે. આમ,

$$H^+(aq) + OH^-(aq) \rightarrow H_2O(l), \quad \Delta_{neut}H \text{ ઋણ છે.}$$
(ઍસિડ) (બેઈઝ)

જ્યાં $\Delta_{neut}H$ તટસ્થીકરણ એન્થાલ્પી તરીકે ઓળખાય છે.

જો ઍસિડ અને બેઈઝ બંને પ્રબળ હોય તો 1mol $H_2O(l)$ બનવા માટેની ઉષ્માનો જથ્થો નિશ્ચિત છે. જેમકે 57 $kJmol^{-1}$ ઉષ્મા મુક્ત થાય છે. જો ઍસિડ કે બેઈઝમાંથી ગમે તે એક નિર્બળ હોય અથવા બંને નિર્બળ હોય તો મુક્ત થતી ઉષ્માનો કેટલોક જથ્થો નિર્બળ ઍસિડ કે બેઈઝ અથવા બંનેના (જેવી પરિસ્થિતિ હોય તેવી) આયનીકરણ માટે વપરાય છે અને તેથી મુક્ત થતી ઉષ્મા 57 $kJmol^{-1}$થી ઓછી હોય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



**જરૂરી સામગ્રી :**



- બીકર (250 mL) : ત્રણ
- બીકર (500 mL) : એક
- થરમૉમિટર (110 °C) : એક
- કાચનો સળિયો : એક
- કોટન વુલ : જરૂર પ્રમાણે
- નાનો લાકડાનો બ્લૉક : એક
- કાર્ડબૉર્ડનો ટુકડો : એક
- વિલોડક (હલામણું) : એક
- કૅલરીમીટર : એક



- 1M HCl : 100 mL
- 1M NaOH : 100 mL

**પદ્ધતિ :**

**A. કૅલરીમીટર અચળાંકનું નિર્ધારણ**

પ્રયોગ 3.1 માં આપેલ વિગત પ્રમાણેની પદ્ધતિને અનુસરીને આ નક્કી કરી શકાય.

**B. તટસ્થીકરણની એન્થાલ્પીનું નિર્ધારણ**

(i) 100 mL 1.0M HCl દ્રાવણ કૅલરીમીટર (બીકર)માં લો અને તેને કાર્ડબૉર્ડ વડે ઢાંકી દો. બીજા 250 mL ગુંજાશવાળા બીકરમાં 1.0M NaOH દ્રાવણના 100 mL લો.

(ii) બંને દ્રાવણોના તાપમાન નોંધો. તે બંને સરખા જ હોવાની શક્યતા છે. ધારો કે તે $t_1$ °C છે.

(iii) 100 mL 1.0 M HCl દ્રાવણ ધરાવતા કૅલરીમીટરમાં 100 mL 1.0 M NaOHનું દ્રાવણ ઉમેરી દો.

(iv) દ્રાવણોને હલાવીને મિશ્ર કરો અને મિશ્રણનું અંતિમ તાપમાન માપો. ધારો કે તે $t_2$ °C છે.

નીચે પ્રમાણે તટસ્થીકરણ એન્થાલ્પીની ગણતરી કરો :

(i) મિશ્રણના તાપમાનનો વધારો નોંધો. જે આ કિસ્સામાં $(t_2 - t_1)$ °C છે.

(ii) નીચેનું સમીકરણ વાપરીને તટસ્થીકરણ પ્રક્રિયા દરમિયાન ઉત્પન્ન થયેલી ઉષ્માનો કુલ જથ્થો ગણો :

ઉત્પન્ન થયેલી ઉષ્મા $= (100 + 100 + W)\,(t_2 - t_1) \times 4.18$ J

(જ્યાં W કૅલરીમીટર અચળાંક છે.)

(iii) છેવટે 1M HCl ના 1000 mLનું 1M NaOHના 1000 mL વડે તટસ્થીકરણ કરતાં ઉત્પન્ન થતી ઉષ્મા ગણો. આ જથ્થો તબક્કા (ii)માં મેળવેલ જથ્થાનો દસ ગણો થશે.

(iv) ઉત્પન્ન થયેલી ઉષ્માના જથ્થાને $kJmol^{-1}$ એકમમાં દર્શાવો.

**પરિણામ :**

હાઇડ્રૉક્લોરિક ઍસિડ દ્રાવણના સોડિયમ હાઇડ્રૉક્સાઇડ દ્રાવણ વડે તટસ્થીકરણનો એન્થાલ્પી ફેરફાર ................ $kJmol^{-1}$.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



**સાવચેતીઓ :**

(a) 0.1 °C સુધી અંશાંકન કરેલ થરમૉમિટરની મદદથી કાળજીપૂર્વક તાપમાન નોંધો.

(b) પ્રયોગ માટે લેવાના હાઇડ્રૉક્લોરિક ઍસિડ અને સોડિયમ હાઇડ્રૉક્સાઇડ દ્રાવણના કદ કાળજીપૂર્વક માપો.

(c) બંને બીકર વચ્ચે યોગ્ય ઉષ્મારોધકનો ઉપયોગ કરવો.

(d) બિનજરૂરી અને વધુપડતું હલાવવાનું ટાળો જેથી ઘર્ષણથી ઉત્પન્ન થતી ઉષ્મા રોકી શકાય.

**ચર્ચાત્મક પ્રશ્નો :**

(i) શા માટે આપણે (1M) ઍસિડના 1000 mL ને (1 M) એકઍસિડિક (monoacidic) બેઇઝના 1000 mL વડે તટસ્થીકરણ માટે ઉત્પન્ન થયેલી ઉષ્માની ગણતરી કરીએ છીએ ?

(ii) પ્રબળ ઍસિડ અને પ્રબળ બેઇઝની તટસ્થીકરણ પ્રક્રિયામાં ઉત્પન્ન થયેલી ઉષ્માની સરખામણીમાં ઍસિડ અથવા બેઇઝ બંનેમાંથી એક નિર્બળ હોય તો ઉત્પન્ન થતી ઉષ્માનો જથ્થો શા માટે ઓછો હોય છે અને જ્યારે બંને નિર્બળ હોય ત્યારે તેનાથી પણ ઓછો હોય છે ?

(iii) શા માટે પ્રક્રિયા $H_2O(l) \rightleftharpoons H^+(aq) + OH^-(aq)$ પ્રણાલીના તાપમાનમાં વધારા સાથે પુરોગામી દિશામાં આગળ વધે છે ?


## પ્રયોગ : 3.3

**હેતુ :**

એસિટોન અને ક્લૉરોફૉર્મ વચ્ચેની (હાઇડ્રૉજન બંધ નિર્માણ) પારસ્પરિક ક્રિયા માટે એન્થાલ્પી ફેરફાર નક્કી કરવો.

**સિદ્ધાંત :**

પ્રવાહી યુગ્મોનું મિશ્રણ કરતાં તે આદર્શ વર્તણૂકમાંથી વિચલન દર્શાવે છે. એસિટોન અને ક્લૉરોફૉર્મ બિનઆદર્શ પ્રવાહી યુગ્મ પ્રણાલી રચે છે. જે રાઉલ્ટના નિયમથી ઋણ વિચલન દર્શાવે છે. રાઉલ્ટના નિયમથી આ ઋણ વિચલન એમ સૂચવે છે કે બંને ઘટકો પ્રવાહી અવસ્થામાં મિશ્ર કરતાં હાઇડ્રૉજન બંધથી પ્રબળ રીતે જોડાયા છે. બીજી બાજુ - શુદ્ધ અવસ્થામાં માત્ર વાન્ ડર વાલ્સ બળો ક્લોરોફોર્મ તેમજ એસિટોનના અણુઓને સાથે રાખે છે. એસિટોનના અણુ અને ક્લોરોફૉર્મના અણુ વચ્ચે હાઇડ્રૉજન બંધન નીચે પ્રમાણે દર્શાવેલ છે :




ક્લોરોફોર્મ અને એસિટોન વચ્ચે હાઇડ્રૉજન બંધન



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




આ પ્રક્રમમાં એન્થાલ્પી ફેરફાર હાઇડ્રૉજન બંધની રચનાના કારણે થાય છે. એન્થાલ્પી ફેરફાર માત્રાત્મક ઉષ્માગતિકીય ગુણધર્મ છે. તેથી પ્રણાલીમાંથી ઉત્પન્ન થતી ઉષ્મા મિશ્ર થતાં પ્રવાહી ઘટકોના જથ્થા પર આધાર રાખે છે. આ જ કારણને લીધે ઉષ્મા ફેરફાર નિર્દિષ્ટ (specified) જથ્થા માટે રજૂ કરવામાં આવે છે. એટલા માટે 1 mol ક્લોરોફૉર્મ સાથે 1 mol એસિટોન મિશ્ર કરતાં થતો એન્થાલ્પી ફેરફાર રજૂ કરવામાં આવે છે.

| $(\Delta H_1)$ | | $(\Delta H_2)$ | | $(\Delta H_3)$ | | $(\Delta H_4)$ | |
|---|---|---|---|---|---|---|---|
| કૅલરીમીટર થરમૉમિટર અને વિલોડક (હલામણું) વડે મેળવેલ ઉષ્મા | + | ક્લૉરોફૉર્મનો એન્થાલ્પી ફેરફાર | + | એસિટોનનો એન્થાલ્પી ફેરફાર | + | પારસ્પરિક ક્રિયાનો એન્થાલ્પી ફેરફાર | = 0 |

$$(\Delta H_4) = -(\Delta H_1 + \Delta H_2 + \Delta H_3)$$

## જરૂરી સામગ્રી :



- બીકર (250 mL) : એક
- ઉત્કલન નળી : એક
- થરમૉમિટર (110 $^0$C) : એક
- કોટનવુલ : જરૂર પ્રમાણે
- કાચનો સળિયો : એક
- અંકિત નળાકાર (250 mL) : એક
- કાર્ડબૉર્ડનો ટુકડો : એક
- વિલોડક (હલામણું) : એક



- ક્લૉરોફૉર્મ : 20 mL
- એસિટોન : 10 mL

## પદ્ધતિ :


### A. કૅલરીમીટર અચળાંકનું નિર્ધારણ

અગાઉના પ્રયોગોમાં આપેલી વિગતો પ્રમાણે આ નક્કી કરી શકાય છે; ફેરફાર એટલો જ છે કે અહીંયાં બીકરને બદલે ઉત્કલન નળી લેવાની હોય છે અને 100 mL પાણીને બદલે 8 mL ઠંડા અને 7.5 mL ગરમ પાણીનો ઉપયોગ કરી શકાય.

ક્લૉરોફૉર્મ



એસિટોન






Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com






*આકૃતિ 3.2 : ક્લૉરોફૉર્મ અને એસિટોનની પારસ્પરિક ક્રિયાની એન્થાલ્પીનું નિર્ધારણ*

**B. ક્લૉરોફૉર્મ અને એસિટોનને મિશ્ર કરતાં થતા એન્થાલ્પી ફેરફારનું નિર્ધારણ**

(i) ક્લૉરોફૉર્મના 0.1 mol (≈ 8.14 mL) ને સમતુલ્ય કદ અંકિત નળાકાર દ્વારા માપીને તેને ઉષ્મારોધક કરેલી ઉત્કલન નળીમાં લો. ક્લૉરોફૉર્મનું દળ $m_1$ ગ્રામ ગણો.

(ii) ક્લૉરોફૉર્મનું તાપમાન નોંધો. તેને $t_1$ °C ગણો.

(iii) 0.1 mol એસિટોનને સમતુલ્ય એસિટોનનું કદ (≈ 7.34 mL) એક સાફ કરેલા અંકિત નળાકારમાં લો. તેનું દળ $m_2$ ગ્રામ ગણો.

(iv) એસિટોનનું તાપમાન નોંધો. તેને $t_2$ °C ગણો.

(v) ઉષ્મારોધક કરેલી ઉત્કલન નળીમાંના ક્લૉરોફૉર્મમાં અંકિત નળાકારમાંના એસિટોનને ઉમેરો.

(vi) વિલોડકની મદદથી સાવધાનીપૂર્વક ક્લૉરોફૉર્મ અને એસિટોનના મિશ્રણને ધીરેથી હલાવો.

(vii) ક્લૉરોફૉર્મ અને એસિટોનના મિશ્રણનું તાપમાન નોંધો. તેને $t_3$°C કહો.

---

* 1 મોલ $CHCl_3$નું કદ = $\dfrac{CHCl_3\text{નું મોલર દળ}}{CHCl_3\text{ની ઘનતા}}$

0.1 મોલના કદ = $\dfrac{1}{10}$ × ઉપરનું કદ

(આ જ પ્રમાણે તમે 0.1 મોલ એસિટોનનું કદ ગણી શકશો.)

ક્લૉરોફૉર્મની ઘનતા = 1.47 g/mL

ક્લૉરોફૉર્મનું મોલર દળ = 119.5 g

1.47 g = 1 mL કદ

119.5 g = $\dfrac{119.5}{1.47}$ mL

1 મોલ = 81.4 mL

0.1 મોલ = 8.14 mL

એસિટોનની ઘનતા = 0.79 g/mL

એસિટોનનું મોલર દળ = 58.0 g

0.79 g = 1 mL

58 g = $\dfrac{58}{0.79}$ mL

1 મોલ = 73.4 mL

0.1 મોલ = 7.34 mL

ક્લૉરોફૉર્મ અને એસિટોનનું કુલ કદ = 8.14 + 7.34 = 15.48 mL



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



**પારસ્પરિક ક્રિયાની એન્થાલ્પીની નીચે પ્રમાણે ગણતરી કરો :**

(i) ધારો કે ઓરડાનું તાપમાન t °C છે, તો કેલરીમીટર (ઉત્કલન નળી) દ્વારા મેળવાયેલી ઉષ્મા $W \times (t_3 - t)$ છે. જ્યાં W કેલરીમીટર અચળાંક એટલે કે આ પ્રયોગમાં ઉત્કલન નળી છે.

(ii) માહિતી સાહિત્યમાંથી ક્લૉરોફૉર્મની વિશિષ્ટ ઉષ્માનું મૂલ્ય નોંધો. ધારો કે તે $q_1$ છે. તો, ક્લૉરોફૉર્મ દ્વારા મેળવાયેલ ઉષ્મા $= m_1 \times q_1 \times (t_3 - t_1)$

(iii) એસિટોનની વિશિષ્ટ ઉષ્માનું મૂલ્ય માહિતી સાહિત્યમાંથી નોંધો. ધારો કે તે $q_2$ છે. એસિટોન દ્વારા મેળવાયેલ ઉષ્મા $= m_2 \times q_2 \times (t_3 - t_2)$

(iv) ત્રણેય ઘટકો એટલેકે ઉત્કલન નળી, ક્લૉરોફૉર્મ અને એસિટોન દ્વારા મેળવાયેલ કુલ ઉષ્મા $= -\{W \times (t_3 - t_1) + m_1 \times q_1 \times (t_3 - t_1) + m_2 \times q_2 \times (t_3 - t_2)\}$ હકીકતમાં આ 0.1 mol ક્લૉરોફૉર્મ અને 0.1 mol એસિટોનને મિશ્ર કરતાં થતી પારસ્પરિક ક્રિયાનો એન્થાલ્પી ફેરફાર છે.

ઋણ સંજ્ઞા સૂચવે છે કે ક્લૉરોફૉર્મ અને એસિટોનની મિશ્ર થવાની ક્રિયા ઉષ્માક્ષેપક છે.

**નોંધ :** *અહીં એ કાળજી રાખવી જરૂરી છે કે લીધેલા એસિટોન અને ક્લૉરોફૉર્મનું કુલ કદ કેલરીમીટર માટે જળતુલ્યાંક ગણવા માટે લીધેલા પાણીના કદ સરખા હોવા જોઈએ.*

**સાવચેતીઓ :**

(a) ક્લૉરોફૉર્મ અને એસિટોનનું કાળજીપૂર્વક માપન કરો.

(b) 0.1°C અંશાંકન કરેલા થરમૉમિટર વડે કાળજીપૂર્વક તાપમાન નોંધો.

**ચર્ચાત્મક પ્રશ્નો :**

(i) ક્લૉરોફૉર્મ અને એસિટોન આદર્શ પ્રવાહીની જોડ બનાવતું નથી જ્યારે એસિટોન અને બેન્ઝિન બનાવે છે. શા માટે ?

(ii) શા માટે ઈથેનોલ અને પાણીની પ્રવાહી જોડ રાઉલ્ટના નિયમથી ધન વિચલન દર્શાવે છે ?

(iii) પ્રવાહી જોડના એવાં બે ઉદાહરણો આપો જેમાંના દરેકના $\Delta_{mixing}H$ અનુક્રમે ઋણ અને ધન મૂલ્ય હોય.

(iv) પ્રવાહી મિશ્રણનાં ઘટકોના અણુઓ વચ્ચે પારસ્પરિક ક્રિયાની ભાત (pattern) પ્રવાહીના બાષ્પ દબાણ સાથે સંબંધિત છે ?


(v) પ્રણાલીમાંથી ઉત્પન્ન થયેલી ઉષ્માને હાઇડ્રૉજન બંધની પ્રબળતા સાથે કેવી રીતે સુસંબંધિત કરશો ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# એકમ 4
# વિદ્યુતરસાયણવિજ્ઞાન
# (Electrochemistry)




ગેલ્વેનિક કોષના બે વિદ્યુત ધ્રુવો વચ્ચેના પોટૅન્શિયલ તફાવતને **કોષ પોટૅન્શિયલ (વિભવ)** કહે છે અને તે વોલ્ટમાં મપાય છે. તે કૅથોડ અને ઍનોડના રિડક્શન પોટૅન્શિયલનો (અથવા ઑક્સિડેશન પોટૅન્શિયલ) તફાવત છે. જ્યારે કોષમાંથી પ્રવાહ મેળવવામાં ન આવે ત્યારે તેને કોષનું વીજચાલક બળ (emf) કહેવામાં આવે છે.

$$E_{cell} = E_{cathode} - E_{anode}$$

વ્યક્તિગત અર્ધકોષનો પોટૅન્શિયલ માપી શકાય નહિ. આપણે માત્ર બે અર્ધકોષ પોટેન્શિયલોના તફાવત માપી શકીએ જે કોષનું વીજચાલક બળ આપે છે. પ્રણાલિકા પ્રમાણે, પ્રમાણિત હાઇડ્રૉજન ધ્રુવ જેને $Pt/H_2(g, 1\ bar)/H^+(aq\ 1M)$ તરીકે દર્શાવાય છે. નીચે પ્રમાણેની પ્રક્રિયા માટે તેનો પોટૅન્શિયલ બધા જ તાપમાને શૂન્ય લેવામાં આવ્યો છે. પ્રક્રિયા નીચે પ્રમાણે છે :

$$H^+(aq) + e^- \rightarrow \frac{1}{2} H_2(g)$$

અર્ધકોષ પોટૅન્શિયલ પ્રમાણિત હાઇડ્રૉજન ધ્રુવના સંદર્ભમાં માપવામાં આવે છે.

કોષની રચના પ્રમાણિત હાઇડ્રૉજન વિદ્યુતધ્રુવને ઍનોડ તરીકે (સંદર્ભ અર્ધકોષ) અને પ્રમાણિત પરિસ્થિતિમાં જેનો પોટૅન્શિયલ માપવાનો છે તેને કૅથોડ તરીકે બીજો અર્ધકોષ બનાવીને કરવામાં આવે છે. આથી કોષનો પોટૅન્શિયલ બીજા અર્ધકોષનો પ્રમાણિત પોટૅન્શિયલ બને છે.

$$E^{\ominus}_{cell} = E^{\ominus}_{cathode} \text{ કારણ કે } E^{\ominus}_{anode} = 0$$

નર્ન્સ્ટે દર્શાવ્યું કે પ્રમાણિત હાઇડ્રૉજન વિદ્યુત ધ્રુવના સંદર્ભમાં કોઈ પણ સાંદ્રતાએ પોટૅન્શિયલ માપી શકીએ છીએ. નીચે પ્રમાણેના વિદ્યુત ધ્રુવની પ્રક્રિયા માટે

$$M^{n+}(aq) + ne^- \rightarrow M(s)$$

કોઈ પણ સાંદ્રતાએ પ્રમાણિત હાઇડ્રૉજન વિદ્યુત ધ્રુવની સાપેક્ષમાં માપેલ પોટૅન્શિયલને નીચે પ્રમાણે રજૂ કરી શકાય :

$$E^{\ominus}_{M^{n+}/M} = E^{\ominus}_{M^{n+}/M} - \frac{RT}{nF} \ln \frac{[M]}{[M^{n+}]}$$

ઘનની સાંદ્રતા M ને એક તરીકે લેવામાં આવે છે અને તેથી આપણને મળશે

$$E_{M^{n+}/M} = E^{\ominus}_{M^{n+}/M} - \frac{RT}{nF} \ln \frac{1}{[M^{n+}]}$$

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



અહીંયાં, R વાયુ અચળાંક (8.314 $JK^{-1}mol^{-1}$), F ફેરાડે અચળાંક (96487 $Cmol^{-1}$), T તાપમાન કૅલ્વિનમાં અને $[M^{n+}]$એ $M^{n+}$ સ્પીસિઝની સાંદ્રતા છે.

નીચેના પ્રયોગમાં $Zn/Zn^{2+} \| Cu^{2+}/Cu$ કોષમાં વિદ્યુત વિભાજ્યોની સાંદ્રતામાં ફેરફાર સાથે કોષ પોટૅન્શિયલના ફેરફારનો અભ્યાસ કરવામાં આવશે.

## પ્રયોગ : 4.1

### હેતુ :

$Zn/Zn^{2+} \| Cu^{2+}/Cu$ કોષનો વિદ્યુત વિભાજ્યની ($CuSO_4/ZnSO_4$) સાંદ્રતામાં ફેરફાર સાથે કોષ પોટૅન્શિયલના ફેરફારનો ઓરડાના તાપમાને અભ્યાસ કરવો.

### સિદ્ધાંત :

પ્રયોગમાંના અભ્યાસ હેઠળના કોષને નીચે પ્રમાણે રજૂ કરી શકાય :

$$(Zn(s)/Zn^{2+}(aq., 1.0M) \| Cu^{2+}(aq., xM)/Cu(s)$$

અહીંયાં, $x$ M $Cu^{2+}(aq)$ આયનની બદલાતી સાંદ્રતા દર્શાવે છે. બીજા શબ્દોમાં કહીએ તો સાંદ્રતા સાથે કોષ પોટૅન્શિયલમાં તફાવતનો અભ્યાસ છે. $Cu^{2+}(aq)$ ની સાંદ્રતા બદલતા રહીએ છીએ અને $Zn^{2+}(aq)$ ની સાંદ્રતા અચળ રાખીએ છીએ. Cu(II) આયનની દરેક સાંદ્રતા માટે $Cu^{2+}/Cu$ વિદ્યુત ધ્રુવના વિદ્યુત ધ્રુવ પોટૅન્શિયલ કોષનો પોટૅન્શિયલ માપીને ગણી શકીએ છીએ. આ ફેરફારને સૈદ્ધાંતિક રીતે નીચેના સમીકરણથી દર્શાવી શકાય :

$$E_{Cu^{2+}/Cu} = E^{\ominus}_{Cu^{2+}/Cu} + \frac{0.059}{2} \log[Cu^{2+}] \qquad (1)$$

$Cu^{2+}/Cu$ વિદ્યુતધ્રુવના પોટૅન્શિયલમાં ફેરફાર પરિણામરૂપે નીચેના સંબંધ પ્રમાણે કોષ પોટૅન્શિયલમાં ફેરફાર લાવે છે :

$$E_{Cell} = E_{Cu^{2+}/Cu} - E^{\ominus}_{Zn^{2+}/Zn} \qquad (2)$$

સમીકરણ (2) સ્પષ્ટ રીતે સૂચવે છે કે $E^{\ominus}_{Zn^{2+}/Zn}$ અચળ રાખ્યો છે, છતાં પણ $E_{Cu^{2+}/Cu}$ માં ફેરફાર તેને અનુરૂપ $E_{Cell}$ (કોષનો પોટૅન્શિયલ)માં ફેરફાર લાવશે.

આ જ પ્રમાણે $Cu^{2+}$ આયનોની સાંદ્રતા અચળ રાખી $Zn^{2+}$ આયનોની સાંદ્રતામાં ફેરફાર સાથે કોષ પોટૅન્શિયલમાં તફાવતનો અભ્યાસ કરી શકીએ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




## જરૂરી સામગ્રી :



- ઝિંક પ્લેટ : એક
- કૉપર પ્લેટ : એક
- બીકર (50 mL) : છ
- વોલ્ટમીટર (પોટેન્શિયોમીટર) : એક
- ક્ષાર સેતુ : એક



- 1.0 M ઝિંક સલ્ફેટ દ્રાવણ : 40 mL
- 0.25 M, 0.1 M, 0.05 M, 0.025 M અને 0.0125 M કૉપર સલ્ફેટ દ્રાવણ : દરેકના 40 mL




**આકૃતિ 4.1** : *$Zn(s)/Zn^{2+}(aq)$, 1.0 M || $Cu^{2+}$(aq, x M)/Cu(s) કોષની રચના*

## પદ્ધતિ :

(i) 1.0 M $ZnSO_4$ અને 0.2 M $CuSO_4$ દ્રાવણનો ઉપયોગ કરી આકૃતિ 4.1 માં દર્શાવ્યા પ્રમાણે કોષ ગોઠવો.

(ii) કોષનો પોટેન્શિયલ તફાવત માપો અને વીજધ્રુવોની ધ્રુવીયતા (polarity)ની પણ નોંધ રાખો. (આ આપણને કોષ પોટેન્શિયલ $E_{cell}$ ને સંજ્ઞા આપવામાં મદદરૂપ થશે.)

(iii) કોષ પોટેન્શિયલ નું માપન પૂર્ણ થઈ જાય કે તરત જ ક્ષારસેતુને દૂર કરો.

(iv) 0.2 M $CuSO_4$ દ્રાવણ ધરાવતા બીકરના સ્થાને 0.1 M $CuSO_4$ દ્રાવણ ધરાવતું બીકર ગોઠવો. ક્ષારસેતુને યોગ્ય સ્થાને ગોઠવો અને કોષ પોટેન્શિયલ માપો.

(v) કૉપર સલ્ફેટ દ્રાવણની સાંદ્રતાના ઊતરતા ક્રમમાંનાં દ્રાવણો વડે આ પદ્ધતિનું પુનરાવર્તન કરો.

(vi) log [$Cu^{2+}$(aq)] ની ગણતરી કરો અને પછી Cu(II)ની સાંદ્રતામાંના ફેરફાર માટેના દરેક માટે $E_{Cu^{2+}/Cu}$ ગણો.

(vii) કોષ્ટક 4.1 માં દર્શાવ્યા મુજબ $Cu^{2+}$ આયનની જુદી-જુદી સાંદ્રતાએ $Cu^{2+}$(aq)/Cu(s) વિદ્યુત ધ્રુવના વિદ્યુત ધ્રુવ પોટેન્શિયલનાં મૂલ્યો નોંધો.

(viii) ($E_{Cu^{2+}/Cu}$)ને *y* - ધરી પર અને log[$Cu^{2+}$(aq)]ને *x* - ધરી પર લઈ સાંદ્રતા સાથે વિદ્યુત ધ્રુવ પોટેન્શિયલના ફેરફારનો આલેખ દોરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



**કોષ્ટક 4.1 : કોષ પોટૅન્શિયલની માહિતીની નોંધ**

| અનુક્રમ | $[Cu^{2+}(aq)]/mol\ L^{-1}$ | $\log [Cu^{2+}(aq)]/mol\ L^{-1}$ | $E_{cell}/V$ | $E_{(Cu^{2+}/Cu)}$ પ્રાયોગિક મૂલ્ય |
|---|---|---|---|---|
| 1 | 0.2 | | | |
| 2 | 0.1 | | | |
| 3 | 0.05 | | | |
| 4 | 0.025 | | | |
| 5 | 0.0125 | | | |

**પરિણામ :**

મળેલી માહિતીના આધારે તારણ લખો.

**સાવચેતીઓ :**

(a) કૉપર અને ઝિંકની પટ્ટીઓ તથા જોડાણ માટેના તારને ઉપયોગ કરતાં પહેલાં રેત પત્ર (કાચપેપર) વડે ઘસીને સાફ કરો.

(b) ક્ષારસેતુનો ઉપયોગ કર્યા પછી તરત જ નિસ્યંદિત પાણીમાં મૂકો.

(c) દ્રાવણનું એકમાંથી બીજામાં મંદન ખૂબ જ સાવચેતીપૂર્વક કરો.

(d) આલેખ દોરવા માટે યોગ્ય માપની પસંદગી કરો.

**ચર્ચાત્મક પ્રશ્નો :**

(i) નીચે આપેલી પ્રક્રિયા માટે લ-શેટેલિયરનો નિયમ લાગુ પાડો અને તમે નોંધેલાં પરિણામોને વાજબી ઠેરવો અને તમારાં પરિણામોમાં ગાણિતીય યુક્તિ સંગતિકરણ (rationalization) પણ મેળવો.

$$Zn\ (s) + Cu^{2+}\ (aq) \rightleftharpoons Zn^{2+}\ (aq) + Cu\ (s)$$

(ii) આલેખનો ઢાળ નક્કી કરો. પ્રાયોગિક મૂલ્યને સૈદ્ધાંતિક મૂલ્ય સાથે સરખાવો. કયાં પરિબળો પર ઢાળનું મૂલ્ય આધાર રાખે છે ?

(iii) કોષ પ્રક્રિયામાં સમાવિષ્ટ આયનોમાંથી કોઈ એકની સાંદ્રતા સાથે કોષ પોટૅન્શિયલમાં ફેરફારના અભ્યાસ માટે બીજા પ્રયોગની રચના કરો.

(iv) ક્ષારસેતુની રચના માટે વિદ્યુતવિભાજ્ય દ્રાવણની પસંદગી કરવા માટે કયાં પરિબળને ધ્યાનમાં રાખશો ?


(v) એકાકી વિદ્યુતધ્રુવનો પોટૅન્શિયલ માપવાનું શક્ય છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# એકમ 5
# વર્ણલેખિકી (Chromatography)



ક્રોમેટોગ્રાફી (વર્ણલેખિકી) કાર્યપદ્ધતિ સંયોજનોના અલગીકરણ, શુદ્ધીકરણ અને ઓળખ માટે વિપુલ પ્રમાણમાં વપરાય છે. IUPAC ના મત પ્રમાણે ક્રોમેટોગ્રાફી અલગીકરણની એક ભૌતિક પદ્ધતિ છે. જેમાં અલગ કરવાનાં ઘટકોનું બે કલા વચ્ચે વિતરણ થાય છે જેમાંની એક કલા સ્થિર હોય છે, જ્યારે બીજી કલા ચોક્કસ દિશામાં ખસે છે.

સ્થિર કલા સામાન્ય રીતે ભરેલા (pack) સ્તંભના (સ્તંભ ક્રોમેટોગ્રાફી) સ્વરૂપમાં હોય છે, પણ તે બીજા સ્વરૂપે લઈ શકાય છે. જેવા કે સપાટ શીટ અથવા પાતળું સ્તર જે કોઈ યોગ્ય આધાર આપતા પદાર્થના સ્વરૂપમાં હોય છે. આવા આધાર આપતા પદાર્થોમાં કાચ (પાતળું - સ્તર ક્રોમેટોગ્રાફી) હોય છે. **સ્તંભ ક્રોમેટોગ્રાફી**માં ગતિશીલ (mobile) કલા ભરેલા સ્તંભમાંથી વહે છે, જ્યારે **પાતળા સ્તર ક્રોમેટોગ્રાફી**માં ગતિશીલ કલા કેશાકર્ષણ ક્રિયાથી ખસે છે. આમાં સ્થિર કલામાં પાતળું પડ (film) પ્રવાહી અથવા ઘન હોઈ શકે છે. ગતિશીલ કલા પ્રવાહી અથવા વાયુ હોઈ શકે છે. આવી કલાઓના જુદા-જુદા શક્ય જોડાણ ક્રોમેટોગ્રાફીની મુખ્ય કાર્યપદ્ધતિનો ઉદય કરે છે. આમાંની બેનું વર્ણન નીચે આપવામાં આવ્યું છે :

**વિભાગીય (partition) ક્રોમેટોગ્રાફી**માં સ્થિર કલા એક નિષ્ક્રિય આધાર પર અધિશોષિત પ્રવાહીનું પાતળું પડ (film) હોય છે. જ્યારે ગતિશીલ કલા પ્રવાહી અથવા વાયુ હોઈ શકે છે. જ્યારે **પેપર (paper) ક્રોમેટોગ્રાફી** એવું ઉદાહરણ છે જેમાં પેપરમાંનાં છિદ્રોમાં હાજર પ્રવાહી સ્થિર કલા છે અને બીજું કોઈ પ્રવાહી ગતિશીલ કલા હોય છે. અલગીકરણનો આધાર બે કલાઓ વચ્ચે પદાર્થનું વિતરણ થાય છે અને નિષ્ક્રિય આધાર પર પદાર્થોના અધિશોષણ અસરોને લીધે ક્રોમેટોગ્રાફિક અલગીકરણ થાય છે.

**અધિશોષણ ક્રોમેટોગ્રાફી**માં સ્થિર કલા ખૂબ ઝીણો ઘન અધિશોષક હોય છે અને ગતિશીલ કલા સામાન્ય રીતે પ્રવાહી હોય છે. અલગીકરણ પ્રક્રમ (process) મિશ્રણનાં ઘટકોના ઘનની સપાટી પર પસંદગીયુક્ત (selective) અધિશોષણ પર આધાર રાખે છે.

ક્રોમેટોગ્રાફીમાં પદાર્થ સ્થિર અને ગતિશીલ કલાઓ વચ્ચે સંતુલિત થાય છે. સ્થિર કલા સાથે પદાર્થની પારસ્પરિક ક્રિયા જેટલી વધારે તેટલી ધીમી તેની ગતિ હોય છે.

આ એકમમાં તમે પેપર ક્રોમેટોગ્રાફીનો ઉપયોગ કરી મિશ્રણમાંનાં ઘટકોના અલગીકરણનો અભ્યાસ કરશો.

## પ્રયોગ 5.1

### હેતુ :

પાલકની ભાજી (spinach)નાં પાંદડાંમાં રહેલા અને ગુલાબનાં ફૂલની પાંખડીમાં રહેલા તથા હજારીગલમાં રહેલા રંજકોનું પેપર ક્રોમેટોગ્રાફી વડે અલગીકરણ અને ઘટકોનાં $R_f$ મૂલ્યોનું નિર્ધારણ કરવું.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





## સિદ્ધાંત :

પેપર ક્રોમેટોગ્રાફીમાં ગાળણપત્રનાં છિદ્રોમાં રહેલા પાણીના અણુ સ્થિર કલા તરીકે કાર્ય કરે છે અને ગતિશીલ કલા તરીકે દ્રાવક જેવાં કે હેક્ઝેન, ટોલ્યુઇન, એસિટોન અથવા દ્રાવકોનું મિશ્રણ જેવાં કે મિથેનોલ - પાણી મિશ્રણ વગેરે હોઈ શકે છે. જ્યારે ગતિશીલ કલા એ બિંદુમાંથી પસાર થાય છે જેના પર નમૂનો અધિશોષિત થયેલો હોય છે તે ધીમે કે તરત જ તેમાંનાં ઘટકોને ઓગાળે છે જે તેમની દ્રાવ્યતા પર આધાર રાખે છે અને તે જ્યારે આધાર પર ખસે છે ત્યારે પોતાની સાથે લઈ જાય છે.

મિથેનોલ 

એસિટોન 

પેટ્રોલિયમ ઈથર 

ક્લૉરોફૉર્મ 

આપેલા તાપમાને અને આપેલા દ્રાવક માટે ક્રોમેટોગ્રાફિક પેપર પર ગતિશીલ કલા ખસે છે તેમ દરેક પદાર્થની ગતિનો લાક્ષણિક દર નક્કી કરવું શક્ય બને છે. આને સાપેક્ષ અગ્ર (front) અથવા **પ્રતિવેગ (retaradation) અવયવ એટલે કે $R_f$ મૂલ્ય તરીકે દર્શાવાય છે.** ગતિશીલ કલા (દ્રાવક) એક જ હોય તોપણ જુદા જુદા સંયોજનનાં $R_f$ મૂલ્યો અલગ-અલગ હોય છે. વળી, જુદા-જુદા દ્રાવકોમાંના એક જ પદાર્થનાં $R_f$ મૂલ્યો અલગ-અલગ હોય છે. $R_f$ મૂલ્યો નીચેના સમીકરણનો ઉપયોગ કરીને ગણી શકાય છે :

$$R_f = \frac{\text{સંદર્ભ રેખાથી પદાર્થ વડે પસાર કરાયેલું અંતર (cm)}}{\text{સંદર્ભ રેખાથી દ્રાવક વડે પસાર કરાયેલું અંતર (cm)}}$$

દ્રાવક અગ્ર સંયોજનો કરતાં વધારે ઝડપથી ખસતા હોવાને કારણે પદાર્થોનાં $R_f$ મૂલ્યો એક કરતાં ઓછાં હોય છે. આ સાથે એ પણ નોંધો કે $R_f$ મૂલ્યોને કોઈ એકમ નથી.

જો સંયોજન રંગીન હોય તો ક્રોમેટોગ્રાફિક પેપર પર તેમનું સ્થાન સહેલાઈથી નક્કી કરી શકાય છે. તેમ છતાં પણ જો પદાર્થ રંગવિહીન હોય તો તેને કોઈ પ્રક્રિયક સાથે પ્રક્રિયા કરવામાં આવે છે જે તેને લાક્ષણિક રંગ આપે છે. આ પ્રક્રિયકને **વિકાસક - ડેવલપર (developer)** કહે છે. પેપર ક્રોમેટોગ્રાફીમાં આયોડિન સૌથી વધારે સામાન્ય રીતે ઉપયોગ થતો ડેવલપર છે. બીજી કેટલીક પદ્ધતિઓ બિંદુનાં સ્થાન નક્કી કરવા માટે પ્રાપ્ય છે.

## જરૂરી સામગ્રી :



- વોટમેન ગાળણ પત્ર નં. 1 4 cm × 17 cm માપનો : એક
- 5 cm × 20 cm માપની એક ગૅસ જાર (વાયુ બરણી) : એક
- કેન્દ્રમાં હૂક બેસાડેલો હોય તેવો રબરનો બૂચ : એક
- કસનળી : જરૂર પ્રમાણે



- ફૂલનું નિષ્કર્ષ અને પાંખડીના નિષ્કર્ષ : જરૂર પ્રમાણે
- નિસ્યંદિત પાણી : જરૂર પ્રમાણે
- મિથેનોલ/એસિટોન : જરૂર પ્રમાણે
- (60-80 °C) ઉત્કલન ગાળાવાળું પેટ્રોલિયમ ઈથર : જરૂર પ્રમાણે
- ક્લૉરોફૉર્મ/એસિટોન : જરૂર પ્રમાણે

## પદ્ધતિ :

(i) ખલમાં ફૂલો/પાંખડીઓને લસોટો અને લુગદીને કસનળીમાં લો.

(ii) લસોટેલા પદાર્થમાં થોડા પ્રમાણમાં મિથેનોલ અથવા એસિટોન ઉમેરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



યોગ્ય બૂચ વડે કસનળીને બંધ કરી દો અને તેને સારી રીતે હલાવો. તેને ગાળી લો અને ગાળણને એક કસનળીમાં એકઠું કરો અને કસનળીને બૂચ વડે બંધ કરી દો.

(iii) 4 cm × 17 cm માપનો વોટમેન ગાળણ પત્ર નં. 1 મેળવો. પેન્સિલની મદદ વડે બેમાંથી એક છેડાથી 3 cm ઊંચે એક રેખા દોરો (આકૃતિ 5.1(a)).

(iv) ખૂબ ઝીણી કેશનળીનો ઉપયોગ કરીને પાંદડાના નિષ્કર્ષનું એક ટીપું 'a' અને ફૂલના નિષ્કર્ષનું એક ટીપું 'b' મૂકો. આકૃતિ 5.1 (a)માં દર્શાવ્યા પ્રમાણે બંને ટીપાંને સુકાવા દો.

(v) 20 mL પેટ્રોલિયમ ઈથર (ઉત્કલન ગાળો 60-80 °C) અને ક્લૉરોફૉર્મનું મિશ્રણ જે 19 mL પેટ્રોલિયમ ઈથર અને 1 mL ક્લૉરોફૉર્મનું બનાવેલું હોય છે અને એસિટોન 9:1ના ગુણોત્તરમાં (18 mL પેટ્રોલિયમ ઈથર + 2 mL એસિટોન) ભરેલી બરણી (જાર)માં ગાળણપત્રને એવી રીતે લટકાવો કે જેથી દ્રાવક આકૃતિ 5.1 (b)માં દર્શાવ્યા પ્રમાણે સંદર્ભ રેખાને અડકે નહિ.

(vi) આ બરણી (જાર)ને ત્યાં સુધી સ્થિર સ્થિતિમાં રાખો કે જ્યાં સુધી ગતિશીલ કલા (દ્રાવક) ગાળણપત્રની આશરે 2/3 ભાગની ઊંચાઈ સુધી ઉપર ચઢે (આકૃતિ 5.1 (c)).


(vii) બરણી (જાર)માંથી ગાળણપત્રને બહાર કાઢી લો અને દ્રાવક અગ્રને ચિહ્નિત કરો. પેન્સિલની મદદ વડે બિંદુઓને રૂપરેખિત (outline) કરો અને ગાળણપત્રને સુકાવા દો.

(viii) દ્રાવક અગ્ર વડે પસાર કરાયેલું અંતર માપો અને આકૃતિ 5.1 (d)માં આપ્યા પ્રમાણે જુદાં-જુદાં બિંદુઓના કેન્દ્રોનું સંદર્ભ રેખાથી અંતર માપો.

(ix) પાંદડાના અને ફૂલોના નિષ્કર્ષમાં રહેલા રંજકોની સંખ્યા નિશ્ચિત કરો.

(x) અગાઉ જણાવેલ સમીકરણની મદદથી જુદાં-જુદાં બિંદુઓનાં $R_f$ મૂલ્યો ગણો.

(xi) કોષ્ટક 5.1માં તમારાં અવલોકનો નોંધો.




**આકૃતિ 5.1 :** *(a) ચિહ્નિત પત્ર (b) દ્રાવકમાં ગાળણપત્રને ડુબાડવું (c) ક્રોમેટોગ્રામ વિકસિત કરવો (d) વિકસિત ક્રોમેટોગ્રામ*



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



**કોષ્ટક 5.1 : પાંદડાં અને ફૂલોના રંજકોનું અલગીકરણ**

| અનુ-ક્રમ | નિષ્કર્ષનું નામ | બિંદુનો રંગ | સંદર્ભ રેખાથી 'a' અને 'b' બિંદુઓનાં ઘટકોએ પસાર કરેલું અંતર cmમાં | દ્રાવક વડે સંદર્ભ રેખાથી પસાર કરાયેલ અંતર cmમાં | $R_f$ મૂલ્ય |
|---|---|---|---|---|---|
| 1 | | | | | |
| 2 | | | | | |
| 3 | | | | | |
| 4 | | | | | |

**પરિણામ :**

(i) ફૂલની પાંખડીનાં ઘટકોનાં $R_f$ મૂલ્યો ............. છે.

(ii) ભાજીનાં પાંદડાંનાં ઘટકોનાં $R_f$ મૂલ્યો ............. છે.

**સાવચેતીઓ :**

(a) સંદર્ભ રેખાને દોરવા માટે સારી ગુણવત્તાવાળી ડ્રૉઇંગ પેન્સિલનો ઉપયોગ કરો જેથી કરીને કરેલી નિશાની TLC પ્રક્રમ ચાલુ હોય તે દરમિયાન દ્રાવકમાં ઓગળી ન જાય.

(b) પેપરની પટ્ટીને દ્રાવકમાં એ રીતે ડૂબાડો કે જેથી મિશ્રણનું બિંદુ દ્રાવક સ્તરથી ઉપર રહે અને દ્રાવકની ગતિ વાંકીચૂંકી ન હોય.

(c) નમૂનાના દ્રાવણનું બિંદુ મૂકતી વખતે ધ્યાન રાખો કે બિંદુ ફેલાઈ ન જાય. સારી રીતે ઝીણી બનાવેલી કેશનળીનો ઉપયોગ પેપર પર બિંદુ મૂકવા માટે કરો.

(d) એની પણ ખાતરી કરો કે ગાળણપત્રની પટ્ટી બરણીમાં મુક્ત રીતે લટકે છે.

(e) એકવાર પ્રયોગ સેટ (ચાલુ) થાય એટલે જ્યાં સુધી ક્રોમેટોગ્રામ વિકસે નહિ ત્યાં સુધી બરણીને ખલેલ ન પહોંચાડશો.

(f) જ્યારે ક્રોમેટોગ્રામ વિકસિત થતો હોય ત્યારે બરણીને ઢાંકેલી રાખશો.

(g) બિંદુઓને વિકસાવતાં પહેલાં પેપરની પટ્ટીને સંપૂર્ણ રીતે સૂકવશો.

(h) કાર્બનિક દ્રાવક/દ્રાવકો સાથે કાળજીપૂર્વક કાર્ય કરો.

## પ્રયોગ 5.2

**હેતુ :**

ક્રોમેટોગ્રાફિક પ્રવિધિનો ઉપયોગ કરીને $Pb^{2+}$ અને $Cd^{2+}$ બે ધનાયનો ધરાવતા અકાર્બનિક સંયોજનોના મિશ્રણનાં ઘટકોનું અલગીકરણ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



**સિદ્ધાંત :**

ધનાયનોના અલગીકરણનો સિદ્ધાંત પ્રયોગ 5.1 માં સમજાવ્યા પ્રમાણેના જેવો જ છે. આ કિસ્સામાં જે બે ધનાયનોને અલગ કરવાના છે તે રંગવિહીન છે અને તેથી વિકાસક (ડેવલપર)ની જરૂર પડે છે. વર્તમાન કિસ્સામાં એમોનિયમ સલ્ફાઇડ $(NH_4)_2S$* ને ક્રોમેટોગ્રાફિક પેપર અથવા પ્લેટ પર આ આયનોનાં સ્થાન નક્કી કરવા માટે વાપરી શકાય.

**જરૂરી સામગ્રી :**





- 4 cm × 17 cm માપનું વોટમેન ગાળણપત્ર નં. 1 : એક
- 5 cm × 20 cm માપની વાયુ-બરણી (જાર) : એક
- કેન્દ્રમાં બેસાડેલા હૂકવાળો રબરનો બૂચ : એક
- કસનળી : જરૂર પ્રમાણે




- 1-2 % $Pb(NO_3)_2$ અને $Cd(NO_3)_2$નું દ્રાવણ : જરૂર પ્રમાણે
- ઈથેનોલ : જરૂર પ્રમાણે
- 6.0 M $HNO_3$ : જરૂર પ્રમાણે

**પદ્ધતિ :**

ઈથેનોલ 

લેડ નાઈટ્રેટ 

કેડમિયમ નાઈટ્રેટ 

(i) 4 cm × 17 cm માપનું વોટમેન નં. 1નું ગાળણપત્ર લો. પેન્સિલની મદદથી આ પત્રના બેમાંના એક છેડાથી 3 cm ઊંચે નિશાની કરો.

(ii) ઝીણી કેશનળી વડે મિશ્રણનું એક બિંદુ નિશાની કરેલ રેખા પર મૂકો.

(iii) ઈથેનોલ, 6.0 M $HNO_3$ અને નિસ્યંદિત પાણીનું 8:1:1 ગુણોત્તરમાં બનાવેલા દ્રાવણ ભરેલી બરણીમાં ગાળણપત્રને લટકાવો.

(iv) પત્રની 2/3 લંબાઈ (ઊંચાઈ) સુધી દ્રાવક ઉપર સુધી ચઢે નહિ ત્યાં સુધી બરણીને ખલેલ પહોંચાડ્યા વગર રાખી મૂકો.

(v) બરણીમાંથી ગાળણપત્રને કાઢી લો. દ્રાવક અગ્રની (front) નિશાની કરો.

(vi) પીળા અને કાળા રંગનાં બિંદુઓ મેળવવા માટે ક્રોમેટોગ્રાફી પેપર પર એમોનિયમ સલ્ફાઇડ દ્રાવણનો છંટકાવ કરો. પેન્સિલની મદદ વડે બિંદુઓના સ્થાન ચિહ્નિત કરો અને પત્રને સુકાવા દો.

(vii) દ્રાવક અગ્ર દ્વારા પસાર કરાયેલું અંતર અને સંદર્ભ રેખાથી ધનાયનના જુદાં-જુદાં બિંદુઓ સુધીના અંતર માપો. આ અંતર સંદર્ભ રેખા અને જુદાં-જુદાં બિંદુઓ વચ્ચેના સૌથી ઓછા અંતર હશે.

(viii) કોષ્ટક 5.2માં દર્શાવ્યા પ્રમાણે અવલોકનોને કોષ્ટક રૂપે નોંધો. દરેક ધનાયન માટે $R_f$ મૂલ્યની ગણતરી કરો.

* *100 mL પાણી અને 10 mL લીકર એમોનિયા ધરાવતા મિશ્રણમાંથી $H_2S$ વાયુને આશરે 45 મિનિટ સુધી પસાર કરીને એમોનિયમ સલ્ફાઇડ બનાવવામાં આવે છે.*



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



**કોષ્ટક 5.2 : પેપર ક્રોમેટોગ્રાફી વડે $Pb^{2+}$ અને $Cd^{2+}$ આયનોનું અલગીકરણ**

| અનુ-ક્રમ | બિંદુનો રંગ | સંદર્ભ રેખાથી ઘટકો વડે પસાર કરાયેલ અંતર/cm | સંદર્ભ રેખાથી દ્રાવક વડે પસાર કરાયેલ અંતર/cm | $R_f$ મૂલ્ય |
|---|---|---|---|---|
| 1. | | | | |
| 2. | | | | |
| 3. | | | | |

**પરિણામ :**

(i) $Pb^{2+}$ આયનનું $R_f$ મૂલ્ય............ છે.

(ii) $Cd^{2+}$ આયનનું $R_f$ મૂલ્ય............ છે.

**સાવચેતીઓ :**

(a) સંદર્ભ રેખા દોરવા માટે સારી ગુણવત્તાવાળી પેન્સિલનો ઉપયોગ કરવો જેથી જે દ્રાવકમાં TLC પ્રક્રમ ચાલુ હોય તે દરમિયાન નિશાની દ્રાવકમાં ઓગળી ન જાય.

(b) પેપરની પટ્ટીને દ્રાવકમાં એવી રીતે ડુબાડો કે જેથી મિશ્રણનું બિંદુ દ્રાવક સ્તરથી ઉપર રહે અને દ્રાવકની ગતિ વાંકીચૂંકી ન હોય.

(c) જ્યારે નમૂનાના દ્રાવણનું બિંદુ મૂકતી વખતે ધ્યાન રાખો કે બિંદુ ફેલાઈ ન જાય. સારી રીતે ઝીણી બનાવેલી કેશનળીનો ઉપયોગ પટ્ટી પર બિંદુ મૂકવા માટે કરો.

(d) એની પણ ખાતરી કરો કે ગાળણપત્રની પટ્ટી બરણીમાં મુક્ત રીતે લટકે છે.

(e) એકવાર પ્રયોગ સેટ (ચાલુ) થાય એટલે જ્યાં સુધી ક્રોમેટોગ્રામ વિકસે નહિ ત્યાં સુધી બરણીને ખલેલ ન પહોંચાડશો.

(f) જ્યારે ક્રોમેટોગ્રામ વિકસિત થતો હોય ત્યારે બરણીને ઢાંકેલી રાખશો.

(g) બિંદુઓને વિકસાવતા પહેલાં પેપરની પટ્ટીને સંપૂર્ણ રીતે સૂકવશો.

(h) કાર્બનિક દ્રાવક/દ્રાવકો સાથે કાળજીપૂર્વક કાર્ય કરો.

**ચર્ચાત્મક પ્રશ્નો :**

(i) ક્રોમેટોગ્રામ શું છે ? જે સિદ્ધાંત પર ક્રોમેટોગ્રાફીની કાર્યપદ્ધતિ આધારિત છે તેને સમજાવો.

(ii) વિકાસક તરીકે ઉપયોગ કરેલા પદાર્થની આવશ્યક ખાસિયતો શું છે ?

(iii) ક્રોમેટોગ્રાફી વડે સંયોજનોના અલગીકરણમાં અધિશોષણ ઘટના કઈ રીતે લાગુ પાડવામાં આવે છે ?




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# એકમ 6

# અનુમાપનીય પૃથક્કરણ (રેડોક્ષ પ્રક્રિયાઓ)

# Titrimetric Analysis (Redox Reactions)



જલીય દ્રાવણોમાં ઑક્સિડેશન અને રિડક્શન પ્રક્રિયાઓ એક સ્પીસિઝમાંથી બીજી સ્પીસિઝમાં ઇલેક્ટ્રૉનના સ્થાનાંતરણનો (transfer) સમાવેશ કરે છે. પદાર્થના ઑક્સિડેશનમાં ઇલેક્ટ્રૉન સ્પીસિઝમાંથી ઇલેક્ટ્રૉનનું સ્થાનાંતર (ગુમાવાય) થાય છે અને રિડક્શનમાં સ્પીસિઝ વડે ઇલેક્ટ્રૉન પ્રાપ્ત થાય છે. ઑક્સિડેશન અને રિડક્શન પ્રક્રિયાઓ એક સાથે જ (સમક્ષણિક) થાય છે. એ પ્રક્રિયા જેમાં ઑક્સિડેશન અને રિડક્શન એક સાથે જ થાય છે તેને રેડોક્ષ પ્રક્રિયા કહે છે. રેડોક્ષ પ્રક્રિયાનો સમાવેશ કરતાં અનુમાપનને રેડોક્ષ અનુમાપન કહે છે. તમે જાણો છો કે ઍસિડ-બેઈઝ અનુમાપનમાં અંતિમ બિંદુની નોંધ માટે pH પ્રત્યે સંવેદનશીલ હોય તેવા સૂચકો વાપરવામાં આવે છે. એ જ પ્રમાણે રેડોક્ષ પ્રક્રિયામાં પ્રણાલીના ઑક્સિડેશન પોટૅન્શિયલ (વિભવ)માં ફેર થતો હોય છે. રેડોક્ષ પ્રક્રિયામાં વપરાતા સૂચકો ઑક્સિડેશન પોટૅન્શિયલ તફાવત પ્રત્યે સંવેદનશીલ હોય છે. આદર્શ ઑક્સિડેશન - રિડક્શન સૂચકોનો ઑક્સિડેશન પોટૅન્શિયલ જેનું અનુમાપન કરવાનું છે તે દ્રાવણ અને અનુમાપકનાં પોટૅન્શિયલ મૂલ્યોની મધ્યમાં હોય છે અને આ સહેલાઈથી સ્પષ્ટ પરખ કરી શકાય તેવો રંગ ફેરફાર દર્શાવે છે.

## પ્રયોગ 6.1

**હેતુ :**

$KMnO_4$ દ્રાવણની સાંદ્રતા/મોલારિટી, ઑક્ઝેલિક ઍસિડના 0.1M પ્રમાણિત દ્રાવણ સાથે અનુમાપન કરીને નક્કી કરવી.

**સિદ્ધાંત :**

આ પ્રયોગમાં પોટેશિયમ પરમૅંગેનેટ એક પ્રબળ ઑક્સિડેશનકર્તા તરીકે વર્તે છે. $KMnO_4$ ઑક્સિડેશનકર્તા તરીકે આલ્કલાઇન માધ્યમમાં પણ વર્તે છે, પરંતુ જથ્થાત્મક (માત્રાત્મક) પૃથક્કરણમાં મુખ્યત્વે ઍસિડિક માધ્યમનો ઉપયોગ થાય છે. $KMnO_4$ નું ઍસિડિક માધ્યમમાં ઑક્સિડેશનકર્તા તરીકેનું વર્તન નીચેના સમીકરણથી રજૂ કરી શકાય :

$$MnO_4^- + 8H^+ + 5e^- \rightarrow Mn^{2+} + 4H_2O$$

આ અનુમાપનમાં વપરાતો ઍસિડ, મંદ સલ્ફ્યુરિક ઍસિડ છે. નાઇટ્રિક ઍસિડનો ઉપયોગ કરી શકતો નથી કારણ કે તે પોતે જ ઑક્સિડેશનકર્તા તરીકે વર્તે છે અને હાઇડ્રૉક્લોરિક ઍસિડનો ઉપયોગ સામાન્ય રીતે ટાળવામાં આવે છે કારણ કે તે $KMnO_4$ સાથે નીચે આપેલા સમીકરણ પ્રમાણે પ્રક્રિયા કરે છે અને ક્લોરિન ઉત્પન્ન કરે છે અને ક્લોરિન પોતે પણ જલીય દ્રાવણમાં ઑક્સિડેશનકર્તા તરીકે વર્તે છે.

$$2KMnO_4 + 16HCl \rightarrow 2KCl + 2MnCl_2 + 5Cl_2 + 8H_2O$$

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



ઑક્ઝેલિક ઍસિડ રિડક્શનકર્તા તરીકે વર્તે છે. તેથી ઍસિડિક માધ્યમમાં પોટૅશિયમ પરમૅંગેનેટ સાથે નીચેના સમીકરણ પ્રમાણે અનુમાપન કરી શકાય છે :

**ઑક્ઝેલિક ઍસિડની પ્રક્રિયાઓ**

**A. રાસાયણિક સમીકરણ**

*રિડક્શન અર્ધપ્રક્રિયા :* $2KMnO_4 + 3H_2SO_4 \longrightarrow K_2SO_4 + 2MnSO_4 + 3H_2O + 5[O]$

*ઑક્સિડેશન અર્ધપ્રક્રિયા :* $[H_2C_2O_4 + [O] \xrightarrow{60\ ^{o}C} 2CO_2 + H_2O] \times 5$

---

$$2KMnO_4 + 3H_2SO_4 + 5H_2C_2O_4 \longrightarrow K_2SO_4 + 2MnSO_4 + 8H_2O + 10CO_2$$

---

**B. આયનીય પ્રક્રિયા**

*રિડક્શન અર્ધપ્રક્રિયા :* $[MnO_4^- + 5e^- + 8H^+ \longrightarrow Mn^{2+} + 4H_2O] \times 2$

*ઑક્સિડેશન અર્ધપ્રક્રિયા :* $[C_2O_4^{2-} \longrightarrow 2CO_2 + 2e^-] \times 5$

---

$$2MnO_4^- + 5C_2O_4^{2-} + 16H^+ \longrightarrow 2Mn^{2+} + 10CO_2 + 8H_2O$$

---

આ સમીકરણોમાં $MnO_4^-$ નું $Mn^{2+}$માં રિડક્શન થાય છે અને $C_2O_4^{2-}$નું $CO_2$માં ઑક્સિડેશન થાય છે. $C_2O_4^{2-}$માંના કાર્બનનો ઑક્સિડેશન આંક +3થી +4માં ફેરવાય છે.

આ અનુમાપનોમાં પોટૅશિયમ પરમૅંગેનેટ સ્વયંસૂચક તરીકે વર્તે છે. શરૂઆતમાં પોટૅશિયમ પરમૅંગેનેટનું ઑક્ઝેલિક ઍસિડ વડે રિડક્શન થવાથી રંગ દૂર થાય છે. ઓક્ઝેલેટ આયનોના સંપૂર્ણ વપરાશ પછી થોડા પ્રમાણમાં ઉમેરેલા અને પ્રક્રિયા ન પામેલા પોટૅશિયમ પરમૅંગેનેટ દ્વારા ઉત્પન્ન થતો આછો ગુલાબી રંગ અંતિમબિંદુ સૂચવે છે. ઑક્ઝેલિક ઍસિડના દ્રાવણને (50 – 60 °C) તાપમાને મંદ સલ્ફ્યુરિક ઍસિડ સાથે ગરમ કરવામાં આવે છે. આ જરૂરી છે કારણ કે પ્રક્રિયા ઊંચા તાપમાને પરિણમે છે. અનુમાપન દરમિયાન શરૂઆતમાં મેંગેનસ સલ્ફેટ બને છે. જે ઑક્ઝેલિક ઍસિડ વડે $KMnO_4$ના રિડક્શન માટે ઉદ્દીપક તરીકે વર્તે છે. આથી શરૂઆતમાં પ્રક્રિયા-વેગ ધીમો હોય છે અને જેમ-જેમ પ્રક્રિયા આગળ વધે છે તેમ-તેમ પ્રક્રિયાનો વેગ વધે છે.




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




**જરૂરી સામગ્રી :**





- માપક ફ્લાસ્ક (250 mL) : એક
- બ્યુરેટ (50 mL) : એક
- બ્યુરેટ સ્ટૅન્ડ : એક
- પિપેટ : એક
- કોનિકલ ફ્લાસ્ક : એક
- ગળણી : એક
- વજન કરવાની બોટલ : એક
- ગ્લેઝ્ડ ટાઇલ (સફેદ) : એક
- બર્નર : એક
- તારજાળી : એક
- રાસાયણિક તુલા : એક



- ઑક્ઝેલિક ઍસિડ : જરૂર પ્રમાણે
- પોટૅશિયમ પરમૅંગેનેટ દ્રાવણ : જરૂર પ્રમાણે
- 1.0M સલ્ફ્યુરિક ઍસિડ : જરૂર પ્રમાણે

ઑક્ઝેલિક ઍસિડ 

પોટૅશિયમ પરમૅંગેનેટ  

સલ્ફ્યુરિક ઍસિડ 

**પદ્ધતિ :**

**A. 0.1 M પ્રમાણિત ઑક્ઝેલિક ઍસિડના દ્રાવણની બનાવટ**

0.1 M ઑક્ઝેલિક ઍસિડનું દ્રાવણ પ્રયોગ 2.1 (એકમ 2, ધોરણ XI પ્રાયોગિક માર્ગદર્શિકા) પ્રમાણે બનાવો.

**B. ઑક્ઝેલિક ઍસિડ દ્રાવણનું પોટૅશિયમ પરમૅંગેનેટ દ્રાવણ સામે અનુમાપન**

(i) બ્યુરેટને દ્રાવણ વડે વીંછળો અને સ્વચ્છ બ્યુરેટમાં પોટૅશિયમ પરમૅંગેનેટનું દ્રાવણ ભરો. આ બ્યુરેટના નોઝલ (નાળચા)માં જો હવાના પરપોટા રહ્યા હોય તો કેટલુંક દ્રાવણ તેમાંથી પસાર કરી તેને દૂર કરો. પરમૅંગેનેટ સાથેના અનુમાપનમાં કાચના સ્ટૉપકોકવાળી બ્યુરેટનો ઉપયોગ કરવો જોઈએ. કારણ કે પરમૅંગેનેટ આયન રબર પર હુમલો (પ્રક્રિયા) કરે છે.

(ii) કોનિકલ ફ્લાસ્કમાં 0.1 M ઑક્ઝેલિક ઍસિડના 10 mL લો અને તેમાં 1.0 M $H_2SO_4$નું દ્રાવણ અડધી કશનળી જેટલું (5mL) ઉમેરો જેથી અનુમાપન પ્રક્રિયા દરમિયાન મૅંગેનીઝ ડાયૉક્સાઇડના કોઈ પણ અવક્ષેપના નિર્માણને અટકાવી શકાય.

(iii) બ્યુરેટમાં લીધેલા પરમૅંગેનેટ દ્રાવણ સાથે ઑક્ઝેલિક ઍસિડના દ્રાવણને અનુમાપન કરતાં પહેલાં 50 - 60 °C તાપમાને ગરમ કરો. રંગ-પરિવર્તનને સારી રીતે જોઈ શકાય તે માટે જે દ્રાવણનું અનુમાપન કરવાનું છે તે દ્રાવણ ધરાવતા કોનિકલ ફ્લાસ્કને ગ્લેઝ્ડ ટાઇલ પર સીધી રીતે ગોઠવેલી બ્યુરેટના નોઝલ નીચે મૂકો.

(iv) બ્યુરેટમાંના પરમૅંગેનેટ દ્રાવણના કદનું શરૂઆતનું માપન નોંધો અને તેનું થોડું-થોડું કદ ગરમ કરેલા ઑક્ઝલિક ઍસિડના દ્રાવણમાં ઉમેરતા જાવ અને ફ્લાસ્કમાંના દ્રાવણને હલાવતા રહો. ઑક્ઝેલિક ઍસિડ સાથેની



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



પ્રક્રિયાથી પરમૅંગેનેટ દ્રાવણનો જાંબલી રંગ દૂર થશે.
થોડાક વધારે પરમૅંગેનેટ દ્રાવણને લીધે કાયમી આછો ગુલાબી રંગ દેખાય તે અંતિમ બિંદુનું સૂચન કરે છે.

(v) જ્યાં સુધી ત્રણ સુસંગત (concordant) વાચન-આંક મળે નહિ ત્યાં સુધી પ્રયોગ ફરી કરો. $KMnO_4$ નું દ્રાવણ ઘેરા રંગનું હોવાથી બ્યુરેટનું વાચન કરતી વખતે ઉપરની વક્રસપાટીને (મેનિસ્કસ) ધ્યાનમાં રાખવી.

(vi) અવલોકન-કોષ્ટક 6.1માં દર્શાવ્યા પ્રમાણે વાચન-આંક નોંધો અને પોટૅશિયમ પરમૅંગેનેટ દ્રાવણની પ્રબળતા (સાંદ્રતા) mol/litre માં ગણો.

**કોષ્ટક 6.1 : પોટૅશિયમ પરમૅંગેનેટ દ્રાવણનું પ્રમાણિત ઑક્ઝેલિક ઍસિડ દ્રાવણ સામે અનુમાપન**

| અનુક્રમ | ઑક્ઝેલિક ઍસિડનું કદ mLમાં | બ્યુરેટ વાચન-આંક | | વપરાયેલ $KMnO_4$નું કદ $V = (y - x)$ mL |
|---|---|---|---|---|
| | | પ્રારંભિક ($x$) | અંતિમ ($y$) | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

**ગણતરી :**

અજ્ઞાત દ્રાવણની પ્રબળતા (સાંદ્રતા) મોલારિટી પર્યાયમાં નીચેના સમીકરણથી નક્કી કરી શકાય :

$a_1 M_1 V_1 = a_2 M_2 V_2$ (6.1)

*ઑક્ઝેલિક ઍસિડ વિરુદ્ધ પોટૅશિયમ પરમૅંગેનેટ દ્રાવણ માટે :*

$a_1 = 2$ (સમતોલિત અર્ધકોષ પ્રક્રિયામાં ઑક્ઝેલિક ઍસિડના પ્રતિ સૂત્ર એકમમાંથી ગુમાવેલા ઇલેક્ટ્રૉનની સંખ્યા)

$a_2 = 5$ (સમતોલિત અર્ધકોષ પ્રક્રિયામાં પોટૅશિયમ પરમૅંગેનેટના પ્રતિસૂત્ર એકમમાં મેળવેલા ઇલેક્ટ્રૉનની સંખ્યા)

$M_1$ અને $M_2$ અનુમાપનમાં વાપરેલ ઑક્ઝેલિક ઍસિડ અને પોટૅશિયમ પરમૅંગેનેટ દ્રાવણોની મોલારિટી છે.

$V_1$ અને $V_2$ અનુક્રમે ઑક્ઝેલિક ઍસિડ અને પોટૅશિયમ પરમૅંગેનેટ દ્રાવણના કદ છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



સમીકરણ 6.1 માં $a_1$ અને $a_2$ નાં મૂલ્યો મૂકતાં આપણને મળશે,

ઑક્ઝેલિક ઍસિડ $\quad$ $KMnO_4$

$$2M_1V_1 = 5M_2V_2$$

$$M_2 = \frac{2M_1V_1}{5V_2} \qquad (6.2)$$

આપણે સમીકરણ 6.2 નો ઉપયોગ કરીને પોટૅશિયમ પરમૅંગેનેટ દ્રાવણની મોલારિટી ગણી શકીએ. દ્રાવણની સાંદ્રતા (પ્રબળતા) નીચેના સમીકરણથી આપી શકાય:

સાંદ્રતા (પ્રબળતા) = મોલારિટી × મોલર દળ

**પરિણામ :**

(i) $KMnO_4$ દ્રાવણની મોલારિટી ............ છે.

(ii) $KMnO_4$ દ્રાવણની સાંદ્રતા (પ્રબળતા) ............ છે.

**સાવચેતીઓ :**

(a) હંમેશાં બ્યુરેટ અને પિપેટને તેમાં લેવાનાં દ્રાવણો વડે વીંછળો.

(b) પ્રયોગમાં વાપરવાના દ્રાવણ વડે કોનિકલ ફ્લાસ્કને ક્યારેય પણ વીંછળશો નહિ.

(c) બ્યુરેટમાં હવાથી કોઈ ખાલી જગા હોય તો તેને દૂર કરો.

(d) બ્યુરેટનું પ્રારંભિક વાચન-આંક નોંધતા પહેલા બ્યુરેટ ઉપરથી ગળણી દૂર કરવાનું ક્યારેય પણ ભૂલશો નહિ.

(e) અંતિમ બિંદુ અને બ્યુરેટનું વાચન-આંક નોંધતી વખતે બ્યુરેટના છેડે દ્રાવણનું ટીપું લટકવું જોઈએ નહિ.

(f) બધાં જ રંગીન દ્રાવણોની બાબતમાં હંમેશાં બ્યુરેટ વાચન-આંક સમયે ઉપરની વક્ર સપાટી (મેનિસ્કસ)ને ધ્યાનમાં લેશો.

(g) તૂટેલા નોઝલ (નાળચા)વાળી બ્યુરેટ કે પિપેટનો ઉપયોગ ક્યારેય પણ કરશો નહિ.

(h) પ્રવાહીને જ્યારે ચૂસો (ખેંચો) ત્યારે પિપેટનો પાતળો છેડો હંમેશાં દ્રાવણમાં ડૂબેલો હોવો જોઈએ.

(i) પિપેટના જેટ છેડા (પાતળા છેડા)માંના દ્રાવણના ટીપાંને ફૂંક મારીને બહાર કાઢશો નહિ.

(j) દ્રાવણની સાંદ્રતા (પ્રબળતા) ચોથા દશાંશસ્થળ સુધી ગણવી જોઈએ.

(k) ઑક્ઝેલિક ઍસિડ અને $H_2SO_4$ દ્રાવણના મિશ્રણનું અનુમાપન કરતાં હોય ત્યારે તેને 50-60 °C વચ્ચે ગરમ કરવાનું ભૂલશો નહિ.

**ચર્ચાત્મક પ્રશ્નો :**

(i) પરમૅંગેનેટ અનુમાપનને કયું વિશિષ્ટ નામ આપવામાં આવેલ છે ?

(ii) પરમૅંગેનેટ અનુમાપનમાં કયો સૂચક વપરાય છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



(iii) પરમૅંગેનેટ અનુમાપનમાં રબરના બૂચવાળી બ્યુરેટ શા માટે વાપરવી જોઈએ નહિ ?
(iv) પરમૅંગેનેટ અનુમાપનમાં સલ્ફ્યુરિક ઍસિડ ધરાવતા ઑક્ઝેલિક ઍસિડ દ્રાવણને શા માટે 50-60 °C તાપમાને ગરમ કરીએ છીએ ?

## પ્રયોગ 6.2

**હેતુ :**

$KMnO_4$ દ્રાવણની સાંદ્રતા/મોલારિટી પ્રમાણિત ફેરસ એમોનિયમ સલ્ફેટના દ્રાવણ સાથેના અનુમાપનથી નક્કી કરવી.

**સિદ્ધાંત :**

ઑક્ઝેલિક ઍસિડની જેમ ફેરસ એમોનિયમ સલ્ફેટ, પોટૅશિયમ પરમૅંગેનેટ સામેના અનુમાપનમાં રિડક્શનકર્તા તરીકે વર્તે છે. આ પ્રક્રિયા નીચે દર્શાવ્યા મુજબ થાય છે :

**(a) રાસાયણિક સમીકરણ**

*રિડક્શન અર્ધપ્રક્રિયા :* $2KMnO_4 + 3H_2SO_4 \longrightarrow K_2SO_4 + 2MnSO_4 + 3H_2O + 5[O]$

*ઑક્સિડેશન અર્ધપ્રક્રિયા :* $[2FeSO_4\,(NH_4)_2\,SO_4 \cdot 6H_2O + H_2SO_4 + [O] \longrightarrow Fe_2(SO_4)_3 + 2(NH_4)_2\,SO_4 + 13H_2O] \times 5$

---

$$2KMnO_4 + 8H_2SO_4 + 10FeSO_4\,(NH_4)_2SO_4 \cdot 6H_2O \longrightarrow K_2SO_4 + 2MnSO_4 + 5Fe_2(SO_4)_3 + 10(NH_4)_2\,SO_4 + 68H_2O$$

---

**(b) આયનીય સમીકરણ**

*રિડક્શન અર્ધપ્રક્રિયા :* $MnO_4^- + 5e^- + 8H^+ \longrightarrow Mn^{2+} + 4H_2O$

*ઑક્સિડેશન અર્ધપ્રક્રિયા :* $[Fe^{2+} \longrightarrow Fe^{3+} + e^-] \times 5$

---

$$MnO_4^- + 5Fe^{2+} + 8H^+ \longrightarrow Mn^{2+} + 5Fe^{3+} + 4H_2O$$

---

મોહ્‌ર ક્ષારમાં આયર્નનો ઑક્સિડેશન-આંક +2 છે. આયર્ન પ્રક્રિયા દરમિયાન ઑક્સિડેશન પામે છે અને તેનો ઑક્સિડેશન-આંક +2થી +3માં ફેરવાય છે. આ અનુમાપનમાં ફેરસ એમોનિયમ સલ્ફેટ દ્રાવણને ગરમ કરવાની જરૂર નથી. કારણ કે પ્રક્રિયાનો વેગ ઓરડાના તાપમાને પણ ઘણો ઊંચો છે. વળી, ઊંચા તાપમાને ફેરસ આયનો હવામાંના ઑક્સિજનથી ફેરિક આયનોમાં ઑક્સિડેશન પામે તો પ્રયોગમાં ત્રુટિ (ભૂલ) દાખલ થાય છે.




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




**જરૂરી સામગ્રી :**



- માપક ફ્લાસ્ક (250 mL) : એક
- બ્યુરેટ (50 mL) : એક
- બ્યુરેટ સ્ટૅન્ડ : એક
- પિપેટ : એક
- કોનિકલ ફ્લાસ્ક : એક
- ગ્લેઝ્ડ ટાઇલ (સફેદ) : એક
- ગળણી : એક
- વજન કરવાની શીશી : એક



- પોટૅશિયમ પરમૅંગેનેટ દ્રાવણ : જરૂર પ્રમાણે
- મંદ સલ્ફ્યુરિક ઍસિડ : જરૂર પ્રમાણે
- ફેરસ એમોનિયમ સલ્ફેટ : જરૂર પ્રમાણે

પોટૅશિયમ પરમૅંગેનેટ 

સલ્ફ્યુરિક ઍસિડ 

**પદ્ધતિ :**

**A. ફેરસ એમોનિયમ સલ્ફેટના 0.05 M પ્રમાણિત દ્રાવણની બનાવટ**

($FeSO_4$ $(NH_4)_2$ $SO_4$ . $6H_2O$નું મોલર દળ = 392 g $mol^{-1}$)

(i) 4.9000 g ફેરસ એમોનિયમ સલ્ફેટનું વજન કરો અને તેને ગળણીની મદદ વડે 250 mL માપક ફ્લાસ્કમાં લો.

(ii) ગળણીને ચોંટી રહેલા ઘન પદાર્થને નિસ્યંદિત પાણીની મદદ વડે ફ્લાસ્કમાં લઈ લો અને મંદ સલ્ફ્યુરિક ઍસિડ ટીપે ટીપે ફ્લાસ્કમાં ઉમેરો જેથી ચોખ્ખું દ્રાવણ મળે.

(iii) ફ્લાસ્કને હલાવો અને જ્યારે બધો પદાર્થ ઓગળી જાય ત્યારે દ્રાવણને નિસ્યંદિત પાણી વડે નિશાની સુધી ભરી દો.

**B. ફેરસ એમોનિયમ સલ્ફેટનું પોટૅશિયમ પરમૅંગેનેટ દ્રાવણ સામે અનુમાપન**

(i) બ્યુરેટને પોટૅશિયમ પરમૅંગેનેટ દ્રાવણ વડે વીંછળો અને સ્વચ્છ બ્યુરેટમાં પોટૅશિયમ પરમૅંગેનેટ દ્રાવણ ભરી દો. જો બ્યુરેટમાં હવાના પરપોટા હોય તો દ્રાવણને થોડોક સમય બહાર જવા દઈ તેને દૂર કરો.

(ii) કોનિકલ ફ્લાસ્કમાં 10 mL ફેરસ એમોનિયમ સલ્ફેટનું દ્રાવણ લો અને અડધી કસનળી (5 mL) 1.0 M $H_2SO_4$ દ્રાવણ તેમાં ઉમેરો.

(iii) ઉપરના દ્રાવણનું પોટૅશિયમ પરમૅંગેનેટ સાથે ગુલાબી રંગ દેખાય ત્યાં સુધી અનુમાપન કરતાં રહો. અનુમાપન દરમિયાન ફ્લાસ્કમાંના દ્રાવણને હલાવતા રહો.

(iv) પ્રયોગનું પુનરાવર્તન જ્યાં સુધી ત્રણ સુસંગત વાચન-આંક મળે નહિ ત્યાં સુધી ચાલુ રાખો.

(v) અવલોકન-કોષ્ટક 6.2માં દર્શાવ્યા પ્રમાણે વાચન-આંક નોંધો અને પોટૅશિયમ પરમૅંગેનેટ દ્રાવણની પ્રબળતા mol/litreમાં ગણો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



**કોષ્ટક 6.2 : પોટૅશિયમ પરમૅંગેનેટ દ્રાવણનું પ્રમાણિત ફેરસ એમોનિયમ સલ્ફેટ દ્રાવણ સામેનું અનુમાપન**

| અનુક્રમ | દરેક અનુમાપન માટે ઉપયોગમાં લીધેલ ફેરસ એમોનિયમ સલ્ફેટ દ્રાવણનું કદ mLમાં | બ્યુરેટ વાચન-આંક | | વપરાયેલા $KMnO_4$નું કદ (V) $V = (y - x)$ mL |
|---|---|---|---|---|
| | | પ્રારંભિક ($x$) | અંતિમ ($y$) | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

**ગણતરી :**

અજ્ઞાત દ્રાવણની સાંદ્રતા (પ્રબળતા) મોલારિટીના પર્યાયમાં નીચેના સમીકરણથી નક્કી કરી શકાય :

$a_1M_1V_1 = a_2M_2V_2$

જ્યાં, $M_1$ અને $M_2$ ફેરસ એમોનિયમ સલ્ફેટ અને પોટૅશિયમ પરમૅંગેનેટ દ્રાવણોની મોલારિટી છે અને $V_1$ અને $V_2$ અનુક્રમે ફેરસ એમોનિયમ સલ્ફેટ અને પોટૅશિયમ પરમૅંગેનેટ દ્રાવણોના કદ છે.

$a_1 = 1$ (અર્ધકોષ પ્રક્રિયામાં ફેરસ એમોનિયમ સલ્ફેટના પ્રતિ એક સૂત્ર એકમમાં ગુમાવેલા ઈલેક્ટ્રૉનની સંખ્યા છે)

$a_2 = 5$ (અર્ધકોષ પ્રક્રિયામાં પોટૅશિયમ પરમૅંગેનેટના પ્રતિ સૂત્ર એકમમાં મેળવેલા ઈલેક્ટ્રૉનની સંખ્યા છે.)

નીચે આપેલા સૂત્ર વડે સાંદ્રતા (પ્રબળતા) ગણી શકાય :

સાંદ્રતા (પ્રબળતા) = મોલારિટી × મોલર દળ

**પરિણામ :**

આપેલ પોટૅશિયમ પરમૅંગેનેટ દ્રાવણની સાંદ્રતા (પ્રબળતા) ........... g/L છે.

**સાવચેતીઓ :**

(a) પ્રમાણિત દ્રાવણ બનાવવા માટે હંમેશાં તાજો જ ફેરસ એમોનિયમ સલ્ફેટ વાપરવો.

(b) અન્ય સાવચેતીઓ પ્રયોગ 6.1 પ્રમાણેની જ છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



### ચર્ચાત્મક પ્રશ્નો :

(i) ફેરસ એમોનિયમ સલ્ફેટના દ્રાવણને અનુમાપન કરતા પહેલાં શા માટે ગરમ કરવામાં આવતું નથી ?

(ii) પરમેંગેનેટ અનુમાપનમાં નાઈટ્રિક ઍસિડ અથવા હાઈડ્રૉક્લોરિક ઍસિડ શા માટે વપરાતા નથી ? સમજાવો.

(iii) ફેરસ એમોનિયમ સલ્ફેટનું પ્રમાણિત દ્રાવણ બનાવવામાં મંદ સલ્ફ્યુરિક ઍસિડ શા માટે ઉમેરવામાં આવે છે ?

(iv) તમે 0.1M ફેરસ એમોનિયમ સલ્ફેટનું પ્રમાણિત 100 mL દ્રાવણ કેવી રીતે બનાવશો ?

(v) પોટૅશિયમ પરમેંગેનેટને શા માટે પ્રાથમિક માનક (standard) ગણવામાં આવતો નથી ?


(vi) કયા પ્રકારના અનુમાપનને રેડોક્ષ અનુમાપન નામ આપવામાં આવેલ છે ? બીજા કેટલાક રેડોક્ષ અનુમાપનોનાં નામ આપો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# એકમ 7
# પદ્ધતિસર ગુણાત્મક પૃથક્કરણ (Systematic Qualitative Analysis)



પૃથક્કરણનો હંમેશાં એવો અર્થ નથી થતો કે પદાર્થને તેના અંતિમ ઘટકોમાં તોડી નાંખવો. પદાર્થનો સ્વભાવ શોધી કાઢવો અને તેનાં ઘટકોની ઓળખાણને પણ પૃથક્કરણ તરીકે ઓળખવામાં આવે છે અને તેને ગુણાત્મક પૃથક્કરણ કહે છે. અકાર્બનિક ક્ષારોનું ગુણાત્મક પૃથક્કરણ એટલે ક્ષારમાં અથવા ક્ષારના મિશ્રણમાં રહેલા ધનાયન અને ઋણાયનની ઓળખ. અકાર્બનિક ક્ષાર ઍસિડના બેઈઝ વડે સંપૂર્ણ અથવા આંશિક તટસ્થીકરણથી અથવા તેની ઊલટી રીતે મેળવી શકાય છે. ક્ષારની બનાવટમાં ઍસિડ તરફથી મળતા ભાગને ઋણાયન કહે છે અને બેઈઝ તરફથી મળતા ભાગને ધનાયન કહે છે. દા.ત., $CuSO_4$ અને NaCl ક્ષારમાં $Cu^{2+}$ અને $Na^+$ આયનો ધનાયન છે અને $SO_4^{2-}$ અને $Cl^-$ આયનો ઋણાયન છે. ગુણાત્મક પૃથક્કરણ જુદાં-જુદાં માપના આધારે કરવામાં આવે છે. આમાં લેવાયેલા પદાર્થના જથ્થા અલગ-અલગ હોય છે. સ્થૂળ (macro) પૃથક્કરણમાં 0.1 થી 0.5 g પદાર્થ અને આશરે 20 mL જેટલું દ્રાવણ વપરાય છે. અર્ધસૂક્ષ્મ (semimicro) પૃથક્કરણમાં 0.05 g પદાર્થ અને 1 mL દ્રાવણની જરૂર પડે છે, જ્યારે સૂક્ષ્મ (micro) પૃથક્કરણમાં જરૂરી જથ્થો ઘણો ઓછો હોય છે. ગુણાત્મક પૃથક્કરણ એવી પ્રક્રિયાઓ દ્વારા કરવામાં આવે છે, કે જે આપણી દ-ય અને વાસ સંદર્ભી જ્ઞાનેન્દ્રિયોને સરળતાથી અવગત કરે. નીચે જણાવેલ પ્રક્રિયાઓનો તેમાં સમાવેશ થાય છે :

(a) અવક્ષેપનું નીપજવું.

(b) રંગમાં ફેરફાર.

(c) વાયુની ઉત્પત્તિ વગેરે.

અકાર્બનિક ક્ષારનાં પદ્ધતિસર પૃથક્કરણમાં નીચેનાં સોપાનોનો સમાવેશ થાય છે.

(i) ઘન ક્ષાર અને તેના દ્રાવણની પ્રાથમિક કસોટી.

(ii) દ્રાવણમાં થતી પ્રક્રિયાઓ (ભીની કસોટીઓ) દ્વારા ઋણાયનોનું નિર્ધારણ અને નિર્ણાયક કસોટીઓ.

(iii) દ્રાવણમાં થતી પ્રક્રિયાઓ (ભીની કસોટીઓ) દ્વારા ધનાયનોનું નિર્ધારણ અને નિર્ણાયક કસોટીઓ.

ક્ષારની પ્રાથમિક કસોટીઓ અગત્યની માહિતી પૂરી પાડે છે, જે આગળના પૃથક્કરણને સરળ બનાવે છે. જોકે આ કસોટીઓ પરિણામી હોતી નથી, પરંતુ તે કેટલીક વખત કેટલાક ધનાયન અથવા ઋણાયનની હાજરી માટે અગત્યની કડી (clue) આપે છે. આ કસોટીઓ 10-15 મિનિટમાં કરી શકાય છે. આમાં ક્ષારનો સામાન્ય દેખાવ અને ભૌતિક ગુણધર્મો જેવા કે રંગ, વાસ, દ્રાવ્યતા વગેરેની નોંધનો સમાવેશ થાય છે. આને સૂકી કસોટીઓ કહે છે.

શુષ્ક ક્ષારને ગરમ કરવો, ફૂંકણી કસોટી, જ્યોત કસોટી, બોરેક્સ મણકા કસોટી, સોડિયમ કાર્બોનેટ મણકા કસોટી, કોલસા પોલાણ કસોટી વગેરેનો સૂકી કસોટીઓમાં સમાવેશ થાય છે. આ કસોટીઓ આ એકમમાં આપેલ છે.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



પાણીમાં ક્ષારની દ્રાવ્યતા અને જલીય દ્રાવણની pH ક્ષારમાં હાજર આયનોના સ્વભાવ અંગેની અગત્યની માહિતી આપે છે. જો દ્રાવણ ઍસિડિક અથવા બેઝિક સ્વભાવ દર્શાવે, તો ક્ષારનું જળવિભાજન થયેલું છે તેમ સૂચવે છે. જો દ્રાવણ સ્વભાવમાં બેઝિક હોય તો, તે ક્ષાર કોઈ કાર્બોનેટ અથવા સલ્ફાઇડ વગેરે હોવો જોઈએ. જો દ્રાવણ ઍસિડિક સ્વભાવ દર્શાવે તો તે ઍસિડ ક્ષાર હોવો જોઈએ અથવા પ્રબળ ઍસિડ અને નિર્બળ બેઈઝનો ક્ષાર હોવો જોઈએ. આ પરિસ્થિતિમાં ઋણાયનની કસોટી કરતાં પહેલાં દ્રાવણને સોડિયમ કાર્બોનેટ વડે તટસ્થ કરવું ઉત્તમ છે.

પ્રાથમિક કસોટીઓમાં મંદ $H_2SO_4$ / મંદ HCl અને સાંદ્ર $H_2SO_4$ સાથેની કસોટીમાં વાયુ ઉત્પન્ન થાય, તો તે ઍસિડ મૂલકની (radical) હાજરી વિશે અગત્યનો સંકેત આપે છે (જુઓ કોષ્ટક 7.1 અને 7.3). આયનોની નિર્ણાયક કસોટીઓ કરતાં પહેલાં પ્રાથમિક કસોટીઓ કરવી જ જોઈએ.

## પ્રયોગ 7.1

### હેતુ :

નીચે આપેલા આયનોમાંથી આપેલા ક્ષારમાં રહેલા એક ધનાયન અને એક ઋણાયનની પરખ કરવી :

ધનાયન : $Pb^{2+}, Cu^{2+}, As^{3+}, Al^{3+}, Fe^{3+}, Mn^{2+}, Ni^{2+}, Zn^{2+}, Co^{2+}, Ca^{2+}, Sr^{2+}, Ba^{2+}, Mg^{2+}, NH_4^+$

ઋણાયન : $CO_3^{2-}, S^{2-}, SO_3^{2-}, SO_4^{2-}, NO_2^-, NO_3^-, Cl^-, Br^-, I^-, PO_4^{3-}, C_2O_4^{2-}, CH_3COO^-$

(અદ્રાવ્ય ક્ષારને બાકાત રાખવા.)

### સિદ્ધાંત :


પૃથક્કરણમાં ખૂબ જ ઉપયોગી બે પાયાના સિદ્ધાંતો નીચે મુજબ છે :

(i) દ્રાવ્યતા ગુણાકાર અને

(ii) સમાન આયન અસર

જ્યારે ક્ષારનો આયનીય ગુણાકાર તેના દ્રાવ્યતા ગુણાકાર કરતાં વધી જાય ત્યારે અવક્ષેપન થાય છે. ક્ષારના આયનીય ગુણાકારનું નિયંત્રણ સમાન આયનની અસરના ઉપયોગ વડે કરી શકાય છે, જેનો અભ્યાસ તમોએ રસાયણવિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં કરેલો છે.

### જરૂરી સામગ્રી :



- ઉત્કલન નળી : જરૂરિયાત મુજબ
- કસનળી : જરૂરિયાત મુજબ
- અંકિત નળાકાર : એક
- કસનળી સ્ટૅન્ડ : એક
- કસનળી હોલ્ડર : એક
- નિકાસ નળી : એક
- બૂચ : જરૂરિયાત મુજબ
- ગાળણપત્ર : જરૂરિયાત મુજબ



- પ્રક્રિયકો : જરૂરિયાત મુજબ



Downloaded from https:// www.studiestoday.com


Downloaded from https:// www.studiestoday.com



## ઋણાયનનું પદ્ધતિસર પૃથક્કરણ

### સોપાન I : મંદ સલ્ફ્યુરિક ઍસિડ સાથેની પ્રાથમિક કસોટી

આ કસોટીમાં ક્ષાર પર મંદ સલ્ફ્યુરિક ઍસિડની ઓરડાના તાપમાને ગરમ કરતાં અસર નોંધવામાં આવે છે (પદ્ધતિ નીચે આપેલ છે). કાર્બોનેટ ( $CO_3^{2-}$), સલ્ફાઇડ ($S^{2-}$), સલ્ફાઇટ ( $SO_3^{2-}$), નાઇટ્રાઇટ ( $NO_2^-$) અને ઍસિટેટ ($CH_3COO^-$) મંદ સલ્ફ્યુરિક ઍસિડ સાથે પ્રક્રિયા કરે છે અને જુદા-જુદા વાયુઓ ઉત્પન્ન કરે છે. ઉત્પન્ન થયેલા વાયુઓની લાક્ષણિકતાના અભ્યાસ પરથી ઋણાયન વિશે માહિતી મેળવાય છે. વાયુઓના લાક્ષણિક ગુણધર્મોનો સારાંશ નીચે કોષ્ટક 7.1માં દર્શાવેલ છે :




*આકૃતિ 7.1 : વાયુની કસોટી*

**પદ્ધતિ :**

(a) કસનળીમાં 0.1 g ક્ષાર લો અને 1-2 mL મંદ સલ્ફ્યુરિક ઍસિડ ઉમેરો. ઓરડાના તાપમાને કોઈ ફેરફાર હોય, તો નોંધો. જો કોઈ વાયુ ઉત્પન્ન થયો ન હોય, તો કસનળીમાંનાં મિશ્રણને ગરમ કરો. જો વાયુ ઉત્પન્ન થતો હોય, તો આકૃતિ 7.1માં દર્શાવ્યા મુજબના સાધનોનો ઉપયોગ કરી કસોટી કરો અને ઉત્પન્ન થયેલા વાયુને ઓળખી કાઢો (જુઓ કોષ્ટક 7.1).

**કોષ્ટક 7.1 : મંદ સલ્ફ્યુરિક ઍસિડ સાથે પ્રાથમિક કસોટી**

| અવલોકનો | અનુમાન | |
|---|---|---|
| | ઉત્પન્ન થયેલો વાયુ | સંભવિત ઋણાયન |
| રંગવિહીન, વાસવિહીન વાયુ સત્વરે ઊભરા સાથે ઉત્પન્ન થાય છે, જે ચૂનાના પાણીને દૂધિયું બનાવે છે. | $CO_2$ | કાર્બોનેટ ( $CO_3^{2-}$ ) |
| રંગવિહીન, સડેલાં ઈંડા જેવી વાસવાળો વાયુ ઉત્પન્ન થાય છે, જે લેડ ઍસિટેટ પત્રને કાળો બનાવે છે. | $H_2S$ | સલ્ફાઇડ ($S^{2-}$) |
| સલ્ફરના બળવા જેવી તીવ્ર વાસવાળો રંગવિહીન વાયુ, જે ઍસિડમય પોટૅશિયમ ડાયક્રોમેટના દ્રાવણને લીલું બનાવે છે. | $SO_2$ | સલ્ફાઇટ ( $SO_3^{2-}$) |
| કથ્થાઈ ધુમાડો જે સ્ટાર્ચ દ્રાવણ ધરાવતા ઍસિડમય પોટૅશિયમ આયોડાઇડ દ્રાવણને વાદળી બનાવે છે. | $NO_2$ | નાઇટ્રાઇટ ( $NO_2^-$) |
| સરકા જેવી વાસવાળી રંગવિહીન બાષ્પ. બાષ્પ વાદળી લિટમસને લાલ બનાવે છે. | $CH_3COOH$ બાષ્પ | ઍસિટેટ ($CH_3COO^-$) |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## $CO_3^{2-}$, $S^{2-}$, $SO_3^{2-}$, $NO_2^-$ અને $CH_3COO^-$ ની નિર્ણાયક કસોટીઓ

ઋણાયન માટેની નિર્ણાયક કસોટીઓ (ભીની) ક્ષાર પાણીમાં દ્રાવ્ય હોય, ત્યારે જળનિષ્કર્ષ અને જ્યારે ક્ષાર પાણીમાં અદ્રાવ્ય હોય, ત્યારે સોડિયમ કાર્બોનેટ નિષ્કર્ષનો ઉપયોગ કરી કરવામાં આવે છે. $CO_3^{2-}$ ની નિર્ણાયક કસોટી ક્ષારના જલીયદ્રાવણ અથવા ઘનક્ષાર સાથે કરવામાં આવે છે કારણ કે સોડિયમ કાર્બોનેટ નિષ્કર્ષ કાર્બોનેટ આયન ધરાવે છે. જળનિષ્કર્ષ ક્ષારને પાણીમાં ઓગાળીને બનાવવામાં આવે છે. સોડિયમ કાર્બોનેટ નિષ્કર્ષની બનાવટ નીચે આપેલી છે.

### સોડિયમ કાર્બોનેટ નિષ્કર્ષની બનાવટ

1 g ક્ષારને પોર્સેલિન ડિશ અથવા ઉત્કલન નળીમાં લો. આશરે 3 g ઘન સોડિયમ કાર્બોનેટને ક્ષાર સાથે તેને મિશ્ર કરો. તેમાં 15 mL નિસ્યંદિત પાણી ઉમેરો, હલાવો અને મિશ્રણને 10 મિનિટ સુધી ઉકાળો, ઠંડું પાડો, ગાળી લો અને ગાળણને કસનળીમાં એકઠું કરો. તેને સોડિયમ કાર્બોનેટ નિષ્કર્ષ એમ લેબલ લગાવો.

મંદ સલ્ફ્યુરિક ઍસિડ સાથે પ્રક્રિયા કરે છે, તેવા ઍસિડ મૂલકોની નિર્ણાયક કસોટીઓ નીચે કોષ્ટક 7.2 માં આપેલી છે :

**કોષ્ટક 7.2 :** $CO_3^{2-}$, $S^{2-}$, $SO_3^{2-}$, $NO_2^-$, $CH_3COO^-$ માટેની નિર્ણાયક કસોટીઓ

| ઋણાયન | નિર્ણાયક કસોટી |
|---|---|
| કાર્બોનેટ ($CO_3^{2-}$) | કસનળીમાં 0.1 g ક્ષાર લો, તેમાં મંદ સલ્ફ્યુરિક ઍસિડ ઉમેરો. તીવ્ર ઉભરા સાથે $CO_2$ વાયુ ઉત્પન્ન થાય છે જે ચૂનાના પાણીને દૂધિયું બનાવે છે. થોડા વધારે સમય માટે વાયુ પસાર કરતાં દૂધિયાપણું દૂર થાય છે. |
| સલ્ફાઇડ ($S^{2-}$) | 1 mL જળનિષ્કર્ષ લો અને તેમાં ઍમોનિયમ હાઇડ્રૉક્સાઇડ અથવા સોડિયમ કાર્બોનેટ નિષ્કર્ષ ઉમેરી તેને આલ્કલાઇન બનાવો. તેમાં સોડિયમ નાઇટ્રોપ્રુસાઇડનું ટીપું ઉમેરો. જાંબુડિયો અથવા જાંબલી રંગ દેખાય છે. |
| * સલ્ફાઈટ ($SO_3^{2-}$) | (a) કસનળીમાં 1 mL જળનિષ્કર્ષ અથવા સોડિયમ કાર્બોનેટ નિષ્કર્ષ લો અને તેમાં બેરિયમ ક્લોરાઈડનું દ્રાવણ ઉમેરો. સફેદ અવક્ષેપ મળે છે જે મંદ હાઇડ્રોક્લોરિક ઍસિડમાં દ્રાવ્ય થાય છે અને સલ્ફર ડાયૉક્સાઇડ વાયુ ઉત્પન્ન થાય છે.<br>(b) એક કસનળીમાં તબક્કા(a)માં મળેલા અવક્ષેપ લો અને તેમાં મંદ $H_2SO_4$ વડે ઍસિડિક બનાવેલા પોટૅશિયમ પરમૅંગેનેટના થોડાં ટીપાં ઉમેરો. પોટૅશિયમ પરમૅંગેનેટ દ્રાવણનો રંગ દૂર થાય છે. |
| નાઇટ્રાઇટ ($NO_2^-$) | (a) કસનળીમાં 1 mL જળનિષ્કર્ષ લો. તેમાં થોડાં ટીપાં પોટૅશિયમ આયોડાઇડ દ્રાવણનાં અને થોડાં ટીપાં સ્ટાર્ચના દ્રાવણના ઉમેરો. ઍસિટિક ઍસિડ વડે ઍસિડિક બનાવો. વાદળી રંગ જોવા મળે છે.<br>(b) 1 mL જળનિષ્કર્ષને ઍસિટિક ઍસિડ વડે ઍસિડિક બનાવો. તેમાં સલ્ફાનિલિક ઍસિડના દ્રાવણના 2-3 ટીપાં ઉમેરો. બાદમાં 1–નેપ્થાઈલએમાઈન પ્રક્રિયકના 2–3 ટીપાં ઉમેરો. લાલ રંગ દેખાશે. જે નાઇટ્રાઇટ આયનની હાજરી સૂચવે છે. |

* *$CO_2$ ની જેમ સલ્ફર ડાયૉક્સાઇડ પણ ચૂનાના પાણીને દૂધિયું બનાવે છે. પરંતુ $CO_2$ વાસવિહીન વાયુ છે જ્યારે $SO_2$ ને લાક્ષણિક વાસ હોય છે.*



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



| | |
|---|---|
| એસિટેટ ($CH_3COO^-$) | (a) ચાઈના ડિશમાં 0.1 g ક્ષાર લો. તેમાં 1 mL ઈથેનોલ અને 0.2 mL સાંદ્ર $H_2SO_4$ ઉમેરો અને ગરમ કરો. ફળ જેવી વાસ ઍસિટેટ આયનની હાજરીને નિશ્ચિત કરે છે.<br>(b) કસનળીમાં 0.1 g ક્ષાર લો. તેમાં 1-2 mL નિસ્યંદિત પાણી ઉમેરો. બરાબર હલાવો, જરૂર જણાય તો ગાળી લો. ગાળણમાં 1 થી 2 mL તટસ્થ** ફેરિક ક્લૉરાઇડ દ્રાવણમાં ઉમેરો. ઘેરો લાલ રંગ દેખાય છે, જે ઉકાળતાં દૂર થાય છે અને કથ્થાઈ - લાલ અવક્ષેપ બને છે. |

** *તટસ્થ ફેરિક ક્લોરાઈડની બનાવટ : ફેરિક ક્લોરાઈડના દ્રાવણમા મંદ NaOH નું દ્રાવણ ટીપે-ટીપે ત્યાં સુધી ઉમેરો અને હલાવતા રહો, જ્યાં સુધી થોડા પણ કાયમી અવક્ષેપ મળે. અવક્ષેપને ગાળી લો અને ગાળણને પૃથક્કરણ માટે ઉપયોગમાં લો.*

## નિર્ણાયક કસોટીઓનું રસાયણવિજ્ઞાન

### 1. કાર્બોનેટ આયન [$CO_3^{2-}$]ની કસોટી

જો ઘન ક્ષારમાં મંદ $H_2SO_4$ ઉમેરતાં, રંગવિહીન અને વાસવિહીન વાયુ ઉભરા સાથે ઉત્પન્ન થાય, તો તે કાર્બોનેટ આયનની હાજરી સૂચવે છે. વાયુ ચૂનાના પાણીને દૂધિયું બનાવે છે, કારણ કે $CaCO_3$ બને છે (આકૃતિ 7.1).

$$Na_2CO_3 + H_2SO_4 \longrightarrow Na_2SO_4 + H_2O + CO_2$$

$$Ca(OH)_2 + CO_2 \longrightarrow CaCO_3 + H_2O$$

જો $CO_2$ વાયુને ચૂનાના દૂધિયા પાણીમાંથી વધારે સમય પસાર કરવામાં આવે તો ઉત્પન્ન થયેલું દૂધિયાપણું દૂર થાય છે. કારણ કે આ દરમિયાન કૅલ્શિયમ હાઇડ્રોજન કાર્બોનેટ બને છે, જે પાણીમાં દ્રાવ્ય હોય છે.

$$CaCO_3 + CO_2 + H_2O \longrightarrow Ca(HCO_3)_2$$

*હાઈડ્રૉજન સલ્ફાઈડ*



### 2. સલ્ફાઈડ આયન [$S^{2-}$]ની કસોટી

(a) સલ્ફાઇડ ગરમ મંદ $H_2SO_4$ સાથે હાઇડ્રોજન સલ્ફાઇડ વાયુ ઉત્પન્ન કરે છે જે સડેલા ઈંડા જેવી વાસ ધરાવે છે. લેડ એસિટેટમાં બોળેલ ગાળણપત્રની પટ્ટીને વાયુ સામે ધરતાં તે કાળા રંગની બને છે. કારણ કે લેડ સલ્ફાઇડ બને છે, જે રંગમાં કાળો હોય છે.

$$Na_2S + H_2SO_4 \longrightarrow Na_2SO_4 + H_2S$$

$$(CH_3COO)_2Pb + H_2S \longrightarrow \underset{\text{લેડ સલ્ફાઈડ કાળા અવક્ષેપ}}{PbS} + 2CH_3COOH$$

(b) જો ક્ષાર પાણીમાં દ્રાવ્ય હોય, તો ક્ષારનું પાણીમાં બનાવેલું દ્રાવણ લો અને તેને ઍમોનિયમ હાઇડ્રૉક્સાઇડ વડે આલ્કલાઈન બનાવી તેમાં સોડિયમ નાઇટ્રોપ્રુસાઇડનું દ્રાવણ ઉમેરો. જો ક્ષાર પાણીમાં અદ્રાવ્ય હોય, તો સોડિયમ કાર્બોનેટ નિષ્કર્ષ લો અને તેમાં થોડાં ટીપાં સોડિયમ નાઇટ્રોપ્રુસાઇડના ઉમેરો. જાંબુડિયો અથવા જાંબલી રંગ દેખાય છે, જે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



સંકીર્ણ સંયોજન $Na_4[Fe(CN)_5NOS]$ બનવાના કારણે છે, તે ક્ષારમાં સલ્ફાઇડ આયનની હાજરી નિશ્ચિત કરે છે.

$$Na_2S + Na_2[Fe(CN)_5NO] \longrightarrow Na_4[Fe(CN)_5NOS]$$


સોડિયમ નાઇટ્રોપ્રુસાઇડ — જાંબુડિયા રંગનો સંકીર્ણ

**3. સલ્ફાઇટ આયન [$SO_3^{2-}$]ની કસોટી**


(a) સલ્ફાઇટ આયનની ગરમ મંદ $H_2SO_4$ સાથે પ્રક્રિયા કરવાથી $SO_2$ વાયુ ઉત્પન્ન થાય છે. જેસલ્ફર બળવાની વાસ ધરાવતો ગૂંગળામણકારક હોય છે.

$$Na_2SO_3 + H_2SO_4 \longrightarrow Na_2SO_4 + H_2O + SO_2$$

આ વાયુ મંદ $H_2SO_4$ વડે ઍસિડિક બનાવેલા પોટૅશિયમ ડાયક્રોમેટ પત્રને લીલા રંગનું બનાવે છે.

*બેરિયમ સંયોજનો* 

*પોટૅશિયમ પરમૅંગેનેટ* 



$$K_2Cr_2O_7 + H_2SO_4 + 3SO_2 \longrightarrow K_2SO_4 + Cr_2(SO_4)_3 + H_2O$$

ક્રોમિયમ સલ્ફેટ (લીલો રંગ)

(b) સલ્ફાઇટના ક્ષારના જલીય દ્રાવણ અથવા સોડિયમ કાર્બોનેટ નિષ્કર્ષમાં બેરિયમ ક્લૉરાઇડ ઉમેરવાથી બેરિયમ સલ્ફાઇટના સફેદ અવક્ષેપ ઉત્પન્ન થાય છે.

$$Na_2SO_3 + BaCl_2 \longrightarrow 2NaCl + BaSO_3$$

આ અવક્ષેપ નીચે જણાવેલી કસોટીઓ આપે છેઃ

(i) આ અવક્ષેપની મંદ HCl સાથે પ્રક્રિયા કરવાથી, મંદ HCl વડે સલ્ફાઇટનું વિઘટન થવાથી અવક્ષેપ દ્રાવ્ય થાય છે. ઉત્પન્ન થતાં $SO_2$ વાયુને કસોટી દ્વારા પારખી શકાય છે.

$$BaSO_3 + 2HCl \longrightarrow BaCl_2 + H_2O + SO_2$$

(ii) સલ્ફાઇટના અવક્ષેપ ઍસિડિક પોટૅશિયમ પરમૅંગેનેટના દ્રાવણનો રંગ દૂર કરે છે.

$$BaSO_3 + H_2SO_4 \longrightarrow BaSO_4 + H_2O + SO_2$$

$$2KMnO_4 + 3H_2SO_4 \longrightarrow K_2SO_4 + 2MnSO_4 + 3H_2O + 5[O]$$

$$SO_2 + H_2O + [O] \longrightarrow H_2SO_4$$

**4. નાઇટ્રાઇટ આયન [$NO_2^-$]ની કસોટી**

(a) ઘન નાઇટ્રાઇટને મંદ $H_2SO_4$ સાથે મિશ્ર કરી ગરમ કરતાં, $NO_2$ વાયુનો લાલાશપડતો કથ્થાઈ રંગનો ધુમાડો ઉત્પન્ન થાય છે. નાઇટ્રાઇટના ક્ષારના દ્રાવણમાં પોટૅશિયમ આયોડાઇડનું દ્રાવણ ઉમેર્યા બાદ, તેમાં તાજું બનાવેલું સ્ટાર્ચનું દ્રાવણ ઉમેરવામાં આવે છે. આ દ્રાવણને ઍસિટિક ઍસિડ વડે ઍસિડિક બનાવવાથી વાદળી રંગ ઉત્પન્ન થાય છે. અન્ય રીતમાં ગાળણપત્રને પોટૅશિયમ આયોડાઇડ અને સ્ટાર્ચના દ્રાવણ વડે ભીંજવવામાં આવે છે. આ ગાળણપત્ર પર ઍસિટિક ઍસિડનાં થોડાં ટીપાં મૂકીને તેને ઉત્પન્ન થતાં વાયુના સંપર્કમાં લાવતા મુક્ત થતો આયોડિન, સ્ટાર્ચ સાથે પારસ્પરિક ક્રિયા કરીને વાદળી રંગ આપે છે.

(i) $$2NaNO_2 + H_2SO_4 \longrightarrow Na_2SO_4 + 2HNO_2$$

$$3HNO_2 \longrightarrow HNO_3 + 2NO + H_2O$$

$$2NO + O_2 \longrightarrow 2NO_2$$

કથ્થાઈ રંગનો વાયુ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




(ii) $NO_2^- + CH_3COOH \rightarrow HNO_2 + CH_3COO^-$

$2HNO_2 + 2KI + 2CH_3COOH \rightarrow 2CH_3COOK + 2H_2O + 2NO + I_2$

$I_2$ + સ્ટાર્ચ $\rightarrow$ વાદળી સંકીર્ણ સંયોજન

(b) સલ્ફાનિલિક ઍસિડ -1- નેપ્થાઈલએમાઈન પ્રક્રિયક કસોટી (ગ્રીસ - ઈલોસ્વાય કસોટી) (Griss - Ilosvay Test) સલ્ફાનિલિક ઍસિડ અને 1- નેપ્થાઈલ ઍમાઈન પ્રક્રિયકને જળનિષ્કર્ષમાં ઉમેરતાં અથવા ઍસિટિક ઍસિડ વડે ઍસિડિક બનાવતા ઉત્પન્ન થતા નાઈટ્રસ ઍસિડ વડે સલ્ફાનિલિક ઍસિડનું ડાયએઝોટાઈઝેશન થાય છે. ડાયએઝોટાઈટેશન પામેલ ઍસિડ 1- નેપ્થાઈલ ઍમાઈન સાથે યુગ્મન કરી લાલ એઝો રંગક બનાવે છે.

$$NO_2^- + CH_3COOH \longrightarrow HNO_2 + CH_3COO^-$$




1-નેપ્થાઈલ એમાઈન લાલ એઝોરંગક

આ કસોટી માટેનું દ્રાવણ અતિ મંદ હોવું જોઈએ. સાંદ્ર દ્રાવણોમાં પ્રક્રિયા ડાયએઝોટા ઈઝેશનથી આગળ થતી નથી.

## 5. એસિટેટ આયન [$CH_3COO^-$]ની કસોટી

(a) ક્ષારની પ્રક્રિયા મંદ $H_2SO_4$ સાથે કરવાથી, જો વિનેગરની વાસ આવે, તો તે એસિટેટ આયનની હાજરી સૂચવે છે. ચાઈના ડિશમાં 0.1 g જેટલો ક્ષાર લઈ, તેમાં 1 mL ઈથેનોલ ત્યાર બાદ તેમાં 0.2 mL સાંદ્ર $H_2SO_4$ ઉમેરી તેને ગરમ કરો. જો ઈથાઈલઍસિટેટની મીઠી વાસ આવે તો તે $CH_3COO^-$ આયનની હાજરી સૂચવે છે.

$2CH_3COONa + H_2SO_4 \qquad Na_2SO_4 + 2CH_3COOH$

$CH_3COOH + C_2H_5OH \qquad CH_3COOC_2H_5 + H_2O$

ઈથાઈલ એસિટેટ

(મીઠી વાસ)



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



(b) ઍસિટેટ આયન તટસ્થ ફેરિક ક્લૉરાઇડના દ્રાવણ સાથે પ્રક્રિયા કરી સંકીર્ણ આયન બનાવીને ઘેરો લાલ રંગ આપે છે. આ સંકીર્ણ આયનને ગરમ કરવાથી આયર્ન (III) ડાયહાઇડ્રૉક્સિ ઍસિટેટના કથ્થાઈ લાલ રંગના અવક્ષેપ બને છે.

$$6\,CH_3COO^- + 3Fe^{3+} + 2H_2O \longrightarrow [Fe_3(OH)_2\,(CH_3COO)_6]^+ + 2H^+$$

$$[Fe_3(OH)_2\,(CH_3COO)_6]^+ + 4H_2O \longrightarrow 3[Fe(OH)_2\,(CH_3COO)] + 3CH_3COOH + H^+$$

આયર્ન (III) ડાયહાઇડ્રૉક્સિ ઍસિટેટ
(કથ્થાઈ-લાલ-અવક્ષેપ)

## સોપાન-II : સાંદ્ર સલ્ફ્યુરિક ઍસિડ સાથેની પ્રાથમિક કસોટી

જો મંદ $H_2SO_4$ સાથે કોઈ હકારાત્મક પરિણામો ન મળે તો કસનળીમાં 0.1 g ક્ષાર લઈ તેમાં સાંદ્ર $H_2SO_4$ નાં 3 - 4 ટીપાં ઉમેરો. ઠંડી સ્થિતિમાં પ્રક્રિયા મિશ્રણમાં થતો ફેરફાર નોંધો. બાદમાં આ મિશ્રણને ગરમ કરો અને ઉત્પન્ન થતા વાયુને ઓળખો (જુઓ કોષ્ટક 7.3).

**કોષ્ટક 7.3 : સાંદ્ર સલ્ફ્યુરિક ઍસિડ સાથેની પ્રાથમિક કસોટીઓ**

| અવલોકનો | અનુમાન | |
|---|---|---|
| | ઉત્પન્ન થતા વાયુ / બાષ્પ | શક્ય ઋણાયન |
| રંગવિહીન તીવ્ર વાસવાળો વાયુ ઉત્પન્ન થાય છે, જે એમોનિયમ હાઇડ્રૉક્સાઇડમાં ડુબાડેલા સળિયાને કસનળીના મુખ નજીક લાવતા ઘટ્ટ સફેદ ધુમાડા આપે છે. | HCl | ક્લૉરાઈડ ( $Cl^-$ ) |
| લાલાશપડતાં કથ્થાઈ રંગનો તીવ્ર વાસવાળો વાયુ ઉત્પન્ન થાય છે. પ્રક્રિયા મિશ્રણમાં ઘન $MnO_2$ ઉમેરીને ગરમ કરતાં લાલાશ-પડતા વાયુની તીવ્રતા વધે છે. દ્રાવણ પણ લાલ રંગ ધરાવે છે. | $Br_2$ બાષ્પ | બ્રોમાઈડ ( Br- ) |
| જાંબલી બાષ્પ ઉત્પન્ન થાય છે જે સ્ટાર્ચપત્રને વાદળી બનાવે છે અને કસનળીની અંદરની દીવાલો પર જાંબલી ઊર્ધ્વપાતીનું સ્તર બનાવે છે. પ્રક્રિયા મિશ્રણમાં $MnO_2$ ઉમેરતાં ધુમાડો ઘટ્ટ બને છે. | $I_2$ બાષ્પ | આયોડાઈડ ( $I^-$ ) |
| કથ્થાઈ રંગનો ધુમાડો ઉત્પન્ન થાય છે, જે પ્રક્રિયા મિશ્રણમાં તાંબાની પાતળી વળાંકવાળી પટ્ટીઓ ઉમેરીને ગરમ કરતાં વધુ ઘટ્ટ બને છે તથા દ્રાવણ વાદળી રંગનું બને છે. | $NO_2$ | નાઈટ્રેટ ( $NO_3^-$ ) |
| રંગવિહીન, વાસવિહીન વાયુ ઉત્પન્ન થાય છે જે ચૂનાના નિતર્યાં પાણીને દૂધિયું બનાવે છે અને ચૂનાના પાણીમાંથી નીકળતા વાયુને સળગાવતા તે વાદળી રંગની જ્યોતથી સળગે છે. | CO અને $CO_2$ | ઑક્ઝેલેટ ( $C_2O_4^{2-}$ ) |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



ઋણાયનની નિર્ણાયક કસોટીઓ કોષ્ટક 7.4 માં દર્શાવેલી છે. આ કસોટીઓમાં ઋણાયન સાંદ્ર સલ્ફ્યુરિક ઍસિડ સાથે પ્રક્રિયા કરે છે.

**કોષ્ટક 7.4 : $Cl^-$, $Br^-$, $I^-$, $NO_3^-$ અને $C_2O_4^{2-}$ ની નિર્ણાયક કસોટીઓ**

| ઋણાયન | | નિર્ણાયક કસોટી |
|---|---|---|
| ક્લૉરાઈડ ($Cl^-$) | (a) | એક કસનળીમાં 0.1 g ક્ષાર લો. તેમાં એક ચપટી જેટલો મૅંગેનીઝ ડાયૉક્સાઇડ અને 3-4 ટીપાં સાંદ્ર સલ્ફ્યુરિક ઍસિડના ઉમેરો. પ્રક્રિયા મિશ્રણને ગરમ કરો. લીલાશપડતો પીળો ક્લોરિન વાયુ ઉત્પન્ન થાય છે, જેને તેની તીવ્ર વાસ અને વિરંજન (bleaching) અસરથી ઓળખી શકાય છે. |
| | (b) | એક કસનળીમાં 1 mL સોડિયમ કાર્બોનેટ નિષ્કર્ષ લો. તેને મંદ $HNO_3$ વડે ઍસિડિક બનાવો અથવા જળનિષ્કર્ષ લો અને તેમાં સિલ્વર નાઇટ્રેટનું દ્રાવણ ઉમેરો. દહીંના ફોદા જેવા સફેદ અવક્ષેપ મળે છે, જે એમોનિયમ હાઇડ્રૉક્સાઇડના દ્રાવણમાં દ્રાવ્ય થાય છે. |
| | (c) | એક કસનળીમાં 0.1 g ક્ષાર અને એક ચપટી જેટલો પોટૅશિયમ ડાયક્રોમેટ લો. તેમાં સાંદ્ર $H_2SO_4$ ઉમેરીને ગરમ કરો. ઉત્પન્ન થતાં વાયુને સોડિયમ હાઇડ્રૉક્સાઇડના દ્રાવણમાંથી પસાર કરો. આ દ્રાવણ પીળા રંગનું બનશે. આ દ્રાવણને બે ભાગમાં વહેંચો. એક ભાગને ઍસિટિક ઍસિડ ઉમેરી ઍસિડિક બનાવી તેમાં લેડ એસિટેટનું દ્રાવણ ઉમેરો. પીળા રંગના અવક્ષેપ ઉત્પન્ન થશે. બીજા ભાગને મંદ સલ્ફ્યુરિક ઍસિડ વડે ઍસિડિક કરીને 1 mL એમાઈલ આલ્કોહૉલ ઉમેરવામાં આવે છે. ત્યાર બાદ તેમાં 1 mL 10 % હાઇડ્રૉજન પેરૉક્સાઇડ ઉમેરવામાં આવે છે. આ મિશ્રણને યોગ્ય પ્રમાણમાં હલાવવાથી કાર્બનિક સ્તર વાદળી રંગનું બને છે. |
| બ્રોમાઇડ ($Br^-$) | (a) | એક કસનળીમાં 0.1 g ક્ષાર અને એક ચપટી જેટલો $MnO_2$ લો. તેમાં 3-4 ટીપાં સાંદ્ર સલ્ફ્યુરિક ઍસિડ ઉમેરો અને ગરમ કરો. તીવ્ર કથ્થાઈ રંગનો ધુમાડો ઉત્પન્ન થશે. |
| | (b) | 1 mL સોડિયમ કાર્બોનેટ નિષ્કર્ષને હાઇડ્રૉક્લોરિક ઍસિડ વડે તટસ્થ કરો (અથવા જળનિષ્કર્ષ લો). તેમાં 1 mL કાર્બન ટેટ્રાક્લોરાઇડ ($CCl_4$) / ક્લૉરોફોર્મ ($CHCl_3$)/ કાર્બન ડાયસલ્ફાઇડ ઉમેરો. હવે તેમાં વધુ પ્રમાણમાં ક્લોરિનજળને ટીપે-ટીપે ઉમેરો અને કસનળીને હલાવો. કાર્બનિક સ્તરનો કથ્થાઈ રંગ બ્રોમાઇડ આયનની હાજરી નક્કી કરે છે. |
| | (c) | 1 mL સોડિયમ કાર્બોનેટ નિષ્કર્ષને મંદ $HNO_3$ વડે ઍસિડિક બનાવો (અથવા 1 mL જળનિષ્કર્ષ લો). તેમાં સિલ્વર નાઇટ્રેટનું દ્રાવણ ઉમેરો. આછાપીળા અવક્ષેપ મળે છે જે એમોનિયમ હાઇડ્રૉક્સાઇડના દ્રાવણમાં મુશ્કેલીથી દ્રાવ્ય થાય છે. |
| આયોડાઈડ ($I^-$) | (a) | 1 mL ક્ષારનું દ્રાવણ લઈ તેને HCl વડે તટસ્થ બનાવો. તેમાં 1 mL ક્લૉરોફોર્મ / કાર્બન ટેટ્રાક્લોરાઈડ / કાર્બન ડાયસલ્ફાઇડ ઉમેરો. હવે તેમાં વધુ પ્રમાણમાં ક્લોરિન જળને ટીપે-ટીપે ઉમેરો અને કસનળીને હલાવો. કાર્બનિક સ્તરમાં જાંબલી રંગ જોવા મળે છે. |
| | (b) | 1 mL સોડિયમ કાર્બોનેટ નિષ્કર્ષ લઈ, તેને મંદ $HNO_3$ વડે ઍસિડિક બનાવો (અથવા જળનિષ્કર્ષ લો). તેમાં સિલ્વર નાઇટ્રેટનું દ્રાવણ ઉમેરો. પીળા અવક્ષેપ મળે છે, જે $NH_4OH$ ના દ્રાવણમાં અદ્રાવ્ય હોય છે. |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




| | | |
|---|---|---|
| * નાઈટ્રેટ ($NO_3^-$) | | એક કસનળીમાં પાણીમાં બનાવેલા ક્ષારનું 1 mL દ્રાવણ લો. તેમાં 2 mL સાંદ્ર $H_2SO_4$ ઉમેરી તેને બરાબર મિશ્ર કરો. આ મિશ્રણને પાણીના નળની નીચે ઠંડું કરો. હવે તાજા બનાવેલા ફેરસ સલ્ફેટના દ્રાવણને કસનળીમાં તેની દીવાલને અડકીને, મિશ્રણ હાલે નહિ તે રીતે ઉમેરો. જ્યાં બે દ્રાવણો ભેગા થાય છે ત્યાં ઘેરા કથ્થાઈ રંગની વીંટી જોવા મળે છે. |
| ઑક્ઝેલેટ $(C_2O_4)^{2-}$ | (a) | જળનિષ્કર્ષ અથવા સોડિયમ કાર્બોનેટ નિષ્કર્ષ લઈ તેને ઍસિટિક ઍસિડ વડે ઍસિડિક બનાવી તેમાં કૅલ્શિયમ ક્લોરાઇડનું દ્રાવણ ઉમેરો. સફેદ અવક્ષેપ ઉત્પન્ન થાય છે, જે ઍમોનિયમ ઑક્ઝેલેટ અને ઑક્ઝેલિક ઍસિડના દ્રાવણમાં અદ્રાવ્ય તથા મંદ હાઇડ્રૉક્લોરિક ઍસિડ અને મંદ નાઇટ્રિક ઍસિડમાં દ્રાવ્ય હોય છે. |
| | (b) | (a) દરમિયાન પ્રાપ્ત થયેલા અવક્ષેપને લો, તેને મંદ $H_2SO_4$ માં દ્રાવ્ય કરો. તેમાં અતિ મંદ $KMnO_4$ નું દ્રાવણ ઉમેરો અને તેને ગરમ કરો. $KMnO_4$ નાં દ્રાવણનો રંગ દૂર થશે. ઉત્પન્ન થતા વાયુને ચૂનાના પાણીમાં પસાર કરો, જે ચૂનાના પાણીને દૂધિયું બનાવે છે. |

## નિર્ણાયક કસોટીઓનું રસાયણવિજ્ઞાન

### 1. ક્લોરાઈડ આયન [$Cl^-$]ની કસોટી

(a) જો ક્ષારની ગરમ સાંદ્ર $H_2SO_4$ સાથે પ્રક્રિયા કરવામાં આવે તો તે તીવ્ર વાસવાળો રંગવિહીન વાયુ ઉત્પન્ન કરે છે. જો આ વાયુ એમોનિયાના દ્રાવણ સાથે ઘટ્ટ સફેદ ધુમાડો આપે તો આ ક્ષારમાં $Cl^-$ હાજર હશે અને નીચે દર્શાવેલી પ્રક્રિયાઓ થશે :

મૅંગેનીઝ ડાયૉક્સાઈડ 

$$NaCl + H_2SO_4 \longrightarrow NaHSO_4 + HCl$$
$(C_2O_4^{2-})$ — $NaHSO_4$: સોડિયમ હાઈડ્રૉજન સલ્ફેટ; HCl: હાઇડ્રૉજન ક્લોરાઇડ રંગવિહીન વાયુ

સિલ્વર નાઈટ્રેટ 

$$HCl + NH_3 \longrightarrow NH_4Cl$$
એમોનિયમ ક્લોરાઈડ સફેદ ધુમાડો

(b) જો ક્ષારને સાંદ્ર $H_2SO_4$ અને $MnO_2$ સાથે ગરમ કરતાં ઊભરા મળે અને આછો લીલાશપડતો પીળો તીવ્ર વાસવાળો વાયુ ઉત્પન્ન થાય, તો તે ક્લોરાઈડ આયનની હાજરી સૂચવે છે.

$$MnO_2 + 2NaCl + 2H_2SO_4 \longrightarrow Na_2SO_4 + MnSO_4 + 2H_2O + Cl_2$$

(c) ક્ષારના દ્રાવણને મંદ $HNO_3$ વડે ઍસિડિક કરી તેમાં સિલ્વર નાઈટ્રેટનું દ્રાવણ ઉમેરતાં તે એમોનિયમ હાઇડ્રૉક્સાઇડમાં દ્રાવ્ય હોય તેવા દહીંના ફોદા જેવા સફેદ અવક્ષેપ આપે છે, જે ક્ષારમાં $Cl^-$ આયનની હાજરી સૂચવે છે.

$$NaCl + AgNO_3 \longrightarrow NaNO_3 + AgCl$$
AgCl: સિલ્વર ક્લોરાઈડ (સફેદ અવક્ષેપ)

$$AgCl + 2NH_4OH \longrightarrow [Ag(NH_3)_2]Cl + 2H_2O$$
$[Ag(NH_3)_2]Cl$: ડાયએમ્માઇન સિલ્વર (I) ક્લોરાઈડ

* *આ કસોટીમાં પ્રથમ ફેરસ સલ્ફેટ ઉમેરીને બાદમાં સાંદ્ર $H_2SO_4$ ઉમેરી શકાય છે.*



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



(d) એક કસનળીમાં ક્ષારનું થોડું પ્રમાણ લઈ, તેટલા જ પ્રમાણમાં ઘન પોટૅશિયમ ડાયક્રોમેટ ($K_2Cr_2O_7$) ઉમેરી મિશ્ર કરી, તેમાં સાંદ્ર $H_2SO_4$ ઉમેરો. આ કસનળીને ગરમ કરો અને ઉત્પન્ન થતાં વાયુને સોડિયમ હાઇડ્રૉક્સાઇડના દ્રાવણમાં પસાર કરો. જો પીળા રંગનું દ્રાવણ મળે તો તેને બે ભાગમાં વહેંચો. પહેલા ભાગને ઍસિટિક ઍસિડ વડે ઍસિડિક બનાવી તેમાં લેડ ઍસિટેટનું દ્રાવણ ઉમેરો. લેડ ક્રોમેટના પીળા રંગના અવક્ષેપની ઉત્પત્તિ ક્ષારમાં ક્લોરાઇડ આયનની હાજરી નિશ્ચિત કરે છે. આ કસોટીને **ક્રોમાઈલ ક્લોરાઇડ કસોટી*** કહે છે.

$$4NaCl + K_2Cr_2O_7 + 6H_2SO_4 \longrightarrow 2KHSO_4 + 2CrO_2Cl_2 + 4NaHSO_4 + 3H_2O$$

(ક્રોમાઈલ ક્લોરાઇડ)




ક્રોમાઈલ ક્લોરાઈડ

$$CrO_2Cl_2 + 4NaOH \longrightarrow Na_2CrO_4 + 2NaCl + 2H_2O$$

$$(CH_3COO)_2Pb + Na_2CrO_4 \longrightarrow PbCrO_4 + 2CH_3COONa$$


$Na_2CrO_4$: સોડિયમ ક્રોમેટ; $PbCrO_4$: લેડ ક્રોમેટ (પીળા અવક્ષેપ)


લેડ ક્રોમેટ

બીજા ભાગને મંદ સલ્ફ્યુરિક ઍસિડ વડે ઍસિડિક કરી તેમાં થોડા પ્રમાણમાં એમાઇલ આલ્કોહૉલ ઉમેરો અને ત્યાર-બાદ તેમાં 1 mL 10 % હાઇડ્રોજન પેરૉક્સાઇડનું દ્રાવણ ઉમેરો. તેને યોગ્ય પ્રમાણમાં હલાવવાથી કાર્બનિક સ્તર વાદળી રંગનું બને છે. ક્રોમાઇલ ક્લોરાઇડની સોડિયમ હાઇડ્રૉક્સાઇડ સાથેની પ્રક્રિયામાં $CrO_4^{2-}$ બને છે, જે હાઇડ્રોજન પેરૉક્સાઇડ સાથે પ્રક્રિયા કરી ક્રોમિયમ પેન્ટૉક્સાઇડ ($CrO_5$) બનાવે છે (જુઓ બંધારણ). આ ક્રોમિયમ પેન્ટૉક્સાઇડ એમાઇલ આલ્કોહૉલમાં દ્રાવ્ય થઈને વાદળી રંગ આપે છે.

$$CrO_4^{2-} + 2H^+ + 2H_2O_2 \longrightarrow CrO_5 + 3H_2O$$

$CrO_5$: ક્રોમિયમ પેન્ટૉક્સાઈડ


ક્રોમિયમ પેન્ટૉક્સાઇડનું બંધારણ

## 2. બ્રોમાઈડ આયન ($Br^-$)ની કસોટી

જો ક્ષારને સાંદ્ર $H_2SO_4$ સાથે ગરમ કરતાં બ્રોમિનનો લાલાશપડતો કથ્થાઈ ધુમાડો વધુ પ્રમાણમાં ઉત્પન્ન થાય તો તે $Br^-$ આયનની હાજરી સૂચવે છે. $MnO_2$ના ઉમેરણથી આ ધુમાડો વધુ તીવ્ર બને છે. બ્રોમિનની બાષ્પ સ્ટાર્ચપત્રને પીળું બનાવે છે.


બ્રોમિન શ્વાસમાં લેવાય તો વધુ ઝેરી


ક્ષારણકર્તા

$$2NaBr + 2H_2SO_4 \longrightarrow Br_2 + SO_2 + Na_2SO_4 + 2H_2O$$

$$2NaBr + MnO_2 + 2H_2SO_4 \longrightarrow Na_2SO_4 + MnSO_4 + 2H_2O + Br_2$$

(a) ક્ષારના પાણીમાં બનાવેલા દ્રાવણમાં અથવા મંદ HCl વડે તટસ્થ કરેલા સોડિયમ કાર્બોનેટ નિષ્કર્ષમાં 1 mL કાર્બન ટેટ્રાક્લોરાઇડ ($CCl_4$) / ક્લૉરોફૉર્મ ($CHCl_3$)** અને તાજા બનાવેલા ક્લોરિનજળને ટીંપે-ટીંપે વધુ પ્રમાણમાં ઉમેરો. કસનળીને વધુ શક્તિપૂર્વક હલાવો. તેમાં કાર્બનિક સ્તર નારંગી કથ્થાઈ રંગનું દેખાય છે, જે બ્રોમાઇડ આયનની હાજરી નિશ્ચિત કરે છે. નારંગી કથ્થાઈ રંગ બ્રોમિનના વિલયનના (dissolution) કારણે જોવા મળે છે.

$$2NaBr + Cl_2 \longrightarrow 2NaCl + Br_2$$

---

* *ક્રોમાઈલ કોલારાઈડ કસોટીને પદાર્થના ઓછામાં ઓછા જથ્થાથી કરવી જોઈએ, જેથી $Cr^{3+}$ આયનો દ્વારા થતાં પ્રદૂષણને ટાળી શકાય.*

** *કાર્બન ટેટ્રાક્લોરાઇડ અથવા ક્લૉરોફૉર્મના સ્થાને કાર્બન ડાયસલ્ફાઇડ અથવા ડાયક્લોરોમિથેન ($CH_2Cl_2$) પણ વાપરી શકાય છે.*



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




(b) ક્ષારના સોડિયમ કાર્બોનેટ નિષ્કર્ષને મંદ $HNO_3$ વડે ઍસિડિક બનાવો. તેમાં સિલ્વર નાઇટ્રેટનું ($AgNO_3$) દ્રાવણ ઉમેરો અને કસનળીને હલાવો. આછા પીળા અવક્ષેપ મળે છે, જે એમોનિયમ હાઇડ્રૉક્સાઇડમાં મુ-કેલીથી દ્રાવ્ય થાય છે.

$$NaBr + AgNO_3 \rightarrow NaNO_3 + AgBr$$

AgBr: સિલ્વર બ્રોમાઇડ (આછા પીળા અવક્ષેપ)

## 3. આયોડાઇડ આયન ($I^-$)ની કસોટી

(a) જ્યારે ક્ષારને સાંદ્ર $H_2SO_4$ સાથે ગરમ કરવામાં આવે છે, ત્યારે તીવ્ર વાસવાળી ઘેરા જાંબલી રંગની બાષ્પ ઉત્પન્ન થાય છે. આ બાષ્પ સ્ટાર્ચપત્રને વાદળી બનાવે છે અને જાંબલી ઊર્ધ્વપાતી પદાર્થ કસનળીની અંદરની દીવાલ પર જમા થાય છે. આ આયોડાઇડ આયનની હાજરી સૂચવે છે. કેટલાક HI, સલ્ફર ડાયૉક્સાઇડ, હાઇડ્રૉજન સલ્ફાઇડ અને સલ્ફર પણ નીચે જણાવેલ પ્રક્રિયાઓના કારણે ઉત્પન્ન થાય છે :



*આયોડિન શ્વાસમાં લેવાય કે ચામડીના સંપર્કમાં આવે તો નુકસાનકારક*

$$2NaI + 2H_2SO_4 \rightarrow Na_2SO_4 + SO_2 + 2H_2O + I_2$$


$$I_2 + \text{સ્ટાર્ચનું દ્રાવણ} \rightarrow \text{વાદળી રંગ}$$



*ક્લોરિન શ્વાસમાં લેવાય તો ઝેરી*

$$NaI + H_2SO_4 \rightarrow NaHSO_4 + HI$$

$$2HI + H_2SO_4 \rightarrow 2H_2O + I_2 + SO_2$$





*ક્લૉરોફૉર્મ શ્વાસમાં લેવાય તો નુકસાનકારક અને ઝેરી*

$$6\,NaI + 4H_2SO_4 \rightarrow 3I_2 + 4H_2O + S + 3Na_2SO_4$$

$$8NaI + 5H_2SO_4 \rightarrow 4I_2 + H_2S + 4Na_2SO_4 + 4H_2O$$

પ્રક્રિયા મિશ્રણમાં $MnO_2$ ઉમેરવામાં આવે, તો જાંબલી રંગની બાષ્પ ઘટ્ટ બને છે.

$$2NaI + MnO_2 + 2H_2SO_4 \rightarrow I_2 + MnSO_4 + Na_2SO_4 + 2H_2O$$

(b) પાણીમાં બનાવેલા ક્ષારના દ્રાવણમાં અથવા મંદ HCl વડે તટસ્થ કરેલા સોડિયમ કાર્બોનેટના નિષ્કર્ષમાં 1 mL $CHCl_3$ અથવા $CCl_4$ અને વધુ પ્રમાણમાં ક્લોરિન જળ ઉમેરો અને કસનળીને વધુ હલાવો. કાર્બનિક સ્તરમાં જાંબલી રંગની હાજરી આયોડાઇડ આયનની હાજરી નિશ્ચિત કરે છે.

$$2NaI + Cl_2 \rightarrow 2NaCl + I_2$$

આયોડિન કાર્બનિક સ્તરમાં ઓગળે છે અને દ્રાવણને જાંબલી રંગનું બનાવે છે.

(c) ક્ષારના સોડિયમ કાર્બોનેટના નિષ્કર્ષને મંદ $HNO_3$ વડે ઍસિડિક બનાવો અને તેમાં $AgNO_3$ નું દ્રાવણ ઉમેરો. જો પીળા અવક્ષેપ જોવા મળે અને તે વધુ પ્રમાણમાં $NH_4OH$ માં અદ્રાવ્ય રહે, તો આયોડાઇડ આયનની હાજરી નિશ્ચિત થાય છે.

$$NaI + AgNO_3 \rightarrow AgI + NaNO_3$$

AgI: સિલ્વર આયોડાઇડ (પીળા અવક્ષેપ)



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



### 4. નાઈટ્રેટ આયન ($NO_3^-$)ની કસોટી

(a) જો ક્ષારને સાંદ્ર $H_2SO_4$ સાથે ગરમ કરવાથી આછા કથ્થાઈ રંગનો ધુમાડો ઉત્પન્ન થાય, તો આપેલા ક્ષારના ઓછા જથ્થાને તથા ઓછા પ્રમાણમાં તાંબાની પાતળી વળાંકવાળી પટ્ટીઓ અથવા ટુકડાઓને સાંદ્ર $H_2SO_4$ સાથે ગરમ કરો. વધુ પ્રમાણમાં કથ્થાઈ રંગનો ધુમાડો ઉત્પન્ન થાય, તો તે નાઈટ્રેટ આયનની હાજરી સૂચવે છે. દ્રાવણમાં કૉપર સલ્ફેટ બનવાના કારણે તે વાદળી રંગનું બને છે.

$NaNO_3 + H_2SO_4 \rightarrow NaHSO_4 + HNO_3$


$4HNO_3 \rightarrow 4NO_2 + O_2 + 2H_2O$


$2NaNO_3 + 4H_2SO_4 + 3Cu \rightarrow 3CuSO_4 + Na_2SO_4 + 4H_2O + 2NO$


કૉપર સલ્ફેટ (વાદળી)

$2NO + O_2 \rightarrow 2NO_2$


(કથ્થાઈ ધુમાડો)


કૉપર સલ્ફેટ


નાઈટ્રિક ઍસિડ


ઑક્ઝેલેટ

(b) 1 mL ક્ષારનું જલીય દ્રાવણ લો અને તેમાં 2 mL સાંદ્ર $H_2SO_4$ ધીમે-ધીમે ઉમેરો. આ દ્રાવણોને બરાબર મિશ્ર કરો અને આ કસનળીને પાણીના નળની નીચે ઠંડી પાડો. હવે તાજા બનાવેલા ફેરસ સલ્ફેટના દ્રાવણને કસનળીમાં તેની દીવાલને અડકીને ટીપે-ટીપે ઉમેરો, જે કસનળીમાં અગાઉથી રહેલા પ્રવાહીના ઉપરના ભાગમાં સ્તર બનાવે છે. અહીં, જ્યાં બે દ્રાવણો ભેગા થાય છે, ત્યાં નાઈટ્રોસો ફેરસ સલ્ફેટ (આકૃતિ 7.2) બનવાને કારણે ઘેરા કથ્થાઈ રંગની વીંટી રચાય છે. અન્ય રીતમાં પ્રથમ ફેરસ સલ્ફેટ ઉમેરવામાં આવે છે અને ત્યાર બાદ સાંદ્ર સલ્ફ્યુરિક ઍસિડ ઉમેરવામાં આવે છે.




**આકૃતિ 7.2 :** *કથ્થાઈ રંગની વીંટી બનવી*

$NaNO_3 + H_2SO_4 \rightarrow NaHSO_4 + HNO_3$

$6FeSO_4 + 3H_2SO_4 + 2HNO_3 \rightarrow 3Fe_2(SO_4)_3 + 4H_2O + 2NO$

$FeSO_4 + NO \rightarrow [Fe(NO)]SO_4$

નાઈટ્રોસો ફેરસ સલ્ફેટ (કથ્થાઈ રંગ)

### 5. ઑક્ઝેલેટ આયન ($C_2O_4^{2-}$)ની કસોટી

સાંદ્ર સલ્ફ્યુરિક ઍસિડ સાથેના પ્રાથમિક પરીક્ષણમાં જો કાર્બન ડાયૉક્સાઇડ વાયુ સાથે કાર્બન મોનૉક્સાઇડ વાયુ ઉત્પન્ન થાય, તો તે ઑક્ઝેલેટ આયનની હાજરી સૂચવે છે.

$(COONa)_2$ + સાંદ્ર $H_2SO_4 \rightarrow Na_2SO_4 + H_2O + CO_2\uparrow + CO\uparrow$



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



ઑક્ઝેલેટ આયનની હાજરી નીચે દર્શાવેલી કસોટીઓ દ્વારા નિશ્ચિત થાય છે :

(a) સોડિયમ કાર્બોનેટ નિષ્કર્ષને ઍસિટિક ઍસિડ વડે ઍસિડિક બનાવી તેમાં કૅલ્શિયમ ક્લોરાઈડનું દ્રાવણ ઉમેરો. ઉત્પન્ન થતાં કૅલ્શિયમ ઑક્ઝેલેટના સફેદ અવક્ષેપ, જે એમોનિયમ ઑક્ઝેલેટ અને ઑક્ઝેલિક ઍસિડના દ્રાવણમાં અદ્રાવ્ય હોય છે. આ પરિણામ ઑક્ઝેલેટ આયનની હાજરી સૂચવે છે.

$$CaCl_2 + Na_2C_2O_4 \rightarrow \underset{\text{કૅલ્શિયમ ઑક્ઝેલેટ (સફેદ અવક્ષેપ)}}{CaC_2O_4} + 2NaCl$$

(b) $KMnO_4$ કસોટી

કસોટી (a)માં મળતાં અવક્ષેપને ગાળો. તેમાં મંદ $H_2SO_4$ ઉમેરી મંદ $KMnO_4$નું દ્રાવણ ઉમેરો અને મિશ્રણને ગરમ કરો. $KMnO_4$ નો ગુલાબી રંગ દૂર થાય છે.

$$CaC_2O_4 + H_2SO_4 \rightarrow \underset{\text{કૅલ્શિયમ સલ્ફેટ}}{CaSO_4} + \underset{\text{ઑક્ઝેલિક ઍસિડ}}{H_2C_2O_4}$$

$$2\,KMnO_4 + 3H_2SO_4 + 5H_2C_2O_4 \rightarrow 2MnSO_4 + K_2SO_4 + 8H_2O + 10CO_2$$

ઉત્પન્ન થતાં વાયુને ચૂનાના પાણીમાં પસાર કરો. સફેદ રંગના અવક્ષેપ ઉત્પન્ન થાય છે, જેમાં ઉત્પન્ન થતા વાયુને વધુ સમય પસાર કરવાથી તે દ્રાવ્ય થાય છે.

## સોપાન III : સલ્ફેટ અને ફૉસ્ફેટની કસોટી

જો સોપાન I અને II દરમિયાન કોઈ હકારાત્મક પરિણામો ન મળે તો સલ્ફેટ અને ફૉસ્ફેટ આયનોની હાજરીની કસોટી કરવામાં આવે છે. આ કસોટીઓને કોષ્ટક 7.5 માં ટૂંકમાં દર્શાવેલી છે.

**કોષ્ટક 7.5 : સલ્ફેટ અને ફૉસ્ફેટ આયનોની નિર્ણાયક કસોટીઓ**

| આયન | નિર્ણાયક કસોટી |
|---|---|
| સલ્ફેટ( $SO_4^{2-}$) | (a) 1 mL ક્ષારનું જળનિષ્કર્ષ અથવા મંદ હાઇડ્રૉક્લોરિક ઍસિડ વડે તટસ્થ કરેલા સોડિયમ કાર્બોનેટના નિષ્કર્ષમાં $BaCl_2$ નું દ્રાવણ ઉમેરો. સાંદ્ર HCl અથવા સાંદ્ર $HNO_3$ માં અદ્રાવ્ય હોય, તેવા સફેદ અવક્ષેપ મળે છે.<br>(b) ક્ષારના જલીય દ્રાવણ અથવા સોડિયમ કાર્બોનેટ નિષ્કર્ષને ઍસિટિક ઍસિડ વડે ઍસિડિક બનાવો અને તેમાં લેડ ઍસિટેટનું દ્રાવણ ઉમેરો. ઉત્પન્ન થતાં સફેદ અવક્ષેપ $SO_4^{2-}$ આયનની હાજરીને નિશ્ચિત કરે છે. |
| ફૉસ્ફેટ ($PO_4^{3-}$) | (a) સોડિયમ કાર્બોનેટ નિષ્કર્ષ અથવા ક્ષારના પાણીમાં બનાવેલા દ્રાવણને સાંદ્ર $HNO_3$ વડે ઍસિડિક બનાવી તેમાં એમોનિયમ મોલિબ્ડેટનું દ્રાવણ ઉમેરો. આ મિશ્રણને ઉકાળો. આછા પીળા રંગના અવક્ષેપ ઉત્પન્ન થાય છે. |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## નિર્ણાયક કસોટીઓનું રસાયણવિજ્ઞાન

### 1. સલ્ફેટ આયન ($SO_4^{2-}$)ની કસોટી

(a) ક્ષારનું જલીય દ્રાવણ અથવા ક્ષારના સોડિયમ કાર્બોનેટ નિષ્કર્ષને ઍસિટિક ઍસિડ વડે ઍસિડિક બનાવી, તેમાં બેરિયમ ક્લોરાઇડ ઉમેરતાં તે બેરિયમ સલ્ફેટના સફેદ અવક્ષેપ આપે છે, જે સાંદ્ર HCl અથવા સાંદ્ર $HNO_3$ માં અદ્રાવ્ય હોય છે.

$$Na_2SO_4 + BaCl_2 \longrightarrow \underset{\text{બેરિયમ સલ્ફેટ (સફેદ અવક્ષેપ)}}{BaSO_4} + 2NaCl$$

(b) જ્યારે ક્ષારના જલીય દ્રાવણમાં અથવા ઍસિટિક ઍસિડ વડે તટસ્થ બનાવેલા સોડિયમ કાર્બોનેટ નિષ્કર્ષમાં લેડ એસિટેટનું દ્રાવણ ઉમેરવામાં આવે છે, ત્યારે સલ્ફેટ આયન લેડ સલ્ફેટના સફેદ અવક્ષેપ આપે છે.

$$Na_2SO_4 + (CH_3COO)_2Pb \longrightarrow \underset{\text{લેડ સલ્ફેટ (સફેદ અવક્ષેપ)}}{PbSO_4} + 2CH_3COONa$$

### 2. ફૉસ્ફેટ આયન ($PO_4^{3-}$)ની કસોટી

(a) ફૉસ્ફેટ આયન ધરાવતા મૂળ દ્રાવણમાં (કસોટી માટેના દ્રાવણમાં) સાંદ્ર $HNO_3$ અને એમોનિયમ મોલિબ્ડેટનું દ્રાવણ ઉમેરી, ઉકાળો. તેથી દ્રાવણ પીળા રંગનું બને છે અથવા એમોનિયમ - ફૉસ્ફોમોલિબ્ડેટના $(NH_4)_3[P(Mo_3O_{10})_4]$ આછા પીળા અવક્ષેપ ઉત્પન્ન થાય છે. ફૉસ્ફેટનો દરેક ઑક્સિજન $Mo_3O_{10}$ સમૂહ વડે વિસ્થાપિત થાય છે.

$$Na_2HPO_4 + 12(NH_4)_2MoO_4 + 23\,HNO_3 \rightarrow \underset{\text{આછા પીળા અવક્ષેપ}}{(NH_4)_3[P(Mo_3O_{10})_4]} + 2NaNO_3 + 21NH_4NO_3 + 12H_2O$$

## ધનાયનનું પદ્ધતિસર પૃથક્કરણ

ધનાયનની કસોટીઓ નીચે દર્શાવેલી યોજના (Scheme) મુજબ કરવામાં આવે છે :

### સોપાન I : ધનાયનની પરખ માટે ક્ષારનું પ્રાથમિક પરીક્ષણ

### 1. રંગ-કસોટી

ક્ષારના રંગનું કાળજીપૂર્વક અવલોકન કરો, જે ધનાયન વિશે ઉપયોગી માહિતી આપી શકે છે. કોષ્ટક 7.6 કેટલાક ધનાયનોના ક્ષારોના લાક્ષણિક રંગો દર્શાવે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



**કોષ્ટક 7.6 : કેટલાક ધાતુ આયનોના લાક્ષણિક રંગો**

| રંગ | ધનાયન |
|---|---|
| આછો લીલો, પીળો, કથ્થાઈ | $Fe^{2+}$, $Fe^{3+}$ |
| વાદળી | $Cu^{2+}$ |
| ચળકતો લીલો | $Ni^{2+}$ |
| વાદળી, લાલ, જાંબલી, ગુલાબી | $Co^{2+}$ |
| આછો ગુલાબી | $Mn^{2+}$ |

**2. શુષ્ક ગરમી કસોટી**

(i) ચોખ્ખી અને શુષ્ક કસનળીમાં 0.1 g શુષ્ક ક્ષાર લો.

(ii) ઉપરની કસનળીને એક મિનિટ માટે ગરમ કરો અને કસનળીમાં રહેલા અવશેષ જ્યારે ગરમ હોય ત્યારે અને જ્યારે ઠંડા પડે ત્યારે, તેના રંગનું અવલોકન કરો. રંગમાં થતા આ ફેરફારનું અવલોકન ચોક્કસ ધનાયનની હાજરીનું સૂચન કરે છે, જેને નિર્ણયાત્મક પુરાવા તરીકે લઈ શકાશે નહિ (જુઓ કોષ્ટક 7.7).

**કોષ્ટક : 7.7 : ક્ષાર ઠંડા હોય ત્યારે અને ગરમ હોય ત્યારે તેઓના રંગના આધારે અનુમાન**

| ઠંડા હોય ત્યારે રંગ | ગરમ હોય ત્યારે રંગ | અનુમાન |
|---|---|---|
| વાદળી | સફેદ | $Cu^{2+}$ |
| લીલો | ગંદો સફેદ અથવા પીળો | $Fe^{2+}$ |
| સફેદ | પીળો | $Zn^{2+}$ |
| ગુલાબી | વાદળી | $Co^{2+}$ |

**3. જ્યોત કસોટી**

કેટલીક ધાતુઓનાં ક્લોરાઈડ સંયોજનો જ્યોતમાં લાક્ષણિક રંગ દર્શાવે છે, કારણ કે તેઓ જ્યોતિહીન (non-luminous) જ્યોતમાં બાષ્પશીલ હોય છે. આ કસોટીને પ્લેટિનમ તારની મદદથી નીચે દર્શાવ્યા મુજબ કરવામાં આવે છે :

(i) પ્લેટિનમ તારના એક છેડે અતિ નાનો ગોળ ભાગ (loop) બનાવો.

(ii) તારના ગોળ ભાગને સાંદ્ર હાઇડ્રૉક્લોરિક ઍસિડમાં ડુબાડીને સાફ કરો અને તેને જ્યોતિહીન જ્યોતમાં ધરી રાખો (આકૃતિ 7.3).

(iii) જ્યાં સુધી પ્લેટિનમ તાર જ્યોત સાથે રંગ આપતો બંધ થાય, ત્યાં સુધી સોપાન (ii) નું પુનરાવર્તન કરો.

(iv) ચોખ્ખા વૉચ ગ્લાસમાં સાંદ્ર સલ્ફ્યુરિક ઍસિડના 2-3 ટીપાં મૂકો અને તેમાં ક્ષારના ઓછા જથ્થાની લુગદી (paste) બનાવો.

(v) પ્લેટિનમ તારના ચોખ્ખા ગોળ ભાગને આ લુગદીમાં ડુબાડો અને આ ગોળ ભાગને જ્યોતિહીન (ઑક્સિડેશનકર્તા) જ્યોતમાં રાખો (આકૃતિ 7.3).


(vi) પ્રથમ આ જ્યોતના રંગનું અવલોકન નરી આંખ વડે કરો અને ત્યાર બાદ વાદળી રંગના કાચ વડે કરો. કોષ્ટક 7.8ની મદદથી ધાતુ આયનને ઓળખો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com






***આકૃતિ 7.3 : જ્યોત કસોટી કરવાની રીત***

**કોષ્ટક 7.8 : જ્યોત કસોટીના આધારે અનુમાન**

| નરી આંખ વડે અવલોકન કરવામાં આવેલી જ્યોતનો રંગ | વાદળી કાચ વડે અવલોકન કરવામાં આવેલી જ્યોતનો રંગ | અનુમાન |
|---|---|---|
| મધ્યમાં વાદળી રંગ હોય તેવી લીલી જ્યોત | કાચની મદદ સિવાય જે રંગ જોવા મળે છે તે જ રંગ | $Cu^{2+}$ |
| કિરમજી લાલ | જાંબુડિયો | $Sr^{2+}$ |
| લીલા સફરજન જેવો રંગ | વાદળી પડતો લીલો | $Ba^{2+}$ |
| ઈંટ જેવો લાલ | લીલો | $Ca^{2+}$ |

**4. બોરેક્સ મણકા કસોટી**

આ કસોટી માત્ર રંગીન ક્ષારો માટે ઉપયોગી બને છે. કારણ કે બોરેક્સ ધાતુ ક્ષારો સાથે પ્રક્રિયા કરી, ધાતુ બોરેટ સંયોજનો અથવા ધાતુઓ બનાવે છે, જે લાક્ષણિક રંગ ધરાવે છે.


(i) આ કસોટી કરવા માટે પ્લેટિનમ તારના એક છેડે ગોળ ભાગ બનાવો અને તેને લાલચોળ ગરમ થાય, ત્યાં સુધી જ્યોતમાં ગરમ કરો.

(ii) ગરમ ગોળ ભાગને બોરેક્સ પાઉડરમાં ડુબાડો અને તેને ફરીથી ત્યાં સુધી ગરમ કરો, જેથી ગોળ ભાગ પર રંગવિહીન પારદર્શક મણકો બને. આ બોરેક્સ મણકાને કસોટી માટેના ક્ષાર અથવા મિશ્રણમાં ડુબાડતા અગાઉ ચકાસીને નક્કી કરો કે બોરેક્સ મણકો પારદર્શક અને રંગવિહીન છે. જો તે રંગીન માલૂમ પડે, તો તેનો અર્થ એ થાય કે પ્લેટિનમ તાર સ્વચ્છ નથી. હવે પ્લેટિનમ તારને સાફ કર્યા બાદ તાજો બોરેક્સ મણકો બનાવો.

(iii) મણકાને શુષ્ક ક્ષારના થોડા જથ્થામાં ડુબાડો અને તેને ફરીથી જ્યોતમાં રાખો.

(iv) હવે આ મણકાને જ્યોતિમય જ્યોત અને જ્યોતિહીન જ્યોતમાં અલગ-અલગ ગરમ કર્યા બાદ તે ગરમ હોય ત્યારે અને તે ઠંડો હોય ત્યારે તેના રંગનું અવલોકન કરો (આકૃતિ 7.4).

(v) પ્લેટિનમ તારમાંથી મણકાને દૂર કરવા, તારને લાલચોળ ગરમ કરી તેના પર તમારી આંગળી ઠપકારો (આકૃતિ 7.5).




***આકૃતિ 7.4 : બોરેક્સ મણકા કસોટી (a) રિડક્શનકર્તા જ્યોતમાં ગરમ કરવાની પ્રક્રિયા (b) ઑક્સિડેશનકર્તા જ્યોતમાં ગરમ કરવાની પ્રક્રિયા***



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



ગરમ કરવાથી બોરેક્સ સ્ફટિકજળ ગુમાવે છે અને તેનું વિઘટન થઈ સોડિયમ મેટાબોરેટ અને બોરિક એનહાઇડ્રાઇડ બને છે.

$Na_2B_4O_7.10\ H_2O \longrightarrow Na_2B_4O_7 + 10H_2O$
બોરેક્સ

$Na_2B_4O_7 \longrightarrow 2NaBO_2 + B_2O_3$
સોડિયમ મેટાબોરેટ  બોરિક એનહાઇડ્રાઇડ

ધાતુક્ષારની બોરિક એનહાઇડ્રાઇડ સાથેની પ્રક્રિયાથી ધાતુના મેટાબોરેટ બને છે, જે ઑક્સિડેશનકર્તા અને રિડક્શનકર્તા જ્યોતમાં જુદા-જુદા રંગો આપે છે. દા.ત., કૉપર સલ્ફેટના કિસ્સામાં નીચે દર્શાવેલી પ્રક્રિયાઓ થાય છે.

$$CuSO_4 + B_2O_3 \xrightarrow{\text{જ્યોતિહીન જ્યોત}} Cu(BO_2)_2 + SO_3$$
ક્યુપ્રિક મેટાબોરેટ
વાદળી-લીલો રંગ

રિડક્શનકર્તા જ્યોતમાં બે પ્રક્રિયાઓ થઈ શકે છે :


(i) વાદળી $Cu(BO_2)_2$ નીચે દર્શાવ્યા પ્રમાણે રંગવિહીન ક્યુપ્રસ મેટાબોરેટમાં રિડક્શન પામે છે.

$$2Cu(BO_2)_2 + 2NaBO_2 + C \xrightarrow{\text{જ્યોતિમય જ્યોત}} 2CuBO_2 + Na_2B_4O_7 + CO$$

અથવા (ii) કૉપર મેટાબોરેટ ધાત્વીય કૉપરમાં રિડક્શન પામી શકે છે અને મણકો લાલ અને અપારદર્શક જોવા મળે છે.

$$2Cu(BO_2)_2 + 4NaBO_2 + 2C \xrightarrow{\text{જ્યોતિમય જ્યોત}} 2Cu + 2Na_2B_4O_7 + 2CO$$

ધાતુ આયનની પ્રાથમિક ઓળખ કોષ્ટક 7.9 ના આધારે નક્કી કરી શકાય છે :




***આકૃતિ 7.5 :*** *બોરેક્સ મણકાને દૂર કરવાની રીત*

**કોષ્ટક 7.9 : બોરેક્સ મણકા કસોટીના આધારે અનુમાન**

| ઑક્સિડેશનકર્તા (જ્યોતિહીન) જ્યોતમાં ગરમ કરવાથી — ક્ષારના મણકાનો રંગ | | રિડક્શનકર્તા (જ્યોતિમય) જ્યોતમાં ગરમ કરવાથી — ક્ષારના મણકાનો રંગ | | અનુમાન |
|---|---|---|---|---|
| ઠંડો હોય ત્યારે | ગરમ હોય ત્યારે | ઠંડો હોય ત્યારે | ગરમ હોય ત્યારે | |
| વાદળી | લીલો | લાલ અપારદર્શક | રંગવિહીન | $Cu^{2+}$ |
| લાલાશ પડતો કથ્થાઈ | જાંબલી | રાખોડી | રાખોડી | $Ni^{2+}$ |
| આછો જાંબલી | આછો જાંબલી | રંગવિહીન | રંગવિહીન | $Mn^{2+}$ |
| પીળો | પીળાશપડતો કથ્થાઈ | લીલો | લીલો | $Fe^{3+}$ |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




**5. કોલસા પોલાણ કસોટી**


જ્યારે ધાત્વીય કાર્બોનેટને કોલસાના પોલાણમાં ગરમ કરવામાં આવે છે, ત્યારે તે વિઘટન પામી અનુવર્તી ઑક્સાઈડ આપે છે. આ ઑક્સાઈડ પોલાણમાં રંગીન અવશેષ તરીકે જોવા મળે છે. કેટલીક વાર ઑક્સાઈડ કોલસાના પોલાણના કાર્બન દ્વારા ધાતુમાં રિડક્શન પામી શકે છે. આ કસોટીને નીચે દર્શાવ્યા મુજબ કરી શકાય છે :

(i) કોલસાના ચોસલામાં કોલસા વેધક વડે નાનું પોલાણ બનાવો. વધુ દબાણ લગાવવું નહિ, નહિ તો તે તૂટી જશે [આકૃતિ 7.6 (a)].

(ii) આ પોલાણમાં આશરે 0.2 g ક્ષાર અને આશરે 0.5 g નિર્જળ સોડિયમ કાર્બોનેટ ભરો.



*(a)*




*(b)*

***આકૃતિ 7.6 :*** *(a) કોલસામાં પોલાણ બનાવવું (b) પોલાણમાં ક્ષારને ગરમ કરવો*

(iii) પોલાણમાં રહેલા ક્ષારને પાણીના એક કે બે ટીપાં વડે ભીંજવો, નહિ તો ક્ષાર / મિશ્રણ દૂર ફૂંકાઈ જશે.

(iv) ક્ષારને ફૂંકણીની (blowpipe) મદદથી જ્યોતિમય (રિડક્શનકર્તા) જ્યોતમાં ગરમ કરો અને પોલાણમાં રચાતા ઑક્સાઈડ / ધાત્વીય મણકાના રંગનું જ્યારે તે ગરમ અને ઠંડો હોય ત્યારે એમ બંને સ્થિતિમાં તેનું અવલોકન કરો [આકૃતિ 7.6 (b)]. આકૃતિ 7.7 (a) અને (b)માં દર્શાવ્યા મુજબ ઑક્સિડેશનકર્તા અને રિડક્શનકર્તા જ્યોત મેળવો.

(v) નવા ક્ષારની કસોટી માટે હંમેશાં નવું પોલાણ બનાવવું.




***આકૃતિ 7.7 :*** *ઑક્સિડેશનકર્તા અને રિડક્શનકર્તા જ્યોતની પ્રાપ્તિ*
*(a) ઑક્સિડેશનકર્તા જ્યોત અને (b) રિડક્શનકર્તા જ્યોત*

**નોંધ :**
- *ફૂંકણીના મોંઢિયાને જ્યોતના એક તૃતીયાંશ ભાગની અંદર રાખીને ઑક્સિડેશનકર્તા જ્યોત મેળવો.*
- *ફૂંકણીના મોંઢિયાને જ્યોતની બહારની બાજુ રાખીને રિડક્શનકર્તા જ્યોત મેળવો.*



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



જ્યારે આ કસોટી $CuSO_4$ સાથે કરવામાં આવે છે, ત્યારે નીચે દર્શાવેલા ફેરફારો થાય છે :

$$CuSO_4 + Na_2CO_3 \xrightarrow{\text{ગરમી}} CuCO_3 + Na_2SO_4$$

$$CuCO_3 \xrightarrow{\text{ગરમી}} CuO + CO_2$$

$$CuO + C \xrightarrow{\text{ગરમી}} \underset{\text{લાલ રંગ}}{Cu} + CO$$

$ZnSO_4$ ના કિસ્સામાં :

$$ZnSO_4 + Na_2CO_3 \xrightarrow{\text{ગરમી}} ZnCO_3 + Na_2SO_4$$

$$ZnCO_3 \xrightarrow{\text{ગરમી}} ZnO + CO_2$$

ગરમ હોય ત્યારે પીળો
ઠંડો હોય ત્યારે સફેદ

ધાતુ આયનનું અનુમાન કોષ્ટક 7.10 ના આધારે કરી શકાય છે.

**કોષ્ટક 7.10 : કોલસા પોલાણ કસોટીના આધારે અનુમાન**

| અવલોકન | અનુમાન |
|---|---|
| ગરમ હોય ત્યારે પીળા અવશેષ અને ઠંડા હોય ત્યારે રાખોડી ધાતુ | $Pb^{2+}$ |
| લસણની વાસવાળા સફેદ અવશેષ | $As^{3+}$ |
| કથ્થાઈ અવશેષ | $Cd^{2+}$ |
| ગરમ હોય ત્યારે પીળા અવશેષ અને ઠંડા હોય ત્યારે સફેદ અવશેષ | $Zn^{2+}$ |

**6. કોબાલ્ટ નાઈટ્રેટ કસોટી**

જો કોલસાના પોલાણમાં રહેલો અવશેષ સફેદ હોય, તો કોબાલ્ટ નાઈટ્રેટ કસોટી કરવામાં આવે છે.

(i) અવશેષ પર કોબાલ્ટ નાઈટ્રેટ દ્રાવણના બે કે ત્રણ ટીપાં મૂકો.

(ii) આ અવશેષને ફૂંકણીની મદદથી જ્યોતિહીન જ્યોતમાં ગરમ કરો અને અવશેષના રંગનું અવલોકન કરો.

ગરમ કરવાથી કોબાલ્ટ નાઈટ્રેટ, કોબાલ્ટ (II) ઑક્સાઈડમાં વિઘટન પામે છે, જે પોલાણમાં રહેલા ધાતુ ઑક્સાઈડ સાથે લાક્ષણિક રંગ આપે છે.

આમ, ZnO, $Al_2O_3$ અને MgO સાથે નીચે દર્શાવ્યા મુજબની પ્રક્રિયાઓ થાય છે :

$$2Co(NO_3)_2 \xrightarrow{\text{ગરમી}} 2CoO + 4NO_2 + O_2$$

$$CoO + ZnO \rightarrow \underset{\text{લીલો રંગ}}{CoO \cdot ZnO}$$

$$CoO + MgO \rightarrow \underset{\text{ગુલાબી રંગ}}{CoO \cdot MgO}$$

$$CoO + Al_2O_3 \rightarrow \underset{\text{વાદળી રંગ}}{CoO \cdot Al_2O_3}$$



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## સોપાન II : ધનાયનોની પરખ માટે ભીની કસોટીઓ

ઉપર દર્શાવેલી પ્રાથમિક કસોટીઓ જે ધનાયનની હાજરીનું સૂચન કરે છે તેઓને નીચે દર્શાવેલી પધ્ધતિસરની પૃથક્કરણ પદ્ધતિ દ્વારા નિશ્ચિત કરવામાં આવે છે :

આ માટે સૌપ્રથમ આવ-યક સોપાન ક્ષારનું ચોખ્ખું અને પારદર્શક દ્રાવણ બનાવવાનું છે. તેને **મૂળ દ્રાવણ** કહેવામાં આવે છે. તેને નીચે દર્શાવ્યા મુજબ બનાવી શકાય છે :

### મૂળ દ્રાવણની (મૂ.દ્રા) બનાવટ

મૂળ દ્રાવણને બનાવવા માટે નીચે દર્શાવેલા સોપાનને પદ્ધતિસરના ક્રમમાં એક પછી એક અનુસરવામાં આવે છે. જો ક્ષાર કોઈ ચોક્કસ દ્રાવકમાં ગરમી આપવા છતાં પણ દ્રાવ્ય ન થાય, તો બીજા દ્રાવક વડે પ્રયત્ન કરો.

નીચે દર્શાવેલાં દ્રાવકો માટે પ્રયત્ન કરવામાં આવે છે :

1. સ્વચ્છ કસનળીમાં ક્ષારનો થોડો જથ્થો લો અને તેમાં થોડા mL નિસ્યંદિત પાણી ઉમેરી તેને હલાવો. જો ક્ષાર દ્રાવ્ય ન થાય તો, કસનળીમાં ર હેલો ક્ષાર સંપૂર્ણપણે દ્રાવ્ય થાય, ત્યાં સુધી કસનળીને ગરમ કરો.
2. ઉપર દર્શાવ્યા મુજબ ક્ષાર જો પાણીમાં અદ્રાવ્ય ર હે તો, અન્ય સ્વચ્છ કસનળીમાં ફરીથી ક્ષારને લો અને મંદ HCl ના થોડા mL તેમાં ઉમેરો. જો ક્ષાર ઠંડામાં અદ્રાવ્ય રહે તો, કસનળીને ક્ષાર સંપૂર્ણપણે દ્રાવ્ય થાય ત્યાં સુધી ગરમ કરો.
3. જો ક્ષાર પાણી અથવા મંદ HCl માં ગરમ કરવા છતાં દ્રાવ્ય ન થતો હોય, તો તેને સાંદ્ર HCl ના થોડા mL સાથે ગરમ કરી દ્રાવ્ય કરવાનો પ્રયત્ન કરો.
4. જો ક્ષાર સાંદ્ર HCl માં દ્રાવ્ય ન થાય તો તેને મંદ નાઇટ્રિક ઍસિડમાં દ્રાવ્ય કરો.
5. જો ક્ષાર ના ઇટ્રિક ઍસિડમાં પણ દ્રાવ્ય ન થાય તો, સાંદ્ર HCl અને સાંદ્ર $HNO_3$ ના 3 : 1 પ્રમાણના મિશ્રણનો પ્રયત્ન કરવામાં આવે છે. આ મિશ્રણને એકવારિજીઆ (અમ્લરાજ) કહે છે. જે ક્ષાર એકવારિજીઆમાં દ્રાવ્ય થતો નથી તેને અદ્રાવ્ય ક્ષાર તરીકે ગણવામાં આવે છે.

## સમૂહ પૃથક્કરણ

### (I) શૂન્ય સમૂહ ધનાયન ( $NH_4^+$ આયન )નું પૃથક્કરણ

(a) કસનળીમાં 0.1 g ક્ષાર લો અને તેમાં 1-2 mL NaOH નું દ્રાવણ ઉમેરી ગરમ કરો. જો એમોનિયાની વાસ આવે, તો તે એમોનિયમ આયનની હાજરી સૂચવે છે. હાઇડ્રૉક્લોરિક ઍસિડમાં બોળેલા કાચના સળિયાને કસનળીના મુખ આગળ લાવો. સફેદ ધુમાડો જોવા મળે છે.

(b) આ વાયુને નેસ્લર પ્રક્રિયકમાંથી પસાર કરો. કથ્થાઈ રંગના અવક્ષેપ પ્રાપ્ત થાય છે.

### $NH_4^+$ આયનની નિર્ણાયક કસોટીઓનું રસાયણવિજ્ઞાન

(a) એમોનિયમ ક્ષારની સોડિયમ હાઇડ્રૉક્સાઇડ સાથેની પ્રક્રિયાથી એમોનિયા વાયુ ઉત્પન્ન થાય છે. તે હાઇડ્રૉક્લોરિક ઍસિડ સાથે પ્રક્રિયા કરી, એમોનિયમ ક્લોરાઇડ બનાવે છે, જે ઘટ્ટ સફેદ ધુમાડા તરીકે જોવા મળે છે.

$$(NH_4)_2SO_4 + 2NaOH \rightarrow Na_2SO_4 + 2NH_3 + 2H_2O$$

$$NH_3 + HCl \rightarrow NH_4Cl$$



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



આ વાયુને નેસ્લર પ્રક્રિયકમાંથી પસાર કરતાં દ્રાવણ કથ્થાઈ રંગનું અથવા બેઝિક મરક્યુરી (II) એમિડો-આયોડિનના અવક્ષેપ બને છે.

મરક્યુરી ક્ષાર



$$2K_2HgI_4 + NH_3 + 3KOH \longrightarrow HgO{\bullet}Hg(NH_2)I + 7KI + 2H_2O$$

બેઝિક મરક્યુરી (II)
એમિડો-આયોડિન
(કથ્થાઈ અવક્ષેપ)

સમૂહો I - VI માં રહેલા ધનાયનના પૃથક્કરણ માટે, નીચે દર્શાવેલા ક્રમદર્શી રેખાચિત્રમાં (Flow chart) સૂચવ્યા મુજબની યોજના અનુસાર સમૂહ પ્રક્રિયકોની (જુઓ કોષ્ટક 7.11) મદદથી મૂળ દ્રાવણમાંથી ધનાયનોને અવક્ષેપિત કરવામાં આવે છે.

બધા છ સમૂહોનું અલગીકરણ નીચે રજૂ કર્યું છે :

**ક્રમદર્શી રેખાચિત્ર (Flow Chart)***

મૂળ દ્રાવણ

↓ મંદ HCl

- અવક્ષેપ, સમૂહ I — ($Pb^{2+}$) ક્લોરાઇડ તરીકે
- જો અવક્ષેપ ન મળે તો $H_2S$ વાયુ પસાર કરો
  - અવક્ષેપ, સમૂહ II — ($Pb^{2+}$, $Cu^{2+}$, $As^{3+}$) સલ્ફાઇડ તરીકે
  - જો અવક્ષેપ ન મળે તો, મૂળ દ્રાવણ લો. મૂળ દ્રાવણને સાંદ્ર $HNO_3$ સાથે ગરમ કરો, ઠંડું પાડો અને ઘન $NH_4Cl + NH_4OH$ નું દ્રાવણ (વધુ પ્રમાણમાં) ઉમેરો.
    - અવક્ષેપ, સમૂહ III — ($Fe^{3+}$, $Al^{3+}$) હાઇડ્રૉક્સાઇડ તરીકે
    - જો અવક્ષેપ ન મળે તો $H_2S$ વાયુ પસાર કરો
      - અવક્ષેપ, સમૂહ IV — ($Co^{2+}$, $Ni^{2+}$, $Mn^{2+}$, $Zn^{2+}$) સલ્ફાઇડ તરીકે
      - જો અવક્ષેપ ન મળે તો, મૂળ દ્રાવણ લો. $NH_4OH$ અને ઘન $(NH_4)_2CO_3$ ઉમેરો
        - અવક્ષેપ, સમૂહ V — ($Ba^{2+}$, $Sr^{2+}$, $Ca^{2+}$) કાર્બોનેટ તરીકે
        - જો અવક્ષેપ ન મળે તો, સમૂહ VI ની કસોટી માટે, મૂળ દ્રાવણ લો. $Mg^{2+}$

* *આ ક્રમદર્શી રેખાચિત્ર માત્ર એક ધનાયની પરખ માટે છે. એક કરતાં વધુ ધનાયનની પરખ માટે તેમાં સુધારો જરૂરી બને છે.*



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



**કોષ્ટક 7.11: આયનોના અવક્ષેપન માટે સમૂહ પ્રક્રિયકો**

| સમૂહ | ધનાયન* | સમૂહ પ્રક્રિયક |
|---|---|---|
| સમૂહ શૂન્ય | $NH_4^+$ | કોઈ નહિ |
| સમૂહ - I | $Pb^{2+}$ | મંદ HCl |
| સમૂહ - II | $Pb^{2+}$ , $Cu^{2+}$, $As^{3+}$ | મંદ HCl ની હાજરીમાં $H_2S$ વાયુ |
| સમૂહ - III | $Al^{3+}$ , $Fe^{3+}$ | $NH_4Cl$ ની હાજરીમાં $NH_4OH$ |
| સમૂહ - IV | $Co^{2+}$, $Ni^{2+}$, $Mn^{2+}$ , $Zn^{2+}$ | $NH_4OH$ ની હાજરીમાં $H_2S$ વાયુ |
| સમૂહ -V | $Ba^{2+}$, $Sr^{2+}$ , $Ca^{2+}$ | $NH_4OH$ ની હાજરીમાં $(NH_4)_2 CO_3$ |
| સમૂહ -VI | $Mg^{2+}$ | કોઈ નહિ |

## (II) સમૂહ-I ના ધનાયનોનું પૃથક્કરણ

કસનળીમાં થોડા પ્રમાણમાં મૂળ દ્રાવણ લો અને (જો ગરમ સાંદ્ર HCl માં દ્રાવણ બનાવેલું હોય તો) તેમાં ઠંડું પાણી ઉમેરો. આ કસનળીને પાણીના નળ નીચે ઠંડી કરો. જો સફેદ અવક્ષેપ જોવા મળે, તો તે સમૂહ - I ના $Pb^{2+}$ આયનની હાજરી સૂચવે છે. અન્ય રીતમાં જો મૂળ દ્રાવણ પાણીમાં બનાવેલું હોય અને તેમાં મંદ HCl ઉમેરવામાં આવતાં સફેદ અવક્ષેપ જોવા મળે, તો તે પણ $Pb^{2+}$ ની હાજરી સૂચવે છે. તેની નિર્ણાયક કસોટીઓ નીચે કોષ્ટક 7.12 માં વર્ણવી છે :

**કોષ્ટક 7.12 : સમૂહ-I ના ધનાયન ($Pb^{2+}$)ની નિર્ણાયક કસોટીઓ**

| પ્રયોગ | અવલોકન |
|---|---|
| અવક્ષેપને ગરમ પાણીમાં દ્રાવ્ય કરો અને આ ગરમ દ્રાવણને ત્રણ ભાગમાં વહેંચો : | |
| 1. પહેલા ભાગમાં પોટૅશિયમ આયોડાઇડનું દ્રાવણ ઉમેરો. | પીળા અવક્ષેપ મળે છે. |
| 2. બીજા ભાગમાં પોટૅશિયમ ક્રોમેટનું દ્રાવણ ઉમેરો. | પીળા અવક્ષેપ મળે છે, જે NaOH માં દ્રાવ્ય અને એમોનિયમ એસિટેટના દ્રાવણમાં અદ્રાવ્ય હોય છે. |
| 3. ગરમ દ્રાવણના ત્રીજા ભાગમાં આલ્કોહૉલના થોડાં ટીંપાં અને મંદ સલ્ફ્યુરિક ઍસિડ ઉમેરો. | સફેદ અવક્ષેપ મળે છે, જે એમોનિયમ એસિટેટ દ્રાવણમાં દ્રાવ્ય થાય છે. |

## $Pb^{2+}$ આયનની નિર્ણાયક કસોટીનું રસાયણવિજ્ઞાન

પ્રથમ સમૂહમાં લેડ, લેડ ક્લોરાઇડ તરીકે અવક્ષેપિત થાય છે. આ અવક્ષેપ ગરમ પાણીમાં દ્રાવ્ય થાય છે.

1. પોટૅશિયમ આયોડાઇડ (KI)નું દ્રાવણ ઉમેરવાથી લેડ આયોડાઇડના પીળા અવક્ષેપ મળે છે. જે $Pb^{2+}$ આયનની હાજરી નિશ્ચિત કરે છે.

$$\underset{\text{(ગરમ દ્રાવણ)}}{PbCl_2} + 2KI \longrightarrow \underset{\text{પીળા અવક્ષેપ}}{PbI_2} + 2KCl$$

---

** અહીંયાં, જે ધનાયનો અભ્યાસક્રમમાં છે તે જ આપ્યા છે.*



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



આ પીળા અવક્ષેપ ($PbI_2$) ઉકળતા પાણીમાં દ્રાવ્ય થાય છે અને ઠંડા પાડતાં ચળકતા સ્ફટિક સ્વરૂપે પુનઃ પ્રાપ્ત થાય છે.

2. પોટૅશિયમ ક્રોમેટ ($K_2CrO_4$)નું દ્રાવણ ઉમેરવાથી લેડ ક્રોમેટના પીળા અવક્ષેપ મળે છે, જે $Pb^{2+}$ આયનની હાજરી નિશ્ચિત કરે છે.

$$\underset{\text{(ગરમ દ્રાવણ)}}{PbCl_2} + K_2CrO_4 \longrightarrow \underset{\text{લેડ ક્રોમેટ (પીળા અવક્ષેપ)}}{PbCrO_4} + 2KCl$$

આ પીળા અવક્ષેપ ($PbCrO_4$) ગરમ NaOHના દ્રાવણમાં દ્રાવ્ય હોય છે.


$$PbCrO_4 + 4NaOH \rightleftharpoons \underset{\text{સોડિયમ ટેટ્રા - હાઈડ્રૉક્સોપ્લમ્બેટ(II)}}{Na_2[Pb(OH)_4]} + Na_2CrO_4$$

3. આલ્કોહૉલ અને ત્યાર બાદ મંદ $H_2SO_4$ ઉમેરવાથી, લેડ સલ્ફેટ ($PbSO_4$)ના સફેદ અવક્ષેપ બને છે.

$$PbCl_2 + H_2SO_4 \longrightarrow \underset{\text{લેડ સલ્ફેટ (સફેદ અવક્ષેપ)}}{PbSO_4} + 2HCl$$

લેડ સલ્ફેટ, એમોનિયમ એસિટેટ દ્રાવણમાં દ્રાવ્ય છે, કારણ કે તેઓની વચ્ચે પ્રક્રિયા થઈ ટેટ્રાએસિટોપ્લમ્બેટ(II) આયન બને છે. એસિટિક ઍસિડના થોડા ટીપાં ઉમેરવાથી પ્રક્રિયા સરળતાથી આગળ વધી શકે છે.


હાઈડ્રોજન સલ્ફાઈડ



$$PbSO_4 + 4CH_3COONH_4 \longrightarrow \underset{\text{એમોનિયમ ટેટ્રાએસિટોપ્લમ્બેટ (II)}}{(NH_4)_2[Pb(CH_3COO)_4]} + (NH_4)_2SO_4$$

## (III) સમૂહ-II ના ધનાયનોનું પૃથક્કરણ

જો સમૂહ- I ગેરહાજર હોય, તો તે જ કસનળીમાં વધુ પાણી ઉમેરો. દ્રાવણને સહેજ ગરમ કરો અને તેમાં 1-2 મિનિટ માટે $H_2S$ વાયુ પસાર કરો (આકૃતિ 7.8). કસનળીને હલાવો. જો અવક્ષેપ જોવા મળે, તો તેસમૂહ-II ના ધનાયનોની હાજરી સૂચવે છે. હવે તે દ્રાવણમાં વધુ $H_2S$ વાયુ પસાર કરો, જેથી સંપૂર્ણ અવક્ષેપન થાય. આ અવક્ષેપને અલગ તારવી લો. જો અવક્ષેપ કાળા રંગના હોય, તો તે $Cu^{2+}$ અથવા $Pb^{2+}$ આયનોની હાજરી સૂચવે છે. જો અવક્ષેપ પીળા રંગના હોય તો તે $As^{3+}$ ની હાજરી સૂચવે છે.




*આકૃતિ 7.8 : $H_2S$ વાયુ બનાવવા માટે કિપનું ઉપકરણ*

સમૂહ -II ના અવક્ષેપને કસનળીમાં લો અને તેમાં વધુ પ્રમાણમાં પીળા એમોનિયમ સલ્ફાઈડના દ્રાવણને ઉમેરો. કસનળીને હલાવો. જો અવક્ષેપ અદ્રાવ્ય રહે, તો **સમૂહ II - A (કૉપર સમૂહ)** હાજર છે. જો અવક્ષેપ દ્રાવ્ય થાય, તો તે **સમૂહ II - B ની (આર્સેનિક સમૂહ)** હાજરી સૂચવે છે.

સમૂહ II-A અને સમૂહ II-B ની નિર્ણાયક કસોટીઓ કોષ્ટક 7.13માં આપેલી છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



**કોષ્ટક 7.13 : સમૂહ II-A અને સમૂહ II-B ના ધનાયનોની નિર્ણાયક કસોટીઓ**


<table>
<tr><td colspan="2">સમૂહ II-A ($Pb^{2+}$ , $Cu^{2+}$) ના કાળા અવક્ષેપ મળે છે, એમોનિયમ સલ્ફાઇડમાં અદ્રાવ્ય હોય છે.</td><td>જો પીળા અવક્ષેપ મળે અને તે પીળા એમોનિયમ સલ્ફાઇડના દ્રાવણમાં દ્રાવ્ય હોય, તો $As^{3+}$ આયન હાજર હોય.</td></tr>
<tr><td colspan="2">સમૂહ II-A ના અવક્ષેપને મંદ નાઇટ્રિક ઍસિડ સાથે ઉકાળો અને તેમાં આલ્કોહૉલનાં થોડાં ટીપાં અને મંદ $H_2SO_4$ ઉમેરો.</td><td rowspan="2">આ દ્રાવણને મંદ HCl વડે ઍસિડિક બનાવો. તેથી પીળા અવક્ષેપ મળે છે. અવક્ષેપને સાંદ્ર નાઇટ્રિક ઍસિડ સાથે ગરમ કરો અને તેમાં એમોનિયમ મોલિબ્ડેટનું દ્રાવણ ઉમેરો. તેથી આછા પીળા રંગના અવક્ષેપ ઉત્પન્ન થાય છે.</td></tr>
<tr><td>સફેદ અવક્ષેપ $Pb^{2+}$ આયનની હાજરી નિશ્ચિત કરે છે. અવક્ષેપને એમોનિયમ એસિટેટના દ્રાવણમાં દ્રાવ્ય કરો. આ દ્રાવણને એસિટિક ઍસિડ વડે ઍસિડિક કરી તેને બે ભાગમાં વહેંચો :<br>(i) પહેલા ભાગમાં પોટૅશિયમ ક્રોમેટનું દ્રાવણ ઉમેરો, પીળા અવક્ષેપ ઉત્પન્ન થાય છે.<br>(ii) બીજા ભાગમાં પોટૅશિયમ આયોડાઇડનું દ્રાવણ ઉમેરો, પીળા અવક્ષેપ ઉત્પન્ન થાય છે.</td><td>જો અવક્ષેપ ન મળે, તો વધુ પ્રમાણમાં એમોનિયમ હાઇડ્રૉક્સાઇડનું દ્રાવણ ઉમેરો. વાદળી રંગનું દ્રાવણ મળે છે. તેને એસિટિક ઍસિડ વડે ઍસિડિક કરો અને પોટૅશિયમ ફેરોસાયનાઇડનું દ્રાવણ ઉમેરો. અહીં કથ્થાઈ ચોકલેટ રંગના અવક્ષેપ મળે છે. જે $Cu^{2+}$ની હાજરી નિશ્ચિત કરે છે.</td></tr>
</table>

## સમૂહ-II A (કૉપર સમૂહ)

## સમૂહ-II Aના ધનાયનોની નિર્ણાયક કસોટીનું રસાયણવિજ્ઞાન

### 1. લેડ આયન ($Pb^{2+}$)ની કસોટી

આલ્કોહૉલ



લેડ સલ્ફાઇડના અવક્ષેપ મંદ $HNO_3$માં દ્રાવ્ય થાય છે. આ દ્રાવણમાં મંદ $H_2SO_4$ અને આલ્કોહૉલનાં થોડાં ટીંપા ઉમેરતાં લેડ સલ્ફેટના સફેદ અવક્ષેપ મળે છે. તે લેડ આયનની હાજરી સૂચવે છે.

$$3PbS + 8HNO_3 \longrightarrow 3Pb(NO_3)_2 + 2NO + 4H_2O + 3S$$

$$Pb(NO_3)_2 + H_2SO_4 \longrightarrow PbSO_4 + 2HNO_3$$

આ સફેદ અવક્ષેપને એમોનિયમ એસિટેટના દ્રાવણમાં ઉકાળતા ઓગળે છે. જ્યારે આ દ્રાવણને એસિટિક ઍસિડ વડે ઍસિડિક બનાવીને તેમાં પોટૅશિયમ ક્રોમેટનું દ્રાવણ ઉમેરતાં $PbCrO_4$ ના પીળા અવક્ષેપ મળે છે. જો પોટૅશિયમ આયોડાઇડનું દ્રાવણ ઉમેરવામાં આવે, તો લેડ આયોડાઇડના પીળા અવક્ષેપ મળે છે.

$$PbSO_4 + 4CH_3COONH_4 \longrightarrow \underset{\text{એમોનિયમ ટેટ્રાએસિટોપ્લમ્બેટ (II)}}{(NH_4)_2[Pb(CH_3COO)_4]} + (NH_4)_2SO_4$$

$$Pb^{2+} + CrO_4^{2-} \longrightarrow \underset{\text{લેડક્રોમેટ (પીળા અવક્ષેપ)}}{PbCrO_4} \qquad Pb^{2+} + 2I^- \longrightarrow \underset{\text{લેડ આયોડાઇડ (પીળા અવક્ષેપ)}}{PbI_2}$$



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## 2. કૉપર આયન ($Cu^{2+}$)ની કસોટી

(a) કૉપર સલ્ફાઇડ, નાઇટ્રિક ઍસિડમાં દ્રાવ્ય થાય છે કારણ કે તેમની વચ્ચે પ્રક્રિયા થઈ કૉપર નાઇટ્રેટ બને છે.

$$3CuS + 8HNO_3 \longrightarrow 3Cu(NO_3)_2 + 2NO + 3S + 4H_2O$$

પ્રક્રિયા મિશ્રણને લાંબો સમય ગરમ કરવાથી સલ્ફરનું સલ્ફેટમાં ઑક્સિડેશન થાય છે અને કૉપર સલ્ફેટ બને છે. જે દ્રાવણને વાદળી રંગનું બનાવે છે. થોડા જથ્થામાં ઉમેરેલા $NH_4OH$ બેઝિક કૉપર સલ્ફેટના અવક્ષેપ ઉત્પન્ન કરે છે. જે વધુ એમોનિયમ હાઇડ્રૉક્સાઇડમાં ટેટ્રાએમ્માઇન કૉપર (II) સંકીર્ણ બનવાના કારણે દ્રાવ્ય થાય છે.

$$S + 2HNO_3 \rightarrow H_2SO_4 + 2NO$$

$$2Cu^{2+} + SO_4^{2-} + 2NH_3 + 2H_2O \rightarrow Cu(OH)_2 \cdot CuSO_4 + 2NH_4^+$$

$$Cu(OH)_2 \cdot CuSO_4 + 8NH_3 \rightarrow 2[Cu(NH_3)_4]SO_4 + 2OH^- + SO_4^{2-}$$

ટેટ્રાએમ્માઇનકૉપર (II)

સલ્ફેટ (ઘેરો વાદળી)

(b) આ વાદળી દ્રાવણને એસિટિક ઍસિડ વડે ઍસિડિક કરી તેમાં પોટેશિયમ ફેરોસાયનાઇડ ($[K_4Fe(CN)_6]$)નું દ્રાવણ ઉમેરતાં કૉપર ફેરોસાયનાઇડ એટલે કે $Cu_2[Fe(CN)_6]$ બનવાના કારણે દ્રાવણ ચૉકલેટ રંગનું બને છે.

$$[Cu(NH_3)_4]SO_4 + 4CH_3COOH \longrightarrow CuSO_4 + 4CH_3COONH_4$$

$$2CuSO_4 + K_4[Fe(CN)_6] \longrightarrow Cu_2[Fe(CN)_6] + 2K_2SO_4$$

પોટૅશિયમ હેક્ઝાસાયનોફેરેટ(II) — કૉપર હેક્ઝાસાયનોફેરેટ(II) (ચોકલેટ કથ્થાઈ અવક્ષેપ)

## સમૂહ-II B (આર્સેનિક સમૂહ)

જો સમૂહ- II ના અવક્ષેપ પીળા એમોનિયમ સલ્ફાઇડમાં દ્રાવ્ય થાય અને દ્રાવણ પીળા રંગનું રહે, તો તે $As^{3+}$ આયનની હાજરી સૂચવે છે. $As_2S_3$ ના વિલયનથી એમોનિયમ થાયોઆર્સેનાઇડ બને છે. જે મંદ HCl સાથે વિઘટન પામી આર્સેનિક (V) સલ્ફાઇડના પીળા અવક્ષેપ બનાવે છે. આ અવક્ષેપને સાંદ્ર નાઇટ્રિક ઍસિડ સાથે ગરમ કરવાથી બનતા આર્સેનિક ઍસિડના કારણે તે દ્રાવ્ય થાય છે. આ પ્રક્રિયા મિશ્રણમાં એમોનિયમ મોલિબ્ડેટનું દ્રાવણ ઉમેરતાં આછા પીળા રંગના અવક્ષેપ મળે છે. આ $As^{3+}$ આયનની હાજરી નિશ્ચિત કરે છે.

$$As_2S_3 + 3(NH_4)_2S_2 \longrightarrow 2(NH_4)_3AsS_4 + S$$

પીળો એમોનિયમ સલ્ફાઇડ

$$2(NH_4)_3AsS_4 + 6HCl \longrightarrow As_2S_5 + 3H_2S + 6NH_4Cl$$

$$3As_2S_5 + 10HNO_3 + 4H_2O \longrightarrow 6H_3AsO_4 + 10NO + 15S$$

આર્સેનિક ઍસિડ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



$$H_3AsO_4 + 12(NH_4)_2MoO_4 + 21HNO_3 \longrightarrow (NH_4)_3[As(Mo_3O_{10})_4] + 21NH_4NO_3 + 12H_2O$$

આર્સેનિક ઍસિડ    એમોનિયમ મોલિબ્ડેટ    એમોનિયમ આર્સિનોમોલિબ્ડેટ (પીળા અવક્ષેપ)

## (IV) સમૂહ-IIIના ધનાયનોનું પૃથક્કરણ

જો સમૂહ- II ગેરહાજર હોય, તો મૂળ દ્રાવણ લો અને તેમાં સાંદ્ર $HNO_3$નાં 2-3 ટીપાં ઉમેરો, જેથી જો તેમાં $Fe^{2+}$ હોય, તો તે $Fe^{3+}$ માં ઑક્સિડેશન પામી શકે. આ દ્રાવણને થોડી મિનિટ માટે ગરમ કરો. દ્રાવણને ઠંડું પાડ્યા બાદ, તેમાં થોડા પ્રમાણમાં ઘન એમોનિયમ ક્લોરાઇડ ($NH_4Cl$) ઉમેરી, એમોનિયાની વાસ આવે, ત્યાં સુધી તેમાં વધુ પ્રમાણમાં એમોનિયમ હાઇડ્રૉક્સાઇડ ($NH_4OH$)નું દ્રાવણ ઉમેરો. કસનળીને હલાવો. જો કથ્થાઈ અથવા સફેદ રંગના અવક્ષેપ મળે તો તે સમૂહ-III ના ધનાયનોની હાજરી સૂચવે છે. સમૂહ-IIIના ધનાયનોની નિર્ણાયક કસોટીઓને કોષ્ટક 7.14માં સંક્ષિપ્ત રીતે દર્શાવેલ છે.

અવક્ષેપના રંગ અને તેની પ્રકૃતિનું અવલોકન કરો. શ્લેષીય (gelatinous) સફેદ અવક્ષેપ ઍલ્યુમિનિયમ આયન ($Al^{3+}$)ની હાજરીનું સૂચન કરે છે. જો અવક્ષેપ કથ્થાઈ રંગના હોય, તો તે ફેરિક આયન ($Fe^{3+}$)ની હાજરી સૂચવે છે.

**કોષ્ટક 7.14 : સમૂહ-III ના ધનાયનોની નિર્ણાયક કસોટીઓ**

| કથ્થાઈ અવક્ષેપ $Fe^{3+}$ | સફેદ અવક્ષેપ $Al^{3+}$ |
|---|---|
| અવક્ષેપને મંદ HClમાં દ્રાવ્ય કરો અને દ્રાવણના બે ભાગ પાડો :<br>(a) પહેલા ભાગમાં પોટૅશિયમ ફેરોસાયનાઇડ (પોટૅશિયમ હેક્ઝાસાયનોફેરેટ(II))નું દ્રાવણ ઉમેરો. વાદળી અવક્ષેપ / રંગ જોવા મળે છે.<br>(b) બીજા ભાગમાં પોટૅશિયમ થાયોસાયનેટનું દ્રાવણ ઉમેરો. લોહી જેવો લાલ રંગ જોવા મળે છે. | અવક્ષેપને મંદ HClમાં દ્રાવ્ય કરો અને દ્રાવણના બે ભાગ પાડો :<br>(a) પહેલા ભાગમાં સોડિયમ હાઇડ્રૉક્સાઇડ ઉમેરો અને ગરમ કરો. સફેદ શ્લેષીય અવક્ષેપ વધુ સોડિયમ હાઇડ્રૉક્સાઇડના દ્રાવણમાં દ્રાવ્ય થાય છે.<br>(b) બીજા ભાગમાં સૌપ્રથમ વાદળી લિટમસનું દ્રાવણ ઉમેરો અને કસનળીની દીવાલને અડકાડીને ટીપે-ટીપે એમોનિયમ હાઇડ્રૉક્સાઇડનું દ્રાવણ ઉમેરો. તેથી રંગવિહીન દ્રાવણમાં વાદળી તરતું દ્રવ્ય જોવા મળે છે. |

### સમૂહ-IIIના ધનાયનોની નિર્ણાયક કસોટીઓનું રસાયણવિજ્ઞાન

જ્યારે મૂળ દ્રાવણને સાંદ્ર નાઇટ્રિક ઍસિડ સાથે ગરમ કરવામાં આવે છે, ત્યારે તેમાં જો ફેરસ આયન હાજર હોય, તો તે ફેરિક આયનમાં ઑક્સિડેશન પામે છે.

$$2FeCl_2 + 2HCl + [O] \rightarrow 2FeCl_3 + H_2O$$

ત્રીજા સમૂહના ધનાયનો તેના હાઇડ્રૉક્સાઇડ તરીકે અવક્ષેપિત થાય છે. જે મંદ હાઇડ્રૉક્લોરિક ઍસિડમાં તેઓના અનુવર્તી ક્લોરાઇડ બનવાને કારણે દ્રાવ્ય થાય છે.

### 1. ઍલ્યુમિનિયમ આયન($Al^{3+}$)ની કસોટી

(a) જ્યારે ઍલ્યુમિનિયમ ક્લોરાઇડ ધરાવતાં દ્રાવણની પ્રક્રિયા સોડિયમ હાઇડ્રૉક્સાઇડ સાથે કરવામાં



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



આવે છે, ત્યારે ઍલ્યુમિનિયમ હાઇડ્રૉક્સાઇડના સફેદ શ્લેષીય અવક્ષેપ બને છે. જે વધુ સોડિયમ હાઇડ્રૉક્સાઇડના દ્રાવણમાં સોડિયમ મેટા એલ્યુમિનેટ બનવાના કારણે દ્રાવ્ય હોય છે.

$$AlCl_3 + 3NaOH \longrightarrow Al(OH)_3 + 3NaCl$$

$$\underset{\text{સફેદ શ્લેષીય અવક્ષેપ}}{Al(OH)_3} + NaOH \longrightarrow \underset{\text{સોડિયમ મેટા એલ્યુમિનેટ}}{NaAlO_2} + 2H_2O$$

(b) બીજી કસોટીમાં જ્યારે દ્રાવણમાં વાદળી લિટમસપત્ર નાંખવામાં આવે છે, ત્યારે દ્રાવણ ઍસિડિક હોવાથી તે લાલ રંગનું બને છે. તેમાં ટીપે-ટીપે $NH_4OH$ નું દ્રાવણ ઉમેરવાથી દ્રાવણ બેઝિક બને છે અને ઍલ્યુમિનિયમ હાઇડ્રૉક્સાઇડ અવક્ષેપિત થાય છે. ઍલ્યુમિનિયમ હાઇડ્રૉક્સાઇડ દ્રાવણમાંથી વાદળી રંગનું શોષણ કરે છે અને ‘લેક’ નામનું અદ્રાવ્ય અધિશોષિત સંકીર્ણ બનાવે છે. આમ, રંગવિહીન દ્રાવણમાં વાદળી રંગનું તરતું દ્રવ્ય જોવા મળે છે. તેથી આ કસોટીને **લેક કસોટી** કહેવામાં આવે છે.

### 2. ફેરિક આયન ($Fe^{3+}$)ની કસોટી

ફેરિક હાઇડ્રૉક્સાઇડના લાલાશ પડતા કથ્થાઈ અવક્ષેપ હાઇડ્રૉક્લોરિક ઍસિડમાં ઓગળે છે અને ફેરિક ક્લોરાઇડ બને છે.

$$Fe(OH)_3 + 3HCl \longrightarrow FeCl_3 + 3H_2O$$

(a) જ્યારે ફેરિક ક્લોરાઇડ ધરાવતા દ્રાવણની પોટૅશિયમ ફેરોસાયનાઇડ દ્રાવણ સાથે પ્રક્રિયા કરવામાં આવે છે, ત્યારે વાદળી અવક્ષેપ / રંગ મળે છે. આ અવક્ષેપનો રંગ પ્રુસિયન બ્લૂ (Prussian blue) હોય છે. તે ફેરિક ફેરોસાયનાઇડ છે. આ પ્રક્રિયા નીચે દર્શાવ્યા મુજબ થાય છે :

$$4FeCl_3 + \underset{\text{પોટૅશિયમ ફેરોસાયનાઇડ}}{3K_4[Fe(CN)_6]} \longrightarrow \underset{\text{પ્રુસિયન બ્લૂ અવક્ષેપ}}{Fe_4[Fe(CN)_6]_3} + 12KCl$$

જો પોટૅશિયમ હેક્ઝાસાયનોફેરેટ(II) ને (એટલે કે પોટૅશિયમ ફેરોસાયનાઇડ) વધુ પ્રમાણમાં ઉમેરવામાં આવે, તો $KFe[Fe(CN)_6]$ સંયોજન નીપજ તરીકે બને છે. આ કલિલ દ્રાવણ (દ્રાવ્ય પ્રુસિયન બ્લૂ) બનાવે છે અને તેનું ગાળણ કરી શકાતું નથી.

$$FeCl_3 + K_4[Fe(CN)_6] \longrightarrow \underset{\text{(દ્રાવ્ય પ્રુસિયન બ્લૂ)}}{KFe[Fe(CN)_6]} + 3KCl$$

(b) દ્રાવણના બીજા ભાગમાં પોટૅશિયમ થાયોસાયનેટ (પોટૅશિયમ સલ્ફોસાયનાઇડ) ઉમેરો. લોહી જેવા લાલ રંગનું ઉત્પન્ન થવું $Fe^{3+}$ આયનની હાજરી નિશ્ચિત કરે છે.

$$Fe^{3+} + SCN^- \longrightarrow \underset{\text{લોહી જેવો લાલ રંગ}}{[Fe(SCN)]^{2+}}$$

### (V) સમૂહ-IVના ધનાયનોનું પૃથક્કરણ

જો સમૂહ-III ગેરહાજર હોય, તો સમૂહ- III ના દ્રાવણમાં $H_2S$ વાયુ થોડી મિનિટ માટે પસાર કરો. જો અવક્ષેપ (સફેદ, કાળા અથવા માંસવર્ણી) મળે, તો તે સમૂહ-IV ના ધનાયનોની હાજરી સૂચવે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



છે. કોષ્ટક 7.15 સમૂહ-IVના ધનાયનોની નિર્ણાયક કસોટીઓને સંક્ષિપ્તમાં દર્શાવે છે.

**કોષ્ટક 7.15 : સમૂહ-IVના ધનાયનોની નિર્ણાયક કસોટીઓ**

| સફેદ અવક્ષેપ ($Zn^{2+}$) | માંસવર્ણી અવક્ષેપ ($Mn^{2+}$) | કાળા અવક્ષેપ ($Ni^{2+}$, $Co^{2+}$) |
|---|---|---|
| અવક્ષેપને મંદ HCl માં ઉકાળીને દ્રાવ્ય કરો. આ દ્રાવણને બે ભાગમાં વહેંચો :<br>(a) પહેલા ભાગમાં સોડિયમ હાઇડ્રૉક્સાઈડનું દ્રાવણ ઉમેરો. બનતા સફેદ અવક્ષેપ વધુ સોડિયમ હાઇડ્રૉક્સાઇડના દ્રાવણમાં દ્રાવ્ય થાય છે, જે $Zn^{2+}$ આયનની હાજરી નિશ્ચિત કરે છે.<br>(b) બીજા ભાગને એમોનિયમ હાઇડ્રૉક્સાઇડના દ્રાવણ વડે તટસ્થ કરો અને તેમાં પોટેશિયમ ફેરોસાયનાઇડનું દ્રાવણ ઉમેરો. વાદળી પડતાં સફેદ અવક્ષેપ ઉત્પન્ન થાય છે. | અવક્ષેપને મંદ HCl માં ઉકાળીને દ્રાવ્ય કરો. બાદમાં સોડિયમ હાઇડ્રૉક્સાઇડના દ્રાવણને વધુ પ્રમાણમાં ઉમેરો. સફેદ અવક્ષેપ ઉત્પન્ન થાય છે, જેને રાખી મૂકવાથી કથ્થાઈ રંગમાં ફેરવાય છે. | અવક્ષેપને એકવારિજીયામાં દ્રાવ્ય કરો. દ્રાવણને શુષ્ક થાય ત્યાં સુધી, ગરમ કરો અને ઠંડુ પાડો. અવશેષને પાણીમાં દ્રાવ્ય કરો અને દ્રાવણને બે ભાગમાં વહેંચો :<br>(a) દ્રાવણના પહેલા ભાગમાં દ્રાવણ બેઝિક થાય, ત્યાં સુધી એમોનિયમ હાઇડ્રૉક્સાઇડનું દ્રાવણ ઉમેરો. ડાયમિથાઈલ ગ્લાયોક્ઝાઈમના થોડાં ટીપાં ઉમેરો અને કસનળીને હલાવો. ચળકતા લાલ અવક્ષેપનું બનવુ $Ni^{2+}$ આયનની હાજરી નિશ્ચિત કરે છે.<br>(b) બીજા ભાગને એમોનિયમ હાઇડ્રૉક્સાઇડના દ્રાવણ વડે તટસ્થ કરો. તેને એસિટિક ઍસિડ વડે ઍસિડિક બનાવો અને ઘન પોટૅશિયમ નાઇટ્રાઇટ ઉમેરો. મળતા પીળા અવક્ષેપ $Co^{2+}$ આયનની હાજરી નિશ્ચિત કરે છે. |

## સમૂહ-IV ના ધનાયનોની નિર્ણાયક કસોટીનું રસાયણવિજ્ઞાન

ચોથા સમૂહના ધનાયનો તેમના સલ્ફાઇડ તરીકે અવક્ષેપિત થાય છે. અવક્ષેપના રંગનું અવલોકન કરો. અવક્ષેપનો સફેદ રંગ ઝિંક આયનની હાજરી સૂચવે છે, માંસ જેવો (માંસવર્ણી) રંગ મૅંગેનીઝની હાજરી સૂચવે છે અને કાળો રંગ $Ni^{2+}$ અથવા $Co^{2+}$ ની હાજરી સૂચવે છે.

### 1. ઝિંક આયન ($Zn^{2+}$)ની કસોટી

ઝિંક સલ્ફાઇડ હાઇડ્રૉક્લોરિક ઍસિડમાં દ્રાવ્ય થઈ ઝિંક ક્લોરાઇડ બનાવે છે.

$$ZnS + 2HCl \longrightarrow ZnCl_2 + H_2S$$



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



(a) દ્રાવણમાં સોડિયમ હાઇડ્રૉક્સાઇડનું દ્રાવણ ઉમેરવાથી ઝિંક હાઇડ્રૉક્સાઇડના સફેદ અવક્ષેપ મળે છે, જે વધુ NaOHના દ્રાવણમાં ગરમ કરવાથી દ્રાવ્ય થાય છે. તે $Zn^{2+}$ આયનની હાજરી નિશ્ચિત કરે છે.

$$ZnCl_2 + 2NaOH \longrightarrow Zn(OH)_2 + 2NaCl$$

$$Zn(OH)_2 + 2NaOH \longrightarrow \underset{\text{સોડિયમ ઝિંકેટ}}{Na_2ZnO_2} + 2H_2O$$

(b) જ્યારે દ્રાવણને $NH_4OH$ ના દ્રાવણ વડે તટસ્થ કર્યા બાદ તેમાં પોટૅશિયમ ફેરોસાયનાઇડનું $K_4[Fe(CN)_6]$ દ્રાવણ ઉમેરવામાં આવે છે, ત્યારે ઝિંક ફેરોસાયનાઇડના સફેદ અથવા વાદળી પડતાં સફેદ અવક્ષેપ મળે છે.

$$2ZnCl_2 + K_4[Fe(CN)_6] \longrightarrow \underset{\text{ઝિંક ફેરોસાયનાઇડ}}{Zn_2[Fe(CN)_6]} + 4KCl$$

## 2. મૅંગેનીઝ આયન ($Mn^{2+}$)ની કસોટી

મૅંગેનીઝ સલ્ફાઇડના અવક્ષેપને મંદ HCl માં ઉકાળીને દ્રાવ્ય કરો. NaOH ના દ્રાવણને વધુ પ્રમાણમાં ઉમેરવાથી મૅંગેનીઝ હાઇડ્રૉક્સાઇડના સફેદ અવક્ષેપ ઉત્પન્ન થાય છે, જે વાતાવરણીય ઑક્સિડેશન દ્વારા જળયુક્ત મૅંગેનીઝ ડાયૉક્સાઇડમાં રૂપાંતર પામવાના કારણે કથ્થાઈ રંગના બને છે.

$$MnS + 2HCl \longrightarrow MnCl_2 + H_2S$$

$$MnCl_2 + 2NaOH \longrightarrow \underset{\text{(સફેદ અવક્ષેપ)}}{Mn(OH)_2} + 2NaCl$$


$$Mn(OH)_2 + [O] \longrightarrow \underset{\text{જળયુક્ત મૅંગેનીઝ ડાયૉક્સાઇડ (કથ્થાઈ રંગ)}}{MnO(OH)_2}$$

## 3. નિકલ આયન ($Ni^{2+}$)ની કસોટી

નિકલ સલ્ફાઇડના કાળા અવક્ષેપ એકવારિજીયામાં દ્રાવ્ય થાય છે અને નીચે જણાવેલી પ્રક્રિયા થાય છે :

$$3NiS + 2HNO_3 + 6HCl \longrightarrow 3NiCl_2 + 2NO + 3S + 4H_2O$$

એકવારિજીયા સાથે પ્રક્રિયા કર્યા બાદ નિકલ ક્લોરાઇડ મળે છે, જે પાણીમાં દ્રાવ્ય હોય છે. નિકલ ક્લોરાઇડના જલીય દ્રાવણને $NH_4OH$ ઉમેરીને બેઝિક બનાવીને, તેમાં ડાયમિથાઈલ ગ્લાયોક્ઝાઇમ ઉમેરવામાં આવે, તો ચળકતા લાલ અવક્ષેપ મળે છે.




*લાલ રંગનું સંકીર્ણ*
*(સંકીર્ણનું સ્થાયી સ્વરૂપ)*



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



### 4. કોબાલ્ટ આયન ($Co^{2+}$)ની કસોટી

નિકલ સલ્ફાઇડની જેમ કોબાલ્ટ સલ્ફાઇડ પણ એક્વારિજીયામાં દ્રાવ્ય થાય છે. એક્વારિજીયાની પ્રક્રિયા થયા બાદ મળતા અવશેષના જલીય દ્રાવણને એમોનિયમ હાઇડ્રૉક્સાઇડ વડે તટસ્થીકરણ કર્યા બાદ તેમાં પોટૅશિયમ નાઇટ્રાઇટનું દ્રાવણ ઉમેરીને એસિટિક ઍસિડ વડે ઍસિડિક કરવામાં આવે, તો પોટૅશિયમ હેક્ઝાનાઇટ્રાઇટોકોબાલ્ટેટ (III) નામના કોબાલ્ટના સંકીર્ણના પીળા અવક્ષેપ મળે છે.

$$CoS + HNO_3 + 3HCl \longrightarrow CoCl_2 + NOCl + S + 2H_2O$$

$$CoCl_2 + 7KNO_2 + 2CH_3COOH \longrightarrow K_3[Co(NO_2)_6] + 2KCl + 2CH_3COOK + NO + H_2O$$

પોટૅશિયમ
હેક્ઝાનાઇટ્રાઇટોકોબાલ્ટેટ(III)
(પીળા અવક્ષેપ)

## (VI) સમૂહ-Vના ધનાયનોનું પૃથક્કરણ

જો સમૂહ-IV ગેરહાજર હોય, તો મૂળ દ્રાવણ લો અને તેમાં થોડા પ્રમાણમાં ઘન $NH_4Cl$ અને વધુ પ્રમાણમાં $NH_4OH$ નું દ્રાવણ ઉમેર્યા બાદ ઘન એમોનિયમ કાર્બોનેટ $(NH_4)_2CO_3$ ઉમેરો. જો સફેદ અવક્ષેપ મળે, તો તે સમૂહ-V ના ધનાયનોની હાજરી સૂચવે છે.

સફેદ અવક્ષેપને મંદ એસિટિક ઍસિડ સાથે ઉકાળીને દ્રાવ્ય કરો અને દ્રાવણને $Ba^{2+}$, $Sr^{2+}$ અને $Ca^{2+}$ આયનોના પરીક્ષણ માટે ત્રણ ભાગમાં વહેંચો. **અવક્ષેપનો થોડો જથ્થો જ્યોત કસોટી માટે સાચવી રાખો.** નિર્ણાયક કસોટીઓને સંક્ષિપ્તમાં કોષ્ટક 7.16 માં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક 7.16 : સમૂહ-V ના ધનાયનોની નિર્ણાયક કસોટી**

| અવક્ષેપને મંદ એસિટિક ઍસિડ સાથે ઉકાળીને દ્રાવ્ય કરો અને દ્રાવણને $Ba^{2+}$, $Sr^{2+}$ અને $Ca^{2+}$ આયનોના પરીક્ષણ માટે ત્રણ ભાગમાં વહેંચો | | |
|---|---|---|
| **$Ba^{2+}$ આયન** | **$Sr^{2+}$ આયન** | **$Ca^{2+}$ આયન** |
| (a) પહેલા ભાગમાં પોટૅશિયમ ક્રોમેટનું દ્રાવણ ઉમેરો. પીળા અવક્ષેપ મળે છે.<br>(b) સાચવી રાખેલા અવક્ષેપની જ્યોત કસોટી કરો. ઘાસ જેવા લીલા રંગની જ્યોત મળે છે. | (a) જો બેરિયમ ગેરહાજર હોય, તો દ્રાવણનો બીજો ભાગ લો અને તેમાં એમોનિયમ સલ્ફેટનું દ્રાવણ ઉમેરો. દ્રાવણને ગરમ કરો અને કસનળીની અંદરની દીવાલોને કાચના સળિયા વડે ઘસો અને ઠંડું કરો. સફેદ અવક્ષેપ મળે છે.<br>(b) સાચવી રાખેલા અવક્ષેપથી જ્યોત કસોટી કરો. કિરમજી લાલ જ્યોત $Sr^{2+}$ આયનની હાજરી નિશ્ચિત કરે છે. | (a) જો બેરિયમ અને સ્ટ્રૉન્શિયમ ગેરહાજર હોય, તો દ્રાવણનો ત્રીજો ભાગ લો. તેમાં એમોનિયમ ઑક્ઝેલેટ દ્રાવણ ઉમેરો અને બરાબર હલાવો. કૅલ્શિયમ ઑક્ઝેલેટના સફેદ અવક્ષેપ મળે છે.<br>(b) સાચવી રાખેલા અવક્ષેપથી જ્યોત કસોટી કરો. ઈંટ જેવા લાલ રંગની જ્યોત મળે છે, જેને વાદળી કાચથી જોતાં લીલાશપડતી પીળી જોવા મળે છે. આ $Ca^{2+}$ આયનની હાજરી નિશ્ચિત કરે છે. |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## સમૂહ-Vના ધનાયનોની નિર્ણાયક કસોટીઓનું રસાયણવિજ્ઞાન

સમૂહ-Vના ધનાયનો તેમના કાર્બોનેટ તરીકે અવક્ષેપિત થાય છે, જે ઍસિટિક ઍસિડમાં તેમના અનુવર્તી ઍસિટેટ બનવાના કારણે દ્રાવ્ય થાય છે.

### 1. બેરિયમ આયન ($Ba^{2+}$)ની કસોટી

(a) જ્યારે પાંચમા સમૂહના અવક્ષેપને ઍસિટિક ઍસિડમાં લઈને પોટૅશિયમ ક્રોમેટના ($K_2CrO_4$) દ્રાવણ સાથે પ્રક્રિયા કરતાં, બેરિયમ ક્રોમેટના પીળા અવક્ષેપ મળે છે.

$$BaCO_3 + 2CH_3COOH \longrightarrow (CH_3COO)_2Ba + H_2O + CO_2$$

$$(CH_3COO)_2Ba + K_2CrO_4 \longrightarrow \underset{\substack{\text{બેરિયમ ક્રોમેટ} \\ \text{(પીળા અવક્ષેપ)}}}{BaCrO_4} + 2CH_3COOK$$

(b) **જ્યોત કસોટી :** પ્લેટિનમનો તાર લો અને સાંદ્ર HCl માં ડુબાડો. તેને ત્યાં સુધી વધુ ગરમ કરો જ્યાં સુધી તે જ્યોતિહીન જ્યોતમાં રંગ આપવાનું બંધ કરી દે. હવે તારને સાંદ્ર HClમાં બનાવેલી અવક્ષેપની (સમૂહ-V) લુગદીમાં ડુબાડો. તેને જ્યોતમાં ગરમ કરો. ઘાસ જેવા લીલા રંગની જ્યોત $Ba^{2+}$ આયનની હાજરી નિશ્ચિત કરે છે.

### 2. સ્ટ્રૉન્શિયમ આયન ($Sr^{2+}$)ની કસોટી

(a) પાંચમા સમૂહના અવક્ષેપોનું ઍસિટિક ઍસિડમાં બનાવેલા દ્રાવણને એમોનિયમ સલ્ફેટના [$(NH_4)_2SO_4$] દ્રાવણ સાથે ગરમ કરવાથી અને કસનળીની અંદરની દીવાલોને કાચના સળિયા વડે ઘસવાથી સ્ટ્રૉન્શિયમ સલ્ફેટના સફેદ અવક્ષેપ મળે છે.

$$SrCO_3 + 2CH_3COOH \longrightarrow (CH_3COO)_2Sr + H_2O + CO_2$$

$$(CH_3COO)_2Sr + (NH_4)_2SO_4 \longrightarrow \underset{\substack{\text{સ્ટ્રૉન્શિયમ} \\ \text{સલ્ફેટ} \\ \text{(સફેદ અવક્ષેપ)}}}{SrSO_4} + 2CH_3COONH_4$$

(b) **જ્યોત કસોટી :** $Ba^{2+}$ માં દર્શાવ્યા મુજબ જ્યોત કસોટી કરો. કિરમજી લાલ જ્યોત $Sr^{2+}$ ની હાજરી નિશ્ચિત કરે છે.

### 3. કેલ્શિયમ આયન ($Ca^{2+}$)ની કસોટી

(a) પાંચમા સમૂહના અવક્ષેપોનું ઍસિટિક ઍસિડમાં બનાવેલું દ્રાવણ એમોનિયમ ઑક્ઝેલેટના દ્રાવણ સાથે પ્રક્રિયા કરી સફેદ અવક્ષેપ આપે છે.

$$CaCO_3 + 2CH_3COOH \longrightarrow (CH_3COO)_2Ca + H_2O + CO_2$$

$$(CH_3COO)_2Ca + \underset{\substack{\text{એમોનિયમ} \\ \text{ઑક્ઝેલેટ}}}{(NH_4)_2C_2O_4} \longrightarrow \underset{\substack{\text{કેલ્શિયમ ઑક્ઝેલેટ} \\ \text{(સફેદ અવક્ષેપ)}}}{(COO)_2Ca} + 2CH_3COONH_4$$

(b) **જ્યોત કસોટી :** ઉપર જણાવ્યા મુજબ જ્યોત કસોટી કરો. કૅલ્શિયમના કારણે ઈંટ જેવી લાલ જ્યોત મળે છે, જેને વાદળી કાચથી જોતાં લીલાશપડતી પીળી જ્યોત દેખાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## (VII) સમૂહ- VI ના ધનાયનોનું પૃથક્કરણ

જો સમૂહ-V ગેરહાજર હોય તો $Mg^{2+}$ આયનની નીચે દર્શાવેલી કસોટી કરો :

### સમૂહ- VI ના ધનાયનોની નિર્ણાયક કસોટીનું રસાયણવિજ્ઞાન

#### મૅગ્નેશિયમ આયનની ($Mg^{2+}$) કસોટી

(a) જો સમૂહ-V ગેરહાજર હોય, તો દ્રાવણમાં મૅગ્નેશિયમ કાર્બોનેટ હોઈ શકે છે, જે એમોનિયમ ક્ષારની હાજરીમાં પાણીમાં દ્રાવ્ય હોય છે, કારણ કે સંતુલન જમણી તરફ સ્થાનાંતર પામે છે.

$$NH_4^+ + CO_3^{2-} \rightleftharpoons NH_3 + HCO_3^-$$

અવક્ષેપ ઉત્પન્ન કરવા માટે કાર્બોનેટ આયનોની જરૂરી સાંદ્રતા પ્રાપ્ત થતી નથી. જ્યારે ડાયસોડિયમ હાઇડ્રોજન ફૉસ્ફેટનું દ્રાવણ ઉમેરવામાં આવે છે અને કસનળીની અંદરની દીવાલને કાચના સળિયા વડે ઘસવામાં આવે છે ત્યારે મૅગ્નેશિયમ એમોનિયમ ફૉસ્ફેટના સફેદ અવક્ષેપ મળે છે, જે $Mg^{2+}$ આયનની હાજરી સૂચવે છે.

$$Mg^{2+} + Na_2HPO_4 \rightarrow Mg(NH_4)PO_4 + NH_4OH + 2Na^+ + H_2O$$

મૅગ્નેશિયમ એમોનિયમ

ફૉસ્ફેટ (સફેદ અવક્ષેપ)

ગુણાત્મક પૃથક્કરણનાં અવલોકનો અને અનુમાનોને પછીનાં પાનાઓમાં પ્રશ્નોની યાદી પછી દર્શાવેલા નમૂનાની નોંધ (specimen record) મુજબ કોષ્ટક સ્વરૂપે નોંધો.

**નોંધ :**

*કેટલીક વાર મૅગ્નેશિયમ એમોનિયમ ફૉસ્ફેટના અવક્ષેપ થોડા સમય બાદ જોવા મળે છે. તેથી સોડિયમ હાઇડ્રોજન ફૉસ્ફેટનું દ્રાવણ ઉમેર્યા બાદ દ્રાવણને ગરમ કરો અને કસનળીની અંદરની દીવાલને ઘસો.*

**સાવચેતીઓ :**

(a) રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળામાં કામ કરતી વખતે હંમેશાં એપ્રોન, આંખ રક્ષક તરીકે ચ-માં અને હાથના મોજાંનો ઉપયોગ કરો.

(b) કોઈ પણ પ્રક્રિયક કે રસાયણનો ઉપયોગ કરતા પહેલાં બોટલ પરના લેબલને કાળજીપૂર્વક વાંચો. લેબલ વિનાના પ્રક્રિયકનો ઉપયોગ કરવો નહિ.

(c) રસાયણો અને પ્રક્રિયકોને બિનજરૂરી રીતે મિશ્ર ન કરો. કોઈ પણ રસાયણનો સ્વાદ ચાખશો નહિ.

(d) રસાયણો કે બાષ્પને સૂંઘતી વખતે સાવચેતી રાખો. બાષ્પને હંમેશાં હાથ વડે પવન નાંખીને ધીમેથી તમારા નાક સુધી પહોંચાડો (આકૃતિ 7.9).

(e) સોડિયમ ધાતુને પાણીમાં નાંખશો નહિ કે સિંક અથવા કચરાપેટીમાં ફેંકશો નહિ.

(f) મંદન માટે હંમેશાં પાણીમાં ઍસિડ ઉમેરો. ઍસિડમાં પાણી નહિ.

(g) જ્યારે કસનળીને ગરમ કરો, ત્યારે સાવચેતી રાખો. ગરમ કરતી વખતે કે પ્રક્રિયક ઉમેરતી વખતે, કસનળીનું મુખ તમારી કે તમારા પડોશી તરફ રાખવું જોઈએ નહિ.

(h) વિસ્ફોટક સંયોજનો, જ્વલનશીલ પદાર્થો, ઝેરી વાયુઓ, વિદ્યુત



**આકૃતિ 7.9 :** *વાયુને કેવી રીતે સૂંઘવો*



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



ઉપકરણો, કાચનાં પાત્રો, જ્યોત અને ગરમ પદાર્થોનો ઉપયોગ કરતી વખતે સાવચેતી રાખો.

(i) તમારા કાર્યસ્થળને સાફ રાખો. કાગળ અને કાચને સિંકમાં નાખશો નહિ. તે માટે હંમેશાં કચરાપેટીનો ઉપયોગ કરો.

(j) પ્રયોગશાળાનું કાર્ય પૂર્ણ થયા બાદ હંમેશાં તમારા હાથ ધુઓ.

(k) હંમેશાં પ્રક્રિયકના ઓછામાં ઓછા જથ્થાનો ઉપયોગ કરો. પ્રક્રિયકનો વધુ ઉપયોગ માત્ર રસાયણોનો બગાડ જ નહિ પણ પર્યાવરણને નુકસાન પણ પહોંચાડે છે.

## ચર્ચાત્મક પ્રશ્નો :

(i) ગુણાત્મક અને જથ્થાત્મક પૃથક્કરણ વચ્ચે શું તફાવત છે ?

(ii) શું આપણે જ્યોત કસોટી કરવા માટે પ્લેટિનમ તારના બદલે કાચનો સળિયો વાપરી શકીએ ? તમારો ઉત્તર સમજાવો.

(iii) જ્યોત કસોટી માટે અન્ય ધાતુઓની સાપેક્ષે પ્લેટિનમ ધાતુને શા માટે અગ્રિમતા આપવામાં આવે છે ?

(iv) મંદ $H_2SO_4$ ની મદદથી પારખી શકાતા હોય, તેવા ઋણાયનોનાં નામ જણાવો.

(v) ઋણાયનોની કસોટી માટે મંદ HCl ની સાપેક્ષે મંદ $H_2SO_4$ ને શા માટે અગ્રિમતા આપવામાં આવે છે ?

(vi) સાંદ્ર $H_2SO_4$ વડે પારખી શકાતા ઋણાયનોનાં નામ લખો.

(vii) સોડિયમ કાર્બોનેટ નિષ્કર્ષ કેવી રીતે તૈયાર કરવામાં આવે છે ?

(viii) ચૂનાનું પાણી એટલે શું ? તેમાં કાર્બન ડાયૉક્સાઇડ વાયુ પસાર કરવાથી શું થાય છે ?

(ix) કાર્બન ડાયૉક્સાઇડ અને સલ્ફર ડાયૉક્સાઇડ બંને વાયુઓ ચૂનાના પાણીને દૂધિયું બનાવે છે. તમે તે બંને વચ્ચેનો ભેદ કેવી રીતે પારખશો ?

(x) તમે કાર્બોનેટ આયનની હાજરીની કસોટી કેવી રીતે કરશો ?

(xi) નાઇટ્રેટ માટેની વીંટી કસોટીમાં બે સ્તરોના સંગમ સ્થાને રચાતી ઘેરા કથ્થાઈ રંગની વીંટીનું સંઘટન (composition) શું હોય છે ?

(xii) સોડિયમ નાઇટ્રૉપ્રુસાઇડ કસોટી દ્વારા નિશ્ચિત થતા આયનના (મૂલક) નામ જણાવો.

(xiii) ક્રોમાઇલ ક્લોરાઇડ કસોટી એટલે શું ? તમે $CrO_2Cl_2$ ના ઍસિડિક સ્વભાવનું વાજબીપણું કેવી રીતે નક્કી કરશો ?

(xiv) બ્રોમાઇડ અને આયોડાઇડ ક્રોમાઇલ ક્લોરાઇડ જેવી કસોટીઓ શા માટે નથી આપતા ?

(xv) બ્રોમાઇડ અને આયોડાઇડ આયનો માટેની સ્તર કસોટી વર્ણવો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



(xvi) સિલ્વર નાઈટ્રેટના દ્રાવણને શા માટે ઘેરા રંગની બોટલમાં ભરવામાં આવે છે ?

(xvii) સલ્ફાઇડ આયનની હાજરી પારખવા માટે તમે કઈ કસોટી કરશો ?

(xviii) આયોડિન સ્ટાર્ચના દ્રાવણ સાથે શા માટે વાદળી રંગ આપે છે ?

(xix) નેસ્લર પ્રક્રિયક એટલે શું ?

(xx) ધનાયનો માટેનું મૂળ દ્રાવણ શા માટે સાંદ્ર $HNO_3$ અથવા $H_2SO_4$ માં બનાવવામાં આવતું નથી ?

(xxi) પ્રથમ સમૂહના ધનાયનોના અવક્ષેપન માટે સમૂહ પ્રક્રિયક તરીકે મંદ HCl ના બદલે સાંદ્ર HCl નો ઉપયોગ શા માટે કરી શકાતો નથી ?

(xxii) દ્વિતીય સમૂહની સાથે સમૂહ- IV નાં આયનોનું (મૂલક) અવક્ષેપન કેવી રીતે રોકી શકાય છે ?

(xxiii) સમૂહ-III નાં આયનોના (મૂલક) અવક્ષેપન અગાઉ દ્રાવણમાંથી શા માટે $H_2S$ વાયુને ઉકાળીને દૂર કરવામાં આવે છે ?

(xxiv) સમૂહ-III ના અવક્ષેપન અગાઉ દ્રાવણને શા માટે સાંદ્ર નાઇટ્રિક ઍસિડ સાથે ગરમ કરવામાં આવે છે ?

(xxv) શું સમૂહ-III માં આપણે એમોનિયમ ક્લોરાઇડના સ્થાને એમોનિયમ સલ્ફેટ વાપરી શકીએ ?

(xxvi) સમૂહ-V ના ધનાયનોનું અવક્ષેપન કરવા માટે $(NH_4)_2CO_3$ નું દ્રાવણ ઉમેરતાં અગાઉ શા માટે $NH_4OH$ ઉમેરવામાં આવે છે ?

(xxvii) ક્યારેક-ક્યારેક ક્ષારમાં $Mg^{2+}$ ન હોવા છતાં સમૂહ- VI માં સફેદ અવક્ષેપ શા માટે જોવા મળે છે ?

(xxviii) એક્વાયરિજીયા(અમ્લરાજ) એટલે શું ?

(xxix) એવા એક ધનાયનનું નામ જણાવો જે ધાતુમાંથી મેળવવામાં આવતું નથી.

(xxx) એમોનિયમ આયનની હાજરીની કસોટી તમે કેવી રીતે કરશો ?

(xxxi) સમૂહ-V નાં આયનોની (મૂલક) કસોટીમાં શા માટે $Ba^{2+}$ , $Sr^{2+}$ અને $Ca^{2+}$ ના ક્રમમાં કરવામાં આવે છે ?

(xxxii) બોટલમાં રાખેલો સાંદ્ર $HNO_3$ શા માટે પીળો થઈ જાય છે ?

(xxxiii) સમૂહ-V ની કસોટી કરતાં અગાઉ દ્રાવણને શા માટે સંકેન્દ્રિત કરવું જોઈએ ?

(xxxiv) સોડિયમ હાઇડ્રૉક્સાઇડ દ્રાવણની પ્રક્રિયક બોટલને શા માટે બંધ કરવામાં આવતી નથી ?

(xxxv) સમાન આયન અસર અંગે તમારી સમજ શું છે ?

(xxxvi) સમૂહ-II માં ઝિંક સલ્ફાઇડ શા માટે અવક્ષેપિત થતો નથી ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## ક્ષારના પૃથક્કરણ માટે નમૂનાની નોંધ

### હેતુ :

આપેલા ક્ષારમાં રહેલા એક ધનાયન અને એક ઋણાયનને જાણવા માટે પૃથક્કરણ કરવું.

### જરૂરી સામગ્રી :



- ઉત્કલન નળીઓ, કસનળીઓ, કસનળી હોલ્ડર, કસનળી સ્ટૅન્ડ, નિકાસ નળી, કોર્ક, ગાળણપત્ર, પ્રક્રિયકો

| અનુક્રમ | પ્રયોગ | અવલોકન | અનુમાન |
|---|---|---|---|
| 1. | આપેલા ક્ષારનો રંગ નોંધ્યો. | સફેદ | $Cu^{2+}$, $Fe^{2+}$, $Ni^{2+}$, $Co^{2+}$, $Mn^{2+}$ ગેરહાજર છે. |
| 2. | ક્ષારની વાસ નોંધી. | કોઈ વિશિષ્ટ વાસ નથી. | $S^{2-}$, $SO_3^{2-}$, $CH_3COO^-$ ગેરહાજર હોઈ શકે છે. |
| 3. | 0.5 g ક્ષારને શુષ્ક કસનળીમાં ગરમ કર્યો અને ઉત્પન્ન થતાં વાયુનો રંગ નોંધ્યો તથા અવશેષના રંગને ગરમ અને ઠંડી સ્થિતિમાં નોંધ્યો. | (i) કોઈ વાયુ નીકળ્યો નહિ.<br>(ii) ગરમ અને ઠંડી સ્થિતિમાં અવશેષના રંગમાં કોઈ ફેરફાર જોવા મળ્યો નથી. | (i) $CO_3^{2-}$ હાજર હોઈ શકે છે. $NO_3^-$, $NO_2^-$, $Br^-$ ગેરહાજર હોઈ શકે છે.<br>(ii) $Zn^{2+}$ ગેરહાજર હોઈ શકે છે. |
| 4. | ક્ષારની સાંદ્ર HCl સાથે લુગદી બનાવી અને જ્યોત કસોટી કરી. | જ્યોતમાં કોઈ વિશેષ રંગ જોવા મળ્યો નહિ. | $Ca^{2+}$, $Sr^{2+}$, $Ba^{2+}$, $Cu^{2+}$ ગેરહાજર હોઈ શકે છે. |
| 5. | ક્ષારનો રંગ સફેદ હોવાથી બોરેક્સ મણકા કસોટી કરી નહિ. | - | - |
| 6. | 0.1g ક્ષારને 1 mL મંદ $H_2SO_4$ સાથે ગરમ કર્યો. | ઊભરા જોવા મળતા નથી અને કોઈ બાષ્પ નીકળી નહિ. | $CO_3^{2-}$, $SO_3^{2-}$, $S^{2-}$, $NO_2^-$ $CH_3COO^-$ ગેરહાજર |
| 7. | 0.1 g ક્ષારને 1 mL સાંદ્ર $H_2SO_4$ સાથે ગરમ કર્યો. | કોઈ વાયુ ઉત્પન્ન થયો નહિ. | $Cl^-$, $Br^-$, $I^-$, $NO_3^-$, $C_2O_4^{2-}$ ગેરહાજર |
| 8. | 1 mL ક્ષારના જલીય દ્રાવણને સાંદ્ર $HNO_3$ વડે ઍસિડિક કર્યું. આ મિશ્રણને ગરમ કરી તેમાં એમોનિયમ મોલિબ્ડેટ દ્રાવણનાં 4 - 5 ટીપાં ઉમેર્યાં. | પીળા અવક્ષેપ પ્રાપ્ત થયા નહિ. | $PO_4^{3-}$ ગેરહાજર |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



| | | | |
|---|---|---|---|
| 9. | ક્ષારના જળનિષ્કર્ષને મંદ HCl વડે ઍસિડિક બનાવી તેમાં 2mL $BaCl_2$ નું દ્રાવણ ઉમેર્યું. | સફેદ અવક્ષેપ મળ્યા જે સાંદ્ર $HNO_3$ અને સાંદ્ર HCl માં અદ્રાવ્ય રહે છે. | $SO_4^{2-}$ હાજર |
| 10. | 0.1 g ક્ષારને 2 mL NaOH ના દ્રાવણ સાથે ગરમ કરો. | એમોનિયા વાયુ ઉત્પન્ન થયો નહિ. | $NH_4^+$ ગેરહાજર |
| 11. | 1 g ક્ષારને 20 mL પાણીમાં દ્રાવ્ય કરી મૂળ દ્રાવણ બનાવ્યું. | પારદર્શક દ્રાવણ બન્યું. | પાણીમાં દ્રાવ્ય ક્ષાર હાજર |
| 12. | ઉપરના ક્ષારના થોડા દ્રાવણમાં 2 mL મંદ HCl ઉમેર્યું. | સફેદ અવક્ષેપ ઉત્પન્ન થયા નહિ. | સમૂહ-I ગેરહાજર |
| 13. | તબક્કા-12 ના દ્રાવણના એક ભાગમાં $H_2S$ વાયુ પસાર કર્યો. | અવક્ષેપ ઉત્પન્ન થયા નહિ. | સમૂહ-II ગેરહાજર |
| 14. | ક્ષાર સફેદ છે તેથી તેને સાંદ્ર $HNO_3$ સાથે ગરમ કરવાની જરૂર નથી. તબક્કા-12 ના દ્રાવણમાં 0.2 g ઘન એમોનિયમ ક્લોરાઇડ ઉમેર્યા બાદ, વધુ પ્રમાણમાં એમોનિયમ હાઇડ્રૉક્સાઇડનું દ્રાવણ ઉમેર્યું. | કોઈ અવક્ષેપ ઉત્પન્ન થતા નથી. | સમૂહ-III ગેરહાજર |
| 15. | ઉપરના દ્રાવણમાં $H_2S$ વાયુ પસાર કર્યો. | કોઈ અવક્ષેપ ઉત્પન્ન થતા નથી. | સમૂહ-IV ગેરહાજર |
| 16. | મૂળ દ્રાવણમાં વધુ પ્રમાણમાં એમોનિયમ હાઇડ્રૉક્સાઈડ ઉમેર્યા બાદ તેમાં 0.5 g એમોનિયમ કાર્બોનેટ ઉમેર્યો. | અવક્ષેપ ઉત્પન્ન થતા નથી. | સમૂહ-V ગેરહાજર |
| 17. | ક્ષારના મૂળ દ્રાવણમાં એમોનિયમ હાઇડ્રૉક્સાઇડનું દ્રાવણ ઉમેરી તેમાં ડાયસોડિયમ હાઇડ્રૉજન ફૉસ્ફેટનું દ્રાવણ ઉમેર્યું, ગરમ કર્યુ અને કસનળીની અંદરની દીવાલને ઘસી. | સફેદ અવક્ષેપ | $Mg^{2+}$ નિશ્ચિત હાજર |

**પરિણામ :**

આપેલા ક્ષારમાં નીચે દર્શાવેલા આયનો હાજર છે :

ઋણાયન : $SO_4^{2-}$


ધનાયન : $Mg^{2+}$



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# એકમ 8
# કાર્બનિક સંયોજનોમાં ક્રિયાશીલ સમૂહો માટેની કસોટીઓ (Tests for Functional Groups in Organic Compounds)



## પ્રયોગ 8.1

**હેતુ :**

કાર્બનિક સંયોજનમાં હાજર ક્રિયાશીલ સમૂહોની પરખ કરવી.

### 1. અસંતૃપ્તતા માટેની કસોટીઓ

**સિદ્ધાંત :**

$>C=C<$ અને / અથવા $-C\equiv C-$ બંધ ધરાવતા કાર્બનિક સંયોજનોને અસંતૃપ્ત સંયોજનો કહે છે. આ સંયોજનો બ્રોમિનજળ અથવા બ્રોમિનનું કાર્બન ટેટ્રાક્લોરાઈડ, ક્લૉરોફૉર્મ અથવા ગ્લેસિઅલ એસિટિક ઍસિડમાં બનાવેલ દ્રાવણ સાથે યોગશીલ પ્રક્રિયા અનુભવે છે. આલ્કીન સંયોજનમાં બ્રોમિનના ઉમેરણથી વિસિનલ બ્રોમાઇડ બને છે. આલ્કીન સંયોજનની બ્રોમિનના કાર્બન ટેટ્રાક્લોરાઇડમાં બનાવેલા દ્રાવણ સાથે પ્રક્રિયા થવાથી બ્રોમિનના દ્રાવણનો લાલાશપડતો નારંગી રંગ અદૃશ્ય થાય છે. આ પ્રક્રિયા નીચે મુજબ છે :

$$H_2C=CH_2+Br_2 \rightarrow \begin{array}{ccccc} & & Br & & H \\ & & | & & | \\ H & - & C & - & CH \\ & & | & & | \\ & & H & & Br \end{array}$$

(રંગવિહીન)

આલ્કીન સંયોજનો તટસ્થ / બેઝિક $KMnO_4$ના દ્રાવણનો રંગ દૂર કરે છે અને વિસિનલ ગ્લાયકોલ સંયોજનો બનાવે છે (**બેયર કસોટી**). આ પ્રક્રિયા નીચે મુજબ થાય છે :

$$3CH_2=CH_2+4H_2O+\underset{\text{(જાંબુડિયો રંગ)}}{2MnO_4^-} \rightarrow 3\,\underset{\displaystyle OH}{\underset{|}{CH_2}}-\overset{\displaystyle OH}{\overset{|}{CH_2}}+2OH^-+2MnO_2$$


ઉપરની બંને પ્રક્રિયાઓ અસંતૃપ્તતા માટેની કસોટીઓ તરીકે ઉપયોગમાં લેવાય છે.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## જરૂરી સામગ્રી :



- કસનળીઓ : બે
- કસનળી હોલ્ડર : એક



- પોટૅશિયમ હાઇડ્રૉક્સાઇડનું દ્રાવણ : 1-2 mL
- કાર્બન ટેટ્રાક્લોરાઇડ / ક્લૉરોફૉર્મ : 2 mL
- બ્રોમિનજળ / બ્રોમિનનું $CCl_4$ અથવા ક્લૉરોફૉર્મમાં દ્રાવણ : 2 mL
- પોટૅશિયમ પરમૅંગેનેટનું દ્રાવણ : જરૂરિયાત મુજબ
- જે સંયોજનની કસોટી કરવાની છે તે : જરૂરિયાત મુજબ

## પદ્ધતિ :

### A. બ્રોમિન જળ કસોટી

એક કસનળીમાં 2 mL કાર્બન ટેટ્રાક્લોરાઇડમાં 0.1 g અથવા 5 ટીપાં કાર્બનિક સંયોજનના ઓગાળો અને તેમાં કાર્બન ટેટ્રાક્લોરાઇડમાં બનાવેલ 2 % બ્રોમિનનું દ્રાવણ અથવા બ્રોમિનજળ ટીપે-ટીપે સતત હલાવતા રહી ઉમેરો. બ્રોમિન જળનું રંગવિહીન બનવું તે કાર્બનિક સંયોજનમાં અસંતૃપ્તતાની હાજરીનું સૂચન કરે છે.


*પોટૅશિયમ હાઇડ્રૉક્સાઇડ*



*કાર્બન ટેટ્રાક્લોરાઇડ*



*ક્લૉરોફૉર્મ*



*બ્રોમિન*



*પોટૅશિયમ પરમૅંગેનેટ*



### B. બેયર કસોટી

2 mL પાણી અથવા એસિટોનમાં (આલ્કોહૉલ મુક્ત) 25-30 mg કાર્બનિક પદાર્થ ઓગાળો અને તેમાં 1 % સોડિયમ કાર્બોનેટના દ્રાવણના સમાન કદ ધરાવતા 1 % પોટૅશિયમ પરમૅંગેનેટના દ્રાવણને ઉમેરો. પોટૅશિયમ પરમૅંગેનેટના દ્રાવણના એકથી વધુ ટીપાંના રંગ દૂર થવા તે કાર્બનિક સંયોજનમાં અસંતૃપ્તતાની હાજરી સૂચવે છે. બેઝિક પરિસ્થિતિમાં થતી આ પ્રક્રિયા એરોમેટિક સંયોજનોમાં વિસ્થાપનને કારણે થતી મૂંઝવણની સંભાવના દૂર કરે છે.

**નોંધ :** *(i) જ્યારે ઉપર દર્શાવેલી બંને કસોટીઓ હકારાત્મક પરિણામ આપે ત્યારે જ કાર્બનિક સંયોજનમાં અસંતૃપ્તતા નિશ્ચિત થાય છે.*

*(ii) પ્રક્રિયા કરવા માટે કાર્બનિક સંયોજનને દ્રાવ્ય કરવા $CCl_4$ના સ્થાને અન્ય કોઈ પણ દ્રાવક જેવા કે $CHCl_3$/ડાયૉક્ઝેન અને પાણી પણ ઉપયોગમાં લઈ શકાય છે.*

### સાવચેતીઓ :

(a) આ કસોટીઓ ઓરડાના તાપમાને કરવી જોઈએ.

(b) બ્રોમિન દ્રાવણને કાળજીપૂર્વક લેવું. તેની બાષ્પ શ્વાસમાં ન લેવી અને ચામડી સાથે તેનો સંપર્ક ન થવા દેવો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## II. આલ્કોહૉલિય (R–OH) સમૂહની કસોટી

**સિદ્ધાંત :**

આલ્કોહૉલિય સંયોજનોની સિરિક એમોનિયમ નાઇટ્રેટ સાથેની પ્રક્રિયાથી સંકીર્ણ બનવાના કારણે લાલ રંગ આપે છે.

$$\underset{\text{સિરિક એમોનિયમ નાઇટ્રેટ}}{(NH_4)_2[Ce(NO_3)_6]} + 3ROH \longrightarrow \underset{\text{લાલ સંકીર્ણ}}{[Ce(NO_3)_4(ROH)_3]} + 2NH_4NO_3$$

આયોડોફોર્મ કસોટી અને લુકાસ કસોટીના આધારે પ્રાથમિક, દ્વિતીયક અને તૃતીયક આલ્કોહૉલ સંયોજનોને અલગ પારખી શકાય છે.

ઈથેનોલ અને દ્વિતીયક આલ્કોહૉલ સંયોજનો કે જે $CH_3 - CH(OH)\ R$ સમૂહ (આયોડોફોર્મ પ્રક્રિયા) ધરાવે છે તે આયોડોફોર્મ કસોટી આપે છે. પ્રક્રિયા કરવા માટે સંયોજનમાં સોડિયમ હાઇડ્રૉક્સાઇડ દ્રાવણની હાજરીમાં પોટૅશિયમ આયોડાઇડ અને સોડિયમ હાઈપોક્લોરાઇટ ઉમેરવામાં આવે છે. સોડિયમ હાઇપોક્લોરાઇટ પ્રથમ પોટૅશિયમ આયોડાઇડનું પોટૅશિયમ હાઈપોઆયોડાઇટમાં ઑક્સિડેશન કરે છે, જે $CH_3–CH(OH)R$ સમૂહનું $CH_3COR$ સમૂહમાં ઑક્સિડેશન કરે છે અને ત્યાર બાદ પ્રક્રિયા મિશ્રણના બેઝિક માધ્યમમાં કાર્બોનિલ કાર્બનને સંલગ્ન કાર્બન પરમાણુ સાથે જોડાયેલા α-હાઇડ્રૉજન પરમાણુનું વિસ્થાપન આયોડિન દ્વારા થઈને આયોડિનેશન થાય છે. C–C બંધ તૂટ્યા બાદ આયાડોફોર્મ બને છે.

$$CH_3CH_2OH \xrightarrow{\text{પોટૅશિયમ હાઇપો આયોડાઇટ}} CH_3CHO \xrightarrow{\text{પોટૅશિયમ હાઇપો આયોડાઇટ}} CI_3CHO \xrightarrow{NaOH} CHI_3 + HCOONa$$

### લુકાસ કસોટી

લુકાસ પ્રક્રિયક ઝિંક ક્લોરાઇડ અને સાંદ્ર હાઇડ્રૉક્લોરિક ઍસિડ ધરાવે છે. આ પ્રક્રિયક પ્રાથમિક, દ્વિતીયક, તૃતીયક આલ્કોહૉલ સંયોજનો સાથે જુદા-જુદા વેગથી પ્રક્રિયા કરે છે. તૃતીયક આલ્કોહૉલ સંયોજનો લગભગ ત્વરિત પ્રક્રિયા આપે છે, દ્વિતીયક આલ્કોહૉલ સંયોજનો આશરે 1-5 મિનિટમાં પ્રક્રિયા આપે છે અને પ્રાથમિક આલ્કોહૉલ સંયોજનો અતિ ધીમે પ્રક્રિયા આપે છે. આ પ્રક્રિયા 10 મિનિટથી માંડીને કેટલાક દિવસો લઈ શકે છે.

$$RCH_2OH + HCl \xrightarrow{ZnCl_2} \text{પ્રક્રિયા થતી નથી / ધીમી પ્રક્રિયા}$$

$$R_2CHOH + HCl \xrightarrow{ZnCl_2} R_2CHCl + H_2O$$

$$R_3COH + HCl \xrightarrow{ZnCl_2} R_3CCl + H_2O$$

આલ્કોહૉલ સંયોજનો લુકાસ પ્રક્રિયકમાં દ્રાવ્ય થાય છે પરંતુ બનેલા આલ્કાઈલ હેલાઇડ સંયોજનો દ્રાવ્ય હોતાં નથી. તેથી પ્રક્રિયા માધ્યમમાં બે સ્તરોનું બનવું, પ્રક્રિયા થયાનું સૂચવે છે.

| | | |
|---|---|---|
| પ્રાથમિક આલ્કોહૉલ સંયોજનો | - | સ્તરો અલગ પડતા નથી. |
| દ્વિતીયક આલ્કોહૉલ સંયોજનો | - | 1-5 મિનિટમાં સ્તરો અલગ પડે છે. |
| તૃતીયક આલ્કોહૉલ સંયોજનો | - | સ્તરો ત્વરિત અલગ પડે છે. |




Downloaded from https:// www.studiestoday.com


Downloaded from https:// www.studiestoday.com



## જરૂરી સામગ્રી :



- કસનળી હોલ્ડર : એક
- કસનળીઓ : જરૂરિયાત મુજબ



- સિરિક એમોનિયમ નાઈટ્રેટ દ્રાવણ : જરૂરિયાત મુજબ
- સોડિયમ હાઇડ્રૉક્સાઇડ : જરૂરિયાત મુજબ
- આયોડિન દ્રાવણ : જરૂરિયાત મુજબ
- લુકાસ પ્રક્રિયક : જરૂરિયાત મુજબ
- ડાયૉક્ઝેન : જરૂરિયાત મુજબ

## પદ્ધતિ :


### A. સિરિક એમોનિયમ નાઈટ્રેટ કસોટી

1 mL કાર્બનિક પદાર્થ લઈ તેને યોગ્ય દ્રાવકમાં દ્રાવ્ય કરો. તેમાં સિરિક એમોનિયમ નાઈટ્રેટ દ્રાવણનાં થોડાં ટીપાં ઉમેરો. દૃશ્યમાન થતો લાલ રંગ આલ્કોહૉલિય –OH સમૂહની હાજરી દર્શાવે છે.

*સોડિયમ હાઈડ્રૉક્સાઈડ*



*આયોડિન*



**નોંધ :** *પ્રક્રિયા મિશ્રણને થોડો સમય રાખી મૂક્તા તેનો લાલ રંગ અદૃશ્ય થાય છે. જો વધુ પ્રમાણમાં સિરિક એમોનિયમ નાઈટ્રેટનું દ્રાવણ ઉમેરવામાં આવે તોપણ તે લાલ રંગ અદૃશ્ય થાય છે. તેથી સિરિક એમોનિયમ નાઈટ્રેટના દ્રાવણના વધુ પડતા ઉપયોગને ટાળવો જોઈએ.*

### B. આયોડોફોર્મ કસોટી

*પ્રથમ પદ્ધતિ :*

કસનળીમાં 0.2 mL સંયોજન લો, તેમાં 10 % જલીય KI દ્રાવણના 10 mL અને તાજા બનાવેલા NaOCl દ્રાવણના 10 mL ઉમેરો. થોડુંક ગરમ કરો, આયોડોફોર્મના પીળા સ્ફટિકો અલગ પડશે.

*બીજી પદ્ધતિ :*

સંયોજનના 0.1 g અથવા 4 થી 5 ટીપાંને 2 mL પાણીમાં દ્રાવ્ય કરો. જો સંયોજન દ્રાવ્ય ન થાય તો દ્રાવણ સમાંગી બને ત્યાં સુધી તેમાં ટીપે-ટીપે ડાયૉક્ઝેન ઉમેરો. તેમાં 2 mL 5 % સોડિયમ હાઇડ્રૉક્સાઇડનું દ્રાવણ ઉમેરો ત્યાર બાદ આયોડિનનો નિશ્ચિત ઘેરો રંગ આવે ત્યાં સુધી દ્રાવણને સતત હલાવતા રહી તેમાં ટીપે-ટીપે પોટૅશિયમ આયોડાઇડ-આયોડિન પ્રક્રિયક* ઉમેરો. આ પ્રક્રિયકોને 2-3 મિનિટ માટે ઓરડાના તાપમાને રાખી મૂકો. જો આયોડોફોર્મ અલગ ન પડે તો પ્રક્રિયા મિશ્રણને જળઉષ્મક પર 60 °C તાપમાને ગરમ કરો. તેમાં પોટૅશિયમ આયોડાઇડ-આયોડિન પ્રક્રિયકના વધુ ટીપાં ઉમેરો. જો આયોડિનનો રંગ દૂર થાય તો પ્રક્રિયકને ત્યાં સુધી ઉમેરતા રહો કે જ્યાં સુધી દ્રાવણને 60 °C પર બે મિનિટ સુધી ગરમ કર્યા બાદ પણ આયોડિનનો રંગ ટકી રહે. વધારાના આયોડિનને દૂર કરવા માટે તેમાં દ્રાવણને હલાવતા જઈ સોડિયમ હાઇડ્રૉક્સાઇડનાં થોડાં ટીપાં ઉમેરો. મિશ્રણને સમાન કદના પાણી વડે મંદ કરો અને તેને 10-15 મિનિટ માટે ઓરડાના તાપમાને રહેવા દો. જો કસોટી હકારાત્મક રીતે થાય તો આયોડોફોર્મના પીળા અવક્ષેપ મળે છે.

* *100 mL પાણીમાં 20 g પોટૅશિયમ આયોડાઇડ અને 10 g આયોડિનને દ્રાવ્ય કરીને પોટૅશિયમ આયોડાઇડ - આયોડિન પ્રક્રિયક બનાવાય છે.*



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



**C. લુકાસ કસોટી**

એક કસનળીમાં 1 mL સંયોજન લો. 10 mL લુકાસ પ્રક્રિયક ઉમેરો. વધુ હલાવો અને બે જુદા સ્તરોને અલગ થવા માટેનો સમય નોંધો.

***નોંધ :*** *લુકાસ કસોટી માત્ર એવાં આલ્કોહૉલ સંયોજનોને લાગુ પડે છે જે પ્રક્રિયકમાં દ્રાવ્ય હોય છે કારણ કે આ કસોટી આલ્કાઈલ હેલાઈડ સંયોજનોના અલગ સ્તર તરીકેના અલગીકરણ પર આધારિત હોય છે.*


## III. ફિનોલિક (Ar – OH) સમૂહ

**સિદ્ધાંત :**

ઍરોમેટિક વલયના કાર્બન સાથે સીધે સીધા જોડાયેલા –OH સમૂહને ફિનોલિક –OH સમૂહ કહે છે. ફિનોલ સંયોજનો નિર્બળ ઍસિડ છે, તેથી તેઓ NaOHના દ્રાવણમાં દ્રાવ્ય થાય છે, પરંતુ તેઓ એટલા પૂરતા ઍસિડિક નથી હોતા કે સોડિયમ હાઇડ્રૉજન કાર્બોનેટમાં દ્રાવ્ય થઈ શકે. ફિનોલ સંયોજનો તટસ્થ ફેરિક ક્લૉરાઇડ દ્રાવણ સાથે રંગીન સંકીર્ણ બનાવે છે. ઉદાહરણ તરીકે, ફિનોલ નીચે દર્શાવ્યા મુજબ જાંબલી રંગનો સંકીર્ણ બનાવે છે :

$$6C_6H_5OH + FeCl_3 \longrightarrow \underset{\text{જાંબલી સંકીર્ણ}}{[Fe(C_6H_5O)_6]^{3-}} + 3HCl + 3H^+$$

રિસોર્સિનોલ, *o*–, *m*– અને *p*– ક્રેસોલ જાંબલી અથવા વાદળી રંગ આપે છે, કેટેચોલ લીલો રંગ આપે છે જે ઝડપથી ઘેરો બને છે. 1 અને 2 - નેપ્થોલ સંયોજનો લાક્ષણિક રંગો આપતાં નથી. ફિનોલ સાંદ્ર $H_2SO_4$ની હાજરીમાં થ્લેલિક એનહાઇડ્રાઇડ સાથે સંઘનિત થઈને ફિનોલ્ફથેલીન બનાવે છે, જે NaOHના દ્રાવણ સાથે ઘેરો ગુલાબી રંગ આપે છે. આને થ્લેલીન રંગક કસોટી કહે છે.






Downloaded from https:// www.studiestoday.com


Downloaded from https:// www.studiestoday.com



**કોષ્ટક 8.1 : પ્થેલીન રંગક કસોટીમાં અન્ય કેટલાંક ફિનોલ સંયોજનો દ્વારા ઉત્પન્ન થતા રંગો**

| સંયોજન | રંગ | સંયોજન | રંગ |
|---|---|---|---|
| *o* – ક્રેસોલ | લાલ | કેટેચોલ | સામાન્ય રીતે વાદળી રંગ જે |
| *m* – ક્રેસોલ | વાદળી પડતો જાંબુડિયો | | દૃશ્યમાન થવામાં વધુ સમય લે છે. |
| *p* – ક્રેસોલ | રંગવિહીન | રિસોર્સિનોલ | ફ્લોરેસિનનો પ્રતિદિપ્ત |
| | | | લીલો (Green Fluorescent) રંગ |

## જરૂરી સામગ્રી :



- કસનળી હોલ્ડર : એક
- કસનળીઓ : જરૂરિયાત મુજબ



- વાદળી લિટમસ પત્ર
- ફેરિક ક્લોરાઇડ દ્રાવણ
- સાંદ્ર સલ્ફ્યુરિક ઍસિડ
- સોડિયમ હાઇડ્રૉક્સાઇડ
- પ્થેલિક એનહાઇડ્રાઇડ
- ફિનોલિક –OH સમૂહ ધરાવતું કાર્બનિક સંયોજન

: જરૂરિયાત મુજબ

## પદ્ધતિ :

### A. ફેરિક ક્લોરાઇડ કસોટી


કાર્બનિક સંયોજનના 2 mL જલીય અથવા આલ્કોહૉલિય દ્રાવણને કસનળીમાં લો, તેમાં ટીપે-ટીપે તટસ્થ ફેરિક ક્લોરાઇડનું દ્રાવણ ઉમેરો અને રંગનો ફેરફાર નોંધો. દૃશ્યમાન થતો વાદળી, લીલો, જાંબલી અથવા લાલ રંગ ફિનોલિક –OH સમૂહની હાજરી સૂચવે છે.

### B. પ્થેલીન રંગક કસોટી

એક શુષ્ક કસનળીમાં 0.1 g કાર્બનિક સંયોજન અને 0.1 g પ્થેલિક એનહાઇડ્રાઇડ લો તથા તેમાં 1-2 ટીપાં સાંદ્ર $H_2SO_4$ ઉમેરો. આ કસનળીને તેલઉષ્મકમાં 1 મિનિટ સુધી ગરમ કરો. આ પ્રક્રિયા મિશ્રણને ઠંડું પાડો અને તેને 15 mL મંદ સોડિયમ હાઇડ્રૉક્સાઇડનું દ્રાવણ ધરાવતા બીકરમાં કાળજીપૂર્વક રેડો. ગુલાબી, વાદળી, લીલો, લાલ વગેરે રંગનું દૃશ્યમાન થવું, કાર્બનિક સંયોજનમાં ફિનોલિક –OH સમૂહની હાજરી સૂચવે છે. જોકે વધુ પ્રમાણમાં સોડિયમ હાઇડ્રૉક્સાઇડનું દ્રાવણ ઉમેરવાથી રંગ અદૃશ્ય થાય છે.

*સલ્ફ્યુરિક ઍસિડ* 

*સોડિયમ હાઇડ્રૉક્સાઇડ* 

*પ્થેલિક એનહાઇડ્રાઇડ* 

**નોંધ :** *(i) તટસ્થ ફેરિક ક્લોરાઇડ દ્રાવણ બનાવવા માટે ફેરિક ક્લોરાઇડ દ્રાવણમાં થોડા પરંતુ કાયમી કથ્થાઈ રંગના અવક્ષેપ મળે ત્યાં સુધી તેમાં ટીપે-ટીપે મંદ સોડિયમ હાઇડ્રૉક્સાઇડનું દ્રાવણ ઉમેરવામાં આવે છે. દ્રાવણને ગાળવામાં આવે છે અને મળતા ચોખ્ખા ગાળણનો ઉપયોગ કસોટી માટે કરવામાં આવે છે.*

*(ii) કેટલાંક ફિનોલ સંયોજનો જેવા કે 2, 4, 6 - ટ્રાયનાઇટ્રોફિનોલ અને 2, 4 - ડાયનાઇટ્રોફિનોલ જે ઇલેક્ટ્રૉન આકર્ષક સમૂહો ધરાવે છે. તે પ્રબળ ઍસિડ સંયોજનો છે અને તેઓ સોડિયમ હાઇડ્રૉજન કાર્બોનેટનાં દ્રાવણમાં પણ ઓગળે છે.*



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



**સાવચેતીઓ :**

(a) હંમેશાં તાજું બનાવેલું, તટસ્થ અને અતિમંદ ફેરિક ક્લોરાઇડનું દ્રાવણ વાપરો.

(b) ફિનોલ સ્વભાવે ઝેરી અને ક્ષારણ કરનારો હોય છે અને તેનો ઉપયોગ કાળજીપૂર્વક કરવો જોઈએ.

## IV. આલ્ડિહાઇડ અને કિટોન સમૂહો (–CHO અને $-\overset{O}{\overset{\|}{C}}-$)

**સિદ્ધાંત :**

આલ્ડિહાઇડ અને કિટોન બંને સંયોજનો કાર્બોનિલ સમૂહ (>C=O) ધરાવે છે અને સામાન્ય રીતે તેઓ કાર્બોનિલ સંયોજનો તરીકે ઓળખાય છે. આલ્ડિહાઇડ અને કિટોન સંયોજનોની ઓળખ કાર્બોનિલ સમૂહની બે અગત્યની પ્રક્રિયાઓ દ્વારા થાય છે એટલે કે,

(i) > C = O સમૂહના દ્વિબંધ પર યોગશીલ પ્રક્રિયા અને

(ii) કાર્બોનિલ સમૂહનું ઑક્સિડેશન

કાર્બોનિલ સંયોજનોની ઓળખ માટેના દૃષ્ટિકોણ મુજબ એમોનિયાના વ્યુત્પન્નોની યોગશીલ પ્રક્રિયાઓ અગત્યની છે. સામાન્ય રીતે યોગશીલ પ્રક્રિયા પછી વિલોપન પ્રક્રિયા પણ થાય છે. જેના પરિણામે અસંતૃપ્ત સંયોજન બને છે.

$$>C=O + RNH_2 \longrightarrow\ >C\begin{matrix}OH\\NHR\end{matrix} \xrightarrow{-H_2O}\ >C=NR$$


(R = આલ્કાઇલ, એરાઈલ અથવા $C_6H_5NH$ વગેરે)

આ પ્રક્રિયાઓ ઍસિડ અથવા બેઈઝ દ્વારા ઉદ્દીપિત થાય છે અને પ્રક્રિયાઓ પ્રબળ ઍસિડિક અથવા બેઝિક પરિસ્થિતિઓમાં થતી નથી. દરેક પ્રક્રિયા થવા માટે અનુકૂળતમ pH જરૂરી હોય છે. તેથી જ્યારે આ પ્રક્રિયાઓ કરવામાં આવે છે ત્યારે pH નિયંત્રણ ખૂબ જ અગત્યનું હોય છે.

જ્યાં સુધી ઑક્સિડેશન સાથે સંબંધ છે ત્યાં સુધી આલ્ડિહાઇડ સંયોજનો સહેલાઈથી કાર્બોક્સિલિક ઍસિડ સંયોજનોમાં ઑક્સિડેશન પામે છે, જ્યારે કિટોન સંયોજનોના ઑક્સિડેશન માટે સાપેક્ષીય વધુ પ્રબળ ઑક્સિડેશનકર્તાની જરૂર પડે છે. આ બે પ્રકારનાં કાર્બોનિલ સંયોજનોને તેમની પ્રતિક્રિયાત્મકતાના તફાવતના આધારે વિભેદિત કરી શકાય છે.

આલ્ડિહાઇડ અને કિટોન સમૂહોની ઓળખ માટે નીચે દર્શાવેલી કસોટીઓ કરવામાં આવે છે :

(i) તેઓ, 2, 4 - ડાયનાઇટ્રોફિનાઇલહાઇડ્રેઝિન (2, 4 - DNP) સાથે પ્રક્રિયા કરી અનુવર્તી 2, 4 - ડાયનાઇટ્રોફિનાઇલહાઇડ્રેઝોન બનાવે છે.




2, 4 - ડાયનાઇટ્રોફિનાઇલહાઇડ્રેઝીન — કાર્બોનિલ સંયોજનનો 2, 4 - ડાયનાઇટ્રોફિનાઇલહાઇડ્રેઝોન




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



આ બે કાર્બોનિલ સંયોજનોને (આલ્ડિહાઇડ અને કિટોન સંયોજનો) મંદ ઑક્સિડેશનકર્તા પ્રક્રિયકો જેવા કે ટોલેન્સ પ્રક્રિયક અને ફેહલિંગ પ્રક્રિયક અથવા બેનેડિક્ટ પ્રક્રિયકનો ઉપયોગ કરી કરવામાં આવતી કસોટીઓના આધારે વિભેદિત કરવામાં આવે છે. ટોલેન્સ પ્રક્રિયક સિલ્વર ધનાયનનું એમોનિયા સાથેના સંકીર્ણનું બેઝિક દ્રાવણ છે તથા ફેહલિંગ અને બેનેડિક્ટ પ્રક્રિયકો ક્યુપ્રિક આયનોના અનુક્રમે ટાર્ટરેટ અને સાઇટ્રેટ આયનો સાથે સંકીર્ણોના બેઝિક દ્રાવણ છે. ફેહલિંગ પ્રક્રિયકને તાજું બનાવવા માટે ફેહલિંગ દ્રાવણ A અને ફેહલિંગ દ્રાવણ Bના સમાન જથ્થાને મિશ્ર કરવામાં આવે છે. ફેહલિંગ પ્રક્રિયકને રાખી મૂકવાથી ખરાબ થઈ જાય છે જ્યારે ફેહલિંગ દ્રાવણો A અને B પ્રમાણમાં સ્થાયી હોય છે. ફેહલિંગ દ્રાવણ A કૉપર સલ્ફેટનું જલીય દ્રાવણ છે, જ્યારે ફેહલિંગ દ્રાવણ B સોડિયમ પોટૅશિયમ ટાર્ટરેટનું (રોશેલ ક્ષાર) બેઝિક દ્રાવણ છે. આ પ્રક્રિયક $Cu^{2+}$ આયનનું ટાર્ટરેટ આયનો સાથેનું સંકીર્ણ છે. આ સંકીર્ણનું બંધારણ નીચે દર્શાવ્યું છે :



કૉપર ટાર્ટરેટ સંકીર્ણ

બેનેડિક્ટ એક જ દ્રાવણ કે જે કસોટી માટે વધુ અનુકૂળ હોય છે તેના ઉપયોગ દ્વારા મૂળ ફેહલિંગ કસોટીમાં સુધારો કર્યો હતો. બેનેડિક્ટ દ્રાવણ, ફેહલિંગ દ્રાવણ કરતા વધુ સ્થાયી હોય છે અને તેને લાંબો સમય સુધી સંગ્રહી શકાય છે. તે કૉપર સલ્ફેટ અને સોડિયમ સાઇટ્રેટનું ( $2Na_3C_6H_5O_7 \cdot 11H_2O$) મિશ્રણ ધરાવતું બેઝિક દ્રાવણ છે.

સંકીર્ણની બનાવટ ક્યુપ્રિક આયનની સાંદ્રતાને ક્યુપ્રિક હાઇડ્રૉક્સાઇડના અવક્ષેપન માટે તેની જરૂરી સાંદ્રતાથી ઘટાડી દે છે. આ બે પ્રક્રિયકો આલ્ડિહાઇડ સંયોજનોનું ઑક્સિડેશન કરે છે જ્યારે કિટોન સંયોજનો પર કોઈ અસર થતી નથી. આ કસોટીઓનું રસાયણવિજ્ઞાન નીચે દર્શાવ્યું છે :

$$RCHO + \underset{\text{ટોલેન્સ પ્રક્રિયકમાંથી}}{2[Ag(NH_3)_2]^+} + 2OH^- \rightarrow 2Ag + 3NH_3 + H_2O + RCOONH_4$$

$$RCHO + \underset{\text{ફેહલિંગ દ્રાવણ}}{2Cu^{2+}\text{ (સંકીર્ણકૃત)}} + 5OH^- \rightarrow RCOO^- + Cu_2O + 3H_2O$$

જોકે, ઍરોમેટિક આલ્ડિહાઇડ સંયોજનો ફેહલિંગ કસોટીમાં હકારાત્મક પરિણામ આપતા નથી. ફેહલિંગ પ્રક્રિયકની જેમ જ બેનેડિક્ટ કસોટીમાં પણ $Cu^{2+}$ આયનો $Cu^+$ આયનોમાં રિડક્શન પામે છે.

આલ્ડિહાઇડ સંયોજનો સ્કિફ પ્રક્રિયક સાથે ગુલાબી રંગ આપે છે. (આ પ્રક્રિયક બનાવવા માટે *p* - રોઝેનિલીન હાઇડ્રૉક્લોરાઇડ રંગકના જલીય દ્રાવણને તેમાં સોડિયમ સલ્ફાઇટ ઉમેરીને અથવા $SO_2$ વાયુ પસાર કરીને રંગવિહીન કરવામાં આવે છે). કિટોન સંયોજનો આ કસોટીમાં પ્રતિક્રિયા આપતાં નથી.




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## જરૂરી સામગ્રી :



- બીકર (250 mL) : એક
- કસનળી હોલ્ડર : એક
- કસનળીઓ : જરૂરિયાત મુજબ



- સ્કિફ પ્રક્રિયક : જરૂરિયાત મુજબ
- ફેહલિંગ દ્રાવણો A અને B : જરૂરિયાત મુજબ
- સિલ્વર નાઇટ્રેટ : જરૂરિયાત મુજબ
- મંદ એમોનિયમ હાઇડ્રૉક્સાઇડ દ્રાવણ : જરૂરિયાત મુજબ
- 2, 4 ડાયનાઇટ્રો-ફિનાઇલ હાઇડ્રેઝિન પ્રક્રિયક : જરૂરિયાત મુજબ


*સિલ્વર નાઇટ્રેટ*



*એમોનિયા દ્રાવણ*



*એમોનિયા વાયુ*



### પદ્ધતિ

**A. આલ્ડિહાઇડ અને કિટોન બંને સંયોજનો આપી શકતા હોય તેવી કસોટી**

*2, 4 ડાયનાઇટ્રોફિનાઇલહાઇડ્રેઝિન કસોટી (2, 4 - DNP કસોટી)*

એક કસનળીમાં પ્રવાહી સંયોજનનાં 2-3 ટીપાં લો અથવા ઘન સંયોજનના કિસ્સામાં 2-3 mL આલ્કોહૉલમાં તેનાં થોડાં સ્ફટિકોને ઓગાળો. તેમાં 2, 4 ડાયનાઇટ્રોફિનાઇલહાઇડ્રેઝિનના આલ્કોહૉલિય દ્રાવણનાં થોડાં ટીપાં ઉમેરો. પીળા, નારંગી અથવા નારંગી-લાલ અવક્ષેપની ઉત્પત્તિ કાર્બોનિલ સમૂહની હાજરી નિશ્ચિત કરે છે. જો ઓરડાના તાપમાને અવક્ષેપ ન જોવા મળે તો મિશ્રણને જળઉષ્મક પર થોડી મિનિટો માટે ગરમ કરો અને ઠંડું પાડો.

**B. માત્ર આલ્ડિહાઇડ સંયોજનો આપી શકતા હોય તેવી કસોટીઓ**

માત્ર આલ્ડિહાઇડ સંયોજનો નીચે દર્શાવેલી કસોટીઓ જેવી કે સ્કિફ કસોટી, ફેહલિંગ કસોટી અને ટોલેન્સ કસોટી આપે છે.

*સ્કિફ કસોટી*

પ્રવાહી સંયોજનનાં 3-4 ટીપાં લો અથવા કાર્બનિક સંયોજનનાં થોડાં સ્ફટિકોને આલ્કોહૉલમાં ઓગાળો અને તેમાં 2-3 ટીપાં સ્કિફ પ્રક્રિયકના ઉમેરો. ઉત્પન્ન થતો ગુલાબી રંગ આલ્ડિહાઇડની હાજરી સૂચવે છે.

*ફેહલિંગ કસોટી*

સ્વચ્છ શુષ્ક કસનળીમાં ફેહલિંગ દ્રાવણ Aના આશરે 1 mL અને ફેહલિંગ દ્રાવણ Bના 1 mL લો. તેમાં 2-3 ટીપાં પ્રવાહી સંયોજનના અથવા ઘન સંયોજનના પાણી અથવા આલ્કોહૉલમાં બનાવેલા દ્રાવણના આશરે 2 mL ઉમેરો. આ કસનળીમાં રહેલા પદાર્થોને આશરે 2 મિનિટ માટે જળઉષ્મકમાં ગરમ કરો. કૉપર (I) ઑક્સાઇડના ઈંટ જેવા લાલ રંગના અવક્ષેપનું બનવું આલ્ડિહાઇડની હાજરી સૂચવે છે. ઍરોમેટિક આલ્ડિહાઇડ સંયોજનો આ કસોટી આપતા નથી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



*બેનેડિક્ટ કસોટી*

2 mL બેનેડિક્ટ પ્રક્રિયકમાં 5 ટીપાં પ્રવાહી સંયોજન અથવા 2 mL ઘન કાર્બનિક સંયોજનનું પાણી અથવા આલ્કોહૉલમાં બનાવેલું દ્રાવણ ઉમેરો. આ કસનળીને ઉકળતા જળઉષ્મકમાં 5 મિનિટ માટે રાખી મૂકો. નારંગી-લાલ અવક્ષેપ આલ્ડિહાઇડની હાજરી સૂચવે છે.

*ટોલેન્સ કસોટી*

(i) એક કસનળીમાં તાજું બનાવેલ (~2 %) સિલ્વર નાઇટ્રેટનું દ્રાવણ લો. તેમાં 1-2 ટીપાં સોડિયમ હાઇડ્રૉક્સાઇડ દ્રાવણના ઉમેરો અને હલાવો, સિલ્વર ઑક્સાઇડના ઘેરા કથ્થાઈ રંગના અવક્ષેપ જોવા મળે છે. આ અવક્ષેપને એમોનિયમ હાઇડ્રૉક્સાઇડના દ્રાવણને ટીપે-ટીપે ઉમેરી ઓગાળો.

(ii) આ ઉપરના દ્રાવણમાં કાર્બનિક સંયોજનનું જલીય અથવા આલ્કોહૉલિય દ્રાવણ ઉમેરો.

(iii) તબક્કા (ii)ના પ્રક્રિયા મિશ્રણને આશરે 5 મિનિટ સુધી જળઉષ્મકમાં ગરમ કરો. કસનળીની અંદરની સપાટી પર અરીસાની જેમ ચળકતું ચાંદીની ધાતુના સ્તરનું બનવું આલ્ડિહાઇડની હાજરી સૂચવે છે.

**સાવચેતીઓ :**

(a) કસોટીઓ કરવા માટે હંમેશાં તાજા બનાવેલા પ્રક્રિયકોનો ઉપયોગ કરવો.

(b) પ્રક્રિયામિશ્રણને સીધા જ્યોત પર ગરમ ન કરવા.

(c) કસોટી કર્યા બાદ, મંદ નાઇટ્રિક ઍસિડ ઉમેરીને રજત દર્પણનો નાશ કરવો અને વધુ પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરી દ્રાવણને વહેવડાવી દો.

## V. કાર્બોક્સિલ સમૂહ (–COOH)

**સિદ્ધાંત :**

કાર્બોક્સિલ સમૂહો ધરાવતા કાર્બનિક સંયોજનોને કાર્બોક્સિલિક ઍસિડ સંયોજનો કહે છે.

કાર્બોક્સિલ (Carboxyl) શબ્દ કાર્બોનિલ (carbonyl) અને હાઇડ્રૉક્સિલ (hydroxyl) શબ્દોના સંયોગથી બનેલો છે કારણ કે કાર્બોક્સિલિક ક્રિયાશીલ સમૂહ $(-\overset{\overset{\large O}{\|}}{C}-OH)$ આ બંને સમૂહો ધરાવે છે. આ ઍસિડ સંયોજનો વાદળી લિટમસ પત્રને લાલ બનાવે છે અને સોડિયમ હાઇડ્રૉજન કાર્બોનેટ દ્રાવણ સાથે પ્રક્રિયા કરીને કાર્બન ડાયૉક્સાઈડ બનવાના કારણે ઊભરા ઉત્પન્ન કરે છે. આ કસોટી એવી છે કે જે કાર્બોક્સિલિક ઍસિડ સંયોજનોને ફિનોલ સંયોજનોથી વિભેદિત કરે છે.

$$RCOOH + NaHCO_3 \longrightarrow RCOONa + H_2O + CO_2$$



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



કાર્બોક્સિલિક સંયોજનો ઍસિડિક માધ્યમમાં આલ્કોહૉલ સંયોજનો સાથે પ્રક્રિયા કરી એસ્ટર સંયોજનો બનાવે છે

$$\underset{\text{કાર્બોક્સિલિક ઍસિડ}}{RCOOH} + \underset{\text{આલ્કોહૉલ}}{R'OH} \xrightarrow[\Delta]{\text{સાંદ્ર } H_2SO_4} \underset{\text{એસ્ટર}}{RCOOR'} + H_2O$$

## જરૂરી સામગ્રી :




- કસનળી હોલ્ડર : એક
- કાચનો સળિયો : એક
- કસનળીઓ : જરૂરિયાત મુજબ



- વાદળી લિટમસ પત્ર / દ્રાવણ : જરૂરિયાત મુજબ
- ઈથાઈલ આલ્કોહૉલ : જરૂરિયાત મુજબ
- સોડિયમ હાઇડ્રૉજન કાર્બોનેટ દ્રાવણ : જરૂરિયાત મુજબ

## પદ્ધતિ :

*ઈથાઈલ આલ્કોહૉલ*



**A. લિટમસ કસોટી**

એક કાચના સળિયાની મદદથી પ્રવાહી સંયોજન અથવા સંયોજનના દ્રાવણનું એક ટીપું ભીના વાદળી લિટમસ પત્ર પર મૂકો. જો લિટમસ પત્રનો વાદળી રંગ લાલ થાય તો તે કાર્બોક્સિલિક સમૂહ અથવા ફિનોલિક સમૂહની હાજરી સૂચવે છે.

**B. સોડિયમ હાઇડ્રૉજનકાર્બોનેટ કસોટી**

એક સ્વચ્છ કસનળીમાં 2 mL સોડિયમ હાઇડ્રૉજનકાર્બોનેટનું સંતૃપ્ત જલીય દ્રાવણ લો. તેમાં પ્રવાહી સંયોજનનાં થોડાં ટીપાં અથવા ઘન સંયોજનના થોડા સ્ફટિક લો. ઝડપથી $CO_2$ના ઊભરાનું નીકળવું કાર્બોક્સિલ સમૂહની હાજરી સૂચવે છે.

**C. એસ્ટર કસોટી**

એક કસનળીમાં આશરે 0.1 g સંયોજન લો. તેમાં 1 mL ઈથેનોલ અથવા મિથેનોલ અને 2-3 ટીપાં સાંદ્ર સલ્ફ્યુરિક ઍસિડ ઉમેરો. આ પ્રક્રિયા મિશ્રણને ગરમ જળઉષ્મકમાં આશરે 50 °C તાપમાને 10-15 મિનિટ માટે ગરમ કરો. આ પ્રક્રિયા મિશ્રણને સોડિયમ કાર્બોનેટ ભરેલા બીકરમાં ઉમેરીને વધારાના સલ્ફ્યુરિક ઍસિડ અને વધારાના કાર્બોક્સિલિક ઍસિડને તટસ્થ કરો. તેમાં બનતા પદાર્થની મીઠી સુગંધ સંયોજનમાં કાર્બોક્સિલ ક્રિયાશીલ સમૂહની હાજરી સૂચવે છે.

**સાવચેતી :**

સંયોજનને સોડિયમ હાઇડ્રૉજનકાર્બોનેટના દ્રાવણમાં ધીમેથી ઉમેરો કે જેથી તેના ઊભરા સ્પષ્ટ જોઈ શકાય.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## VI. એમિનો સમૂહ ($-NH_2$)

**સિદ્ધાંત :**

એમિનો સમૂહ ધરાવતાં કાર્બનિક સંયોજનો સ્વભાવે બેઝિક હોય છે. તેથી તેઓ ઍસિડ સંયોજનો સાથે સહેલાઈથી પ્રક્રિયા કરી ક્ષાર બનાવે છે, જે પાણીમાં દ્રાવ્ય હોય છે.

એલિફેટિક અને ઍરોમેટિક બંને એમાઈન સંયોજનોને નાઇટ્રોજન પરમાણુની સાથે જોડાયેલ હાઇડ્રૉજન પરમાણુઓની સંખ્યાના આધારે ત્રણ વર્ગોમાં જેવા કે પ્રાથમિક ($-NH_2$), દ્વિતીયક ($-NH-$) અને તૃતીયકમાં ($-N<$) વર્ગીકૃત કરવામાં આવે છે. પ્રાથમિક એમાઈનમાં નાઇટ્રોજન સાથે બે હાઇડ્રૉજન પરમાણુઓ, દ્વિતીયક એમાઈનમાં એક હાઇડ્રૉજન પરમાણુ જોડાયેલા હોય છે, જ્યારે તૃતીયક એમાઈનમાં એક પણ હાઇડ્રૉજન પરમાણુ જોડાયેલો હોતો નથી.

### (i) કાર્બાઈલએમાઈન કસોટી

એલિફેટિક અને ઍરોમેટિક પ્રાથમિક એમાઈન સંયોજનો કાર્બાઇલએમાઇન કસોટી આપે છે, જેમાં એમાઈન સંયોજનને ક્લૉરોફૉર્મ સાથે ગરમ કરવામાં આવે છે.

$$R-NH_2 + CHCl_3 + 3KOH \xrightarrow{\Delta} RNC + 3KCl + 3H_2O$$


(R = આલ્કાઇલ અથવા એરાઇલ સમૂહ) (કાર્બાઇલએમાઈન)

**ચેતવણી !**


*બનતો કાર્બાઈલએમાઈન વધુ ઝેરી હોય છે, તેથી કસોટી બાદ તરત જ તેનો નાશ કરવો જોઈએ. આ માટે કસનળીને ઠંડી કરો અને તેમાં કાળજીપૂર્વક વધુ પ્રમાણમાં સાંદ્ર HCl ઉમેરો.*

### (ii) એઝોરંગક કસોટી

ઍરોમેટિક પ્રાથમિક એમાઈન સંયોજનોની હાજરીને એઝો રંગક કસોટી વડે નિશ્ચિત કરી શકાય છે. પ્રાથમિક એમાઈન દા.ત., એનિલિન 0 – 5 °C તાપમાને સોડિયમ નાઇટ્રાઇટની HCl સાથેની પ્રક્રિયાથી સ્વસ્થાને બનતા નાઇટ્રસ ઍસિડ સાથે પ્રક્રિયા કરીને ડાયએઝોનિયમ ક્ષાર બનાવે છે. આ β - નેપ્થોલ સાથે જોડાઈને સિંદુરિયા લાલ રંગનો રંગક બનાવે છે, જે પાણીમાં અતિઅલ્પ પ્રમાણમાં દ્રાવ્ય હોય છે.




બેન્ઝિન ડાયએઝોનિયમ ક્લોરાઇડ




β - નેપ્થોલ

β - નેપ્થોલ એઝોરંગક
(સિંદુરિયો લાલ)



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



**જરૂરી સામગ્રી :**




- કસનળીઓ : જરૂરિયાત મુજબ
- કસનળી હોલ્ડર : એક
- બુન્સેન બર્નર : એક



- ક્લૉરોફૉર્મ
- પોટૅશિયમ હાઇડ્રૉક્સાઇડ
- સોડિયમ નાઇટ્રાઇટ દ્રાવણ
- એનિલિન
- β - નેપ્થોલ
- મંદ હાઇડ્રૉક્લોરિક ઍસિડ
- સોડિયમ હાઇડ્રૉક્સાઇડ દ્રાવણ
- બરફ


] જરૂરિયાત મુજબ

*ક્લૉરોફૉર્મ* 

*એનિલિન* 

*પોટૅશિયમ હાઇડ્રૉક્સાઇડ* 

*સોડિયમ નાઇટ્રાઇટ*  

*β - નેપ્થોલ* 

**પદ્ધતિ :**

**A. દ્રાવ્યતા કસોટી**

એક કસનળીમાં 1 mL આપેલું કાર્બનિક સંયોજન લો અને તેમાં મંદ HClના થોડાં ટીપાં ઉમેરો. કસનળીમાં રહેલા પદાર્થોને વધુ સારી રીતે હલાવો. જો કાર્બનિક સંયોજન દ્રાવ્ય થઈ જાય તો તે એમાઈન સંયોજનની હાજરી દર્શાવે છે.

$$C_6H_5NH_2 + HCl \rightarrow C_6H_5\overset{+}{N}H_3Cl^-$$

(ઍનિલિનિયમ ક્લોરાઇડ)
(પાણીમાં દ્રાવ્ય)

**B. કાર્બાઈલએમાઈન કસોટી**

એક કસનળીમાં સંયોજનનાં 2-3 ટીપાં લો અને તેમાં ક્લૉરોફૉર્મનાં 2-3 ટીપાં ઉમેરો, ત્યાર બાદ તેમાં સમાન કદનું 0.5 M આલ્કોહૉલિય પોટૅશિયમ હાઇડ્રૉક્સાઇડનું દ્રાવણ ઉમેરો. આ મિશ્રણને પ્રમાણસર ગરમ કરો. કાર્બાઈલએમાઈનની દુર્ગંધ સંયોજનમાં પ્રાથમિક એમિનો સમૂહની હાજરી નિશ્ચિત કરે છે.

**ચેતવણી !**

*બાષ્પને શ્વાસમાં ન લો. મળતી નીપજમાં સાંદ્ર હાઇડ્રૉક્લોરિક ઍસિડ ઉમેરીને તેનો તરત જ નાશ કરો અને તે માટે તેને સિંકમાં વહેવડાવી દો.*

**C. એઝોરંગક કસોટી**

(i) એક કસનળીમાં આશરે 0.2 g સંયોજનને 2 mL મંદ હાઇડ્રૉક્લોરિક ઍસિડમાં દ્રાવ્ય કરો. આ કસનળીમાંના પદાર્થોને બરફમાં ઠંડા કરો.

(ii) બરફમાં ઠંડા કરેલા દ્રાવણમાં 2 mL 2.5 % વાળું ઠંડું જલીય સોડિયમ નાઇટ્રાઈટનું દ્રાવણ ઉમેરો.

(iii) બીજી અન્ય કસનળીમાં મંદ સોડિયમ હાઇડ્રૉક્સાઇડ દ્રાવણમાં 0.2 g β - નેપ્થોલને ઓગાળો.

(iv) તબક્કા (ii)માં બનાવેલા ડાયએઝોનિયમ ક્લોરાઇડ દ્રાવણને ઠંડા β - નેપ્થોલના દ્રાવણમાં હલાવવાની સાથે ધીમે-ધીમે ઉમેરો.

સિંદુરિયા લાલ રંગની ઉત્પત્તિ ઍરોમેટિક પ્રાથમિક એમાઈનની હાજરી નિશ્ચિત કરે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



**સાવચેતીઓ :**

(a) કાર્બાઈલએમાઈન કસોટી કરતી વખતે તમે પોતાની જાતને તેની બાષ્પના સંપર્કમાં ન આવવા દો કારણ કે આઇસોસાયનાઇડ વધુ ઝેરી હોય છે. તેનો ઉપર વર્ણવ્યા મુજબ તરત જ નાશ કરો.

(b) ડાયએઝોટાઈઝેશન દરમિયાન પ્રક્રિયા મિશ્રણનું તાપમાન 5 °Cથી નીચું જાળવી રાખો, કારણ કે ડાયએઝોનિયમ ક્લોરાઈડ ઊંચા તાપમાને અસ્થાયી હોય છે.

(c) હંમેશા ડાયએઝોનિયમ ક્લોરાઈડના દ્રાવણને β - નેપ્થોલના બેઝિક દ્રાવણમાં ઉમેરો અને તેનાથી ઊલટું ન કરવું.



**ચર્ચાત્મક પ્રશ્નો :**

(i) બેયર પ્રક્રિયક એટલે શું ?

(ii) આલ્કીન અને આલ્કાઈન સંયોજનો શા માટે બ્રોમિન જળ અને બેઝિક $KMnO_4$નો રંગ દૂર કરે છે ?

(iii) સંયોજનમાં અસંતૃપ્તતા નિશ્ચિત કરવા માટે બ્રોમિન જળ સાથેની કસોટી તથા બેયર પ્રક્રિયક સાથેની કસોટી એમ બંને કસોટીઓ શા માટે કરવી જોઈએ ? સમજાવો.

(iv) ફિનોલ, બ્રોમિન જળનો રંગ શા માટે દૂર કરે છે ?

(v) તમે ફિનોલ અને બેન્ઝોઈક ઍસિડને કેવી રીતે વિભેદિત કરશો ?

(vi) બેન્ઝિન વધુ અસંતૃપ્ત હોવા છતાં તે શા માટે બ્રોમિન જળને રંગવિહીન કરતો નથી ?

(vii) શા માટે ફોર્મિક ઍસિડ ટોલેન્સ પ્રક્રિયક સાથે હકારાત્મક પરિણામ આપે છે ?

(viii) રોગનિદાન પ્રયોગશાળામાં (Pathological laboratory) પેશાબના નમૂનામાં ગ્લુકોઝની કસોટી માટેના સિદ્ધાંતને સંક્ષિપ્તમાં વર્ણવો.

(ix) ફેહલિંગ પ્રક્રિયક કરતા બેનેડિક્ટ પ્રક્રિયક શા માટે વધુ સ્થાયી છે ?

(x) તમે રાસાયણિક કસોટીઓ દ્વારા આલ્ડિહાઇડને કિટોનથી કેવી રીતે વિભેદિત કરશો ?

(xi) પ્રયોગશાળામાં અલગીકરણની રાસાયણિક પદ્ધતિ દ્વારા ફિનોલ અને બેન્ઝોઈક ઍસિડના મિશ્રણને તમે કેવી રીતે અલગ કરશો ?

(xii) ડાયએઝોટાઈઝેશન અને યુગ્મન (coupling) પ્રક્રિયાઓનું રસાયણવિજ્ઞાન લખો.

(xiii) તમે હેક્ઝાઈલએમાઈન ($C_6H_{13}NH_2$) અને એનિલિનને ($C_6H_5NH_2$) કેવી રીતે વિભેદિત કરશો ?

(xiv) તમે ઈથાઈલએમાઈન અને ડાયઈથાઈલએમાઈનને કેવી રીતે વિભેદિત કરશો ?

(xv) $CH_3OH$ અને $C_2H_5OH$ને રાસાયણિક રીતે કેવી રીતે વિભેદિત કરશો ?

(xvi) આયોડિનનું દ્રાવણ પાણીમાં નહિ પણ પોટૅશિયમ આયોડાઇડમાં શા માટે બનાવવામાં આવે છે ?

(xvii) હેલોફોર્મ પ્રક્રિયા એટલે શું ? સામાન્ય રીતે આ પ્રક્રિયા કયા પ્રકારનાં સંયોજનો આપે છે ?

(xviii) સામાન્ય રાસાયણિક કસોટી દ્વારા $CH_3-\overset{\overset{O}{||}}{C}-C_2H_5$ અને $C_2H_5-\overset{\overset{O}{||}}{C}-C_2H_5$ સંયોજનોને તમે કેવી રીતે વિભેદિત કરશો ?




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## એકમ 9

# અકાર્બનિક સંયોજનોની બનાવટ (Preparation of Inorganic Compounds)



**પ્રયોગ 9.1**

**હેતુ :**

દ્વિક્ષાર સંયોજનો બનાવવા : ફેરસ એમોનિયમ સલ્ફેટ (મોહ્ર ક્ષાર) અને પોટાશએલમ

**સિદ્ધાંત :**


જ્યારે પોટૅશિયમ સલ્ફેટ અને ઍલ્યુમિનિયમ સલ્ફેટ અથવા ફેરસ સલ્ફેટ અને એમોનિયમ સલ્ફેટના સમમોલર પ્રમાણ ધરાવતા મિશ્રણનું તેમના દ્રાવણમાંથી સ્ફટિકીકરણ કરવામાં આવે, તો દ્વિક્ષાર બને છે. દ્વિક્ષારના નિર્માણને નીચે મુજબ દર્શાવી શકાશે :

$$K_2SO_4 + Al_2(SO_4)_3 + 24H_2O \rightarrow K_2SO_4 \cdot Al_2(SO_4)_3 \cdot 24H_2O \text{ or } 2KAl(SO_4)_2 \cdot 12H_2O$$
(પોટાશ એલમ)

$$FeSO_4 + (NH_4)_2SO_4 + 6H_2O \rightarrow FeSO_4 \cdot (NH_4)_2SO_4 \cdot 6H_2O$$
ફેરસ એમોનિયમ સલ્ફેટ (મોહ્ર ક્ષાર)

$Fe^{2+}$ અને $Al^{3+}$ આયનોનું જળવિભાજન થાય છે, તેથી જ્યારે ફેરસ સલ્ફેટ અને ઍલ્યુમિનિયમ સલ્ફેટનું પાણીમાં જલીય દ્રાવણ બનાવવાનું હોય ત્યારે તેમાં 2-3 mL મંદ સલ્ફ્યુરિક ઍસિડ ઉમેરવામાં આવે છે, જે આ ક્ષારોનું જળવિભાજન થતું રોકે છે.

**જરૂરી સામગ્રી :**



- બીકર (50 mL) : એક
- કોનિકલ ફ્લાસ્ક (50 mL) : એક
- ટ્રફ : એક
- કાચનો સળિયો : એક
- ત્રિપાઈ સ્ટૅન્ડ : એક
- ગળણી : એક
- તારની જાળી : એક



- પોટૅશિયમ સલ્ફેટ : જરૂરિયાત મુજબ
- ઍલ્યુમિનિયમ સલ્ફેટ : જરૂરિયાત મુજબ
- ફેરસ સલ્ફેટ : જરૂરિયાત મુજબ
- એમોનિયમ સલ્ફેટ : જરૂરિયાત મુજબ
- મંદ સલ્ફ્યુરિક ઍસિડ : જરૂરિયાત મુજબ
- ઈથેનોલ : જરૂરિયાત મુજબ

**પદ્ધતિ :**

**(a) દ્વિક્ષારની બનાવટ : પોટૅશિયમ ઍલ્યુમિનિયમ સલ્ફેટ (પોટાશ એલમ)**

(i) એક 50 mLના બીકરમાં 10 mL નિસ્યંદિત પાણી લો અને તેને આશરે 40 °C સુધી ગરમ કરો. તેમાં 6.6 g ઍલ્યુમિનિયમ સલ્ફેટને દ્રાવ્ય કરો અને તેમાં આશરે 0.4 mL મંદ સલ્ફ્યુરિક ઍસિડ ઉમેરો.

(ii) પોટૅશિયમ સલ્ફેટના પાઉડરનું 2.4 g વજન કરો અને તેને ઉપરના દ્રાવણમાં ઉમેરો.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



(iii) પોટૅશિયમ સલ્ફેટ સંપૂર્ણપણે ઓગળી જાય ત્યાં સુધી દ્રાવણને સતત હલાવતા જઈ ગરમ કરો.

(iv) ધીમેથી ઠંડું કરવા માટે દ્રાવણને ઓરડાના તાપમાને રહેવા દો.

(v) દ્રાવણ ઠંડું પડવાની સાથે પોટાશ એલમનાં સફેદ સ્ફટિકો અલગ પડતા જાય છે.

(vi) માતૃદ્રાવણને નિતારી લો અને સ્ફટિકોને 1 : 1 ઠંડું પાણી અને આલ્કોહૉલના મિશ્રણ વડે યોગ્ય પ્રમાણમાં હલાવીને ધુઓ.

(vii) સ્ફટિકોને ગાળી લો. ગાળણપત્રની ગડીઓ વચ્ચે રાખીને તેને શુષ્ક કરો અને નીપજની પ્રાપ્તિ (જથ્થો) નોંધો.

**(b) દ્વિક્ષારની બનાવટ : ફેરસ એમોનિયમ સલ્ફેટ**

(i) 3.5 g ફેરસ સલ્ફેટ અને 1.7 g એમોનિયમ સલ્ફેટને (અલગથી વજન કરેલા) 50 mLના કોનિકલ ફ્લાસ્કમાં ભરેલા 5 mL નિસ્યંદિત પાણીમાં ગરમ કરીને દ્રાવ્ય કરો. ફ્લાસ્કમાં આશરે 0.5 mL મંદ સલ્ફ્યુરિક ઍસિડ ઉમેરો અને દ્રાવણ સ્ફટિકીકરણ બિંદુ સુધી પહોંચે ત્યાં સુધી તેને ગરમી દ્વારા સાંદ્ર બનાવો.

ઈથેનોલ



સલ્ફ્યુરિક ઍસિડ



(ii) ધીમેથી ઠંડું કરવા માટે દ્રાવણને ઓરડાના તાપમાને રહેવા દો.

(iii) દ્રાવણ ઠંડું પડવાથી ફેરસ એમોનિયમ સલ્ફેટના આછા લીલા સ્ફટિકો અલગ પડે છે.

(iv) માતૃદ્રાવણને નિતારી લો અને સ્ફટિકોને ચોંટેલ માતૃદ્રાવણને દૂર કરવા માટે તેને 1:1 ઠંડા પાણી અને આલ્કોહૉલના મિશ્રણના ઓછા જથ્થા વડે હલાવીને ધુઓ.

(v) ગાળણક્રિયાથી સ્ફટિકોને અલગ કરો. આલ્કોહૉલ વડે ધુઓ, ગાળણપત્રની ગડીઓ વચ્ચે રાખી તેને શુષ્ક કરો અને નીપજની પ્રાપ્તિ (જથ્થો) નોંધો.

**પરિણામ :**


પોટાશ એલમ / મોહ્ર ક્ષારની પ્રાપ્તિ (જથ્થો) ............ g છે.

**સાવચેતીઓ :**

(a) સારા સ્ફટિકો મેળવવા માટે દ્રાવણને ધીમેથી ઠંડું પાડો. ઝડપી ઠંડું પડવાની ક્રિયાને ટાળો.

(b) જ્યારે દ્રાવણ ઠંડું પડતું હોય ત્યારે તેને ખલેલ ન પહોંચાડો.

(c) ફેરસ એમોનિયમ સલ્ફેટના સ્ફટિકો બનાવતી વખતે લાંબો સમય ગરમ કરવાની પ્રક્રિયાને ટાળવી જોઈએ. તે ફેરસ આયનોનું ફેરિક આયનોમાં ઑક્સિડેશન કરે છે અને સ્ફટિકોની તત્ત્વયોગમિતિયતા બદલે છે.



**ચર્ચાત્મક પ્રશ્નો :**

(i) આપણે દ્વિક્ષાર બનાવવા માટે પ્રક્રિયા પામતાં સંયોજનોનો સમમોલર જથ્થો શા માટે લઈએ છીએ ?

(ii) ફેરસ એમોનિયમ સલ્ફેટની બનાવટમાં શું મંદ સલ્ફ્યુરિક ઍસિડના સ્થાને સાંદ્ર સલ્ફ્યુરિક ઍસિડનો ઉપયોગ કરી શકાય ? સમજાવો.

(iii) $K_4[Fe(CN)_6]$ અને $FeSO_4 \cdot (NH_4)_2SO_4 \cdot 6H_2O$ આયર્નનાં સંયોજનો વચ્ચે શું તફાવત છે ?

(iv) પોટાશ એલમ પર ગરમીની ક્રિયાથી શું થાય છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



(v) પોટાશ એલમનું જલીય દ્રાવણ શા માટે વાદળી લિટમસને લાલ બનાવે છે ?
(vi) સમાકૃતિક (isomorphous) પદાર્થો એટલે શું ?
(vii) $Al^{3+}$ સિવાયના ધનાયનો ધરાવતાં કેટલાંક એલમ સંયોજનોનાં નામ જણાવો.
(viii) સંકીર્ણ સંયોજન અને દ્વિક્ષાર વચ્ચે શું તફાવત છે ?

## પ્રયોગ 9.2

**હેતુ :**


પોટૅશિયમ ટ્રાયઑક્ઝેલેટોફેરેટ(III) બનાવવો.

**સિદ્ધાંત :**

જ્યારે જળયુક્ત ફેરિક ક્લોરાઇડને પોટૅશિયમ હાઇડ્રૉક્સાઇડ ધરાવતા ઑક્ઝેલિક ઍસિડના જલીય દ્રાવણમાં દ્રાવ્ય કરવામાં આવે છે ત્યારે પોટૅશિયમ ટ્રાયઓક્ઝેલેટોફેરેટ(III)ના લીલા રંગના સ્ફટિકો પ્રાપ્ત થાય છે. લીલા રંગના સ્ફટિકોના નિર્માણમાં સમાયેલી પ્રક્રિયા નીચે મુજબ છે :

$$FeCl_3 + 6KOH + 3H_2C_2O_4 \rightarrow K_3[Fe(C_2O_4)_3] + 3KCl + 6H_2O$$

**જરૂરી સામગ્રી :**




| | |
|---|---|
| • બીકર (50 mL) | : એક |
| • પોર્સેલિન ડિશ | : એક |
| • જળઉષ્મક | : એક |
| • કાચનો સળિયો | : એક |
| • ગળણી | : એક |




| | |
|---|---|
| • ફેરિક ક્લોરાઇડ | : 2.5 g |
| • પોટૅશિયમ હાઇડ્રૉક્સાઇડ | : 3.8 g |
| • ઑક્ઝેલિક ઍસિડ | : 3.0 g |
| • ઈથેનોલ | : જરૂરિયાત મુજબ |

**પદ્ધતિ :**

પોટૅશિયમ હાઇડ્રૉક્સાઇડ 

ઈથેનોલ 

ઑક્ઝેલિક ઍસિડ 

(i) 12.5 mL ગરમ પાણી ધરાવતા સ્વચ્છ 50 mLના બીકરમાં 3.0 g ઑક્ઝેલિક ઍસિડનું દ્રાવણ બનાવો.
(ii) ઉપર્યુક્ત દ્રાવણમાં 3.8 g પોટૅશિયમ હાઇડ્રૉક્સાઇડને ધીમે-ધીમે થોડો-થોડો ઉમેરો. દ્રાવણને સતત હલાવતા રહો જેથી તે સંપૂર્ણપણે દ્રાવ્ય થાય.
(iii) ઉપર્યુક્ત દ્રાવણમાં 2.5 g ફેરિક ક્લોરાઇડ ઉમેરો. તે સંપૂર્ણપણે દ્રાવ્ય થાય ત્યાં સુધી દ્રાવણને સતત હલાવતા રહો.
(iv) દ્રાવણને ગાળો અને લીલા રંગના ગાળણને પોર્સેલિન ડિશમાં જળઉષ્મક ઉપર ગરમી દ્વારા સાંદ્ર કરો. મિશ્રણને ધીમે-ધીમે ઠંડું પડવા દો.
(v) આ રીતે મળતા સ્ફટિકોને ગાળો. ઠંડા પાણી અને આલ્કોહૉલના 1:1 મિશ્રણ વડે ધુઓ અને ગાળણપત્રની ગડીઓ વચ્ચે દબાવીને તેમને શુષ્ક કરો.

**પરિણામ :**

પોટૅશિયમ ટ્રાયઓક્ઝેલેટોફેરેટ(III)ની પ્રાપ્તિ (જથ્થો) ............... g છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



**સાવચેતીઓ :**

(a) જ્યારે દ્રાવણને સાંદ્ર બનાવો ત્યારે બધા જ દ્રાવકનું બાષ્પીભવન ન કરો.
(b) જુદા-જુદા પદાર્થોના જરૂરી જથ્થાનું ચોકસાઈપૂર્વક વજન કરો.
(c) ગરમ પાણીનું તાપમાન 40 °Cની આસપાસ જાળવી રાખો.
(d) ઑક્ઝેલિક ઍસિડના દ્રાવણમાં પોટૅશિયમ હાઇડ્રૉક્સાઇડને થોડો-થોડો ઉમેરો.

**ચર્ચાત્મક પ્રશ્નો :**


(i) પોટૅશિયમ ફેરિઑક્ઝેલેટ નામના સંયોજનનું IUPAC નામ લખો.
(ii) પોટૅશિયમ ટ્રાયઑક્ઝેલેટોફેરેટ(III)માં આયર્નનો સવર્ગાંક કેટલો છે ?
(iii) ઑક્ઝેલેટ આયન સિવાયના દ્વિદંતીય લિગેન્ડોનાં બે ઉદાહરણો આપો.
(iv) પોટૅશિયમ ટ્રાયઓક્ઝેલેટોફેરેટ(III) શા માટે ફેરિક આયનની કસોટીઓ આપતું નથી ?
(v) કીલેટ (Chelates) એટલે શું ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# એકમ 10
# કાર્બનિક સંયોજનોની બનાવટ
# (Preparation of Organic Compounds)




## પ્રયોગ 10.1

**હેતુ :**

એસિટેનિલાઇડ બનાવવો.

**સિદ્ધાંત :**

ગ્લેસિઅલ એસિટિક ઍસિડની હાજરીમાં એનિલીનના $-NH_2$ સમૂહના એક હાઇડ્રૉજન પરમાણુનું વિસ્થાપન $CH_3CO-$ સમૂહ વડે થવાથી એસિટેનિલાઇડ બને છે. પ્રયોગશાળામાં એસિટાઇલેશન સામાન્ય રીતે એસિટિક એનહાઇડ્રાઇડ વડે કરવામાં આવે છે. જો એસિટિક એનહાઇડ્રાઈડ પ્રાપ્ય ન હોય તો એસિટાઇલેશનના હેતુ માટે એસિટાઇલ ક્લોરાઇડનો પણ ઉપયોગ થઈ શકે છે. $CH_3COCl$ દ્વારા એસિટાઇલેશન સામાન્ય રીતે પિરિડીનની હાજરીમાં કરવામાં આવે છે.




એનિલીન        એસિટેનિલાઇડ

**જરૂરી સામગ્રી :**



- ગળણી : એક
- ગોળ તળિયાવાળો ફ્લાસ્ક (100 mL) : એક
- બીકર (250 mL) : એક
- હવા સંઘનિત્ર : એક
- રેતઉષ્મક : એક
- ક્લેમ્પ અને લોખંડનું સ્ટૅન્ડ : એક
- હલકા વજનના (Pumice) પથ્થર : જરૂરિયાત મુજબ
- ગલનબિંદુ માટેની સાધનસામગ્રી : એક



- એનિલીન : 5 mL
- એસિટિક એનહાઇડ્રાઇડ/એસિટાઇલ ક્લોરાઇડ : 5 mL
- એસિટિક ઍસિડ/પિરિડીન : 5 mL

**પદ્ધતિ :**

(i) 100 mLના ગોળ તળિયાવાળા ફ્લાસ્કમાં 5 mL એનિલીન લો. તેમાં 5 mL એસિટિક એનહાઇડ્રાઇડ અને 5 mL ગ્લેસિઅલ એસિટિક ઍસિડ ધરાવતા એસિટાઇલેશનકર્તા મિશ્રણને ઉમેરો. વૈકલ્પિક રીતે તમે 5 mL એસિટાઇલ ક્લોરાઇડ અને 5 mL શુષ્ક પિરિડીનનો એસિટાઇલેશનકર્તા મિશ્રણ તરીકે ઉપયોગ કરી શકો છો.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



(ii) ગોળ તળિયાવાળા ફ્લાસ્કમાં વજનમાં હલકા થોડા પથ્થરો (pumice stones) નાખ્યા બાદ તેના મુખ પર હવા સંઘનિત્રને જોડો. મિશ્રણને રેત ઉષ્મક પર ધીમે-ધીમે 10-15 મિનિટ સુધી રિફ્લક્સ કરો.

(iii) પ્રક્રિયા મિશ્રણને ઠંડું પાડો અને તેને હલાવવાની સાથે 150-200 mL બરફ જેવા ઠંડા પાણીમાં ધીમે-ધીમે રેડો.

(iv) ઘન ભાગને ગાળી લો. ઠંડા પાણી વડે તેને ધુઓ અને મિથેનોલ અથવા ઈથેનોલનાં થોડાં ટીપાં ધરાવતા ગરમ પાણી દ્વારા નમૂનાના થોડા જથ્થાનું પુનઃ સ્ફટિકીકરણ કરો.

(v) નીપજની પ્રાપ્તિ (જથ્થો) અને તેનું ગલનબિંદુ નોંધો.


*એનિલીન*

*એસિટિક એનહાઈડ્રાઈડ*

*એસિટાઈલ ક્લોરાઈડ*

*એસિટિક ઍસિડ ગંભીર રીતે દઝાડે છે*

*પિરિડીન*



**પરિણામ :**

(a) એસિટેનિલાઈડની પ્રાપ્તિ (જથ્થો) .............. g.

(b) એસિટેનિલાઈડનું ગલનબિંદુ ........... °C છે.

**સાવચેતીઓ :**

(a) એસિટિક એનહાઈડ્રાઈડ અને એસિટાઈલ ક્લોરાઈડનો ઉપયોગ કાળજીપૂર્વક કરવો કારણ કે તેનાથી આંખમાં બળતરા થાય છે તથા એસિટાઈલ ક્લોરાઈડ હવામાં વધુ ધુમાડો ફેલાવે છે.

(b) એસિટાઈલ ક્લોરાઈડનો શુષ્ક પરિસ્થિતિઓમાં સંગ્રહ કરો.

(c) પિરિડીનનો અત્યંત સાવચેતીપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. તેનો યોગ્ય ક્ષમતાવાળા ધૂમ (fuming)કબાટમાં રાખીને ઉપયોગ કરવો તથા તેનો ઉપયોગ કરતા સમયે એકવાર વાપરી તેનો નિકાલ કરી શકાય તેવા (disposable) ચશ્માં પહેરો.

(d) પિરિડીનનો ઉપયોગ કરતા પહેલાં તેનું નિસ્યંદન કરો કારણ કે તે ભેજને શોષે છે અને ભેજવાળી સ્થિતિમાં તે પ્રક્રિયા કરતું નથી.


(e) ઘન પદાર્થને ઠંડા પાણી વડે 2-3 વખત ત્યાં સુધી ધુઓ કે જ્યાં સુધી ગાળણ લિટમસ પત્ર પ્રત્યે તટસ્થ ન થાય.

(f) સંપૂર્ણપણે શુષ્ક થયેલ અને પુનઃસ્ફટિકીકરણ પામેલા નમૂનાનું ગલનબિંદુ માપો.

## એસિટેનિલાઈડની બનાવટ માટેની વૈકલ્પિક પદ્ધતિ

જ્યારે એસિટિક એનહાઈડ્રાઈડ અથવા પિરિડીન પ્રાપ્ય ન હોય ત્યારે એસિટેનિલાઈડની બનાવટ માટે નીચેની પદ્ધતિનો ઉપયોગ કરી શકાય છે :

**જરૂરી સામગ્રી :**



- ઉત્કલન નળી : એક
- જળઉષ્મક : એક
- ગલનબિંદુ માટેની સાધનસામગ્રી : એક
- ગળણી : એક



- એનિલીન : 1 mL
- ગ્લેસિઅલ એસિટિક ઍસિડ : 1 mL
- એસિટાઈલ ક્લોરાઈડ : 1 mL



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



**પદ્ધતિ :**

(i) એક શુષ્ક ઉત્કલન નળીમાં 1 mL એનિલીન લો. તેમાં 1 mL ગ્લેસિઅલ ઍસિટિક ઍસિડ ઉમેરો અને બંનેને સારી રીતે મિશ્ર કરો.

(ii) ઉપર્યુક્ત મિશ્રણમાં 1 mL એસિટાઈલ ક્લોરાઈડ થોડો-થોડો (એક વખતમાં 0.3 mL) ઉમેરો. મિશ્રણ ગરમ થશે. જો ઉત્કલન નળીને અડકી શકાય તેમ ન હોય તો તેને નળના પાણી નીચે ઠંડી કરો.

(iii) એસિટાઈલ ક્લોરાઈડના બધા જથ્થાના ઉમેરણ બાદ, આ મિશ્રણને ઉકળતા જળઉષ્મકમાં પાંચ મિનિટ માટે ગરમ કરો.

(iv) ઉત્કલન નળીને ઠંડી પાડો અને તેમાં સતત હલાવતા રહી બરફ જેવું ઠંડું પાણી (~10 mL) ઉમેરો.

(v) સફેદ પાઉડર તરીકે અલગ પડેલા એસિટેનિલાઈડને ગાળી લો અને તેને પાણી વડે ત્યાં સુધી ધુઓ કે જ્યાં સુધી ગાળણ લિટમસ પત્ર પ્રત્યે તટસ્થ ન બને.

(vi) અપરિષ્કૃત (crude) એસિટેનિલાઈડનું ગરમ પાણી દ્વારા સ્ફટિકીકરણ કરો. સફેદ ચળકતા સોયાકાર સ્ફટિકો મળે છે.

(vii) નીપજની પ્રાપ્તિ (જથ્થો) અને તેનું ગલનબિંદુ નોંધો.

**સાવચેતીઓ :**

(a) જો એનિલીન વધારે ઘેરા રંગનું હોય તો પ્રયોગ કરતા પહેલાં તેને નિસ્યંદિત કરો, કારણ કે અશુદ્ધ એનિલીન નીપજની પ્રાપ્તિ ઘટાડે છે.

(b) સંપૂર્ણપણે શુષ્ક સાધનસામગ્રી વાપરો.

(c) એસિટાઈલ ક્લોરાઈડના ઉમેરણ દરમિયાન બહાર નીકળતી બાષ્પને શ્વાસમાં ન લો.

(d) સંપૂર્ણપણે શુષ્ક થયેલ અને પુનઃ સ્ફટિકીકરણ પામેલા નમૂનાનું ગલનબિંદુ માપો.


## પ્રયોગ 10.2

**હેતુ :**

ડાયબેન્ઝાલએસિટોન (ડાયબેન્ઝાઈલિડીનએસિટોન) બનાવવો

**સિદ્ધાંત :**

એલિફેટિક આલ્ડિહાઈડ અને કિટોન સંયોજનોનો α-હાઈડ્રૉજન પરમાણુ ઍસિડિક સ્વભાવનો હોવાના કારણે મંદ બેઈઝની હાજરીમાં આવું આલ્ડિહાઈડ અને કિટોન સંયોજન એક ઍરોમેટિક આલ્ડિહાઈડ સંયોજન સાથે સંઘનન કરીને α, β - અસંતૃપ્ત આલ્ડિહાઈડ અથવા કિટોન બનાવે છે. આ પ્રક્રિયાને **ક્લેસન સ્મિટ પ્રક્રિયા (Claisen - Schmidt reaction)** કહે છે. ઉદાહરણ તરીકે, બેન્ઝાલ્ડિહાઈડ જલીય સોડિયમ હાઈડ્રૉક્સાઈડની (NaOH) હાજરીમાં એસિટોન સાથે સંઘનન પામીને ડાયબેન્ઝાલએસિટોન બનાવે છે.




બેન્ઝાલ્ડિહાઈડ એસિટોન ડાયબેન્ઝાલએસિટોન




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



**જરૂરી સામગ્રી :**



- કોનિકલ ફ્લાસ્ક (250 mL) : એક
- બીકર (250 mL) : એક
- ગળણી : એક
- ગલનબિંદુ માટેની સાધનસામગ્રી : એક



- ઈથેનોલ : 25 mL
- NaOH : 3.15 g
- બેન્ઝાલ્ડિહાઈડ : 3.2 mL
- એસિટોન : 2.3 mL
- બરફ : જરૂરિયાત મુજબ
- ઈથાઈલ એસિટેટ : જરૂરિયાત મુજબ

**પદ્ધતિ :**

(i) એક 250 mLના બીકરમાં લીધેલા 25 mL ઈથેનોલ અને 30 mL નિસ્યંદિત પાણીના મિશ્રણમાં 3.15 g સોડિયમ હાઈડ્રૉસાઈડનું દ્રાવણ બનાવો. બીકરને આશરે 20-25 °C તાપમાન જાળવી રાખેલા બરફ ભરેલા પાત્રમાં (ice bath) ઠંડું કરો.

(ii) 3.2 mL બેન્ઝાલ્ડિહાઈડ અને 2.3 mL એસિટોનનું મિશ્રણ બનાવો અને આ મિશ્રણના અડધા ભાગને ધીમે-ધીમે તબક્કા (i)માં બનાવેલા બરફ જેવા ઠંડા NaOHના દ્રાવણમાં સતત હલાવતા રહીને ઉમેરો. 1-2 મિનિટમાં પોચા અવક્ષેપ બનશે. આ મિશ્રણને ધીમે-ધીમે પંદર મિનિટ સુધી હલાવતા રહો.

(iii) 15 મિનિટ પછી બાકી રહેલા બેન્ઝાલ્ડિહાઈડ અને એસિટોનના મિશ્રણને ઉમેરો અને વધુ 30 મિનિટ સુધી મિશ્રણને હલાવો.

(iv) આ રીતે મળતા આછા પીળા રંગના ઘન પદાર્થને ગાળો અને ઠંડા પાણી વડે ધુઓ. તેને શુષ્ક કરો અને તેના ઓછા જથ્થાનું ઈથેનોલ અથવા ઈથાઈલ એસિટેટ દ્વારા પુનઃ સ્ફટિકીકરણ કરો.

(v) નીપજની પ્રાપ્તિ (જથ્થો) અને તેનું ગલનબિંદુ નોંધો.


ઈથેનોલ

NaOH

બેન્ઝાલ્ડિહાઈડ

એસિટોન

ઈથાઈલ એસિટેટ



**પરિણામ :**

(a) ડાયબેન્ઝાલએસિટોનની પ્રાપ્તિ (જથ્થો) ................ g છે.

(b) ડાયબેન્ઝાલએસિટોનનું ગલનબિંદુ ............... °C છે.

**સાવચેતીઓ :**

(a) જ્યારે પ્રક્રિયા મિશ્રણને હલાવતા હોવ ત્યારે તાપમાન આશરે 20 °C જાળવો.

(b) હંમેશાં તાજો નિસ્યંદિત કરેલો બેન્ઝાલ્ડિહાઈડ અથવા નવી બોટલ ખોલીને મેળવેલ નમૂનાનો ઉપયોગ કરો.

## પ્રયોગ 10.3

**હેતુ :**

*p* - નાઈટ્રોએસિટૅનિલાઈડ બનાવવો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




### સિદ્ધાંત :

સાંદ્ર નાઇટ્રિક ઍસિડ અને સાંદ્ર સલ્ફ્યુરિક ઍસિડના મિશ્રણનો નાઇટ્રેશનકર્તા તરીકે ઉપયોગ કરી એસિટેનિલાઇડના નાઇટ્રેશન દ્વારા *p* - નાઇટ્રોએસિટેનિલાઇડ બનાવવામાં આવે છે. ઉપરોક્ત બે ઍસિડ સંયોજનોનું મિશ્રણ નાઇટ્રોનિયમ આયન ( $NO_2^+$ ) મુક્ત કરે છે, જે આ પ્રક્રિયામાં ઇલેક્ટ્રોન અનુરાગી પ્રક્રિયક તરીકે વર્તે છે.


$$HNO_3 + 2H_2SO_4 \longrightarrow \quad + H_3O^+ + 2HSO_4^-$$

નાઇટ્રોનિયમ આયન એનિલાઇડ સમૂહ ધરાવતા બેન્ઝિન વલયના મુખ્યત્વે પેરા સ્થાન પર હુમલો કરીને મુખ્ય નીપજ તરીકે *p* - નાઇટ્રોએસિટેનિલાઇડ બનાવે છે. આ એરોમેટિક ઇલેક્ટ્રોન અનુરાગી વિસ્થાપન પ્રક્રિયાનું એક ઉદાહરણ છે.




એસિટેનિલાઇડ      *p* - નાઇટ્રોએસિટેનિલાઇડ (મુખ્ય નીપજ)

### જરૂરી સામગ્રી :



- બીકર (100 mL) : એક
- ગળણી : એક
- કાચનો સળિયો : એક
- બરફ રાખેલું પાત્ર : એક



- એસિટેનિલાઇડ : 2 g
- ગ્લેસિઅલ એસિટિક ઍસિડ : 2 mL
- સાંદ્ર $H_2SO_4$ : 5 mL
- સાંદ્ર $HNO_3$ : 1.5 mL
- બરફ : જરૂરિયાત મુજબ
- ઇથેનોલ / મિથેનોલ : જરૂરિયાત મુજબ

### પદ્ધતિ :

*એસિટિક ઍસિડ ગંભીર રીતે દઝાડે છે.*

(i) 2 g એસિટેનિલાઇડને 100 mL બીકરમાં લીધેલા 2 mL ગ્લેસિઅલ એસિટિક ઍસિડમાં ઓગાળો.

(ii) ઉપરોક્ત મિશ્રણમાં 4 mL સાંદ્ર સલ્ફ્યુરિક ઍસિડને મિશ્રણ હલાવતા રહી ધીમેધીમે ઉમેરો. મિશ્રણ ગરમ થશે અને પારદર્શક દ્રાવણ મળે છે. પ્રક્રિયા મિશ્રણને 0-5 $^0$C તાપમાન જાળવી રાખેલા બરફ ભરેલા પાત્રમાં ઠંડું કરો.

(iii) 1.0 mL સાંદ્ર $HNO_3$ અને 1.0 mL સાંદ્ર $H_2SO_4$ના ઠંડા મિશ્રણને ઘટ્ટ પ્રક્રિયા મિશ્રણમાં ટીપે ટીપે સતત હલાવતા રહીને ઉમેરો, જેથી પ્રક્રિયા મિશ્રણનું તાપમાન 10 $^0$Cથી વધી ન જાય.

(iv) બીકરને બરફ ભરેલા પાત્રમાંથી દૂર કરો અને પ્રક્રિયા મિશ્રણને ઓરડાના તાપમાને આવવા દો. તેને 30 મિનિટ સુધી ઓરડાના તાપમાને રહેવા દો. પ્રક્રિયા મિશ્રણને સતત હલાવો અને તેને 100 g બરફની છીણ (Curshed ice) પર રેડો.

(v) મિશ્રણને ખૂબ હલાવો અને મળતા સંયોજનને ગાળી લો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



(vi) આ સંયોજનને ઠંડા પાણી વડે ધુઓ અને તેને શુષ્ક કરો.
(vii) આછા પીળા રંગના ઘન પદાર્થના ઓછા જથ્થાનું આલ્કોહૉલ દ્વારા પુનઃ સ્ફટિકીકરણ કરો. *p*-નાઇટ્રોએસિટેનિલાઇડના રંગવિહીન સ્ફટિકો મળે છે. થોડી માત્રામાં બનેલો પીળો ઓર્થો-નાઇટ્રોએસિટેનિલાઇડ માતૃદ્રાવણમાં ઓગળેલો રહે છે.
(viii) નીપજની પ્રાપ્તિ (જથ્થો) અને શુદ્ધ સંયોજનનું ગલનબિંદુ નોંધો.

**પરિણામ :**

(a) *p* - નાઇટ્રોએસિટેનિલાઈડની પ્રાપ્તિ (જથ્થો) .............. g છે.
(b) *p* - નાઇટ્રોએસિટેનિલાઈડનું ગલનબિંદુ ............... $^0C$ છે.

**સાવચેતીઓ :**

(a) નાઇટ્રેશનકર્તા મિશ્રણને ઉમેરતા સમયે પ્રક્રિયા મિશ્રણનું તાપમાન 10 $^oC$થી વધવા ન દો.
(b) એસિટેનિલાઇડના દ્રાવણમાં સાંદ્ર નાઇટ્રિક ઍસિડ અને સલ્ફ્યુરિક ઍસિડના મિશ્રણને ધીમેથી અને કાળજીપૂર્વક ઉમેરો.


## પ્રયોગ 10.4

**હેતુ :**

ફિનાઈલ - એઝો - β – નેપ્થોલ (એઝોરંગક) બનાવવો.

**સિદ્ધાંત :**

એનિલીન એક ઍરોમેટિક પ્રાથમિક એમાઈન છે. જ્યારે તેની 0-5 $^oC$ તાપમાને નાઇટ્રસ ઍસિડ સાથે પ્રક્રિયા કરવામાં આવે છે ત્યારે તે ડાયએઝોનિયમ ક્ષાર બનાવે છે. નાઇટ્રસ ઍસિડને સોડિયમ નાઇટ્રાઇટની હાઇડ્રૉક્લોરિક ઍસિડ સાથેની પ્રક્રિયાથી સ્વસ્થાને બનાવવામાં આવે છે. આ પ્રક્રમને **ડાયએઝોટાઈઝેશન** કહે છે. આ ડાયએઝોનિયમ ક્ષાર β–નેપ્થોલના બેઝિક દ્રાવણ સાથે યુગ્મિત થઈને નારંગી-લાલ એઝો રંગક બનાવે છે.






Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## જરૂરી સામગ્રી :



- બીકર (250 mL) : એક
- કોનિકલ ફ્લાસ્ક (100 mL) : એક
- કાચનો સળિયો : એક
- થરમૉમિટર (210 °C) : એક
- ગાળણપત્ર : જરૂરિયાત મુજબ
- ગળણી : એક
- ગલનબિંદુ માટેની સાધનસામગ્રી : એક




- એનિલીન : 2 mL
- સાંદ્ર HCl : 6.5 mL
- સોડિયમ નાઇટ્રાઈટ : 1.6 g
- β–નેપ્થોલ : 3.2 g
- સોડિયમ હાઇડ્રૉક્સાઇડ : 2.0 g
- ગ્લેસિઅલ એસિટિક ઍસિડ : 12 mL
- બરફ : જરૂરિયાત મુજબ
- નિસ્યંદિત પાણી : જરૂરિયાત મુજબ


*એનિલીન* 

*HCl* 

*સોડિયમ નાઇટ્રાઇટ*  

*સોડિયમ હાઇડ્રૉક્સાઇડ* 

*β – નેપ્થોલ* 

*એસિટિક ઍસિડ ગંભીર રીતે દઝાડે છે.*  

## પદ્ધતિ :

(i) 100 mLના બીકરમાં 6.5 mL સાંદ્ર હાઇડ્રૉક્લારિક ઍસિડ લો. તેને 6.5 mL પાણી વડે મંદ કરો અને 2 mL એનિલીન તેમાં દ્રાવ્ય કરો.

(ii) ઉપર્યુક્ત મિશ્રણવાળા બીકરને 0-5 °C તાપમાન જાળવી રાખેલા બરફ ભરેલા પાત્રમાં રાખીને તેમાંના મિશ્રણને ઠંડું કરો.

(iii) 8 mL પાણીમાં 1.6 g સોડિયમ નાઇટ્રાઇટના બનાવેલા દ્રાવણના ઉમેરણ દ્વારા ઉપર્યુક્ત મિશ્રણનું ડાયએઝોટાઈટેશન કરો.

(iv) 3.2 g β–નેપ્થોલને 18 mL 10 % સોડિયમ હાઇડ્રૉક્સાઇડના દ્રાવણમાં ઓગાળો. તેમાં 25 g બરફના નાના ટુકડા ઉમેરો.

(v) β–નેપ્થોલના દ્રાવણને વધુ સમય હલાવો અને દ્રાવણને સતત હલાવતા રહી તેમાં ખૂબ ઠંડા કરેલા ડાયએઝોનિયમ ક્લોરાઇડના દ્રાવણને ખૂબ જ ધીમે-ધીમે ઉમેરો.

(vi) ફિનાઇલ - એઝો - β–નેપ્થોલનો નારંગી લાલ રંગક બને છે.

(vii) આ મિશ્રણને બરફ પાત્રમાં 30 મિનિટ સુધી રહેવા દો. સમયાંતરે તેને હલાવતા રહો.

(viii) મળેલાં સ્ફટિકોને ગાળો અને ઠંડા પાણી વડે તેમને સારી રીતે ધુઓ.

(ix) અપરિષ્કૃત નીપજના ચોથા ભાગનું ગ્લેસિઅલ એસિટિક ઍસિડ વડે પુનઃ સ્ફટિકીકરણ કરો.

(x) પુનઃ સ્ફટિકીકરણ પામેલા નમૂનાને ગાળો, એસિટિક ઍસિડને દૂર કરવા માટે થોડા આલ્કોહૉલ વડે સ્ફટિકોને ધુઓ. પુનઃ સ્ફટિકીકરણ પામેલા નમૂનાને ગાળણપત્રની ગડીઓ વચ્ચે શુષ્ક કરો.

(xi) નીપજની પ્રાપ્તિ (જથ્થો) અને સંયોજનનું ગલનબિંદુ નોંધો.

## પરિણામ :

(a) ફિનાઇલ - એઝો - β – નેપ્થોલની પ્રાપ્તિ (જથ્થો) ........... g છે.

(b) ફિનાઇલ - એઝો - β – નેપ્થોલનું ગલનબિંદુ ............. °C છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



**સાવચેતીઓ :**

(a) ડાયએઝોટાઇઝેશન દરમિયાન તાપમાનનો ગાળો 0-5 °Cનો જાળવો.

(b) રંગક બનાવવા માટે હંમેશાં ડાયએઝોનિયમ ક્લોરાઇડના દ્રાવણને બેઝિક β–નેપ્થોલમાં ઉમેરો, પરંતુ તેનાથી વિપરીત નહિ.

(c) ગલનબિંદુના માપન માટે પુનઃ સ્ફટિકીકરણ પામેલા નમૂનાને સંપૂર્ણપણે શુષ્ક કરો.

**નોંધ :** *એઝો રંગક સંશ્લેષણ મુખ્યત્વે એટલું જથ્થાત્મક હોય છે કે તેથી પ્રક્રિયકોનો જથ્થો સમીકરણો મુજબ લેવો જોઈએ. કેટલાક પ્રક્રિયકોના વધુ પડતા પ્રમાણના કારણે બિનવપરાયેલા પદાર્થનું વિઘટન થઈ શકે છે અને ડામર (tar) પદાર્થ બને છે.*


## પ્રયોગ 10.5

**હેતુ :**

એનિલીન પીળો (*p* - એમિનો-એઝોબેન્ઝિન) બનાવવો


**સિદ્ધાંત :**

એનિલીનની દ્રાવક તરીકેની હાજરીમાં ડાયએઝોએમિનોબેન્ઝિનની એનિલીન હાઇડ્રૉક્લોરાઇડના થોડા જથ્થા સાથેની પુનર્વિન્યાસ પ્રક્રિયા દ્વારા *p* - એમિનો બેન્ઝિનને વધુ જથ્થામાં બનાવી શકાય છે. આ પરિવર્તનનું રસાયણવિજ્ઞાન નીચે મુજબ છે :




ઉપર્યુક્ત પ્રક્રિયાને માત્ર નિર્બળ ઍસિડિક પરિસ્થિતિઓમાં જ કરવામાં આવે છે.

**જરૂરી સામગ્રી :**



- કોનિકલ ફ્લાસ્ક (100 mL) : એક
- થરમૉમિટર : એક
- ગળણી : એક
- ગલનબિંદુ માટેની સાધનસામગ્રી : એક
- જળઉષ્મક : એક



- ડાયએઝોએમિનોબેન્ઝિન : 3 g
- એનિલીન : 7 mL
- એનિલીન હાઇડ્રૉક્લોરાઇડ : 1.5 g
- ગ્લેસિઅલ એસિટિક ઍસિડ : 9 mL
- કાર્બન ટેટ્રાક્લોરાઇડ : 9 mL



Downloaded from https:// www.studiestoday.com


Downloaded from https:// www.studiestoday.com



એનિલીન



ઍસિટિક ઍસિડ ગંભીર રીતે દઝાડે છે





કાર્બન ટેટ્રાક્લોરાઈડ



**પદ્ધતિ :**

(i) 100 mLના કોનિકલ ફ્લાસ્કમાં લીધેલા 7 mL એનિલીનમાં 3 g ડાયએઝોએમિનોબેન્ઝિનના બારિક પાઉડરને ઓગાળો.

(ii) ઉપર્યુક્ત મિશ્રણમાં 1.5 g એનિલીન હાઇડ્રૉક્લોરાઇડના બારિક પાઉડરને ઉમેરો.

(iii) મિશ્રણને થોડા-થોડા સમયે હલાવતા રહીને જળઉષ્મક પર 40-45 °C તાપમાને એક કલાક સુધી ગરમ કરો.

(iv) જળઉષ્મકમાંથી ફ્લાસ્કને દૂર કરો અને તે પ્રક્રિયા મિશ્રણને ઓરડાના તાપમાને 30 મિનિટ સુધી સ્થિર સ્થિતિમાં રહેવા દો.

(v) વધુ પ્રમાણમાં એનિલીનને તેના પાણીમાં દ્રાવ્ય એસિટેટ સંયોજનમાં રૂપાંતરિત કરવા માટે 9 mL ગ્લેસિઅલ એસિટિક ઍસિડને તેટલા જ કદના પાણીમાં મંદ કરીને પ્રક્રિયા મિશ્રણને સતત હલાવતા રહો.

(vi) મિશ્રણને 15 મિનિટ સુધી રહેવા દો. થોડા-થોડા સમયે મિશ્રણને હલાવતા રહો.

(vii) *p*-એમિનોએઝોબેન્ઝિનને ગાળો, થોડા ઠંડા પાણી વડે ધુઓ અને ગાળણપત્રની ગડીઓ વચ્ચે તેને શુષ્ક કરો.

(viii) અપરિષ્કૃત *p* - એમિનોએઝોબેન્ઝિનના થોડા જથ્થાનું કાર્બન ટેટ્રાક્લોરાઇડ દ્વારા પુનઃ સ્ફટિકીકરણ કરો.

(ix) નીપજની પ્રાપ્તિ (જથ્થો) અને *p*-એમિનોએઝોબેન્ઝિનનું ગલનબિંદુ નોંધો.

**પરિણામ :**

*p* - એમિનોએઝોબેન્ઝિનની પ્રાપ્તિ (જથ્થો) .......... g છે અને તેનું ગલનબિંદુ .......... °C છે.

**સાવચેતીઓ :**

(a) પ્રક્રિયા મિશ્રણનું તાપમાન આશરે 40-50 °C જેટલું જાળવો.

(b) અપરિષ્કૃત નીપજને પાણીના થોડા-થોડા જથ્થાથી વારંવાર ધુઓ.

(c) સંપૂર્ણપણે શુષ્ક નમૂનાનું ગલનબિંદુ નોંધો.

## એનિલીન પીળો બનાવવા માટેની વૈકલ્પિક પદ્ધતિ

**સિદ્ધાંત :**

એનિલીન પીળાને પણ ફિનાઈલ - એઝો - β – નેપ્થોલની જેમ સીધા જ ડાયએઝોટાઈઝેશન અને યુગ્મન દ્વારા બનાવી શકાય છે. જોકે ડાયએઝોનિયમ ક્ષારનું એનિલીન અથવા અન્ય કોઈ ઍરોમેટિક એમાઈન સાથેનું યુગ્મન નિર્બળ ઍસિડિક માધ્યમમાં કરવામાં આવે છે.




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## જરૂરી સામગ્રી :



- ગળણી : એક
- કોનિકલ ફ્લાસ્ક (100 mL) : એક
- થરમૉમિટર : એક
- ગલનબિંદુ માટેની સાધનસામગ્રી : એક



- એનિલીન : 6 mL
- 1.0 M HCl : 4 mL
- કાર્બન ટેટ્રાક્લોરાઇડ : જરૂરિયાત મુજબ

## પદ્ધતિ :

(i) 2 mL એનિલીનનો ઉપયોગ કરીને ફિનાઇલ-એઝો β – નેપ્થોલ રંગકની બનાવટ માટે વર્ણવેલ પદ્ધતિ (જુઓ પ્રયોગ 10.4) મુજબ બેન્ઝિન ડાયએઝોનિયમ ક્લોરાઇડનું દ્રાવણ બનાવો.

(ii) 4 mL 1.0 M HClમાં 4 mL એનિલીનનું દ્રાવણ બનાવો.

(iii) એનિલીન હાઇડ્રૉક્લૉરાઇડના ઠંડા દ્રાવણને ધીમે-ધીમે બેન્ઝિન ડાયએઝોનિયમ ક્લોરાઇડના ઠંડા દ્રાવણમાં ઉમેરો.

(iv) પીળા સંયોજનને ગાળો અને તેને ગાળણપત્રની ગડીઓ વચ્ચે શુષ્ક કરો.

(v) અપરિષ્કૃત નમૂનાના થોડા જથ્થાનું કાર્બન ટેટ્રાક્લોરાઇડ દ્વારા પુનઃ સ્ફટિકીકરણ કરો તથા નીપજની પ્રાપ્તિ (જથ્થા) અને ગલનબિંદુ નોંધો.

*એનિલીન* 

*કાર્બન ટેટ્રાક્લોરાઈડ* 

*HCl* 



## ચર્ચાત્મક પ્રશ્નો :

(i) એસિટાઇલેશન પ્રક્રિયા માટે એસિટિક એનહાઇડ્રાઇડને એસિટાઇલ ક્લોરાઇડની સાપેક્ષે શા માટે વધુ પસંદ કરવામાં આવે છે ?

(ii) *p*-નાઇટ્રોએસિટેનિલાઇડની બનાવટમાં અન્ય અલ્પનીપજ (Minor product) કઈ બને છે ? આ સંયોજન કયું છે અને તેને *p*-નાઇટ્રોએસિટેનિલાઇડથી કેવી રીતે અલગ કરી શકાય છે ?

(iii) શું પ્રક્રિયા દ્વારા મળેલા સંયોજનનું પુનઃ સ્ફટિકીકરણ કરવું આવશ્યક છે ? શા માટે ? સમજાવો.

(iv) કાર્બનિક સંયોજનનું પુનઃ સ્ફટિકીકરણ કેવી રીતે કરવામાં આવે છે ?

(v) એસિટાઇલેશનમાં એસિટિક ઍસિડ અથવા પિરિડીનની શું ભૂમિકા હોય છે ?

(vi) અપરિષ્કૃત ઘન સંયોજનને કેવી રીતે શુદ્ધ કરવામાં આવે છે ?

(vii) નીચે દર્શાવેલાં સંયોજનો પૈકી કોની સાથે ડાયએઝોટાઈઝેશન કર્યા બાદ β–નેપ્થોલ સાથે યુગ્મન કરવાથી એઝોરંગક બનશે ?
(a) *p* - ટોલ્યુડિન (b) બેન્ઝાઇલએમાઇન (c) N - મિથાઈલએનિલીન

(viii) સામાન્ય રીતે ડાયએઝોનિયમ ક્લોરાઇડ સંયોજનો શા માટે પાણીમાં દ્રાવ્ય હોય છે ?

(ix) પ્રયોગશાળામાં મિથાઈલ ઓરેન્જને કેવી રીતે બનાવવામાં આવે છે ?

(x) ફિનોલ અને એનિલીનને રાસાયણિક રીતે કેવી રીતે વિભેદિત કરી શકાય છે ?

(xi) એનિલીન હાઇડ્રૉક્લોરિક ઍસિડમાં દ્રાવ્ય છે જ્યારે પાણીમાં તે અદ્રાવ્ય છે. શા માટે ?

(xii) એનિલીન, એમોનિયા કરતાં શા માટે નિર્બળ બેઈઝ છે ?


(xiii) ઍરોમેટિક એમાઈન સંયોજનોથી વિપરીત એલિફેટિક એમાઈન સંયોજનો સ્થાયી ડાયએઝોનિયમ ક્ષાર બનાવતા નથી. શા માટે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# એકમ 11
# કાર્બોહાઈડ્રેટ, ચરબી અને પ્રોટીન સંયોજનોની કસોટીઓ
# (Tests for Carbohydrates, Fats and Proteins)



## પ્રયોગ 11.1

શુદ્ધ સ્વરૂપમાં રહેલા કાર્બોહાઈડ્રેટ, ચરબી અને પ્રોટીન સંયોજનોની લાક્ષણિકતાઓનો અભ્યાસ અને આપેલા ખાદ્યપદાર્થોમાં તેમની હાજરીની પરખ.

## 1. શુદ્ધ સ્વરૂપમાં રહેલા કાર્બોહાઈડ્રેટ, ચરબી અને પ્રોટીન સંયોજનોની કસોટી

### A. કાર્બોહાઈડ્રેટ સંયોજનો માટેની કસોટીઓ

**સિદ્ધાંત :**

કાર્બોહાઈડ્રેટ સંયોજનો પ્રકાશક્રિયાશીલ પોલિહાઈડ્રૉક્સિ આલ્ડિહાઇડ સંયોજનો, પોલિહાઈડ્રૉક્સિ કિટોન સંયોજનો અથવા એવાં સંયોજનો છે કે જેના જળવિભાજનથી આવા એકમો નીપજે છે. સ્ટાર્ચ, સેલ્યુલોઝ અને શર્કરાઓ કાર્બોહાઈડ્રેટ સંયોજનોના જાણીતા ઉદાહરણો છે. કાર્બોહાઈડ્રેટ સંયોજનોને તેમના જળવિભાજનથી મળતા પોલિહાઈડ્રૉક્સિ આલ્ડિહાઇડ અથવા કિટોન એકમોની સંખ્યાના આધારે વર્ગીકૃત કરવામાં આવે છે. ત્રણ મુખ્ય વર્ગો નીચે દર્શાવ્યા મુજબના છે :

*(i)* *મોનોસેકેરાઇડ સંયોજનો :* આ સંયોજનો વધુ આગળ પોલિહાઈડ્રૉક્સિ આલ્ડિહાઇડ અથવા કિટોન સંયોજનોમાં જળવિભાજન પામતા નથી.

*(ii)* *ઓલિગોસેકેરાઇડ સંયોજનો :* આ સંયોજનો જળવિભાજન દ્વારા 2-10 મોનોસેકેરાઇડ એકમો નીપજાવે છે. આ પૈકી ડાયસેકેરાઇડ સંયોજનો વધુ સામાન્ય છે, જે બે મોનોસેકેરાઇડ એકમો નીપજાવે છે.

*(iii)* *પોલિસેકેરાઇડ સંયોજનો :* આ સંયોજનો જળવિભાજન દ્વારા મોટી સંખ્યામાં મોનોસેકેરાઇડ એકમો નીપજાવે છે.

મોનોસેકેરાઇડ સંયોજનોનું વધુ આગળ વર્ગીકરણ તેમનામાં હાજર રહેલા કાર્બન પરમાણુઓની સંખ્યા અને ક્રિયાશીલ સમૂહના આધારે કરવામાં આવે છે. જો મોનોસેકેરાઇડ સંયોજનો આલ્ડિહાઇડ સમૂહ ધરાવતા હોય તો તે **આલ્ડોઝ** કહેવાય છે. જો કિટો સમૂહ ધરાવે તો તેને **કિટોઝ** કહેવાય છે. **કાર્બોહાઈડ્રેટ સંયોજનોના બધા વર્ગો મોલિશ કસોટી (Molisch's test) આપે છે.** જે કાર્બોહાઈડ્રેટ સંયોજનો સ્વાદમાં મીઠાં હોય છે તે શર્કરાઓ કહેવાય છે. ગ્લુકોઝ, ફ્રુક્ટોઝ (ફળશર્કરા) અને સુક્રોઝ (ખાંડ) શર્કરાઓનાં ઉદાહરણો છે. શર્કરાઓને બે મુખ્ય પ્રકારો : રિડક્શનકર્તા શર્કરાઓ અને બિનરિડક્શનકર્તા શર્કરાઓમાં વર્ગીકૃત કરવામાં આવે છે. શર્કરાઓનાં રિડક્શનકર્તા ગુણધર્મને ત્રણ કસોટીઓ ફેહલિંગ કસોટી, બેનેડિક્ટ કસોટી અને ટોલેન્સ કસોટી દ્વારા પારખી શકાય છે.

ગ્લુકોઝ, ફ્રુક્ટોઝ અને સુક્રોઝના 1 % ધરાવતા સંગ્રહ દ્રાવણને જુદા-જુદા બીકરમાં બનાવો તથા દરેક દ્રાવણને A, B, C અને D વગેરેથી ચિહ્નિત કરેલી કસનળીઓમાં વહેંચો અને નીચે દર્શાવેલી કસોટીઓ કરો.


Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




## I. મોલિશ કસોટીનો સિદ્ધાંત

1-નેપ્થોલનું આલ્કોહૉલિય દ્રાવણ ધરાવતા કાર્બોહાઇડ્રેટના જલીય દ્રાવણમાં સાંદ્ર સલ્ફ્યુરિક ઍસિડ ઉમેરતા બે પ્રવાહીઓના સંગમ સ્થાને ઘેરો જાંબલી રંગ જોવા મળે છે. સાંદ્ર સલ્ફ્યુરિક ઍસિડ કાર્બોહાઇડ્રેટના ગ્લાયકોસિડિક બંધનું જળવિભાજન કરીને મોનોસેકેરાઈડ સંયોજનો બનાવે છે, જેઓ ફુરફુરાલ તરીકે ઓળખાતા એક આલ્ડિહાઇડમાં નિર્જળીકરણ પામે છે, જે 1-નેપ્થોલ સાથે પ્રક્રિયા કરીને ઘેરા જાંબલી રંગની અસ્થાયી સંઘનન નીપજ બનાવે છે. આ કસોટી કેટલાંક અન્ય કાર્બનિક સંયોજનો પણ આપે છે. આ પ્રક્રિયા નીચે મુજબ થાય છે :




R = H: ફુરફુરાલ
R = $CH_2OH$: 5-હાઇડ્રૉક્સિમિથાઇલ ફુરફુરાલ


R = H: આલ્ડોપેન્ટોઝ
R = $CH_2OH$: આલ્ડોહેક્સોઝ




R = H: ફુરફુરાલ
R = $CH_2OH$: 5-હાઇડ્રૉક્સિમિથાઇલ ફુરફુરાલ

R = H; કિટોપેન્ટોઝ
R = $CH_2OH$: કિટોહેક્સોઝ

### જરૂરી સામગ્રી :



| | | | |
|---|---|---|---|
| • કસનળીઓ | : જરૂરિયાત મુજબ | • ગ્લુકોઝ, ફ્રુકટોઝ, ખાંડ (સુક્રોઝ) | : જરૂરિયાત મુજબ |
| • કસનળી સ્ટૅન્ડ | : એક | • 1-નેપ્થોલનું આલ્કોહૉલિય દ્રાવણ | : જરૂરિયાત મુજબ |
| • કસનળી હોલ્ડર | : એક | • સાંદ્ર $H_2SO_4$ | : જરૂરિયાત મુજબ |
| • બીકર (100 mL) | : એક | | |



### પદ્ધતિ :

કસનળી 'A'માં 1 % 1-નેપ્થોલના આલ્કોહૉલિય દ્રાવણનાં 2-3 ટીપાં ઉમેરો. ત્યાર બાદ તેમાં 2 mL સાંદ્ર $H_2SO_4$ને કસનળીની દીવાલને અડકાડીને રેડો, જેથી કસનળીના તળિયે અલગ સ્તર બનાવે છે. બે સ્તરોના સંગમસ્થાને રચાતું જાંબુડિયા રંગનું વલય કાર્બોહાઇડ્રેટ સંયોજનોની હાજરી નિશ્ચિત કરે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




### II રિડક્શનકર્તા શર્કરાઓની કસોટીનો સિદ્ધાંત

**A. ફેહલિંગ કસોટી અને બેનેડિક્ટ કસોટી**

આલ્કલાઈન દ્રાવણમાં કૉપર હાઇડ્રૉક્સાઇડના નિલંબનને ગરમ કરતા કાળો કૉપર (II) ઑક્સાઇડ બને છે.

$$Cu(OH)_2 \longrightarrow CuO + H_2O$$

CuO : કૉપર (II) ઑક્સાઇડ (કાળો)

આલ્કોહૉલ 

$H_2SO_4$ 

જો પ્રક્રિયા માધ્યમમાં કોઈ રિડક્શનકર્તા હાજર હોય તો નારંગી-લાલ રંગનો કૉપર (I) ઑક્સાઇડ અવક્ષેપિત થાય છે.

$$2Cu(OH)_2 \longrightarrow Cu_2O + 2H_2O + [O]$$

$Cu_2O$ : કૉપર (I) ઑક્સાઇડ (નારંગી-લાલ)

**જોખમી ચેતવણી**

- *1-નેપ્થોલની ઊંચી સાંદ્રતા શરીરની બધી પેશીઓ માટે આત્યંતિક વિનાશક છે.*

રિડક્શનકર્તા શર્કરાઓ આલ્ડિહાઇડ સમૂહ અથવા α - હાઇડ્રૉક્સિ કિટોન સમૂહ ધરાવે છે તેથી આલ્કલાઈન માધ્યમમાં $Cu^{2+}$ આયનોનું રિડક્શન થાય છે. પરંતુ જો પ્રક્રિયા સીધી આલ્કલીની હાજરીમાં કરવામાં આવે તો કૉપર (II) હાઇડ્રૉક્સાઇડ અવક્ષેપિત થાય છે. આ મુશ્કેલીના નિવારણ માટે, કૉપર (II) આયનોનું ટાર્ટરેટ આયનો (ફેહલિંગ પ્રક્રિયક) અથવા સાઇટ્રેટ આયનો (બેનેડિક્ટ પ્રક્રિયક) સાથે સંકીર્ણ સંયોજન બનાવવામાં આવે છે. બંને સંકીર્ણ આયનો આલ્કલાઈન માધ્યમમાં દ્રાવ્ય છે અને તે $Cu^{2+}$ આયનોની એટલી નીચી સાંદ્રતા ઉત્પન્ન કરે છે કે જે ક્યુપ્રિક હાઇડ્રૉક્સાઇડના દ્રાવ્યતા ગુણાકાર સુધી પહોંચતી નથી.

રિડક્શનકર્તા શર્કરાઓ ફેહલિંગ પ્રક્રિયક સાથે નીચે દર્શાવ્યા મુજબ પ્રક્રિયા કરે છે :

$$RCHO + 2Cu^{2+} + 5OH^- \longrightarrow RCOO^- + Cu_2O + 3H_2O$$

$Cu_2O$ : (નારંગી-લાલ અવક્ષેપ)

$Cu^{2+}$ આયનોના કારણે જોવા મળતા વાદળી રંગનું દૂર થવું અને $Cu_2O$ના નારંગી-લાલ અવક્ષેપનું બનવું તે શર્કરાઓનો રિડક્શનકર્તા ગુણધર્મ સૂચવે છે.

$$\text{D-ગ્લુકોઝ} + Cu^{2+}\ (\text{સાઇટ્રેટ}) \xrightarrow{Na_2CO_3(aq)} \text{D-ગ્લુકોનિક ઍસિડ} + Cu_2O$$

$Cu_2O$ : (નારંગી-લાલ અવક્ષેપ)

$$\text{D-માલ્ટોઝ} + Cu^{2+}\ (\text{ટાર્ટરેટ}) \xrightarrow{NaOH\ (aq)} \text{D-માલ્ટોબાયોનિકઍસિડ} + Cu_2O$$

$Cu_2O$ : (નારંગી-લાલ અવક્ષેપ)

$$\text{સુક્રોઝ (ડાયસેકેરાઇડ)} \xrightarrow[\text{દ્રાવણ}]{\text{ફેહલિંગ}} \text{પ્રક્રિયા થતી નથી.}$$

NaOH (aq)

કેટલીક વખત ક્યુપ્રસ અવક્ષેપ પીળા ક્યુપ્રસ હાઇડ્રૉક્સાઇડ તરીકે બને છે, પરંતુ તેને સહેજ ગરમ કરતાં તે નારંગી-લાલ કૉપર (I) ઑક્સાઇડમાં રૂપાંતર પામે છે.




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



કેટલાક કિસ્સાઓમાં, આ પ્રક્રિયાને રુધિર અને પેશાબ વગેરેમાં રિડક્શનકર્તા શર્કરાઓના માપન માટે જથ્થાત્મક વૈશ્લેષિક પ્રક્રમ તરીકે ઉપયોગમાં લઈ શકાય છે.

બધા મોનોસેકેરાઇડ રિડક્શનકર્તા શર્કરાઓ છે. મુક્ત હેમી-એસિટાલ સમૂહ




ધરાવતી ડાયસેકેરાઈડ શર્કરાઓ પણ નિર્બળ રિડક્શનકર્તા શર્કરાઓ છે.


કુદરતી રીતે મળતી મોટા ભાગની ડાયસેકેરાઈડ શર્કરાઓ રિડક્શનકર્તા શર્કરાઓ છે (સુક્રોઝ અપવાદ છે.)

**B. ટોલેન્સ કસોટી**

ટોલેન્સ પ્રક્રિયક સિલ્વર નાઈટ્રેટનું એમોનિયામય દ્રાવણ છે. રિડક્શનકર્તા શર્કરા સિલ્વર આયનોનું ધાત્વીય સિલ્વરમાં રિડક્શન કરે છે, જે કસનળીની અંદરની સપાટી પર જમા થઈને રજત દર્પણ (Silver mirror) બનાવે છે. આ પ્રક્રિયા નીચે મુજબ થાય છે :

$$RCHO + 2[Ag(NH_3)_2]^+ + 2OH^- \longrightarrow 2Ag + RCOONH_4 + H_2O + 3NH_3$$

**જરૂરી સામગ્રી :**



- કસનળીઓ : જરૂરિયાત મુજબ
- કસનળી સ્ટૅન્ડ : એક
- કસનળી હોલ્ડર : એક
- બીકર (100 mL) : એક
- જળઉષ્મક : એક
- બુન્સેન બર્નર : એક



- ફેહલિંગ દ્રાવણો A અને B : જરૂરિયાત મુજબ
- બેનેડિક્ટ પ્રક્રિયક : જરૂરિયાત મુજબ
- ટોલેન્સ પ્રક્રિયક : જરૂરિયાત મુજબ

**પદ્ધતિ :**

**A. ફેહલિંગ કસોટી**

એક કસનળીમાં ફેહલિંગ દ્રાવણો A અને B બંનેના 1 mL મિશ્ર કરો અને તેને કસનળી Bમાં ઉમેરો. કસનળીમાંના મિશ્રણને જળઉષ્મકમાં ગરમ કરો. બનતા નારંગી-લાલ અવક્ષેપ રિડક્શનકર્તા શર્કરાની હાજરી સૂચવે છે.

**B. બેનેડિક્ટ કસોટી**


કસનળી Cમાં 1 mL બેનેડિક્ટ પ્રક્રિયક ઉમેરો અને મિશ્રણને ઉકળે ત્યાં સુધી જળઉષ્મકમાં 2 મિનિટ માટે ગરમ કરો. કૉપર (I) ઑક્સાઇડ બનવાના કારણે ઉત્પન્ન થતા નારંગી-લાલ અવક્ષેપ રિડક્શનકર્તા શર્કરાની હાજરી સૂચવે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



રિસોર્નિસોલ 

ફુરફુરાલ 

### C. ટોલેન્સ કસોટી

ટોલેન્સ પ્રક્રિયક બનાવવા માટે 1 mL સિલ્વર નાઈટ્રેટના જલીય દ્રાવણમાં જ્યાં સુધી સિલ્વર ઑક્સાઈડના અવક્ષેપ ન મળે ત્યાં સુધી ટીપે-ટીપે સોડિયમ હાઈડ્રૉક્સાઈડનું દ્રાવણ ઉમેરો. હવે આ મિશ્રણને હલાવતા જઈ તેમાં એમોનિયમ હાઈડ્રૉક્સાઈડનું દ્રાવણ ઉમેરો કે જેથી શરૂઆતમાં મળેલા સિલ્વર ઑક્સાઈડના અવક્ષેપ ઓગળી જાય. આ પ્રક્રિયકને શર્કરાનું દ્રાવણ ધરાવતી D કસનળીમાં ઉમેરો અને આ પ્રક્રિયા મિશ્રણને જળઉષ્મક પર ગરમ કરો. કસનળીની અંદરની દીવાલ પર બનતું રજતદર્પણ રિડક્શનકર્તા શર્કરાની હાજરી દર્શાવે છે.

**ચેતવણી !**

*આ કસનળીને સીધી જ્યોત પર કદી ગરમ ન કરવી, તેનાથી **વિસ્ફોટન** થઈ શકે છે.*

### III. મોનોસેકેરાઈડને ડાયસેકેરાઈડથી વિભેદિત કરવાની કસોટીનો સિદ્ધાંત


#### બારફોડ કસોટી

આ પ્રક્રિયક ક્યુપ્રિક એસિટેટનું એસિટિક ઍસિડમાં દ્રાવણ છે. તે નિર્બળ ઍસિડિક છે અને તે માત્ર મોનોસેકેરાઈડ શર્કરાઓ દ્વારા રિડકશન પામે છે. ડાયસેકેરાઈડને લાંબા સમય સુધી ઉકાળવાથી તેનું જળવિભાજન થાય છે અને ખોટી હકારાત્મક કસોટી મળી શકે છે. મોનોસેકેરાઈડ શર્કરાઓ આ પ્રક્રિયક સાથે 5 મિનિટમાં જ પ્રક્રિયા કરીને કૉપર (I) ઑક્સાઈડના ઈંટ જેવા લાલ રંગના અવક્ષેપ આપે છે. ડાયસેકેરાઈડ શર્કરાઓ આ પ્રક્રિયા કરવા માટે લાંબો સમય લે છે કારણ કે આલ્ડિહાઈડ સમૂહ, એસિટાલ સાંકળમાં જોડાયેલો હોય છે.

$$\underset{\text{મોનોસેકેરાઈડ}}{RCHO} + 2Cu^{2+} \longrightarrow RCOOH + \underset{\text{ઈંટ જેવો લાલ}}{Cu_2O}$$

મળતાં ક્યુપ્રસ ઑક્સાઈડના અવક્ષેપ ઓછા ભારે હોય છે અને તેનો રંગ નારંગી-લાલના બદલે ઈંટ જેવો લાલ હોય છે.

**જરૂરી સામગ્રી :**



- કસનળીઓ : જરૂરિયાત મુજ
- કસનળીનું સ્ટૅન્ડ : એક
- કસનળી હોલ્ડર : એક
- બીકર (100 mL) : એક
- જળઉષ્મક : એક
- બુન્સેન બર્નર : એક



- ગ્લુકોઝ, ફ્રુક્ટોઝ, ખાંડ (સુક્રોઝ) : જરૂરિયાત મુજબ
- બારફોડ પ્રક્રિયક : જરૂરિયાત મુજબ

**પદ્ધતિ :**

1 % શર્કરાના દ્રાવણનાં 10 ટીપાંને એક કસનળીમાં લો અને તેમાં 1 mL બારફોડ પ્રક્રિયક ઉમેરો. કસનળીમાંના મિશ્રણને ઉકળે ત્યાં સુધી જળઉષ્મકમાં 5 મિનિટ માટે ગરમ કરો. નારંગી-લાલ અવક્ષેપનું બનવું મોનોસેકેરાઈડ શર્કરાઓની હકારાત્મક કસોટી સૂચવે છે. ડાયસેકેરાઈડ શર્કરાઓ આ કસોટી આપતા નથી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




### સુક્રોઝ માટે કસોટી

આ કસોટી કરવા માટે સુક્રોઝનું જળવિભાજન કરવામાં આવે છે. આ માટે 5 mL 1 % સુક્રોઝના દ્રાવણમાં સાંદ્ર HClનાં 5 ટીપાં ઉમેરવામાં આવે છે અને આ મિશ્રણને ઉકળતા પાણીવાળા જળઉષ્મકમાં ગરમ કરો. મિશ્રણને ઠંડું કરો અને તેને તટસ્થ અથવા સહેજ બેઝિક દ્રાવણ બનાવવા માટે તેમાં NaOHનું દ્રાવણ ઉમેરો. રિડક્શનકર્તા શર્કરા માટે આ કસોટી કરો તથા જળવિભાજિત નીપજ સાથે નીચે દર્શાવેલી સેલિવાનોફ કસોટી (Seliwanoff's test) કરો અને તમારાં પરિણામો નોંધો.

## IV. કિટોઝને આલ્ડોઝથી વિભેદિત કરવાની કસોટી


### સેલિવાનોફ કસોટી

કિટોઝ સંયોજનો ઍસિડિક પરિસ્થિતિમાં વધુ ઝડપી નિર્જળીકરણ પામીને ફુરફુરાલ આપે છે, જે રિસોર્સિનોલ (1, 3 - ડાયહાઈડ્રૉક્સિ બેન્ઝિન) સાથે પ્રક્રિયા કરીને રંગીન નીપજ આપે છે.




R = H; કિટોપેન્ટોઝ
R = $CH_2OH$; કિટોહેક્સોઝ

કિટોહેક્સોઝ સંયોજનો લાલ રંગ આપે છે અને કિટોપેન્ટોઝ સંયોજનો વાદળી-લીલો રંગ આપે છે. આલ્ડોઝ સંયોજનો આ રંગ આપવા માટે લાંબો સમય લે છે કારણ કે આવી જ પરિસ્થિતિઓમાં આલ્ડોઝ સંયોજનો ધીમેથી ફુરફુરાલ બનાવે છે. જેનું સંભવિત કારણ એ છે કે નિર્જળીકરણથી ફુરફુરાલ બનતા પહેલાં β – વિલોપન જરૂરી છે. તેથી લાંબો સમય ગરમ કરવાનું ટાળવું જોઈએ.




R = H; આલ્ડોપેન્ટોઝ
R = $CH_2OH$; આલ્ડોહેક્સોઝ




Downloaded from https:// www.studiestoday.com


Downloaded from https:// www.studiestoday.com



**જરૂરી સામગ્રી :**



| | |
|---|---|
| • કસનળીઓ | : જરૂરિયાત મુજબ |
| • કસનળી સ્ટૅન્ડ | : એક |
| • કસનળી હોલ્ડર | : એક |
| • બીકર (100 mL) | : એક |
| • જળઉષ્મક | : એક |
| • બુન્સેન બર્નર | : એક |



| | |
|---|---|
| • ગ્લુકોઝ, ફ્રુક્ટોઝ, શર્કરા (સુક્રોઝ) | : જરૂરિયાત મુજબ |
| • સેલિવાનોફ પ્રક્રિયક | : જરૂરિયાત મુજબ |


**પદ્ધતિ :**

એક કસનળીમાં લીધેલા 1 % શર્કરા દ્રાવણનાં 10 ટીપાંમાં 2 mL સેલિવાનોફ પ્રક્રિયક ઉમેરો. આ કસનળીને 2 મિનિટ માટે ઉકળતા પાણીમાં ગરમ કરો. કિટોહેક્સોઝ સંયોજનો લાલ રંગ આપે છે. કિટોપેન્ટોઝ સંયોજનો વાદળી-લીલો રંગ આપે છે. આલ્ડોઝ સંયોજનો 2 મિનિટમાં રંગ આપતા નથી.


### V. પોલિસેકેરાઇડસંયોજનો (સ્ટાર્ચ) માટેની કસોટીનો સિદ્ધાંત

સ્ટાર્ચ, આયોડિનના દ્રાવણ સાથે સ્ટાર્ચ આયોડાઇડ સંકીર્ણ સંયોજન બનવાને કારણે વાદળી રંગ આપે છે. ઘઉં, ચોખા, મકાઈ, બટાટા વગેરેમાં સ્ટાર્ચ રહેલો હોય છે.

**જરૂરી સામગ્રી :**




| | |
|---|---|
| • કસનળીઓ | : જરૂરિયાત મુજબ |
| • કસનળી સ્ટૅન્ડ | : એક |
| • કસનળી હોલ્ડર | : એક |
| • બીકર (100 mL) | : એક |
| • જળઉષ્મક | : એક |
| • બુન્સેન બર્નર | : એક |



| | |
|---|---|
| • સ્ટાર્ચ દ્રાવણ | : જરૂરિયાત મુજબ |
| • આયોડિન દ્રાવણ | : જરૂરિયાત મુજબ |

**પદ્ધતિ :**

**આયોડિન કસોટી**

આયોડિન 

5 mL પાણીમાં સ્ટાર્ચનું (0.5 g) નિલંબન બનાવો અને તેને 50 mL ઉકળતા પાણીમાં રેડો જેથી જલીય કલિલમય દ્રાવણ મળે છે. તેમાં જલીય આયોડિન દ્રાવણનાં થોડાં ટીપાં ઉમેરો. વાદળી રંગની ઉપસ્થિતિ સ્ટાર્ચની હાજરી સૂચવે છે.

### B. તૈલીપદાર્થો અને ચરબીયુક્ત પદાર્થો માટે કસોટી

**સિદ્ધાંત :**

આ પદાર્થો ગ્લિસરોલ અને લાંબી શૃંખલાવાળા ફેટિઍસિડનાં ઍસ્ટર સંયોજનો છે અને તેઓ ટ્રાયગ્લિસરાઇડ સંયોજનો તરીકે ઓળખાય છે. જે ટ્રાયગ્લિસરાઇડ સંયોજનો ઓરડાના તાપમાને પ્રવાહી સ્વરૂપે છે તેઓ તૈલી પદાર્થો અને ઘનસ્વરૂપે છે તેઓ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




ચરબીયુક્ત પદાર્થો કહેવાય છે. તૈલીપદાર્થો વનસ્પતિજ ઉત્પત્તિ છે અને ચરબીયુક્ત પદાર્થો પ્રાણિજ ઉત્પત્તિ છે. ટ્રાયગ્લિસરાઈડ સંયોજનો કે જેમાં ત્રણેય એસાઈલ સમૂહો સમાન હોય છે તેને સાદાં ટ્રાયગ્લિસરાઈડ સંયોજનો કહે છે અને જેમાં ત્રણ એસાઈલ સમૂહો જુદા-જુદા હોય તેને મિશ્ર ટ્રાયગ્લિસરાઈડ સંયોજનો કહે છે. કુદરતી રીતે મળતા અનેક ફેટિઍસિડ સંયોજનો બે અથવા ત્રણ દ્વિબંધો ધરાવે છે. ચરબીયુક્ત પદાર્થોમાંથી મળી આવતાં આ સંયોજનોને પોલિઅસંતૃપ્ત ચરબીયુક્ત પદાર્થો અથવા તૈલીપદાર્થો કહે છે, જ્યારે તૈલીપદાર્થો અસંતૃપ્ત ફેટિઍસિડ સંયોજનોના ગ્લિસરાઈડ સંયોજનો છે. ચરબીયુક્ત પદાર્થો અને તૈલીપદાર્થો પાણીમાં અદ્રાવ્ય હોય છે.

તૈલીપદાર્થો અને ચરબીયુક્ત પદાર્થોને પોટૅશિયમ હાઇડ્રૉજનસલ્ફેટ સાથે ગરમ કરતા એક્રોલીનની લાક્ષણિક વાસ આપે છે. આ ગ્લિસરોલ માટેની કસોટી છે, જે મુક્ત અથવા સંયોજિત સ્વરૂપે એસ્ટર તરીકે હોય છે. પોટૅશિયમ હાઇડ્રૉજન સલ્ફેટ સાથે ગરમ કરવાથી ગ્લિસરોલ નિર્જળીકરણ પામે છે અને એક્રોલિન બનાવે છે, જે તીવ્ર વાસ ધરાવે છે. આ પ્રક્રિયા નીચે મુજબ છે :

$$\begin{array}{c} CH_2OH \\ | \\ CHOH \\ | \\ CH_2OH \end{array} \xrightarrow[KHSO_4]{\text{ગરમી}} \begin{array}{c} CH_2 \\ \| \\ CH \\ | \\ CHO \end{array} + H_2O$$

## જરૂરી સામગ્રી :



- કસનળીઓ : જરૂરિયાત મુજબ
- કસનળી સ્ટેન્ડ : એક
- કસનળી હોલ્ડર : એક
- બીકર (100 mL) : એક
- જળઉષ્મક : એક
- બુન્સેન બર્નર : એક



- સરસવ તેલ/ઘી : જરૂરિયાત મુજબ
- પોટૅશિયમ હાઇડ્રૉજન-સલ્ફેટ : જરૂરિયાત મુજબ

## પદ્ધતિ :

એક કસનળીમાં લીધેલા 3 mL સરસવ તેલ/ઘીમાં શુષ્ક પોટૅશિયમ હાઇડ્રૉજન સલ્ફેટના થોડા સ્ફટિકો (0.5 g) ઉમેરો અને કસનળીમાં રહેલા મિશ્રણને ધીમે-ધીમે ગરમ કરો. તીવ્રવાસ તૈલીપદાર્થ અથવા ચરબીયુક્ત પદાર્થની હાજરી નિશ્ચિત કરે છે.

## C. પ્રોટીન સંયોજનો માટે કસોટીઓ

## સિદ્ધાંત :

પ્રોટીન સંયોજનો નાઇટ્રોજન ધરાવતા અને એમિનોઍસિડ સંયોજનોમાંથી બનેલા જટિલ કાર્બનિક સંયોજનો છે. ઈંડાના આલ્બ્યુમિન, સોયાબીન, કઠોળ, માછલી, દૂધ વગેરેમાં પ્રોટીન સંયોજનો રહેલાં હોય છે. તેમની હાજરી ઘણી કસોટીઓ દ્વારા નિશ્ચિત કરી શકાય છે. એમિનોઍસિડ સંયોજનોમાં રહેલી લાક્ષણિક શૃંખલાઓના કારણે તેઓ વિશિષ્ટ રંગ પ્રક્રિયાઓ દર્શાવે છે કે જે તેમની ઓળખ માટેના આધાર બને છે. પ્રોટીન સંયોજનો પણ એમિનોઍસિડની રંગપ્રક્રિયાઓ આપે છે પરંતુ તેમને બાયયુરેટ પ્રક્રિયા અને સ્કંદન પ્રક્રિયા દ્વારા એમિનોઍસિડ સંયોજનોથી વિભેદિત કરી શકાય છે.




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



### I. પેપ્ટાઈડ બંધ માટે બાયયુરેટ કસોટી

આલ્કલાઈન કૉપર સલ્ફેટ, બે કે તેથી વધુ પેપ્ટાઇડ બંધ ધરાવતા સંયોજનો સાથે પ્રક્રિયા કરી જાંબલી રંગના સંકીર્ણ સંયોજનો બનાવે છે.




અને $[Cu(NHCONHCONH)_2]^{2}$

આ કસોટીનું નામ બાયયુરેટ સંયોજનના નામ પરથી પડ્યું છે જે આ કસોટી આપે છે. આ પ્રક્રિયા સંપૂર્ણપણે પેપ્ટાઇડ બંધ માટે વિશિષ્ટ નથી કારણ કે અનેક સંયોજનો કે જેઓમાં બે કાર્બોનિલ સમૂહો નાઇટ્રોજન અથવા કાર્બન પરમાણુઓ દ્વારા જોડાયેલા હોય છે તેઓ પણ હકારાત્મક પરિણામ આપે છે.

### II. નીનહાઈડ્રિન પ્રક્રિયા

નીનહાઇડ્રિન શક્તિશાળી ઑક્સિડેશનકર્તા છે અને તે પ્રોટીન સાથે પ્રક્રિયા કરી વાદળી-જાંબલી સંયોજન બનાવે છે તેને રૂહુમાન જાંબુડિયો (Rhumann's Purple) કહે છે.





નીનહાઇડ્રિન — રૂહુમાન જાંબુડિયો (વાદળી જાંબલી)

***નોંધ :*** *એમોનિયા, પ્રાથમિક એમાઈન સંયોજનો, એમિનોઍસિડ સંયોજનો અને પેપ્ટાઇડ સંયોજનો પણ નીનહાઈડ્રિન સાથે પ્રક્રિયા કરે છે.*

### III. ઝેન્થોપ્રોટિક પ્રક્રિયા

મુક્ત એમિનોઍસિડ સંયોજન અથવા પ્રોટીન સંયોજનને સાંદ્ર નાઇટ્રિક ઍસિડ સાથે ગરમ કરતા તેમના ઍરોમેટિક સમૂહો નાઇટ્રેશન પ્રક્રિયા અનુભવે છે. આ વ્યુત્પન્નોના ક્ષાર નારંગી રંગના હોય છે.

## જરૂરી સામગ્રી :



- કસનળીઓ : જરૂરિયાત મુજબ
- કસનળી સ્ટૅન્ડ : એક
- કસનળી હોલ્ડર : એક
- બીકર (100 mL) : એક
- જળઉષ્મક : એક
- બુન્સેન બર્નર : એક



- ઈંડાનું આલ્બ્યુમિન/કેસીન
- નીનહાઈડ્રિન
- કૉપર પ્રક્રિયક
- સાંદ્ર $HNO_3$
- આલ્કોહૉલ

: જરૂરિયાત મુજબ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




**પદ્ધતિ :**


**A. બાયયુરેટ કસોટી**

કેસીન અથવા ઈંડાના આલ્બ્યુમિનનું 0.5 % (w/V)નું દ્રાવણ 0.1 M NaOHના દ્રાવણમાં બનાવો. આ દ્રાવણના 2-3 mL લો અને તેમાં આશરે 2 mL 10 % સોડિયમ હાઈડ્રૉક્સાઈડનું દ્રાવણ ઉમેરો. તેમાં કૉપર પ્રક્રિયકના થોડા ટીપાં ઉમેરો અને મિશ્રણને આશરે 5 મિનિટ સુધી ગરમ કરો. $Cu^{2+}$ આયનો સાથે – CONH – સમૂહની સંકીર્ણ સ્પીસિઝ બનવાના કારણે ઉદ્‌ભવતો જાંબલી રંગ નમૂનામાં પ્રોટીન સંયોજનની હાજરી નિશ્ચિત કરે છે.

$HNO_3$



આલ્કોહૉલ



**B. નીનહાઈડ્રિન પ્રક્રિયા**

એક કસનળીમાં 2-3 mL ઈંડાના આલ્બ્યુમિનનું જલીય દ્રાવણ લો. તેમાં 2-3 ટીપાં નીનહાઈડ્રિન દ્રાવણ ઉમેરો અને ગરમ કરો. ઉદ્‌ભવતો વાદળી રંગ પ્રોટીનની હાજરી સૂચવે છે.

**C. ઝેન્થોપ્રોટિક કસોટી**

એક કસનળીમાં 1 mL ઈંડાના આલ્બ્યુમિનનું જલીય દ્રાવણ લો અને તેમાં સાંદ્ર નાઈટ્રિક ઍસિડનાં થોડાં ટીપાં ઉમેરો. પ્રક્રિયા મિશ્રણને થોડી મિનિટો માટે બુન્સેન બર્નર પર ગરમ કરો. પીળો રંગ ઉદ્‌ભવે છે. નળના પાણી નીચે કસનળીને ઠંડી કરો અને 10M સોડિયમ હાઈડ્રૉક્સાઈડનાં થોડા ટીપાં ઉમેરો. નારંગી રંગ ઉદ્‌ભવે છે.

## II. ખાદ્યપદાર્થોમાં કાર્બોહાઈડ્રેટ, ચરબી અને પ્રોટીન પદાર્થો માટે કસોટી

(i) દૂધ, ઘઉંનો લોટ, ચોખા, ચણાનો લોટ અને કઠોળના પાઉડરના નમૂનાઓ, તેમાં કાર્બોહાઈડ્રેટ, ચરબી અને પ્રોટીન પદાર્થોની હાજરી જાણવા માટે લો.

(ii) આ કસોટીઓ કરવા માટે 0.5 mL દૂધનો નમૂનો લો.

(iii) ઘઉંનો લોટ, ચોખાનો લોટ, ચણાનો લોટ અને કઠોળ પાઉડર માટે 100 mg નમૂનાને 10 mL નિસ્યંદિત પાણીમાં ઉમેરો અને નિલંબનને ઉકાળો જેથી કલિલમય દ્રાવણ મળે છે. આ કલિલમય દ્રાવણ સાથે આ કસોટીઓ કરો અને પરિણામોને કોષ્ટક 11.1માં નોંધો.

**કોષ્ટક 11.1 : ખાદ્યપદાર્થોના જુદા-જુદા નમૂનાઓમાં કાર્બોહાઈડ્રેટ, ચરબી અને પ્રોટીન પદાર્થોની કસોટી**

| નમૂનો | કાર્બોહાઈડ્રેટ સંયોજનો હાજર / ગેરહાજર | ચરબીયુક્ત પદાર્થો હાજર / ગેરહાજર | પ્રોટીન સંયોજનો હાજર / ગેરહાજર |
|---|---|---|---|
| દૂધ | | | |
| ઘઉંનો લોટ | | | |
| ચોખાનો લોટ | | | |
| ચણાનો લોટ | | | |
| કઠોળનો પાઉડર | | | |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



પ્રયોગો પરથી તે જોવા મળશે કે ઘઉંનો લોટ, ચણાનો લોટ અને કઠોળના પાઉડર જેવા ખાદ્યપદાર્થો કાર્બોહાઈડ્રેટ સંયોજનો અને પ્રોટીન સંયોજનો ધરાવે છે. ચોખાનો લોટ કાર્બોહાઈડ્રેટ પદાર્થો ધરાવે છે, જ્યારે દૂધ ચરબીયુક્ત પદાર્થો અને પ્રોટીન પદાર્થો ધરાવે છે. તેવી જ રીતે અન્ય ખાદ્યપદાર્થોની કાર્બોહાઈડ્રેટ, ચરબી અને પ્રોટીન સંયોજનોની હાજરી તપાસવા કસોટી કરી શકાય છે.

**સાવચેતીઓ :**

(a) ચણા, ઘઉં અને ચોખાના લોટનું નિષ્કર્ષ બનાવતી વખતે મિશ્રણને સંપૂર્ણપણે હલાવો.

(b) કસોટીઓ કરવા માટે હંમેશાં તાજા બનાવેલા પ્રક્રિયકોનો ઉપયોગ કરો.

(c) પ્રક્રિયકોના માત્ર જરૂરી જથ્થાનો જ ઉપયોગ કરો.

**ચર્ચાત્મક પ્રશ્નો :**

(i) તમે સુક્રોઝ અને ગ્લુકોઝને કેવી રીતે વિભેદિત કરશો ?

(ii) કિટોન સમૂહની હાજરીના કારણે ફ્રુક્ટોઝ શા માટે ફેહલિંગ દ્રાવણ અને ટોલેન્સ પ્રક્રિયકનું રિડક્શન કરે છે ?

(iii) ફેહલિંગ પ્રક્રિયક અને બેનેડિક્ટ પ્રક્રિયકમાં અનુક્રમે ટાર્ટરેટ અને સાઈટ્રેટ આયોનોની શું ભૂમિકા છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# પરિયોજનાઓ

## પરિયોજના 1

**શીર્ષક :**

જામફળમાં રહેલા ઑક્ઝેલેટ આયનોનું તેના પાકવાના જુદા-જુદા તબક્કે થતા વિચરણ (ફેરફાર) (Variation)નો અભ્યાસ કરવો.

**હેતુ :**

આ પ્રૉજેક્ટનો ઉદ્દેશ્ય જામફળમાં રહેલા ઑક્ઝેલેટ આયનમાં તેના પાકવા દરમિયાન થતા વિચરણનો (ફેરફાર) અભ્યાસ કરવાનો છે (એટલે કે કાચા, અશંતઃ પાકેલા અને પૂર્ણ પાકેલા)

**ટૂંકમાં પદ્ધતિ :**

જામફળના જુદા-જુદા નમૂનાઓ (લીલા, આછા લીલા, પીળાશપડતા સફેદ અને પીળા એટલે કે કાચામાંથી પૂર્ણ પાકેલા નમૂનાઓ) એકઠા કરો. આમાંના કોઈ પણ નમૂનાના 100 ગ્રામ લો. તેને ખલમાં કચરીને મળતી લુગદીને (paste) 100 mL પાણીમાં લઈ લો. આ મિશ્રણને 10-15 મિનિટ માટે ઉકાળો અને પછી ગાળો. ગાળણ લો અને તેમાં આશરે 5 mL મંદ સલ્ફ્યુરિક ઍસિડ ઉમેરો અને તેનું 0.001 M $KMnO_4$ દ્રાવણ સામે અનુમાપન કરો. જામફળના બીજા નમૂનાઓ સાથે આ પ્રયોગનું પુનરાવર્તન કરો અને તારણો મેળવો.

## પરિયોજના 2

**શીર્ષક :**

દૂધના જુદા-જુદા નમૂનાઓમાં રહેતા કેસીનના પ્રમાણની સરખામણીનો અભ્યાસ કરવો.

**હેતુ :**

દૂધના જુદા-જુદા નમૂનાઓની ગુણવત્તા તેમનામાં રહેલા કેસીનના જથ્થા શોધીને સરખામણી કરવી.

**ટૂંકમાં પદ્ધતિ :**

જુદા-જુદા 500 mL બીકરમાં દૂધના દરેક નમૂનાના 200 mL લો. દૂધના નમૂનાને 50-60 °C તાપમાને ગરમ કરો. મંદ હાઈડ્રૉક્લોરિક ઍસિડનાં થોડાં ટીપાં ધીમે-ધીમે ઉમેરતા જાવ અને સતત 5-10 મિનિટ માટે હલાવતા રહો. કેસીન અસ્ફટિકમય પદાર્થ તરીકે સ્કંદન પામશે. પદાર્થને ગાળી લો અને અવક્ષેપને નળના પાણીથી વધુ વખત ધૂઓ. ચરબીને યોગ્ય કાર્બનિક દ્રાવકનો ઉપયોગ કરીને લઈ લો. આ રીતે મળેલા કેસીનનું સૂકવ્યા પછી વજન કરો.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## પરિયોજના 3

**શીર્ષક :**

સોયાબીન દૂધની બનાવટ અને તેની કુદરતી દૂધ સાથે સરખામણી

**હેતુ :**

સોયાબીન દૂધ બનાવવું અને તેને કુદરતી દૂધની સાથે દહીંની બનાવટ, તાપમાનની અસર, સ્વાદ વગેરેના અનુસંધાનમાં સરખામણી કરવી.

**ટૂંકમાં પદ્ધતિ :**

સોયાબીનના બીજને ગરમ પાણીમાં લઈને તેને પાણીમાં રાતભર રાખી મૂકો અને પછી તેનું દૂધ બનાવો. બીજને કચરીને અને છેવટે દળીને બીજની લુગદી બનાવો. સોયા દૂધ મેળવવા માટે આ લુગદીને ગરમ પાણીમાં મિશ્ર કરો. મિશ્રણને ગાળી લો અને ન ઓગળેલા ભાગને ફેંકી દો. સોયા દૂધને કુદરતી દૂધ સાથે સરખાવો અને તારણ પર આવો કે સોયા દૂધ કુદરતી દૂધનો વિકલ્પ થઈ શકે તેમ છે ? સરખામણી તેમાં રહેલાં પોષક તત્ત્વો, રંગ, વાસ, તાપમાનની અસર, દહીંની બનાવટ વગેરેના સંદર્ભમાં કરો.

## પરિયોજના 4

**શીર્ષક :**

જુદી-જુદી પરિસ્થિતિમાં પોટૅશિયમ મેટાબાયસલ્ફાઇટનો ખાદ્ય (ખોરાક) પરિરક્ષક તરીકે અભ્યાસ કરો.

**હેતુ :**

ખાદ્યપદાર્થના પરિરક્ષણ પર પોટૅશિયમ મેટાબાયસલ્ફાઇટની (પરિરક્ષક) સાંદ્રતા, તાપમાન અને સમયની અસરનો અભ્યાસ કરવો.

**ટૂંકમાં પદ્ધતિ :**

આમળા ફળ લો અને તેમને પાણીથી ધોઈ નાખો. તેને નાના ટુકડામાં કાપો અને કેટલાક કલાક માટે સૂર્યના તડકામાં સૂકવો. ટુકડામાં મીઠું અને મસાલા ઉમેરો. 1, 2, 3, ....... વગેરે નંબર આપેલી છ ઉત્કલન નળીમાં 25 g આમળાના ટુકડા લો. પોટૅશિયમ મેટાબાયસલ્ફાઇટનું 500 mg વજન કરો અને તેને 20 mL નિસ્યંદિત પાણીમાં ઓગાળો. ઉત્કલન નળી નં. 1ને પરિરક્ષક અને તેલ ઉમેર્યા વગર રાખો. ઉત્કલન નળી નં. 2 અને 3માં 1 mL પરિરક્ષક અને 2 mL તેલ ઉમેરીને કાચના સળિયા વડે મિશ્રણને મિશ્ર કરો. ઉત્કલન નળી નં. 2ને ઓરડાના તાપમાને (25-35 °C) રાખો અને ઉત્કલન નળી નં. 3ને 40 °C તાપમાને રાખો. ઉત્કલન



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



નળી 4, 5 અને 6માં અનુક્રમે 2 mL, 4 mL અને 8 mL પરિરક્ષકનું દ્રાવણ અને 2 mL સરસવનું તેલ ઉમેરો. ઉત્કલન નળીઓને ઓરડાના તાપમાને રાખો. બીજી ઉત્કલન નળી નં. 4, 5, 6માં ફરીથી તાજું મિશ્રણ ઉમેરો અને તેમને 40 °C તાપમાને રાખો.

આ બધી જ ઉત્કલન નળીઓને 3થી 5 દિવસ માટે મૂકી રાખો. આ નળીઓમાં જો કોઈ ફૂગ થયેલી જણાય તો નોંધો. તમારાં અવલોકનો નોંધો અને તારણો મેળવો.

## પરિયોજના 5

**શીર્ષક :**

સ્ટાર્ચના ઉત્સેચકીય જળવિભાજનનો અભ્યાસ

**હેતુ :**

સ્ટાર્ચનું લાળમય એમાઇલેઝ વડે જળવિભાજન અને તેના પર pH અને તાપમાનની અસરનો અભ્યાસ

**ટૂંકમાં પદ્ધતિ :**

20-30 mL ગરમ (30 °C - 40 °C) નિસ્યંદિત પાણી મોઢામાં લો અને મોઢામાં ગગળાવીને તેને લાળ સાથે મિશ્ર કરો. પાણી સાથે મિશ્ર લાળને એક બીકરમાં લો.

**લાળ દ્રાવણ વડે સ્ટાર્ચનું પાચન**

ઉત્કલન નળીમાં 10 mL સ્ટાર્ચનું દ્રાવણ લો અને તેમાં 1 % સોડિયમ ક્લોરાઇડનું 2 mL દ્રાવણ ઉમેરો. 30 - 40 °C તાપમાને રાખેલા જળઉષ્મકમાં ઉત્કલન નળીને આશરે 15 મિનિટ માટે રાખો. ઉત્કલન નળીમાં લાળના દ્રાવણના 2 mL ઉમેરો અને તરત જ સ્ટૉપ વૉચ ચાલુ કરી લો. એક મિનિટ પછી 2-3 ટીપાં મિશ્રણમાંથી લો અને આયોડિન દ્રાવણ ધરાવતી કસનળીમાં ઉમેરો. કસનળીમાંના મિશ્રણને હલાવો અને દ્રાવણનો રંગ નોંધો. આ જ પ્રમાણે દર એક મિનિટના અંતે 2-3 ટીપાં ઉત્કલન નળીમાંના મિશ્રણને લઈને આયોડિન દ્રાવણ ધરાવતી કસનળીઓમાં ઉમેરતા જાઓ. દરેક કિસ્સામાં દ્રાવણનો રંગ જ્યાં સુધી રંગમાં ફેરફાર ન થાય ત્યાં સુધી નોંધતા રહો. અવલોકનોને કોષ્ટક સ્વરૂપે નોંધો.

સ્ટાર્ચના લાળ વડે થતાં પાચનમાં તાપમાનની અસરનો અભ્યાસ કરવા માટે ઉપરનો પ્રયોગ 50 °C તાપમાને કરો.

પ્રક્રિયા માધ્યમની pH અસરના અભ્યાસ માટે ઉપર દર્શાવ્યા પ્રમાણેના અલગ પ્રયોગો મંદ HClના અને મંદ NaOHના દ્રાવણનો થોડો જથ્થો વાપરીને કરી શકાય.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## પરિયોજના 6

### શીર્ષક :


નીચેના પદાર્થોના આથવણના દરનો તુલનાત્મક અભ્યાસ કરવો : (a) ઘઉંનો લોટ (b) ચણાનો લોટ (c) બટાકાનો જ્યૂસ (d) ગાજરનો જ્યૂસ (રસ) (e) નારંગીનો જ્યૂસ (રસ) (f) સફરજનનો જ્યૂસ (રસ) અને (g) શેરડીનો જ્યૂસ (રસ).

### હેતુ :

જુદા-જુદા પદાર્થોના આથવણના દર નક્કી કરવા અને આ પદાર્થોના આથવણના દર પર સાંદ્રતા, સમય અને તાપમાનની અસરનો અભ્યાસ કરવો.

### ટૂંકમાં પદ્ધતિ :

આકૃતિ 12.1માં દર્શાવ્યા પ્રમાણે નિકાસ (delivery) નળી બેસાડેલો કોનિકલ ફ્લાસ્ક (100 mL) લો. નિકાસ નળીને દૂર કરો અને 10 g ઘઉંનો લોટ અને 80 mL નિસ્યંદિત પાણી ફ્લાસ્કમાં ઉમેરો. કાચના સળિયા વડે ફ્લાસ્કમાંના પદાર્થોને હલાવો અને 2 g ખમીર (યીસ્ટ) ઉમેરો. ફ્લાસ્કમાંના મિશ્રણને ફરી હલાવો. ફ્લાસ્કના ઉપરના ભાગમાં (ગરદનમાં) નિકાસ નળીને બંધ બેસાડો. આકૃતિ 12.1માં દર્શાવ્યા પ્રમાણે નિકાસ નળીના ઉપરના છેડા પર દોરીની મદદ વડે ફુગ્ગો બાંધી દો. જેવું આથવણ આગળ વધે છે તેમ કાર્બન ડાયૉક્સાઇડ વાયુ ઉત્પન્ન થાય છે અને ફુગ્ગો ફૂલે છે. આપેલા સમયમાં ફુગ્ગાના ફૂલવાના પ્રમાણ પ્રક્રિયાના દરનું માપન આપે છે. પ્રયોગનું બીજા પદાર્થો જેવાં કે બટાકાનો જ્યૂસ, નારંગીનો જ્યૂસ, સફરજનનો જ્યૂસ અને શેરડીનો જ્યૂસ વાપરીને પુનરાવર્તન કરો.



***આકૃતિ 12.1*** *: આથવણના દરનું નિર્ધારણ*

### ખમીર (યીસ્ટ)ની સાંદ્રતાની અસર

ઉપરમાંના ગમે તે એક પદાર્થ પર ખમીરની સાંદ્રતાની આથવણના દર પરની અસરનો અભ્યાસ કરો. આ માટે પહેલાં 2, 3 અને 4 ગ્રામ ખમીર વાપરીને પ્રક્રિયા કરો અને નિશ્ચિત સમયગાળામાં દરેક કિસ્સામાં ફુગ્ગાના ફૂલવાનું પ્રમાણ નોંધો



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



**સમયની અસર**

જુદા-જુદા સમયગાળા માટે ઉપરના જ પદાર્થોના ઉપયોગ કરી પ્રક્રિયા કરો અને ફુગ્ગાના ફૂલવાના માપનું અવલોકન કરો.

**તાપમાનની અસર**

નિશ્ચિત જુદા-જુદા સમયગાળા માટે ઉપરના જ પદાર્થોનો ઉપયોગ કરીને પરંતુ જુદાં-જુદાં તાપમાને (25 °C, 30 °C અને 35 °C) પ્રક્રિયા કરો. પ્રક્રિયાનું પ્રમાણ આ પ્રક્રિયાઓમાં ફુગ્ગાના ફૂલવાના પ્રમાણ પરથી નોંધો.

## પરિયોજના 7

**શીર્ષક :**

વરિયાળી (Aniseed), અજમો (Carum) અને ઇલાયચીમાં (Cardamon) રહેલા બાષ્પશીલ તેલનું (essential oil) નિષ્કર્ષણ.

**હેતુ :**

વરિયાળી, અજમો અને ઇલાયચીમાંથી બાષ્પશીલ તેલનું પેટ્રોલિયમ ઇથરનો દ્રાવક તરીકે ઉપયોગ કરીને નિષ્કર્ષણ કરવું.

**ટૂંકમાં પદ્ધતિ :**

